
હરિ:ૐ

# સ્તવનાંજલિ

પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ



હરિ:ૐ આશ્રમ, સુરત.
http://www.hariommota.org

॥ હરિઃૐ ॥

# સ્તવનાંજલિ

## શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ
## (ભાગ-૧)

લેખક

**પૂજ્ય શ્રીમોટા**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ **પ્રકાશક:**
હરિ:ૐ આશ્રમ,
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
Email: hariommota1@gmail.com
Website: www.hariommota.org
Mobile: +91 97277 33400

© **હરિ:ૐ આશ્રમ, સુરત-નડિયાદ**

❑ **ISBN:** 978-81-972237-0-9

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**
પ્રથમ ૨૦૨૪ ૫૦૦

❑ **પૃષ્ઠ: ભાગ-૧: ૧૨ + ૩૭૨ = ૩૮૪**
ભાગ-૨: ૬ + ૩૩૦ = ૩૩૬

❑ **કિંમત:** રૂ.૧૦૦ /- (ભાગ ૧ અને ૨ની સંયુક્ત)

❑ **પ્રાપ્તિસ્થાન:**
(૧) હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
(૨) હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ **મુદ્રક:**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

**વાચકોની સુગમતા માટે શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓનું બે ભાગમાં પ્રકાશન કરવામાં આવ્યું છે.**

હરિ:ૐ

# લેખકના બે બોલ

તા.૨૪-૧૨-૧૯૩૯

શ્રી હેમંતભાઈ,

આપણે જ્યારે મળીશું ત્યારે તમને આ જીવે સાધનાકાળમાં કરેલી ઘણી બધી પ્રાર્થનાઓ બતાવીશ. કેટલાક કાગળોમાં તેમાંની કેટલીક મોકલી પણ છે. આમાં પણ બીજી કેટલીક મોકલું છું.

પ્રાર્થના તો કેટલા બધા ઉત્કટ ભાવથી થયા કરવી જોઈએ. રોજ રોજ સાધનાના ગાળામાં તો એવી કેટલીયે પ્રાર્થનાઓ જે દિવસે જે ભાવ પ્રગટે તે ભાવને દઢાવવાને થયા કરતી! અને તે પ્રાર્થનાનો ગુંજારવ સ્મરણભાવની ધારણામાં પ્રગટાવ્યા કરતો. પ્રભુકૃપાથી હૃદયના તે ભાવનો અખંડ જાગૃતિપૂર્વકનો અભ્યાસ અંતરમાં ધારવાનું બનતું કે જેથી તે ભાવ ઊંડો ઊતરી જતો અને સમસ્ત જીવનો આધાર તે ભાવમય બની જતો. અલબત્ત, આમાં પુનરાવર્તન તો આવતું જ. કોઈ પણ ભાવનું જીવનમાં સાકારપણું પ્રગટાવવું હોય, તો તે માટે જીવંત પુનરાવર્તન આવશ્યક અને અનિવાર્ય છે.

પુનરાવર્તન તો અભ્યાસનું હાર્દ છે. એવા જીવંત પુનરાવર્તનમાંથી તો હૃદયનાં નવસર્જન કરાવનારાં ચેતન અને શક્તિ પ્રગટે છે. આવા પુનરાવર્તનની સાથે કોઈ ને કોઈ પ્રકારની નૂતનતા પણ પ્રગટતી હોય છે, કારણ કે એવા પુનરાવર્તનમાં હૃદયનો ભાવ પ્રગટેલો હોય છે અને ભાવમાંથી તો નવસર્જન થતું હોય છે. એવું નવસર્જન થતું રહેતું હોવાથી પ્રત્યેક પુનરાવર્તનના

પ્રકાર જુદા જુદા પ્રગટતા હોય છે એવા પુનરાવર્તનના ભાવના સત્સંગવાળાં ભજનો કેટલાંય વર્ષો સુધી થયાં કરેલા હતાં. દરરોજ બે કે ચાર તે તે સમયના અંતરના ભાવને દૃઢ કરાવવાને પ્રાર્થનાગીતો રચાતાં અને તેમ કરતો તમે મને નવસારી આશ્રમમાં ૧૯૩૦માં જોયો છે. મોટી મોટી ત્રણચાર થેલીઓ ભરાય એટલી નોટો એવી પ્રાર્થનાની થઈ ગઈ હતી. એટલામાં ૧૯૩૦-૧૯૩૨ના ક્રાંતિકારી દિવસો આવ્યા. તેમાં ભાગ લીધો. લાઠીમાર, જેલ અને દંડની પ્રસાદીઓ મળી. અસહકારના તે જમાનામાં દંડ ભરવાનો પણ ન હતો અને હોત તો મારી પાસે તેવી શક્તિ પણ ન હતી. એટલે નડિયાદમાં મારે ઘેર ચાર-પાંચ વાર પોલીસ જપ્તી થયેલી અને એ બધું ઉસેડી ગયેલા, તેમાં પેલી પ્રાર્થના અને ભજનની થેલીઓ પણ ઘસડાઈ ગઈ. તે ગઈ તે ગઈ. આજની ઘડી અને કાલનો દહાડો, પરંતુ ત્યારે પણ તે ગયાનો પ્રભુકૃપાથી હર્ષશોક પ્રગટ્યો ન હતો, કેમ કે એના સર્જનનો હેતુ સધાતો અનુભવ્યો હતો.

આ ઉપરથી બીજો એક પ્રસંગ યાદ આવે છે. કવિ સાગર પાસે એકવાર પ્રેમલક્ષણભક્તિનાં ગીતો સંભળાવવા સરખેજ જવાનું થયેલું. તે સંભળાવતાં અગાઉ એમની સાથે ઠીક ઠીક સત્સંગ થયેલો અને સાધનાની અંતરતમ હકીકતની પણ વાતચીત થયેલી. તે પછી તેમને ગીતો સંભળાવ્યાં. તેમણે કહ્યું કે ‘જો કે તમારા દિલમાં કેવળ શુદ્ધ અનાસક્ત પ્રેમ છે અને તે ઘણી ઊંચી કોટિનો અને દિવ્ય પણ છે અને તમે સાધનાના આંતરપ્રદેશની કહેલી અનુભવોની હકીકતોથી મને ઘણો આનંદ થયો છે, પરંતુ પ્રેમભાવે તમને કહું છું કે લોક તો આવા ઉચ્ચ પ્રકારનાં ગીતોમાંથી

પણ યોગ્ય સાર ગ્રહણ કરવાને બદલે પોતાની જીવદશાની વૃત્તિને પોષશે. માટે, આ બધી કૃતિઓ આ પાસેના તળાવમાં નાખી દો.' અને કહ્યું કે તુરંત, એક પળની પણ વાર લાગવા દીધા વગર, પાસેના તળાવમાં તે બધું પધરાવી દીધું. સાગર પણ સ્તબ્ધ થઈ ગયા હતા, કેમ કે એમણે કંઈ ગંભીરતાથી એ પ્રમાણે વર્તન થાય એવા જાણપૂર્વકના હેતુથી કહ્યું ન હતું, પણ મને તો ખુદાઈ હુકમ મળ્યો. એટલે હવે તે જૂના સાધનાકાળની પ્રાર્થનામાંથી તો માત્ર થોડુંક બચી ગયું છે.

**– શ્રીમોટા**

હરિઃૐ

# સંપાદકના બે બોલ

પૂજ્ય શ્રીમોટાએ ભાઈ શ્રી નંદુભાઈને ઈ.સ. ૧૯૪૪માં હિમાલયયાત્રા પહેલા એક પત્ર દ્વારા જણાવેલું કે આપણે હિમાલય યાત્રા કરીને આવ્યા પછી સ્તવનાંજલિ-પ્રાર્થનાંજલિ એ નામે જૂની જૂની સાધનાકાળની પ્રાર્થનાઓ બહાર પાડતા જઈશું. પરંતુ કોઈ સંજોગોના કારણે આ કામ વિલંબિત થયું અને આટલા વર્ષો પછી આજે ઈ.સ. ૨૦૨૪માં સાકાર થઈ રહ્યું છે. સાધનાપથમાં પા પા પગલી ભરતાં સાધકોને જરૂર એમ જ લાગશે કે આ પ્રાર્થનાઓ તો મને લાગુ પડે છે અને તેમને જરૂરી માર્ગદર્શન તથા પ્રેરણા બળ મળી રહેશે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે 'परोपकाराय सतां विभूतयः ।'

એટલે કે સત્‌પુરુષની આત્મશક્તિ પરોપકર જ હોય છે. એ શક્તિનો ઉપયોગ તેઓ પોતાના માટે કદી પણ કરતા હોતા નથી.

મોટાએ કહ્યું છે કે, 'પારકાના ભલા સારું ઉઠાવેલો શ્રમ યજ્ઞ છે મહા.'

પૂજ્યશ્રી મોટાના ભાવહૃદયમાંથી જોડકણાં રૂપે ટપકેલાં આ પ્રાર્થનાંજલિ-સ્તવનાંજલિ છે તે અનુષ્ટુપ છંદ, મંદાક્રાંતા, તોટક, શાર્દુલવિક્રીડિત, વસંતતિલકા, શિખરિણી, હરિગીત, ધીરાભગતની કાફી, શિખરણી+મંદાક્રાંતા મિશ્ર તથા અન્ય છંદોમાં વ્યક્ત થયેલ છે. આ બધા જોડકણાં પદો પૂજ્ય મોટાનાં સાધનાકાળમાં રચાયેલ છે. કારણ કે દરેક પદમાં ભક્ત કવિ અનુભવીના હૃદયમાંથી શ્રીહરિ ને પામવા માટેની અંતરવ્યથા પ્રકટ થયેલ છે. જે આપણા હૃદયને ભાવની છાંટથી ભીનું કરી દે છે.

'શિખરિણી' છંદમાં મોટા કહે છે કે:

**જગે સાચે સાચો પ્રણય પ્રભુની ભેટ જનને**
**મળે જેને જેને પરમ ધનભાગી જરૂર તે**
**બધાયે તે સાચા પ્રિયજન હજો અંતરતણાં**
**પ્રભુ એવી માગું સતત તુજ મારી પર કૃપા**

શ્રીમોટા કહેતા કે,

'પદ્યમાં મને વ્યક્ત થવું સરળ લાગે છે' આઠ લીટીમાં દિલનાં ભાવને વ્યક્ત થવાનું થયું તે અનુષ્ટુપ છંદ. ખરા મોટા તો આ વિવિધ છંદો - ગઝલો અને દોહરાઓમાં વ્યક્ત થયાં છે તેઓ કહે છે કે 'અનુષ્ટુપ છંદ તો મને હસ્ત કમલવત્ છે.'

પૂજ્ય શ્રીમોટાએ પોતે જ આ જોડકણાં લખાયા ત્યારે આ પુસ્તકનું નામ 'સ્તવનાજંલિ-પ્રાર્થનાજંલિ' સૂચવેલું છે. છંદોને યોગ્ય હારમાળામાં સુયોગ્ય રીતે ગોઠવવાનો અમારાથી શક્ય તેટલો પ્રયાસ કરાયો છે. દોહરા છંદમાં બારે બાર ગુજરાતી માસના દોહરા 'ગોપી ભાવે' ગવાયાં છે. એ દોહરાઓમાં પૂજ્યશ્રીનું એક અનેરુ રૂપ જણાઈ આવે છે. આ દોહરાઓમાં પ્રેમ લક્ષણાભક્તિના પદોની ઝાંખી થાય છે. શ્રીહરિનો પ્રેમ ઝંખતી એક ગોપીની વ્યથા આ ભક્તિરસના દોહરાઓરૂપી રસથાળમાં નિવેદનભક્તિરૂપે ભરપૂર છલકી રહી છે. તેનું રસપાન કરવાથી આપણાં સૌના હૈયાને જરૂર શાતા વળશે.

આ ભક્તિપદોને ગાતા ગાતા મને કૃષ્ણભક્તિમાં ગરકાવ એવી મીરાબાઈની મધુરી યાદ આવી ગઈ. જે કૃષ્ણની દિવાની

હતી. ખરેખર તેવા જ ભાવે - તેવી જ રીતે શ્રીમોટા હરિના ચરણોમાં 'દાસીભાવે' સમર્પિત થયેલા દોહરાઓમાં અનુભવાય છે.

**દોહરો**

**વૈશાખ મહિનાનો દોહરો -**

**વૈશાખે ઝુરું પિયુ વિના દિલડું બહુ અકળાય;**
**ટળે વિષમતા ન ઉરથી ન સૂઝે એકે ઉપાય.**
**ઉર પય ઊભર્યું અગ્નિથી કેમે એ નવ સમાય;**
**શીતળ જળ હરિ! જો બની વરસો, તો સુખ થાય.**
**વસમું વસમું લાગતું એકલડું ઘરમાંય;**
**મ્હેર કરી હરિ ઉર વસે હૈડે હરખ ન માય.**

●

એ જ રીતે આર્તહૃદયનો સંદેશો મંદાક્રાન્તા છંદોમાં રચાયેલ છે.

**મંદાક્રાન્તા**

**ક્યાં કોઈ ના દરદ દિલને સુણનારું મળ્યું છે,**
**હૈયા ભીની નજર કદીયે કોઈએ ના કરી છે.**
**આંસુ મારા પ્રભુ, ગરીબના કોઈએ ના લુછ્યાં છે,**
**તુંયે તે શું દૂર જ કરશે એકલી આશ છું જે.**

**મંદાક્રાન્તા**

**ભારે જોની! કમળ જળમાં પંકથી કેવું યુક્ત!**
**તોયે તેનું ડીલ પીગળતું સર્વ સૌંદર્ય યુક્ત;**
**તેવું મારું હ્દય બનજો એટલી પ્રાર્થના છે**
**હંમેશાની મુજ ગરીબની તાહરા પાદપદ્મે.**

●

કરગરી કરગરીને પ્રાર્થનાભાવે નિવેદન કરવા માટે 'માલિની' છંદને મોટાએ પ્રાધાન્ય આપ્યું છે.

**માલિની**

**અરર! મુજ હજી ના તૃષ્ણા મટી છે!**
**બહુ કૂટી મથું તોયે કેમેયે ના જતી તે;**
**મુજમહીં બળ છે જે તે બધું વાપરું છું,**
**કરગરી કહું જો તું દે કૃપા તો જ ફાવું.**

●

શરણભાવ - ઓથ - હુંફ - કરુણા અને રહેમ નજરની અમીદૃષ્ટિ માટે 'તોટક છંદ'નો ઉપયોગ સહજભાવે શ્રીમોટાએ અનેક જગ્યાએ કર્યો છે. જેમ કે :

**તોટક છંદ**

**નચવે નટ કો જયમ માંકડુ કો,**
**નચવે જગને ત્યમ શ્રીહરિ તો;**
**નચવ્યો તું જ નાચું છું રંક હરિ!**
**બહુ થાક ચઢ્યો કર રહેમ જરી.**

●

હરિગીત છંદની રચનાઓ પૂજ્યશ્રીએ એવી તો અદ્‌ભૂત શબ્દોથી મઢેલી છે કે તેને ગાતાં જ દિલમાં અનુરાગ પ્રગટી જાય.

**હરિગીત**

**મહેનત અથાગ કરી કરી જો દ્રવ્ય પ્રાપ્તિ તું કરે,**
**કંજૂસ થઈ રક્ષે છતાં અંતે ન તારું તે થશે;**
**વાડી, વજીફા, બંગલા ઉમંગથી ઉભા કરે,**
**પણ મ્હાલી, માણી નહિ શકે ગયું કોઈની સાથે ન એ.**

●

પ્રેમભર્યા અધિકારની ભાવનાથી ‘શાર્દુલવિક્રીડીત’ છંદમાં પૂજ્યશ્રીએ ગાયું છે કેઃ

**શાર્દુલવિક્રીડિત**

**જાણું છું અડબોથ છું, ચરણમાં એવો પડ્યો હું પ્રભુ!**
**તો પાલે પડ્યું હોશિયાર કરજે, હું મૂર્ખ છોરૂં પ્રભુ!**
**જો ના તેમ બનાવશે, મુજ કશી ના લાજ જાશે પ્રભુ!**
**તારે પાય પડ્યા છતાં રહીશ હું કહે, એમનો એમ શું?**

●

આગળ આ છંદમાં જ વ્યક્ત થતાં કહે છે કેઃ

**શાર્દુલવિક્રીડિત**

**દેવું તો રહ્યું દૂર હું ક્યાં! ઉપરથી તું શેં દમે છે પ્રભુ!**
**લાવી આમ સકંચામાં જ પીડવું છે યોગ્ય એ શું પ્રભુ!**
**જે તારે ઘર આવી ગયો સુખથી કૈં આરામ લેવા પ્રભુ,**
**બેસાડ્યો દળવા તહીં ગરીબને શા કારણે, હે પ્રભુ!**

●

આ અપ્રગટ છંદો હજુ સુધી છપાવાના બાકી રહી ગયાં હતાં. હવે તે પ્રગટ થઈ રહ્યાં છે. શ્રીમોટાના પ્રેમી સ્વજનો તથા બહુ મોટો જન સમુદાય તેનો પૂરો લાભ જરૂર ઉઠાવશે. બહુ જ સરળ ભાષામાં આ શ્લોકોરૂપી જોડકણાં કહો કે છંદો કહો તે લખાયા છે એટલે સમજવું સરળતાભર્યું રહેશે. માત્ર શરત એટલી છે કે આ છંદોને તેના મૂળ રાગથી ગાવાનો પ્રયત્ન કરવો. ગાવાથી ભાવનું ઉદ્રેકપણું થતું હોય છે અને શ્લોકની અંદર રહેલા હાર્દનું મનમાં સ્ફુરણ થતું હોય છે. એ જ બહુ મોટો શ્રેય સાધકને માટેનો લ્હાવો છે.

**– ડૉ. મનસુખભાઈ પટેલ**
**સુરત**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

છેલ્લા પચાસેક વર્ષથી પૂજ્ય શ્રીમોટા સાથેના અનન્ય ભાવથી સુરત આશ્રમમાં જોડાયેલ રાંદેર નિવાસી શ્રી રમણભાઈ વાયરમેન દરરોજ આશ્રમમાં આવીને શ્રીમોટાના દર્શન કરવાં ઉપરાંત આશ્રમની નાની મોટી ઈલેક્ટ્રીક રીપેરીંગની કામગીરી નિઃસ્વાર્થ ભાવે અવિરત કર્યાં જ કરે છે, તેમની આ સેવાભાવનાની કદર કરતા પૂજ્ય શ્રીમોટાના સાધના કાળની પ્રાર્થનાની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન તેમને સમર્પિત કરતાં અમો આનંદ અને ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૪ — **ટ્રસ્ટીમંડળ**

રામનવમી — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિ:ૐ ॥

# નમ્ર નિવેદન

પૂજ્ય શ્રીમોટાનું મહત્તમ સાહિત્ય ગદ્ય કરતાં પદ્યમાં એટલે કે કાવ્યોમાં વિપુલ પ્રમાણમાં છે. શ્રીમોટાને તેમના સાધનાકાળમાં સ્ફૂરેલી પ્રાર્થનાઓ વિવિધ છંદો અને ગઝલોની હસ્તપ્રત પ્રાપ્ત થતાં તેને આ પુસ્તક સ્વરૂપે પ્રગટ કરી રહ્યાં છીએ. જો આ કાવ્યોને તેના રાગમાં ગાવાંમાં આવે તો ઘણી જ સરળતાથી શ્લોકનું હાર્દ સમજાઈ જાય છે. ઘણાં બધાં સ્વજનોને કાવ્યો વાંચવામાં/સમજવામાં અઘરા લાગે છે તેથી તેઓ પદ્ય સાહિત્યનો આસ્વાદ માણવાથી થોડાં અળગા રહે છે તેનું મૂળ કારણ તો તેમના મનમાં પદ્ય સાહિત્ય અઘરું છે તેવી ગ્રંથિ બંધાયેલ હોય છે.

સ્વજનો વિવિધ શ્લોકો સ્વરબદ્ધ ગાતાં શીખી શકે અને તેઓને પદ્યમાં પણ રસ પડે તે હેતુથી ટ્રસ્ટીમંડળ દ્વારા થોડાં છંદોના Video નું સર્જન કરવામાં આવ્યું છે અને તેને યુ-ટ્યુબ ઉપર મુકવામાં આવ્યા છે.

નીચેનો કોડ સ્કેન કરવાથી વિવિધ છંદોના Video મળી રહેશે.

# શ્યામને ફરિયાદ

શ્યામ! શા માટે કૃપા તું કરતો નથી?
મારી ભાવનાને કેમ તું પોષતો નથી? શ્યામ...

ગરીબ જેવો તેવોય હું તો,
દાસ જ પણ હું તારો રે. શ્યામ...

પળ પળનો તો હું અપરાધી,
આધિ, વ્યાધિએ ભરેલો રે. શ્યામ...

તારા જ બળથી હામ હૃદે તો,
કહું શું વધુ, જાણે તું તો રે! શ્યામ...

આટઆટલું વીનવું છું જ હું તો,
છતાં કાને નવ ધરતો રે. શ્યામ...

બધિર થઈને શું તું જ રહેતો,
તેથી નહિ સાંભળતો રે! શ્યામ...

અનેક પતિતને ઓદ્ધાર્યા તેં તો,
એવો પતિત, કાંઈ નવ હું તો રે. શ્યામ...

પક્ષપાતી તને કહેવાયે કેમે?
તો સ્હાય તું કરે ના કેમે રે? શ્યામ...

કર્મ, વચન ને વાણી જ થી હું,
હજી શુદ્ધ પૂરો થયો નથી રે. શ્યામ...

એવો એવો હું છું હજી તો,
કરે દયા તો થાઉં હું તારો રે. શ્યામ...

છૂપું તારી પાસે નવ રાખું,
છૂપું તારાથી શું હોયે રે? શ્યામ...

પારસમણી લોઢાને અડકે,
કાંચન તેને બનાવે રે. શ્યામ...

અનેક એવા દાસને તાર્યા,
મને કેમ તું તારતો નથી રે. શ્યામ...

એમ કદાચ ધારતો હઈશ કે,
પોતાના બળથી ચાલું રે. શ્યામ...

મારા પોતામાં બળ મળે નહિ,
મારે તારે બળેથી ચઢવું રે. શ્યામ...

ગળિયો બળદ તો હું તો બન્યો છું,
-હાથ ઝાલીને ઉઠાડજે રે. શ્યામ...

ગધેડું વચ્ચે વચ્ચે અટકે,
ડફણાં માર્યેથી ચાલતું રે. શ્યામ...

તારે જ દ્વારે મને લેવાને,
ડફણાં કેમ તું મારતો નથી? શ્યામ...

અજગરની જેમ હું તો પડ્યો છું,
જોતો કાંઈ ભિક્ષાની વાટડી રે. શ્યામ...

સૂતેલા સિંહના મોઢાની અંદર,
મૃગલાં કદીયે ન આવે રે. શ્યામ...

પ્રયત્ન વિણ કાંઈ નવ મળતું,
પ્રયત્ન કર્યે નવ ફાવતો રે. શ્યામ...

પ્રયત્ન સાથે કૃપા જો હોય તો,
ફળે યત્નો સઘળા ત્યારે રે. શ્યામ...

કૃપાને લાયક હું તો નહિ હઉં,
શું તેથી કૃપા નવ કરતો રે? શ્યામ...

કૃપાસાગર કહાવું જ તું તો,
ઊણપ એમાં ક્યમ રાખતો રે. શ્યામ...

કરુણાનો સાગર તુંય છું તો,
દયા મને ક્યમ કરતો નથી? શ્યામ...

નામ લેતાં જો તારું જ હું તો,
કૃપા કદાપિ નવ કરશે રે. શ્યામ...

બાનાની લાજ તારી તો જાશે;
મારું તો જાવાનું શું છે રે? શ્યામ...

અનેક ભક્તોના અનુભવેથી,
નામસ્મરણ હું કરતો રે. શ્યામ...

અનુભવ એમનો જૂઠો ન હોયે,
જૂઠો મને ક્યમ પડશે રે? શ્યામ...

હૃદય-મનને એક કરીને,
જાપ જપવાને મથતો રે. શ્યામ...

હૃદય-મનને એક કરવાને,
પ્રયત્ન સદા હું કરતો રે. શ્યામ...

મન-ચિત્ત-હૃદથી નિર્મળ થાવા,
પ્રયત્નશીલ છું પ્રભુજી! રે. શ્યામ...

અનેક શત્રુઓ વચ્ચે આવીને,
ભંગાણ એમાં પાડતા રે. શ્યામ...

શત્રુઓને એ હઠાડવાને,
બળ મારામાં કંઈ નથી રે. શ્યામ...

હઠાડવાને જ એમને હું તો,
તને સહાયે બોલાવતો રે. શ્યામ...

વિના તારી સ્હાય જ હું તો,
ગરક કાદવમાં રહેવાતો રે. શ્યામ...

અંતરવેદના જે જે થતી રે'
શું તું હજી નવ જાણતો રે? શ્યામ...

આવડો અજાણ શાને તું રે'તો?
મુજને સતાવતો શાને રે? શ્યામ...

અભિમાન-અહંકારને તજવાને,
હું તો જ બનતું કરતો રે. શ્યામ...

હુંપણાનો તો નાશ કરવાને,
મારાથી કાંઈ નવ થાતું રે. શ્યામ...

દેહાધ્યાસ મારો નવ જાતો રે,
બળ તુજ વિણ નવ જાશે રે. શ્યામ...

તારી કૃપા જો વરસે જ મુજ પર,
સઘળું સીધું થાશે રે. શ્યામ...

વિશ્વાસ મુજને હૃદયે છે તારો,
મારો તું એક દિન થાશે રે. શ્યામ...

પ્રયત્ન મારો મુકાવીશ નવ તું,
એ તો તારે હાથ છેય રે. શ્યામ...

મારાથી બનતું જે જે થશે, કૈં,
કરવાનું તેટલું ન ચૂકું રે. શ્યામ...

દીન બનીને તારી હું પાસે,
માગું, માંગું તારી કૃપા રે. શ્યામ...

અંતર-ઉદ્વેગ હૈયે ધર્યે રે,
કારજ તેથી શું સરશે રે. શ્યામ...

ચિંતા તેથી મૂકી દઈને,
ચરણે તારે હું ઢળતો રે. શ્યામ...

• • •

# હે પ્રભો! સ્હાય કરો!

## (સ્નેહ ધામ સૂનાં સૂનાં રે - જેવો ઢાળ)

સંસારરૂપી છે આ નદીમાં રે,
માંહે મોહરૂપી મગર રે. હે પ્રભો!...

મગર તો અમને ખાઈ જતા રે,
અમે ભૂલતા અમારી જાત રે. હે પ્રભો!...

લળી લળી માગું હું હે પ્રભુ! રે,
આણી દયા દિલ ગ્રહ મુજ બાંહ્ય રે. હે પ્રભો!...

બાધક સંગી છે મુજમાં રે,
કરી કૃપા પ્રભુ! તે સુધાર રે. હે પ્રભો!...

વિષયો જાતજાતના વિષે રે,
મારું ચિત્ત તો ભટકતું રે'ય રે. હે પ્રભો!...

પ્રયત્ન ઘણો હું તો કરું રે,
પણ ફાવતો ત્યાં ન જરાય રે. હે પ્રભો!...

ક્લેશાભ્યંતર જે થતો રે,
તે તો ટળતો કેમે નહિ એમ રે. હે પ્રભો!...

કહેણી મોટી તો માહરી રે,
હજી નથી લાયક કરણીય રે. હે પ્રભો!...

કોટી કૃપા તવ તો વિના રે,
એવો શ્રમ તો મિથ્યા જાય રે. હે પ્રભો!...

કદાપિ ખાળ્યું તન રહે રે,
પણ મન નવ ખાળી શકું હુંય રે. હે પ્રભો!...

હૃદય મારું તો તે થકી રે,
રહે બળતું અહર્નિશ ખૂબ રે. હે પ્રભો!...

વીનવતો અંતરના ઊંડાણથી રે,
પ્રેરો હામ, કરું નિર્મળ ઉર રે. હે પ્રભો!...

દોષ મૂરખતણા મુજમાં રે,
પ્રભો! ટાળો આણીને કૈં રહેમ રે. હે પ્રભો!...

મન મારું સ્થિર રહે નહિ રે,
પ્રભો! આણો તમારે એ ચર્ણે રે. હે પ્રભો!...

દુરમતિ - દુષ્ટ - સ્વભાવને રે,
પ્રભો! ટાળો ગમે તે ઉપાય રે. હે પ્રભો!...

અયોગ્ય હું તો અતિ ઘણો રે,
પણ રાખો કંઈ તમે રહેમ રે. હે પ્રભો!...

ઘણી રીતથી નિર્બળ છુંય રે,
પણ રાખો તમારી પાસ રે. હે પ્રભો!...

કસ્તૂરીતણાં તો પાસથી રે,
મારી દુર્ગંધ થશે કંઈ દૂર રે. હે પ્રભો!...

મન, વચન ને કર્મથી રે,
હજી થાતું ભજન નવ કેમ રે? હે પ્રભો!...

પાપ, તાપ, ભય સહુ ફેડીને રે,
મને લેજો જાણી તમ બાળ રે. હે પ્રભો!...

રડી રડીને તો હું કહું રે,
હરિ! વિનંતિ ધર તું ઉર રે. હે પ્રભો!...

તમને વધુ-હરિ! શું હું કહું રે,
હું તો શુભ કૃતિથી હિણોય રે. હે પ્રભો!...

દીન બનીને હું તો રહું રે,
હું તો ભણતો એના પાઠ રે. હે પ્રભો!...

શરણે જવા પ્રભુ! જેટલી રે,
હજી મારી મતિ નવ શુદ્ધ રે. હે પ્રભો!...

શ્રદ્ધા હૃદયે કાંઈ વસી રે,
પ્રભો! મૂકશો હાથ મમ શિર રે. હે પ્રભો!...

ચોપડી પ્‌હેલી ભણ્યો નથી રે,
ને સાતમીએ જાવા કરું વાત રે. હે પ્રભો!...

મૂરખી વાતો આવી સાંભળી રે,
હાંસી આવશે સરવને મન રે. હે પ્રભો!...

અજ્ઞાન-અહંકાર મુજમાં રે,
પ્રભો! ટાળો જાણી તવ દાસ રે. હે પ્રભો!...

જૂઠો હજી હું તો છુંય ને રે,
મેં તો જણાવ્યું કેટલી વાર રે! હે પ્રભો!...

મ્હેણાં તો મારવાં તમને રે,
પ્રભો! છાજે ન કેમે, આ રંક રે. હે પ્રભો!...

મોટાનું દિલ મોટું હોય છે રે,
પ્રભો! નાના તો થાતા કેમ રે? હે પ્રભો!...

દિલની વાતો તો જાણતા રે,
પ્રભો! ઉપાય દેતાં ન એક રે. હે પ્રભો!...

દુઃખ મટાડયાં તે અનેકનાં રે,
મને રાખશે શું એમનો એમ રે? હે પ્રભો!...

તમમાંથી લેવા જેટલી રે,
મારી શક્તિ જરા નવ હોય રે. હે પ્રભો!...

નિર્બળ જાણીને મુજને રે,
પ્રભો! નિંભાવજો રાખી રે'મ રે. હે પ્રભો!...

સોંસરાં તીર ક્યમ છોડીએ રે?
શું વ્હાલાંની રીત-એમ હોય રે? હે પ્રભો!...

વ્હાલાં જન જે હોય છે રે,
દુખી કરી શું રીઝવે એમને? હે પ્રભો!...

નિષ્ઠુર તારે તો થયે રે,
પ્રભો! પાલવશે તો કેમ રે? હે પ્રભો!...

શરણાગતને ટાળવો રે,
વળી સોંપવો શત્રુને હાથ રે! હે પ્રભો!...

શરણે અવસરે લેજે મને રે,
પણ સોંપતો ન શત્રુને હાથ રે. હે પ્રભો!...

ફફડી હબકી હું મનથી રે,
શ્વાસભેર દોડી આવ્યો તુજ ધામ રે. હે પ્રભો!...

● ● ●

# વૃંદાવને

વૃંદાવને તે મોરલી વાગે છે,
એ નાદે બધાં તો નાચે છે. વૃંદાવને...

શ્યામ મધુરી શી મોરલી છેડતા રે!
ગ્વાલબાલ હોંશ તો સહુ ભૂલતા રે. વૃંદાવને...

એ મોરલીમાં જાદુ એણે ભર્યો રે,
એને વશ થયા જે તે તો તર્યા રે. વૃંદાવને...

દેવકીના ઉરે એ તો ભયો રે;
જઈ ગોકુલમાં તે રેલિયો રે. વૃંદાવને...

વ્રજજનમન હર્ષ અતિ થયો રે;
એ યોગી હૃદયે જઈ ઠર્યો રે. વૃંદાવને...

કાનુડો તો કાળજડું કોરતો રે;
એ અનુભવી હોય તે જાણતો રે. વૃંદાવને...

સૂણી સાદ સર્વે સહુ સોરતા રે;
ભાન ભૂલી બધા ત્યાં દોડતા રે. વૃંદાવને...

કોટિકલ્પ સમી પળ દીસતી રે;
એની છાતી વિરહથી ફાટતી રે. વૃંદાવને...

કર્તૃત્વપણું નાશ પામતું રે;
એનું મનડું મરી ત્યાં તો જાતું રે. વૃંદાવને...

તાલાવેલી લાગે છે એના તનમાં રે;
એને મન બીજા વ્યવહાર રાખમાં રે. વૃંદાવને...
વ્યવહારો અવર એને મન રાખમાં રે;

મન-ચિત્ત-હૃદે કૃષ્ણ કોડામણો રે;
એના કષ્ટનો ઉપાય છે કાનુડો રે. વૃંદાવને...

પીડા પ્રેમની વર્ણવી શું શકું રે?
એનું દુ:ખ સ્વજનથી તો ઘણું રે. વૃંદાવને...

સંસ્કારી નર એ દુ:ખ વ્હોરતા રે;
ઉરે <u>તનમનાટ</u> એમને તો ભેટવા રે. વૃંદાવને...
તલસાટ

પ્રેમી હોય તો પ્રેમ પ્રીછી શકે રે;
બીજાં કેમે કરી જાણી ના શકે રે. વૃંદાવને...

અહોભાગ્ય જે નાદે ગાંડા થતા રે;
એના જનમોજનમ ભવ ટળી જતા રે. વૃંદાવને...

● ● ●

## માડી ને આજીજી

વિકળ બનેલો બાળ, માડી! હું તારો;
માડી! હું તારો;

રખડી ભટકીને આજ  તુજ શરણે જ ઢળ્યો.
માડીનું એ વ્હાલ! એને યાદ કરી;
એને યાદ કરી;

આવ્યો છું તારે દ્વાર લે! લે! બાળ ગણી.
સર્વને અંતરનું જ કોઈ કોઈ હોયે;
કોઈ કોઈ હોયે;

મારે એવું નવ કોય ને તું આમ કરે!
તો ઠરવાને એ ઠામ મારે ક્યાં જ રહે?
મારે ક્યાં જ રહે?

રે! માડી થઈને તુંય આમ જ કેમ કરે?
શાંતિ, સંતોષ ને પ્રેમ, સુખ, આનંદ વળી;
સુખ, આનંદ વળી;

છે મેળવવાને મન; ક્યાંય ન મળતાં જરી;
દીઠા રડારોળ ના સાદ જ્યાં ત્યાં હું જ ગયો;
જ્યાં ત્યાં હું જ ગયો;

ન ઉમંગથી કોઈ ભરેલ, સર્વે સ્થાન ફર્યો.
તુજને ઘણું ઘણું હું તો હું કરીને વીનવું છું;
કરીને વીનવું છું;

પણ તું નવ સૂણતી સાદ; હવે હું કેમ કરું?
જુવાળ સ્નેહના ઓસર્યા છે અહિંયા તો;
છે અહિંયા તો;

શું તુજ દરબાર જ તેમ? આમ જ શાથી તો?
સાધન ખુટ્યાં સર્વ ગર્વ ગયો છે ગળી;
ગર્વ ગયો છે ગળી;

હૈયું અતિ(શે) વલોવાય, માડી! ભાળ જરી
અળગી માડી! તું રહે અટવાઉં ઘણું;
અટવાઉં ઘણું;

સ્હાય તો મળે નવ કોઈ શી રીતથી ઊગરું?

• • •

# ઉરે મને લેજે પ્રભો!

## (ધીરા ભગતની કાફી)

સગપણ નિજનું તો સમજી રે, ઉરે મને લેજે, પ્રભો!
હાથ ઝાલી હું રંકને રે, તું વિણ કોણ તારે, પ્રભો!

ભવાટવીમાં ભટકયો ઘણા ભવ, ના કીધો મેં ભજવા વિવેક;
અશ્રદ્ધાએ મન ગરક થઈ જાતું, હવે તારો છે હૈડે એને ટેક;
અવસર આવ્યો તે જાણી રે, નિભાવજે તું દાસ પ્રભો!
સગપણ...

જાગ્રતમાં ને સ્વપ્નમાં હરિ! હજી રહે નહિ તવ ધ્યાન;
વારી વારી હું થાકું તોયે પણ, વિષયે રહેતું મન એકતાન;
સામર્થ્યહીન હું એવો રે, બળ દેવું તારે હાથ પ્રભો!
સગપણ...

દ્રષ્ટા ને દ્રશ્યનો ભેદ નવ પામું, એ કળની પડતી નવ જાણ;
અલ્પદી જીવ હું અટકીને બેસું, તું એક જ ચતુર સુજાણ;
તુજ વિણ અર્થ કો સારે રે, મારે છે તારી આશ પ્રભો!
સગપણ...

આકુળવ્યાકુળ હૈડું તો થાતું, મન નવ પામે ઠરી હાશ;
દુઃખ તો ચિત્તડે થાતું જ રે'તું, હરિ! તું નવ પૂરતો આશ;
દીન-જન મુજને જાણી રે, કૃપા તો કંઈ કરજે પ્રભો!
સગપણ...

ભિક્ષા મળતી હરિ! તુજ દ્વારે, જાણી આવ્યો તુજ પાસ;
તુજ નામની હું અહાલેક જગવી, આવ્યો શરણે બની દાસ;
ભિક્ષાપાત્ર ન ખાલી રે, દાનો થઈ તું તારજે પ્રભો!
સગપણ...

યત્કિંચિત્ ને દિલડું અર્પિયું ઘણું માની હલકો કરજે ભાર;
દિલની ઊંડી દર્દભરી વાણીથી, તને વિનવું છું હું કિરતાર;
આશા મારી તું પૂરજે રે, શરણે લઈ આ દાસ પ્રભો!
સગપણ...

• • •

# માડી મારું જીવન નિષ્ફળ જાય

## ગરબીનો ઢાળ

માજી! મારું જીવન નિષ્ફળ જાય રે હે તારે ખોળે ઢળ્યો, રે લોલ.
માજી! તારે દ્વારે આવ્યો બાળ કે લેજે શરણે મને રે લોલ.
રખડી રખડી આવ્યો માડી! કે કોઈએ નવ સંઘર્યો રે લોલ.
જોયું જોયું ભટકી મેં તો માડી! કે સર્વે સ્વાર્થનાં રે લોલ.

સંકુચિત મનોદશા છે માડી! કે સર્વે લોકની રે લોલ.
દ્વેષ-રાગ-સ્વાર્થની પર ઓ માડી! કે નવ કોઈ જોઈ શકે રે લોલ.
સહુ કોઈ ધર્મની કરતા વાત કે હૃદે નવ કાંઈ મળે રે લોલ.
ઢોલ તો વાગે ખૂબ પણ પોલું કે લોક એવા ખૂબ દીઠા રે લોલ.

માડી! કોઈ ભક્તિની યુક્તિ ન જાણે કે આંધી આવી સર્વને રે લોલ.
માડી! મેં તો અનુભવ લીધો ઊંડો કે આ દુનિયા તણો રે લોલ.
માડી! મને કોઈ મળ્યું નવ એવું કે જેને મારું ગણું રે લોલ.
ભટક્યો ભટક્યો માડી! હું તો ખૂબ કે હવે નવ હામ મળે રે લોલ.

જાતો જ્યારે દીકરો કાંઈ પરદેશ કે કમાઈને આવતો રે લોલ.
માડી! મેં તો કંઈ કમાણી ન કીધી કે ઊલટું દેવું કર્યું રે લોલ.
કમાતો દીકરો વ્હાલો લાગે કે બીજા અળખામણા રે લોલ.
માડી! પણ માતા ખોળે લેય કે દીકરો ગમે તેવો રે લોલ.

માડી! શું સ્નેહ એ ભૂલ્યા તમેય કે મને શું આમ કરો રે લોલ.
માડી! માડી! કરતો આવ્યો બાળ કે અવનવી હોંશ ભર્યો રે લોલ.
માડી! શું તમને શોભતું આવું કે ખોળે નવ મને લેતાં રે લોલ.
હું તો મારે અથડાતો રખડાતો રહીશ કે ભમતો હું તો ભમીશ રે લોલ.

માડી મને તું શું વિસરી આમ કે ધર્મ તારો તુંયે ભૂલે રે લોલ.
માડી! તારે ચોકે આવી બાળ કે રડી રડી વીનવે રે લોલ.
કાઢું હું વરાળ મનની ઊંડી કે ધરજે કાને દયા ધરી રે લોલ.
માડી! એ રૌદ્રરૂપ ધરી મારા કે અસુરોને સંહારજે રે લોલ.

અસુરો કરતા ઉપદ્રવ માડી! કે ભંગ યજ્ઞ કરાવતા રે લોલ.
ગૂંગળાવી મારતા એ તો માડી! કે કાંઈ નવ ગમ પડે રે લોલ.
ફોસલાવી લલચાવી લેતા કામ કે કદી કદી ભૂલો પડું રે લોલ.
માડી! તું તો પ્રચંડ બળની મૂર્તિ કે આજે શું આવી બની! રે લોલ.

જાત તારી આમ શું ભૂલતી? માડી! કે તુ રૂઠતી હવે નથી રે લોલ.
જાગશે જો તું નહિ ઓ માડી! કે તો અસુરો વણસાડશે રે લોલ.
દિન પર દિન તો ચાલ્યા જાય કે તું નવ કૃપા કરે રે લોલ.
માડી! હવે ઝાઝી ન કરતાં વાર કે નહિ તો મારું શું થશે! રે લોલ.

• • •

# સંતાકૂકડી

શોધું હવે કહાં શ્યામ?
કહોને કોઈ શોધું હવે કહાં શ્યામ? (ટેક). કહોને...

શાસ્ત્રો કહે કે સચરાચરમાં
ખાલી ન હોયે એક ઠામ. કહોને...

ઘરમાં શોધ્યે, વનમાં શોધ્યે
ક્યાંયે ન મળતો એ શ્યામ. કહોને...

સંતાકૂકડીની રમત રમતાં
સંતાયો છે હરિ આમ. કહોને...

દાવ આવ્યો છે મારે માથે
વહી ગયા (ઘણા) ભવો આમ. કહોને...

મૂળ હેતુ ને ભૂલી જઈને
રખડું હું ઠામોઠામ. કહોને...

સાન રમતની ભૂલી જતાં તો
મૂકી ખોળવું, કરું બીજાં કામ. કહોને...

ભ્રમણામાં બીજી પડી જઈને
પતિત થયો છું હું આમ. કહોને...

રમત આ તો અઘરી ઘણી છે
(છે) ભુલભુલમણી ઘણે ઠામ. કહોને...

શોધવાને એને ઘેલી થતી'તી
ગોપીઓ સર્વ તમામ. કહોને...

ઋષિમુનિઓ તપ આદરતા
ઢૂંઢી કાઢવાને એ રામ. કહોને...

હઠયોગીઓ હઠયોગ સાધે
મેળવવા હૃદય-આરામ. કહોને...

ભક્તો ગદ્‌ગદ કંઠે રડતા
બની આતુર દર્શન-કામ. કહોને...

તેમણે સર્વે જાતમાં શોધ્યો
એની ભાળ મળી તે ઠામ. કહોને...

રમતમાં એક કુશળ નીવડયા
ટળ્યો ભાર માથેથી તમામ. કહોને...

રમતનું મને ભાન ન રે'તું
તો શોધી શકું ક્યમ શ્યામ? કહોને...

અવર વિષયે ચિત્ત તો જાતું
રહે સ્થિર ન એક જ ઠામ. કહોને...

વાચાથી એનું નામ જ લેતો
મળ્યે સોંઘો ન(થી) એવો શ્યામ. કહોને...

દુર્ગુણો તો મુજમાં ઘણાયે
એ તો ટળે ના કેમે કરી, શ્યામ! કહોને...

દુર્બળ એવો હું તો હજી છું
પ્હોંચે ન મારી કંઈ હામ. કહોને...

બળ પ્રેરવાને, શક્તિ દેવાને
હું યાચતો કનૈયો શ્યામ. કહોને...

સાધનમાર્ગે કેમે કરી, પ્રભો!
જવાતું નથી કંઈ શ્યામ! કહોને...

રમત રમવાની મસ્તી દેજે,
અવર ન માંગુ કંઈ શ્યામ! કહોને...

• • •

## મનને શિખામણ

### (સ્નેહધામ સૂનાં સૂનાં રે – એ ઢાળ)

ભલું ઇચ્છે જો તાહરું રે,
તો તું માનને મનડા! વાત રે;
ટેવ શી આવી આવી રે!

આનંદ સુખ જો તાહરે રે,
હોય મેળવવા કદી મન રે,
ટેવ શી આવી આવી રે!

વિષયોથી ન્યારું થવું પડે રે,
એ વિચાર નવ આણવા તન રે!
નહિ સેવવા એના વિચાર રે
ટેવ શી આવી આવી રે!

કહ્યું મારું નવ માનીને રે,
જ્યારે વિષયે દોડતું હોય રે,
ટેવ શી આવી આવી રે!

દુઃખ મને ત્યારે જે થતું રે,
તે તો તુજને જણાવ્યે શું થાય રે!
ટેવ શી આવી આવી રે!

ફુલાવી હુલાવી રાખતો રે;
છતાં કેમે ના સંતોષાય રે,
ટેવ શી આવી આવી રે!

ડગલાં સજ્જન સંગ સાત રે,
ચાલતા તો દોસ્તી થાય રે;
ટેવ શી આવી આવી રે!

તું હૃદયની તો પાસથી રે,
-શું શીખી શક્યું નવ કાંઈ રે?
ટેવ શી આવી આવી રે!

ભોગો અપ્રાપ્ય છે જાણતું રે
કેમે મળતું એથી નવ સુખ રે;
ટેવ શી આવી આવી રે!

પ્રાપ્ત કરવા યત્ન જો કરે રે
કદી ભટકે દ્વારે દ્વાર તુંય રે;
ટેવ શી આવી આવી રે!

કદી પાડી નહિ તું તો શકે રે,
-તારા મનની ઉમેદો પાર રે;
ટેવ શી આવી આવી રે!

આવી પ્રતીતિ હોવા છતાં રે,
છોડી નિજ કામ ભટકે તું કેમ રે?
ટેવ શી આવી આવી રે!

વિરાગ ઘડી ઘડી આવતો રે,
વળી મોહ ધરી ફરતું તું રે'ય રે;
ટેવ શી આવી આવી રે!

શિખામણ મારી ન માનતું રે,
શાને સ્થિર તું તો નવ રે'ય રે?
ટેવ શી આવી આવી રે!

વિષયોમાં ઇન્દ્રિયોને પ્રેરતું રે,
માની સુખ, તે મળવા કાજ રે,
ટેવ શી આવી આવી રે!

પ્રયત્ન બનતા હું તો કરું રે,
પણ માનતું મારું નવ કેમ રે?
ટેવ શી આવી આવી રે!

મૈત્રી મારે તો બાંધવી રે,
અલ્યા મનડા! આવને પાસ રે.
ટેવ શી આવી આવી રે!

સાથે બંને મળીએ આપણે રે,
કામ તો સફળ એ થાય રે
ટેવ શી આવી આવી રે!

વેણ મારાં સાચાં માનીને રે,
સદા ગ્રહણ જો કરતું રહીશ રે,
ટેવ શી આવી આવી રે!

સુખી જાતે તો તું થઈ રે,
વળી કરશે બીજાને તું ધન્ય રે;
ટેવ શી આવી આવી રે!

માટે મારા મન! બાપુડા! રે,
હવે માનજે મારી તું વાત-રે;
ટેવ શી આવી આવી રે!

એક હાથે તાળી તો ના પડે રે,
તેથી લેવું છે મારે તને સાથ રે;
ટેવ શી આવી આવી રે!

પ્રીતિ બધે જ્યાં ત્યાં બાંધતું રે,
પણ દુખડાંની હોળી ભાળે ત્યાંય રે;
ટેવ શી આવી આવી રે!

હૃદયસંગ ભજનમાં ભળી રે,
થાતું કેટલીકવાર તું એક રે;
ટેવ શી આવી આવી રે!

સત્સંગે રાજી તું રહે રે,
પણ પાછું તું ભમતું કેમ રે?
ટેવ શી આવી આવી રે!

આધી, વ્યાધી, દુઃખ જ્યારે પડે રે,
ત્યારે ત્યાગીપણું ગ્રહે તુંય રે;
ટેવ શી આવી આવી રે!

રામનામ ત્યારે તો તું લઈ રે,
પછી મૂકતું તેને તું દુર રે;
ટેવ શી આવી આવી રે!

હૃદય સાથ તું તો ના મળે રે,
હાથતાળી આપી ભાગી જાય રે;
ટેવ શી આવી આવી રે!

માગે નિર્દોષ છૂટો જેટલી રે
હું તો આપતો રહું છું સદાય રે;
ટેવ શી આવી આવી રે!

પ્રફુલ્લ તને તો રાખવા રે,
વળી હળવું તે કરવા ખૂબ રે;
ટેવ શી આવી આવી રે!

● ● ●

## હૃદયોર્મિ; હૃદય-અભિલાષ

તમે મારે જે કહો તે છો,
તમે મારે દેવાધિદેવ છો;
આવ્યો તમારે શરણે હરિ! લ્યો. (ટેક)

દ્વારેથી મને હડસેલી દીધો,
ભટક્યો ઘણાં ધામ;
બેલ ઘાંચીના માફક હું તો,
ફરતો રહેતો'તો શ્યામ! તમે...

દયા કરી હરિ! તેં મને દીધો,
માનવનો કાંઈ દેહ;
મંદિરિયું તારું રૂડું બનાવવા,
મનમાં છે ઘણો નેહ. તમે...

ઓરિયા મનમાં મેં આદર્યા છે
(સેવ્યા છે)
શણગારવાને તેહ;
કેવી રીતનું શણગારું હું તો કે,
શોભે મારા દેવ. તમે...

તમને ગમતી જે જે ચીજો,
વસાવવાનું છે મન;
આવે તો સુખચેન પડે એવાં,
શાં શાં રાખું સાધન? તમે...

ગમતી વાનીઓ પીરસવાને,
હોંશો  છે ઘણી મન;
શાં શાં ભોજન એવાં જમાડું કે,
થાવ હરિ! પરસન. તમે...

પુનિત પગલાં પધરાવવાને,
મંદિરની હરિ! માંય;
તૈયારીઓ ક્યમ પૂરી કરું કે,
તમે પધારો ત્યાંય. તમે...

મંદિરિયું તારું સજ્જ કરવાને,
ઘણું મથું છું હું નાથ!
કેમ કરીને સ્વચ્છ કરું કે,
ગમે તને એ નાથ! તમે...

આંગણું રૂડું સારું કરું ને,
વેરું ત્યાં સુંદર ફૂલ;
સાથિયા કેવી ભાતના પૂરું કે,
દીપે મંદિરિયું અણમૂલ. તમે...

તમ પર હરિ! હું વારી જાઉં ને,
કરું ન્યોછાવર તન;
કેમ કરીએ પ્રીતડી જામે કે,
મોહે તુજ પર મન. તમે...

ફૂલનાં ફોરમ દિલે આણું ને,
પ્રકટાવું અંતરે ધૂપ;
પૂજારી એવો હું ક્યમ બનું કે,
તેડ્યા આવો તમે ભૂપ! તમે...

નીર નેહનાં ઢોળું ઢોળું તોયે,
આપો મન નવ આશ;
શું શું હરિ! હું એવું કરું કે,
આવી પ્હોંચું તુજ પાસ? તમે...

હૃદય શ્રદ્ધા તુજમાં રાખતું,
જાણી એક જ તું આધાર;
મનડાને હરિ! કેમ મનાવું હું,
કે આવે એને ઈતબાર? તમે...

તાર-મારા મનને જોડવાને,
છે મહત્વાકાંક્ષાય;
આકાંક્ષા રહે સદાય.
કેમ કરું હું એ એક થાયે ને,
ભેળું તો નાથ થવાય. તમે...

મળું હરિ કે મરી જાઉં પણ,
પાછો ફરું નવ નાથ!
નિશ્ચય મારો એ ક્યમ ટકે કે,
આવે હરિ! તુ હાથ. તમે...

અનિમિષ નયને મંદિરિયે,
આવ્યાની જોઈશ રાહ;
સ્વાગત તે વેળા એવું કરું કે,
હોલાય મારો દાહ. તમે...

અભિલાષ ઊંડી અંતરમાં છે,
નીરખવાને છે કોડ;
હૈયું હરિ! મારું કેમ દ્રવે તો,
પૂરી થાયે મારી હોડ. તમે...

સંગે રહી મોજો માણવાને,
હૈયે ઊંડી ઊંડી આશ;
વિહવળતા એવી કેમ વધે મને,
કે જાન રહે તુજ પાસ. તમે...

સરખો સંસારે હું તો રહું હરિ!
મન રાખું તુજ પાસ;
ભક્તિ તારી હું કેવી કરું કે,
હૈયું ઠરે કરી હાશ. તમે...

હોંશ જ મારી ધ્યાનમાં લેજો,
જોશો ના ભૂલનું માપ;
તમે આવ્યેથી સુધરી જશે,
સહુ કંઈ આપોઆપ. તમે...

• • •

# હૃદય-નિવેદન

તમે મારે જે કહો તે છો;
તમે મારે દેવાધિદેવ છો;
આવ્યો તમારે શરણે હરિ! લ્યો. (ટેક)

મેં જાણ્યું કે 'માથે તમે છો',
રમવા નીકળ્યો બ્હાર;
બ્હાર આવીને ભૂલો પડ્યો, પ્રભો!
હવે આવો નહિ વ્હાર? તમે...

માતા ખાવાનું મીઠું આપીને,
ભુલાવે રડવું બાળ;
તેમ પ્રભો! મને તુંય ભુલાવે,
મૂકીને માયાની જાળ. તમે...

ભાંગી-તૂટી આ નાવડીથી,
તરવા મથતો પાર;
યત્ન કર્યે પણ હું નવ ફાવું
હાથ ના દ્યો કિરતાર! તમે...

મધદરિયે જ્યમ પક્ષી ઊડંતું,
બેસવા પામે ન ઠામ;
અકળાતો, મૂંઝાતો એવો હું,
તમે ન દો કંઈ હામ. તમે...

ભટકી ભટકી ઉંબરે આવ્યો,
તોય સૂઝે નવ ધામ;
આંધળો એવો હું તો હરિ! છું,
દોરી લઈ જાઓ શ્યામ! તમે...

બાપની પેઢીની લાજ ન રાખી,
ઊલટું કીધું છે કામ;
વેપાર વણજ કરંતાં ન ફાવ્યો,
બોળ્યું છે બાપનું નામ. તમે...

તારી પાસે તો આવતાં મુજને,
આવે છે શરમ નાથ!
શું મોઢું હું તો આવું લઈને,
ખાલી છે મારા હાથ. તમે...

છોરું કછોરું થાય પ્રભુ! પણ,
તમે ભૂલતા કેમ?
ભૂલોનો નહિ પાર એવો હું,
કરો હવે તો રે'મ. તમે...

ઊંઘ આંખોમાં ખૂબ ભરાણી,
કેમે ન ઊડે એ નાથ!
દેવદૂત તો તમે બની હરિ!
ફેરવો જાદુઈ હાથ. તમે...

રક્ષક હતા જે, ભક્ષક બનિયા,
વળાવા હતા જે સાથ;
અધવચમાં હરિ! હું લુંટાઉં,
સહાય કરો કંઈ નાથ! તમે...

જાગ્રતમાં ને સ્વપ્નમાં હરિ!
વૃત્તિ ન રહેતી ઠામ;
સામર્થ્યહીન હું કેમ યત્ન કરી,
પ્હોંચી શકું સ્વધામ. તમે...

પ્રીતડી તમ સાથે નવ જામે,
નેહ લગાડે નાથ;
નાથ નમેરા આમ શું રહે ને,
રે'વાય શેં સંગાથ? તમે...

ઉપકારે ભવરણે તમે હરિ!
સેવા ન કીધી શ્યામ!
ખામી અપકારી જીવની કાઢી,
કૃપા ન તજશો શ્યામ. તમે...

આભલા નિરાશાનાં ઘેરાતાં,
થાતું બને ઘનઘોર;
દિશા સૂઝે ના, સૂઝ પડે ના,
ક્યારે થશે હવે ભોર. તમે...

વારિધિમાં જ્યમ મોજાં ઊછળે,
ઊછળે અંતર આશ;
નિરાશામાં વળી તે ફરી જાયે;
મૂકતું હૈયું નિઃશ્વાસ. તમે...

કંઈ કંઈ થાતું, કહી ના શકાતું,
ભરાઈ જાતાં નેન;
ચેન પડે ના મન શમે ના,
ચઢતાં શોકનાં ઘન. તમે...

અટક પડે હરિ! તું નવ આવતો,
એકલવાયો હું ખૂબ;
સોડમાં એવાને તું નવ લેતો,
હૈયે વળે ક્યમ હૂંફ? તમે...

અભિલાષો જીવનમાં બહુ છે,
પૂરવાને નથી હોડ;
પ્રેરક બળ હરિ! તું ના દે તો,
પુરાય ક્યમ મન-કોડ? તમે...

સ્મરણ તારું દિલમાં થાતું,
ઊંડા થાયે રણકાર;
મંગળમૂર્તિનાં દર્શન કરવા,
તલસે નેત્ર અપાર. તમે...

અંત સુધી ધીરજ મુજમાં તો,
રે'શે નહિ તલભાર;
તે વેળા વ્હારે જો નહિ આવે તો
થઈશ જ હું તો ખુવાર. તમે...

તારી આશાએ હું તો જીવું છું,
કરતો નહિ જ નિરાશ;
ભગ્ન હૃદયનો થતાં પ્રભુ!
હું બનીશ છેક જ લાશ. તમે...

ભાવો હૃદયમાં જે ઊભરાતા,
ઠાલવતો તુજ દ્વાર;
નિવેદન બીજા કોને કરું જે,
હલકો થાયે ભાર. તમે...

શરણું મારું તમે સ્વીકારો,
જાણી મુજને બાળ;
થરથરતો તમ દ્વારે આવ્યો,
લ્યો મંદિરિયે તત્કાળ. તમે...

• • •

## હૃદયમંથન

તમે મારે જે કહો તે છો,
તમે મારે દેવાધિદેવ છો,
આવ્યો ત્યારે શરણે હરિ! લ્યો. તમે...

બારણે હરિ! હું તો આવ્યો,
તોય ઉઘાડો ન દ્વાર;
અભ્યાગતનાં સ્વાગત કરવાં,
નાથ! શું ભૂલ્યા એ સાર? તમે...

બૂમો તો ખોલવાને હું પાડું,
તું નવ સાંભળે નાથ!
મારી ધીરજ અને ખંતની શું,
પરીક્ષા લેતો તું સાથ? તમે...

થઈ નિમગ્ન શું ધ્યાનમાં બેઠો,
નિઃસ્પૃહ બનીને આમ?
ભૂખ્યો થાકેલો છું હરિ! હું તો,
તલસું આશ્રય શ્યામ! તમે...

દ્વાર ખૂલ્યે વાંછિત તો મળશે,
મનની એ જ ઉમેદ;
હું તો છું જીવતો એ જ આશાએ,
પણ રાખો તમે ભેદ. તમે...

આગળો હરિ! હાથ આવ્યો છે,
ફેરવવો ક્યમ નાથ;
ગમ એની તો હૃદમાં ના સૂઝે,
ઘણું મૂંઝાઉં છું નાથ! તમે...

ઓથ હરિ! એક મારે તારી છે,
કોનો નહિ આધાર;
સામું હરિ! જો તું નવ જોશે,
કરશે કોણ તે વ્હાર? તમે...

મધદરિયે હરિ! નાવ હંકાર્યું,
સુકાન છે નવ હાથ;
ધ્રુવ તારો તો હું નવ દેખું,
દિશા ક્યાં શોધું? નાથ! તમે...

મન, હૃદય ને તનથી તુજને,
માનતો મારો હું નાથ!
કોણ જાણે નિજનો નવ ગણીને,
તું નવ પકડે હાથ! તમે...

જે તું કરે છે સારાને માટે,
હૃદયે એ જ વિશ્વાસ;
મન હરિ! મારું બળવો કરે છે,
કહો શું કરું? અવિનાશ! તમે...

વાણી મન સહ પાછી ફરે છે,
પહોંચે નહિ તુજ ધામ;
તર્ક વિતર્ક તો બુદ્ધિ કરે છે,
વિક્ષેપ નાખે શ્યામ! તમે...

શ્રદ્ધા-બુદ્ધિને યુદ્ધ મચે છે,
હૃદયની હરિ! માંય;
વિશ્વાસ એક બીજાનો ન રાખે,
સ્થિર નહિ રહે ત્યાંય. તમે...

ઉપાસના, જ્ઞાન, શ્રદ્ધાને ભેળવી,
કરવા મથતો કામ;
મેળ બરાબર ખાતો નહિ હરિ!
કામ કથળતું શ્યામ! તમે...

બળદ હળે જે જોડેલા છે હરિ!
મસ્તાની છે ખૂબ નાથ!
ખેતર ખેડવા પ્રેરવા મથતાં,
નાથ! ન રે'તા હાથ. તમે...

એક વિષયમાં રત રે'વાને,
પ્રેરવવા મથું મન;
ઠામ ઠરીને એ નવ બેસે,
તોય મથું ભગવન! તમે...

વિચારી વિચારી થાકતું દીસતું,
તોય ન પ્હોંચતું મન;
જીવનમાં કાંઈ ખૂટતું દીસતું,
વલખા મારતું તન. તમે...

દુઃખ, પાપ અને શોક વડે કરી,
હૃદય તો વલોવાય;
શાંતિ વસે નહિ ત્યાંયે જરા હરિ!
હામ ન દે વિભુરાય! તમે...

ઉત્સાહ, ઉમંગ મુજમાંથી તો,
ઘટતા જાય છે નાથ!
કારણ તેનું કંઈ નવ સુઝે,
ઉપાય લેવો શો હાથ? તમે...

મૂંઝવણો દીલમાં ઊઠતી જે,
ને જે થતું હૃદે નાથ!
ઉકેલ એનો તું આણી હરિ! ને,
લેને મને તું સાથ. તમે...

જેવું તેવું તોય આ ઘર તારું,
જો નવ કરશે વાસ;
બીજાઓ તો હરિ! પેસી જશે ને,
કરશે ત્યાં એ વાસ. તમે...

ક્લેશાભ્યંતર હૃદે જે થાતો,
શું તું ન જાણતો તેહ;
આવડો અજાણ્યો શાને રહેતો?
શું પ્રીતની રીત છે એહ? તમે...

મનમાંની મનમાં રહી જાશ,
જો ધ્યાને લેશે ન વાત;
નાથ! વધુ શું કે'વું જ મારે?
તું જાણે સઘળું તાત! તમે...

આટઆટલું વીનવ્યા છતાંયે,
મોંઘો થતો શું? શ્યામ!
નાથ શું અતડા આમ તે રહે?
સધાય કેમ જ કામ? તમે...

ધર્મો બધાયે છોડી દઈ હરિ!
શરણે આવે જે નાથ!
પાપો સઘળાંથી મુક્ત કરે ને,
દે અભયવચન સાથ.
દે અભયાશિષ તું સાથ. તમે...

કોલ, આશિષ દીધેલાં એવાં જે,
ભૂલતો શાને તું? શ્યામ!
એકલવાયો તું રાખી મુજને,
શું જૂઠો તું પડશે? શ્યામ! તમે...

વ્યાકુલતા ને શ્વાસભર્યો હરિ!
શરણે આવ્યો રાખી આશ;
સાંભળશે જો હવે નહિ હરિ,
જઈશ કોની હું પાસ? તમે...

• • •

## આવો! આવોને નાથજી!

આવો! હૃદયતણે મંદિરે; તમો આવ્યેથી અવસર સુધરે,
ટળી જાય તરવું ભવપાર, અવસર મારો સુધરે.

નાથ! ભવાબ્ધિમાં ભૂલી પડી,
કેમે આવે ના આરો હાથ. આવોને...

નિજના કંથને તો ભૂલી જઈ,
મેં તો માણ્યા અવર ભરથાર. આવોને...

અવર પંથે વાળી મેં તો પ્રીતડી,
ભૂલી ત્યાંથી ગણું ફરી વાર. આવોને...

નાથ! મનડું મોટું તમ રાખીને,
મારા દોષ ન જોશો લગાર. આવોને...

હું તો જોતી બેઠી તવ વાટડી,
મારાં પીરસ્યાં ભોજન ઠંડા થાય. આવોને...

સૂણી આવવાની તમ વાતડી,
હું તો સોળે સજું શણગાર. આવોને...

જોઈ જોઈ થાકે મારી આંખલડી,
(નેણે)નયણે વ્હેવા તો માંડે છે નીર. આવોને...

આતુર (થઈ) અબળા બોલાવતી,
પણ ચતુર! શું પરખો ના પ્રીત? આવોને...

તુજ પરે જો ચાલતું માહરું,
મોજ માણું રાખીને મંદિર. આવોને...

નાથ! દાસીના કોડને પૂરજો,
તું નહિ પુરશે તો પૂરે કોણ? આવોને...

• • •

## લ્યોની મને દિલડે

મારા દોષને તો વિસરી જઈ,
મને નિજની દાસી તમ જાણી.
લ્યોની મને દિલડે...

શ્રદ્ધા આવેલી ખોઉં ઘડી ઘડી,
ન રહે સ્થિર, આવે એની મેળ.
લ્યોની મને દિલડે...

જ્યમ જ્યમ પાસે આવવાને મથું,
ત્યમ ત્યમ મનડું ન માનતું નાથ!
લ્યોની મને દિલડે...

એને એ જ કારણ દુઃખનું,
નાથ! તમે નવ દેતા ઉપાય.
લ્યોની મને દિલડે...

શંકાથી ઝોલાં ખાતું નાવડું,
(એ તો) ભ્રમિત બનાવે મન ત્યાંય.
લ્યોની મને દિલડે...

નાથ! કૃપા તો રંક પરે કરી,
ઊતરો મુજ હૈયાની માં.
લ્યોની મને દિલડે...

• • •

# આવી આવી હરિ! શરણે તારે આવી છું જો!

આવી આવી હરિ! શરણે તારે આવી છું જો!
કોરે ચિંતા બીજી મૂકી શરણે ઢળી જો!
મારા મનના બળાપા કહું તુજને જો,
કહું વાતડી આ દિલની હૃદે ધરું જો. આવી આવી...

ભૂલી-ભટકી, ન જાણ્યું નાથ! તું શિરે જો,
ખીલા વિના કૂદતાં નાથ! ખાડે પડી જો. આવી આવી...
તારી મોહની લાગી છે મારે હૃદે જો,

હવે રાખ સ્થિર, ડગમગતા એ મનને જો. આવી આવી...
મારે શીખવી છે સ્નેહશાસ્ત્રની કળા જો,
નાથ! કૃપા તુજ વિણ તે તો ના બને જો. આવી આવી...

વાટડી કઠણ નાથ! છે એ જાણું છું જો,
પણ જાણ્યા વિના નાથ! હવે ના મૂકું જો. આવી આવી...

ચિનગારી એ પ્રેમની હૃદે હરિ! જો,
- લાગે, યાચતી કૃપા હરિ! હું એટલી જો. આવી આવી...

એક મટકું નાથ! મને તો દયા કરી જો,
આપો તો તો વાંછિત સઘળું ફળે જો. આવી આવી...

દૂધ, છાશ ભેળા થતાં દહીં જ્યમ બને જો,
ત્યમ નાથ! વિરહ મુજમાં જામશે જો. આવી આવી...
પછી પળશી આટલી તમારી ન કરું જો,
દશા જોઈ નાથ! મારી તું નહિ રહું જો. આવી આવી...

એકવાર હરિ! હાથ મારે જો ચઢું જો,
હૃદય મંદિર પૂરી તાળું હું દઉં જો. આવી આવી...

પછી કાલાવાલા તમારા ન સુણું જો,
પણ દિન એવા ક્યારે દીન હું લહું જો. આવી આવી...

એ જ આશાએ હું છું હરિ! જીવતી જો,
માગું માગું દીન ભાવે કૃપણ શું બનું જો. આવી આવી...

નાથ! જાણી તા'રી, હેત હૈડે આણી લે' જો,
હરિ! હાથ તારો શિરે મારે મૂકજે જો. આવી આવી...

• • •

## આવો! આવો! હરિ! રીસડી શું ધરો જો!

આવો! આવો! હરિ! રીસડી શું ધરો જો!
આવાં અળગાં છેક અમોને શું કરો જો!

ઝાઝું નાથ તમને હું તો હવે શું કહું જો!
ઉમળકા હૃદેના હરિ! (હું) ક્યાં ઠાલવું જો. આવો આવો...

નાથ! મેં તો માન્યા છે તમને નિજના જો,
કઈ રીતે મનાવું રસિયો પરમાણવા જો. આવો આવો...

ખામી એવી તે શી પડી અમ કામમાં જો,
કે નાથ! તમે કેમે કરી ના રીઝતા જો. આવો આવો...

હોય નિજનાં તે સંગ હસી બોલવાં જો,
ઉપાય એક તો બતાવો મટે અણબોલડા જો. આવો આવો...

નાથ! મનમાં ને મનમાં હું મૂંઝાઉં ઘણું જો,
સૂઝે એક ના ઉપાય હૃદે હું બળું જો. આવો આવો...

હરિ! સંતાપવાની ટેવ તમને પડી જો,
નાથ! જુઓ ના લીલું સૂકું સઘળું બાળો જો. આવો આવો...

હૃદય તાપથી તપે છે હરિ! માહરું જો!
ટળે ઉરનો સંતાપ દિલે જો લઉં જો. આવો આવો...

ઊંડી ધગશ અંતરે છે હરિ! માહરે જો,
કોણ જાણે શાથી આશ મારી ના પૂરે જો. આવો આવો...

હરિ! દયાળું તું જેવો છોડી હું ક્યાં જઉં જો,
તુજને છોડતાં તો હરિ! હું ના રહું જો. આવો આવો...

રહેણીકરણી તમ દાસીની હૃદે ના ધરો જો,
જેવી તેવી મને નિજની કરી માનજો જો. આવો આવો...

બસ નાથ! એટલું તો હું માગતી જો,
બધિર શાને બન્યો હાથ કાને તું દઈ જો. આવો આવો...

• • •

# આમ પ્રીતડીની રીત હરિ! શું ભૂલો જો

આમ પ્રીતડીની રીત હરિ! શું ભૂલો જો,
તું તો પ્રેમપૂર્ણ છું મારો નાવલો જો;

તને દોષ તો ક્યમ દેવાયે મુજ રંકથી જો,
વ્હાલાં જનના તો દોષ જડે ના જરી જો. આમ...

એવી અંતરવૃત્તિ હોય છે પ્રેમીની જો,
પણ કિરણ કરુણાતણાં ન ભાળું ક્યાંયથી જો. આમ...

પ્રેમનિધિ! નાથ! તું પુરુષોત્તમ છું જો,
પછી પ્રેમવારિ સીંચતાં સંકોચાઉં શું જો. આમ...

અખૂટ નવનિધિ ભંડાર હરિ! તાહરા જો,
તો બિંદુ એક મને કાં ના આપતા જો. આમ...

ખાલી જો જઉં હું આવી તારે દ્વારથી જો,
તો તો નાથ! તારી કૃપણતા એ દીસતી જો. આમ...

હૃદયે ઝંખના તો થાય તુજ નામની જો,
વ્હાલા! પ્રેમથી ના બોલાવો આ ભામિની જો. આમ...

મારે ઠરવાનું તો ઠામ તારી જાતડી જો,
પણ નાથ! તું તો સુણે ના એકે વાતડી જો. આમ...

ક્યારે નાથ! સ્વીકારીશ સેવા આ દાસીની જો,
ઉરે તનમનાટ સેવા અર્પવા હરિ! જો. આમ...

તેવી-ઊર્મિ ઊપજી અંતરે હરિ! માહરે જો,
તેવું ગાંડું ઘેલું ઠાલવું તુજ આગળે જો. આમ...

તુંમાં પ્રાણ મારો પ્રોવાયો હરનિશ રહેજો!
નાથ! એટલું તો કરો ધરી દયા દિલે જો. આમ...

ભાવો તરવરે જે નાથ! મારે હૃદે જો,
ગૂંથી માળ હરિ! અર્પું હું તુજ ગ્રીવે જો. આમ...

• • •

## આવી આવી હરિ! શરણે તારે આવી છું જો

આવી આવી હરિ! શરણે તારે આવી છું જો,
કેમે કરી હરિ! નવ શમે મન માહરું જો;

છેલ-છોગાળા તું શામળા મમ કંથ તું જો,
તો શાને આવા કરવા માંડે ફંદ તું જો. આવી આવી...

જાણે છે રમતો એ તું નિજ મનમાં જો,
શું જાણે ના તું તે થતું જે તનમાં જો. આવી આવી...

આવડા અજાણ નાવલિયા! શાને રહો જો,
પ્રીતડી ન જામી વાત ખરી એ પ્રભો! જો. આવી આવી...

પણ દિલ મારું લાગ્યું છે તુજ સાથમાં જો,
કૃપા એટલી કીધી છે મુજ તનમાં જો. આવી આવી...

વધુ નાથ! ક્યમ જોર કરી તુજને કહું જો,
તુજ આગળ ના ચાલે કશું માહરું જો. આવી આવી...

કો આગળ કહી ખાલી કરીએ મનને જો,
ડૂમો શમે નવ, તાપ લાગે તનને જો. આવી આવી...

ક્યાં જાઉં, કરું શું મનમાં મૂંઝાઉં છું જો,
ફળે મનના મનોરથ હું શું કરું જો. આવી આવી...

ક્યાંયે વશીકરણ સ્નેહ સમું ના મળે જો,
હરિ! ક્યમ કરી ચાહું કે તું રીઝે જો. આવી આવી...

એક વાર હરિ લાગે લ્હે એ પ્રેમની જો,
ફેંકું કૃપાકટાક્ષ લાગે હૃદે લગની હરિ! જો. આવી આવી...

મૂકી ભાર ચિંતા તણો તુજ પરે જો,
માથે જાણી તુજને છૂટી હું તો આજ હવે જો. આવી આવી...

હવે શરમ મૂકી નાથ! દુનિયાતણી જો,
હું તો આજથી બની હરિ! તાહરી જો. આવી આવી...

તારે શરણે આવી રાખી આશ હું હૃદે જો,
અભિલાષ મારા મનના તું પૂરજે જો. આવી આવી...

વિનતિ વિનયભાવે કરું હું તો તને જો,
હરિ! લેજે મને હૈડે પ્રેમ આણીને જો. આવી આવી...

• • •

## આવી આવી શ્યામ! શરણે તારે આવી રે

નાથ! વધુ તને શું કહેવું રે?
જાણે, મારે જે પડતું સ્હેવું રે. આવી આવી...

જેને માગે તે આગે ભાગે રે,
એવો નિયમ શું તુજ દ્વારે. આવી આવી...

જેની ચાહના અંતરે થાતી રે,
તે તો ભાગતી દૂર દેખાતી. આવી આવી...

આઘે આઘે હરિ જ્યમ ભાગે રે,
તનમનાટ ઉર તો વાધે. આવી આવી...

આવશે હરિ! મારી તું પાસે રે,
એ જ આશાએ દિવસ જાશે (યે). આવી આવી...

નાથ! અન્ય સંગે પ્રીત કીધી રે,
તેથી રીસડી શું તમે લીધી? આવી આવી...

અંધકાર અજ્ઞાને છવાઈ રે,
નાથ! જાણી ના મેં તો સગાઈ. આવી આવી...

ભૂલી ત્યાંથી ગણું ફરી વાર રે,
નાથ! દોષ મારાને વિસાર. આવી આવી...

નાથ! કાંઈ કાંઈ પ્રીછવા માંડ્યા રે,
ત્યારે તમે અળગા રે'વા માંડ્યા. આવી આવી...

તુજ વિના એકે નવ આરું રે,
તુજ ધામ ઊગરવાનું બારું. આવી આવી...

તુજ શરણે આવવાના ભાવથી રે,
થનગન્ થનગન્ નાચે હૈડું ભારી. આવી આવી...

હૈડે કોડ ભરેલે હું આવી રે,
તે તું નવ પ્રીછે મોરારિ. આવી આવી...

હૈડે અવનવા ભાવ ભરેલ રે,
શ્યામ! તું વિના અધુરો મેળ. આવી આવી...

નાથ! તમ નેહની છું તરસી રે,
આવી વાદળી પણ નવ વરસી. આવી આવી...

મારા મનના સંદેહ નવ ભાંગ્યા રે,
તમે કેમે આવો નવ માંગ્યા. આવી આવી...

દયા આણી નમેરા ન થાશો રે,
તમે આમ શું જોતા તમાશો. આવી આવી...

રૂપ દીઠા વિના હું તો મોહી રે,
તુજ પ્રેમમાં ત્યાંથી રંગાઈ. આવી આવી...

તુજ માટે હૃદે કંઈકે થાતું રે,
તે તો વાણીમાં કહી ના શકાતું. આવી આવી...

જાણું દુર્લભ તું છે મુરારિ રે,
નવ કેડો મૂકું, જાઉં વારી. આવી આવી...

કાળજડાની વાણી કહું હું કથી રે,
પણ તું તો સુણે નવ મનથી. આવી આવી...

અભિલાષ અંતરે છે મારે રે,
તને હૃદયે આણવા કાજે. આવી આવી...

પણ મન તારું નવ માને રે,
શું શું કરું હરિ! કે તું આવે! આવી આવી...

એક દિન એવો તો આવશે રે,
મારા થવાયા વિણ ના રે'વાશે. આવી આવી...

માણવા તે રૂડા દિન કાજે રે,
હું તો તૈયારીઓ કરું આજે. આવી આવી...

તુંમાં પ્રાણ-પ્રોવાયો તું રાખજે રે,
ઉરના ભાવો હરિ! કાંઈ પ્રીછજે. આવી આવી...

મારે એક નથી રહ્યો આરો રે,
હવે ચાહ્ય તો મારો, ઉગારો. આવી આવી...

હું ઊભી રહી જોઉં છું અટારી,
દુઃખ દાઝ દાસીની ઉર જાણી. આવી આવી...

મન-હૃદેથી બોજો ઉતારી રે,
નાથ! દાસીને લેજે ઉગારી. આવી આવી...

મને નિજની દાસી તો જાણી રે,
હરિ! હૈડે લેજે વ્હાલ આણી. આવી આવી...

• • •

## આવ્યો છું તુજ શરણે રે હરજી! આવો કેમ બન્યો?

### (ધીરા ભગતની કાફી)

આવ્યો છું તુજ શરણે રે હરજી! આવો કેમ બન્યો?
સામું તું નવ જોતો રે, મારે તો ક્યાં ઠરવું પ્રભો?

અંતરના કંઈ ઉમળકા ભર્યો, આવ્યો હરિ! તુજ પાસ;
હૈડે નવ હેત આણી તું, પૂરે ના મારા મનની આશ;
ભેદ હું નવ સમજું રે, ઉકેલ તું જાણે પ્રભો! આવ્યો છું...

ક્ષમા કરો અપરાધ આ દાસના, ઉરે આણી કંઈ વ્હાલ,
યોગ્ય નથી તદાપિ પણ તારી, હરિ! તેનો તું કરજે ખ્યાલ;
ઝાઝું મારે શું કહેવું રે, જાણે છે તું સઘળુ પ્રભો! આવ્યો છું...

તન, મન, મારે તુજ શું બાંધવું, જાણું ના પ્રભુ રીત;
ચેતવી ચિનગારી હરિ-પ્રેમની ઉર જડી પ્રભુ એ પ્રીત.
જ્યોતો એની પ્રકટાવી રે, આવજે હૃદે તું તો પ્રભો! આવ્યો છું...

આવે તો હરિ! પ્રાણ પાથરું, કરું ન્યોછાવર તન;
તુજને હોયે ગમતું જે જે તે, આણું રાખીને હું મન;
કોક દિન આશ જ પૂરજે રે, સંભારી આ દાસ પ્રભો! આવ્યો છું...

પ્રીતિ ઊમળકા ઉરમાં ઊપજે જે, ગાંડાઘેલા જે, નાથ!
માળા હું તો હરિ! તે તે ભાવોની, પ્હેરાવું મનથી હું તાત!
લેજે તેને તું સ્વીકારી રે, દાસ ની જાણી ભેટ, પ્રભો! આવ્યો છું...

• • •

# એની મોરલીના નાદ પર વારી ગયાં

વારી ગયાં રે વારી ગયાં,
એની મોરલીના નાદ પર વારી ગયાં.

વાંસના વેંતના કટકાની અંદર,
કાનુડા એ કંઈ કંઈ કામણ કર્યાં. એની...

ત્રિભંગ રૂપ, એના અધર પર મોરલી,
એ મોરલીમાં શાં શાં જાદુ ભર્યાં. એની...

કામણ કરી એણે મોહ વશ કીધાં,
એના મોહપાશમાં અમે ઘેલાં બન્યાં. એની...

આછા આછા નાદના એ પડઘા કાને પડ્યે,
અમે તનમનાટ હૃદયનાથી ગાંડાં થતાં. એની...

ઘરનાં કામોમાં કાંઈ જીવ નવ પેસે,
એની પાસ જવા કાજ અમે વિહ્વળ થતાં. એની...

'કાન-ઘેલા' 'કાન-ઘેલા' અમને કહીને,
મશ્કરી કેટલાંયે કરતાં હતાં! એની...

(કેવાંયે)એવાં એ ટેકીલાં ટેકને ભૂલી જઈ,
અમ સાથ ભળી જાતને ભૂલી જતાં.

કોણ-જાણે શાથી કરી આમ તો થતું હશે,
એણે જાદુવશ કર્યાં કે અમે તો થયાં. એની...

પ્રેમીના પ્રેમને પ્રેમીઓ પ્રીછે,
અવરને શો સ્વાદ મળે અનુભવ વિના. એની...
અવર શું જાણે તે

ઘેલાંની વેદના ઘેલાં જ જાણે,
બીજાંઓને તેની ગમ શું વળી? એની...

જખ્મ તણાં દુ:ખને જખ્મી જ જાણે,
પડયા ઘા વિણ અવર શું શકે જાણી? એની...

સુમધુર તાન-નાદ મોરલીના એ સૂણી,
જગ ભાન ભૂલે ઓ કોણ હું વળી? એની...

• • •

# મનડા! માન કહ્યું તું મારું

મનડા! માન કહ્યું તું મારું...
વાંછિત તારું કાંઈ નવ મળતું, જાતે અનુભવી જોયું;
ધાર્યું તારું તો નવ થાતું, શીદને કુટાઈ મરતું. મનડા...

સુખ જ્યાં જ્યાં તેં મનડા! માન્યું, આસક્તિ ત્યાં બાંધું;
ચિરસ્થાયી સુખ ત્યાં શું માણ્યું, પૂછી જો તુજ તનડું. મનડા...

ક્યાંયે તું નવ ઠરતું રે'તું, ચંચળ તારું તનડું;
ભટકી ભટકી થાકતું દિસતું, તોય સ્થિર નવ રે'તું. મનડા...

મોક્ષ-નરક કારણ તું તો, સમજી દોડે ઊંધુ;
બાધક મારે એકલું તું તો, બાકી સઘળું સીધું. મનડા...

મારું નવ માનીને તો ભટકી-ભટકી ખાતું;
સમજુ થઈને આવું કરવું તુજને શાને ગમતું? મનડા...

દોરી વિષયે ચિત્ત તું લેતું, કરતું મુજને ન્યારું;
વારે વારે શું સમજાવું? તું તો ડાહ્યું જબરું. મનડા...

હરિ-નામ જ તેં પ્યારું જાણ્યું, ઠામ જ એ ઠરવાનું;
અમૃતમય શીતળતા દેતું, એ નામધૂને નવ રે'તું. મનડા...

મારું માનીને મનડા ઓ! સ્થિરચિત્તે રહીને તું;
નામધૂને એ મસ્ત રહીને, મઝા અનેરી લે તું. મનડા...

ચિત્ત હૃદયની સાથે રસબસ, જ્યારે એક થશે તું;
ઓર જ મસ્તી લાધશે, અનુભવીશ જાતે તું. મનડા...

• • •

# જીવડા! હરિરસ તું પી જોને

જીવડા! હરિરસ તું પી જોને…

પ્રથમ પગથિયું ચિત્ત-શુદ્ધિનું, તે તું લેજે પ્હેલું;
દયા, દાન ને દીનતા રાખે તો એ છે ઘણું સ્હેલું. જીવડા! ૦

આકાંક્ષાતુર ભારે થઈને, શ્રદ્ધા હૃદયે રાખું;
જાતે જ્યારે અનુભવી જાણું, ત્યારે તે હું માણું. જીવડા!…

કામીને જ્યમ કામિની હોયે, લોભી જ્યમ ધન જાણે;
ધ્યાન હરિનું એમ જો ધારે, તો તો જીવડા કાંઈ માણે. જીવડા!…

મનનો સઘળો મેલ જ મૂકી, સદ્‌ગુરુ શરણું શોધું;
અંતરે પ્રકટે પછી તો જીવડા! પ્રેમની જ્યોતે જ્યોતું. જીવડા!…

મઝા અનેરી એમાં આવે, અધુરો શું વર્ણવું હું?
મસ્તી જ્યારે તનડે આવે, કોઈએ વર્ણવી જાણ્યું? જીવડા!…

• • •

## જીવડા! સદ્‌ગુરુ શોધી લેને

જીવડા! સદ્‌ગુરુ શોધી લેને...

પ્રપંચમાં તું ફસી રહેલો,પાપ ઘણેરાં કરતો;
તોયે હરિરસ હોય પીવો, સદ્‌ગુરુ શરણું શોધો. જીવડા!...

મહાપુરુષોએ (ગુરુ) શોધ્યા છે પામર અતિશે તું તો;
મદ, મત્સર ને મોહ ભરેલો આશરે કોને રહેતો? જીવડા!...

મતિ તારી તો અતિશે થોડી વ્યવહારે પણ તૂટે;
શિરસાટાની વાટો જ્યાં છે, ત્યાં ક્યમ નવ એ ખૂટે. જીવડા!...

હૈડે તપે હામ મળે નહિ, મદદ વિનાનો તો તું;
હરિનો મારગ છે શૂરાનો અટવાઈશ એકલ તું. જીવડા!...

સદ્‌ગુરુ મળવા દુર્લભ અતિશે, ભાગ્ય જ હોયે મળતા;
ફૂટલાં તારાં કર્મ જ એવાં, તુજને ક્યાંયે ના જડતા. જીવડા!...

• • •

# જીવડા! સંતસમાગમ કરવો

જીવડા! સંતસમાગમ કરવો…

ઉરના જે સંતાપો ટાળે, મનડું શાંત જ કરતો;
એવાને તો સંત જ સમજી, હૈડું હરખે દેજો. જીવડા!…

હાથ જ પકડી દોરી જાયે, પ્રભુને દ્વાર જ સીધો;
એવા એ સંતોના ચરણે, મસ્તક મૂકી ફરજો. જીવડા!…

રગદોળાતા કાદવે હઈએ, ખૂંપી ગયા હોય ચરણો;
ખેંચીને તો બ્હાર જ કાઢે, એવા એ છે સંતો. જીવડા!…

મૂઢતા મનની સઘળી ટાળે, દુર્ગુણ દૂર હઠાવે;
હરિજનને એ રંગ લગાડે, ધન્ય જ એ સંતોને. જીવડા!…

દુરમતિ મનની ટાળે એ તો, સદ્‌બુદ્ધિ દે સંતો;
અનુભવેલું ઘણા જનોનું, જુઠી નહિ એ વાતો. જીવડા!…

સંતો પારસમણિના જેવા, લોઢું કાંચન કરતા;
અંધાને એ આંખો દેતા; ગાળે જીવડાની જડતા. જીવડા!…

ગાયો તુલસીદાસે એ તો, ભક્તજનોએ માણ્યો;
રંક હું તો, એને શું વખાણું, મહિમા એ સોબતનો. જીવડા!…

• • •

## જીવડા! વાણીસંયમ કરજે

જીવડા! વાણીસંયમ કરજે…

કારણ વિણ વદવું નવ જીભે, જોર જ એથી જાતું;
મૌન હૃદે જો રહેવાયો તો, વ્હેલું કામ સીધાતું. જીવડા!…

અવર વિષય ચિંત્વન નવ કરવા, હરિનું ધ્યાન જ કરવું;
વાણી ખર્ચ્યે ધ્યાન જ જાતું, તે ખ્યાલ હૃદેમાં ધર તું. જીવડા!…

માથે જગકર્તા છે જાણી, બૂરું વાણીથી ના કરવું;
ભૂંડામાં રાજી નવ રે'વું, 'હરિ' 'હરિ' મુખ ઉચ્ચરવું. જીવડા!…

વાણી તો ભાઈ! વેર કરાવે, સ્નેહ વળી બંધાવે;
રાજ્યો મોટાં એ ખોવરાવે રાજ્યો વળી એ જમાવે. જીવડા!…

કાયરતા વાણી તો કાઢે, શૌર્ય વળી પ્રકટાવે;
સંગ્રામો મોટા જીતાડે પ્રેમ ઉરે પ્રકટાવે. જીવડા!…

પ્રબળ જોર વાણીનું એવું મન વડે તું નવ જાણું!
મર્મ હૃદે તું એ સમજીને, મૌન જ ધારી ફરવું. જીવડા!…

કોઈની તો નિંદા નવ કરવી, પૂંઠે કાંઈ નવ વદવું;
હિતે બધાના રાજી રહેવું, થઈ એકલવાયા ફરવું. જીવડા!…

વિચારીને વાણી જે વદતું, ના'વે નર તે તોલે;
સંયમવાણીનો કેળવી જે નવ બોલે, તે બંધન ખોલે. જીવડા!…

સદ્‌વિચારો મનમાં કરતો, હરિનું ધ્યાન જે ધરતો;
મૌની થઈને વળી જે રહેતો, ધન્ય પુરુષ છે એ તો. જીવડા!…

• • •

# જાવું મારે નગરીએ પ્રેમતણી હો

જાવું મારે નગરીએ પ્રેમતણી હો…

અઘરું છે એ વાટે જાવું, જાણી કરતો મનડું;
પગ ધરીને પાછું ન પડવું, ચઢવું કે પછી મરવું. જાવું…

ગંભીર ઊંડા જળે ભરેલી, નદીઓમાંથી તરવું;
લાખો જન તો ડૂબી મરિયા, અઘરું પાર ઊતરવું. જાવું…

સુંદર સ્વપ્નો હૃદયે આવે, નગરી પ્રેમતણાં તો;
ઊડવા હૃદય તો આતુર રે'તુ, પાછું પડતું મન તો. જાવું…

વિરલા કોઈ નર ત્યાં તો પ્હોંચે, એવું મારે બનવું;
હરિ-કૃપા ઊતરે મુજ પર તો, સ્હેલું છે ત્યાં ઊડવું. જાવું…

• • •

# લાધે પ્રભુજી તુજને ક્યાંથી?

લાધે પ્રભુજી તુજને ક્યાંથી?

મનડું જનમતણો તો હેતુ, ઘડી ઘડી વીસરી જાતું;
વ્યવહારો બીજામાં પડતું, સ્મરણ હરિનું ભૂલતું. લાધે...

પ્રભુ વસેલો તારામાં એ, પણ ક્યાંયે નવ નીરખે;
ઢૂંઢવાને નવ યત્ન કર્યો કંઈ, પછી ક્યાંથી તું દેખે. લાધે...

સદ્ગુરુ હૃદથી તેં નવ શોધ્યા, રાખી ન શ્રદ્ધા ઊંડી;
વચન મરમના તું નવ સમજ્યો, આવે સમજ ક્યમ ઊંડી. લાધે...

કાંઈ કાંઈ અનુભવી તેં તો જોયું, સગપણ ક્યાં નવ દીઠું;
તેમ છતાં કેડો નવ મૂકિયો, એ ક્યાંથી સમજે હૃદે તું. લાધે...

ષડ્શત્રુને તેં નવ જીતિયા, મનડું વશ નવ કરિયું;
હરિ જગે નવ હોયે જાણે, ત્યમ વ્યવહારે મન મચિયું. લાધે...

તેમ છતાંયે હરિ-કૃપા જો, ઊતરે તુજ પર તો તો;
મહેનત વિણ તુજને તો, પણ ફૂટલા તુજ કર્મો. લાધે...

• • •

# રસના! રામ રસિકવર રટને

રસના! રામ રસિકવર રટને...

ભ્રમણાત્મક જે વિષયો જગનાં, તેમાં રચીપચી રે'તી;
પરનિંદાએ તું તો પૂરી, હરિ-રસમાં નવ શૂરી. રસના...

મીઠા મીઠા સ્વાદો તુજને, અતિશય પ્યારા લાગે;
મીઠુડું પ્યારું હરિનામ જે, પણ તુજને નવ ભાવે. રસના...

કૂતરાની પૂંછડીને તો જો હજાર વર્ષો દાટો;
વાંકી ને વાંકી રે'વાની; શું રસના એવી તું તો? રસના...

યોગાભ્યાસે રહેતાં રહેતાં, ટેવ ગમે તે ટળશે;
ખંત જ રાખી વળગી રહેતાં, રસના સીધી થાશે. રસના...

કરમાશે કંચન સમ કાયા, જોબન એળે જાશે;
એવી ને એવી રસના તું રહે તો અવળું થાશે. રસના...

ખટરસને તું-માણી જાણે, પણ હરિરસ નવ માણે;
કેમ કરીને હું સમજાવું, કે તું મારું માને? રસના...

• • •

# ક્યાં જઈ પોકારું કે આવે પ્રભુજી મારે દ્વારે

ક્યાં જઈ પોકારું કે આવે પ્રભુજી મારે દ્વારે...

મંદિરમાં તો શોધ કરું પણ, ત્યાંયે પ્રભુ નવ જડતો;
મસ્જીદોમાં ઢૂંઢી વળ્યો હું, હરિ ત્યાંથીયે અળગો. આવે...

વનમાં રખડ્યો, પર્વત ભટક્યો, ભટક્યો નદીઓ(નો) કાંઠો;
ક્યાંયે મારા પ્રભુ નવ મળિયા, છે સૂનો હૈયા-કાંઠો. આવે...

તીર્થો મેં તો ફરી ફરી જોયાં, પ્રભુ વિનાનાં તે તો;
ખાલી આડંબર ત્યાં દીઠો, પ્રભુને જે નવ ગમતો. આવે...

સચરાચર વ્યાપક છે એ તો, ગાયું વેદોએ તો;
ક્યાંયેથી તોયે નવ જડતો, હશે પ્રભુ ક્યાં ફરતો. આવે...

મીરાં, નરસિંહે પોકાર્યો હૃદયતણા એ દ્વારે;
લાધ્યો કૃષ્ણકુંવર ત્યાંથી એ, મળે શોધ કરું તો ત્યાં એ. આવે...

• • •

# મારો પિયુડો વેરણ બનિયો

મારો પિયુડો વેરણ બનિયો...

કાગળ હત તો વાંચત કોઈએ, કર્મ તે કોણ જ વાંચે?
કયા જનમના પાપે કરીને આવું કરતો પિયુ એ. મારો...

શણગાર તો મેં સોળે સજિયા, પતિને ગમવા કાજે;
જોબન ભરિયું તનડું મારું પિયુ વિણ તે કોણ નિરખે? મારો...

ચાંદની પ્યારી રાત તો આવી! પણ પિયુ ઊભો દૂરે;
પ્યાલી દિલભરી સાકી પીતો; મુજને નવ પિવડાવે. મારો...

જોશીડાને જઈને પૂછતી, જોશ તું મારા જોને;
કરું કરાવું જાપ હું કોના, પિયુડો સંતોષાયે. મારો...

મનના મનોરથ મનમાં રે'તા, ચણચણતું હૈયું છે;
અવનવી, કોડ ભરેલી આશા, કોણ પૂરે પિયુ વીણ તે. મારો...

કરગરી કરગરી હું તો વીનવું, પાયે લાગું એને;
ભાવો ઉરના શા બતલાવું, કે પિયુ મારો માને. મારો...

આશા અમર તો હૈડે મારે, કોક દિન આવશે પાસે;
હૈડે મુજને પ્રેમથી ચાંપી, મીઠડાં ચુંબન દેશે. મારો...

• • •

# હરિનામ જ એ પ્યારું, રટ તું હરિનામ જ એ પ્યારું

હરિનામ જ એ પ્યારું, રટ તું હરિનામ જ એ પ્યારું...

સઘળા રસમાં એ રસ મીઠો, અનુભવીને જો તું; રટ તું...
તીવ્રાકાંક્ષા, શ્રદ્ધા હોયે, પામે હૃદયે રસ તું. રટ તું...

નામનાવ પ્હોંચાડે પારે, તે તું હૃદથી જાણું; રટ તું...
મનડાને રાખી ઠેકાણે કરે એ ભેગું નાણું. રટ તું...

કામ જ સઘળાં કરતાં કરતાં, ચિંત્વન કરું તું એનું; રટ તું...
મન, ચિત્ત, હૃદને જોડીને તું, શરણું લેજે એનું. રટ તું...

ધર્મો સઘળા તું છોડીને, શરણે એને જા તું; રટ તું...
પાપોથી તો મુક્ત કરે છે, ગીતાજીમાં ગાયું. રટ તું...

ચારે ક્ષેત્રોના પુરુષાર્થે, સામર્થ્ય દેતું એ તો; રટ તું...
ગાયત્રી દેવી એમ વદતા; શું વિશ્વાસ હજી પૂરતો? રટ તું...

વેદો, શાસ્ત્રો ને જ પુરાણો વર્ણન કરી કરી થાક્યાં; રટ તું...
પાર જ પણ કેમે નવ પામ્યાં, નેતિ નેતિ પોકાર્યા. રટ તું...

દરિયાનો ખડિયો બનવી, પર્વત લેખણ બનતો; રટ તું...
સરસ્વતી-મા ગુણ લખતા પણ, મહિમા એ નવ ખૂટતો. રટ તું...

નામતણા તે એ મહિમાને રંક તે હું શું વખાણું? રટ તું...
હૃદયે મારે એ જ વસાવવું તેથી મેં તો ગાયું. રટ તું...

કંઈ કંઈ જન તો એમાં ડૂબ્યા, ડૂબે તે તો તરતા; રટ તું...
ડૂબે નવ જે એ રસમાં તે જાણી લ્યો એ મરતા. રટ તું...

ગાંડુ ઘેલું જે આવ્યું તે મેં તો ભરડી માર્યું; રટ તું...
અર્થ જ હું તો કાંઈ ન સમજુ હું તો નાનું છોરું. રટ તું...

● ● ●

# શંકર! તું તો જબરો મોટો

શંકર! તું તો જબરો મોટો...

કુબેર જેવો સેવક જેને, ભસ્મ છતાં ધન જેનું;
ખોળે પારવતી બેઠેલાં, પણ કામ જ તું બાળું. શંકર...

ત્રણે લોકમાં રાજ્ય છે તારું, ગાદી છે શમશાને;
સઘળા દેવોમાં છે મોટો, સેવકગણ પણ ભૂતો. શંકર...

રીઝે તો સઘળું તું દેતો, રૂઠે કોઈ ન બચતું;
ઊઘડે જો તુજ ત્રીજું નયણું, રાખ જગત તો થાતું. શંકર...

ભોળો તુજ જેવો નવ સૂણિયો, ભક્તિ વડે તું રીઝતો;
શરણાગત વત્સલ છે તું તો, પાપો સઘળા હરતો. શંકર...

આવેલું પ્રભુ! તુજ દ્વારેથી, પાછું કોઈ નવ ફરતું;
જેવી ભાવના મનમાં જેને, તેને તેવું મળતું. શંકર...

અનેક સંતોભક્તોને તો હરિ તુજથી છે લાધ્યા;
આજે તારે શરણે આવ્યો હરિ મમ દેજે માગ્યાં. શંકર...

• • •

# હે મનવા! ખોજ કરે તો જડે

વસ્તુ એ અણમોલી હૃદયની વસ્તુ એ અણમોલી;
હે મનવા! ખોજ કરે તો જડે, હે મનવા ખોજ કરે તો જડે. વસ્તુ...

ખાણોમાં તો પથરા બહુયે હીરા જેવા જડે;
ઝવેરી થઈને પ્હેલ જ પાડે, ત્યારે હીરા બને. હે મનવા...

પાણીમાં પગ મૂક્યા વીણ તે, તરતાં ક્યમ આવડે?
શિર સાટે એ વાતો લો તો, અર્થ જ સઘળો સરે. હે મનવા...

પર્વત ઉપર ચઢવું હોયે- બેસી રહ્યે કેમ વળે?
માગ્યા વિણ મા નવ પીરસે, તો ક્યમ એ તો મળે? હે મનવા...

મરજીવા થઈ ઊંડા દરિયે તળિયે જઈને પડે;
અણમોલા એ મોતી કાઢે, લક્ષ્મીને તો વરે. હે મનવા...

તરીને કે નાવેથી કરીને, સ્હેજે પાર તરાયે;
સાધન બન્ને હોયે તો તો હૈડું હિંમત ધરે. હે મનવા...

મહેનત વિના મળતું નવ કંઈયે, કોટિ યુક્તિ કરે;
હરિકૃપા શિર પર વર્ષેથી મહેનત સઘળી ફળે. હે મનવા...

• • •

# પ્રભુજી! તારે ચરણે ઢળિયો

પ્રભુજી! તારે ચરણે ઢળિયો...

હામ જ હું તો હારી બેઠો એકલવાયો હું તો;
તું જ શરણું જો હું નવ લઉ તો, જાઉ બીજે ક્યાં તો. પ્રભુજી...

જેવી ભાવના અંતરે હોયે, તે તો તેવું પામે;
હૃદયે એવી આશા રાખી દાસ ઢળ્યો તુજ શરણે. પ્રભુજી...

નિજનો મેં તો તુજને માન્યો, તું નવ મુજને માને;
ગમ નવી પડતી મુજને હૃદયે, તારો ક્યમ નવ જાણે. પ્રભુજી...

મૂંઝવણ મુજને થાતી બહુયે, હૃદય તપે છે તાપે;
શીતળતા કાજે હું આવ્યો, પણ નવ દેતો કંઈયે. પ્રભુજી...

સ્ફુરણા હરિ! કાંઈ નવ દેતો, રીબાઉં છું અતિશે;
દયા જરી હરિ! તું નવ આણે, નમેરો આવો શાને? પ્રભુજી...

પાડાને તો ડામ જ દેતા, પખાલીના એ વાંકે;
મૂર્ખો એવો હું તો પાક્યો, દોષ જ દેતો તુજને. પ્રભુજી...

અનાથ બાળક હું છું પ્રભુજી! રહેમ નજરથી જોજે,
ધણીધોરું મારું નવ કોઈએ, તેથી હૈડે લેજે. પ્રભુજી...

• • •

## શરણે તારે આવ્યો પ્રભુજી! કરવું હોય તે કરજો

શરણે તારે આવ્યો પ્રભુજી! કરવું હોય તે કરજો...

પાલવ મેં તો તારો ઝાલ્યો, રખવાળ જ તું મારો;
છટકી ગયે પાલવશે નવ પ્રભો! મારો કે ઉગારો. શરણે...

બળ મુજમાં તો છે નવ કંઈયે, વેગે પૂરે તણાતો;
વ્હારે જો નવ ચઢશે તું તો, આવે નવ કંઈ આરો. શરણે...

નાનાં બાળક પ્રભુજી! તારાં, વાંક તો કરતાં બહુયે;
અમીભરી દૃષ્ટિથી જોજો, કરશો રોષ ન જરીયે. શરણે...

તનડું મારું કરું ન્યૌછાવર; મનથી જાઉં વારી;
મ્હેર કરી હરિ! હૃદે વસો તો; ફરી આવે નવ વારી. શરણે...

દુનિયાનો છેડો ઘર તું તો, બીજું ઘર નવ જાણું;
જાણી તારે દ્વારે આવ્યો, ઘર વિણ જાઉં જ ક્યાં હું? શરણે...

હૈયે છે તે હોઠે આણી, ઉચરું વાણીથી હું;
ભાવોની માળા ગૂંથીને અર્પું તુજ ગ્રીવે હું. શરણે...

બીજું કાંઈ જ હું નવ માગું, માગું હરિકૃપા હું;
બીજામાં કંઈ રસ નવ જાણું, હરિરસ તો દઉં માણું. શરણે...

• • •

# ભજન હરિનું પ્યારું રે, હાં હાં રે મનડા

જેનું મન જે શું(રે) લાગ્યું, તેને તે તો લાગે પ્યારું;
બાકીનાને એ તો ન્યારું રે,
હાં હાં રે મનડા. ભજન હરિનું પ્યારું...

મીરાએ તો સુખ માણ્યું, નરસિંહે એ જ જાણ્યું;
અનેકેયે અનુભવ્યું રે,
હાં હાં રે મનડા. ભજન હરિનું પ્યારું...

રાજપાટ છોડી દઈને, રસિક રસિકા ત્યાગી;
ગોપીચંદે જાણ્યું માણીરે,
હાં હાં રે મનડા. ભજન હરિનું પ્યારું...

તેલમાં તળાયો એ તો, દુઃખ નવ જાણ્યું જરી તો;
સુધન્વાએ માણ્યું એ તો રે,
હાં હાં રે મનડા. ભજન હરિનું પ્યારું...

મન, ચિત્ત, હૃદ જોડી શરણું સ્વીકારી લઈ;
માણું તો તું જાણું હરિ રે,
હાં હાં રે મનડા. ભજન હરિનું પ્યારું...

• • •

## અરે! પ્રભુજી હો! મંદિરિયું તારું એ હવડ તો છે બન્યું

અરે! પ્રભુજી હો!
મંદિરિયું તારું એ હવડ તો છે બન્યું;

માલિક પરદેશે જઈ વસિયો,
વર્ષો વીતિયાં પણ નવ ફરિયો, અરે!...

નોકર ચાકર એદી બનિયા,
ખૂણે ખાંચરે કચરા તો પડિયા. અરે!...

નિશાથી મદોન્મત્ત થઈ નાચે,
મંદિર નિજનું હોય એમ રાચે. અરે!...

બધે માલ રફેદફે એ કરતા,
સંભાળ જરી(પણ) નવ એ લેતા. અરે!...

તારું સ્વજન જે કેહવાયે છે,
મંદિરિયે તે તો ઊંઘે છે. અરે!...

કોઇ જગાડનારું નવ મળતું,
તેથી મંદિર એવું રહેતું. અરે!...

ઈશારો એક કરી તું દેજે,
સંદેશો દઈ કોઈ પાઠવજે. અરે!...

• • •

## અરે! પ્રભુજી હો! દ્વારે તારે આવી શરણે હું ઢળ્યો

અરે! પ્રભુજી હો! દ્વારે તારે આવી શરણે હું ઢળ્યો...
વિકારો કેમે નવ જાતા,
મનડે ઠરીને એ તો રે'તા. અરે! પ્રભુજી હો!...

દૂર કરવા બળ મુજમા ન પ્રભુ!
હું પામર અતિશે છું જ પ્રભુ! અરે! પ્રભુજી હો!...

તારો પુત્ર, કપુત્ર તો હું પાક્યો,
પણ તાત કુ-તાત ન થાય પ્રભો! અરે! પ્રભુજી હો!...

એવો નઠોર તો જાણીને પ્રભો!
અમીજળ છાંટી મતિ દેજે પ્રભો! અરે! પ્રભુજી હો!...

દુઃશાસન ચીર ઉતારે છે,
મારું જોર જવા નવ ફાવે છે. અરે! પ્રભુજી હો!...

હું હારી હામ જવા બેઠો,
ત્યારે તો તને છે પોકાર્યો. અરે! પ્રભુજી હો!...

ઊંડા અંતરથી વીનવું તુજને,
ચાંપી તું લેજે હૈડે મુજને. અરે! પ્રભુજી હો!...

• • •

# આવ્યો શરણમાં તાહરી, પ્રભુજી ઉગારી લે મને

## (હરિગીત)

આવ્યો શરણમાં તાહરી, પ્રભુજી! ઉગારી લે મને;
પામર અતિશે હું પ્રભો! જોડી મળે નવ જગ વિષે. આવ્યો...

ફાંફાં ઘણાં મેં મારિયાં, ચાલ્યું જ મારું નવ કશું;
અજમાવી જોઈ હામ મારી હું ન ફાવ્યો પણ પ્રભુ! આવ્યો...

હારી હું તો આવિયો છું, તારી પ્રભુજી! પાસ હું;
શરણે મને તું લે, ન લે કે જરી ન પરવાં છે પ્રભુ! આવ્યો...

આવીને તુજ દ્વાર આગે થઈ હું લાંબો છું પડ્યો;
ના ઉઠાડે જ્યાં સુધી, પોકારું તુજને હું પ્રભો! આવ્યો...

ભિક્ષા હું લેવા કારણે ભિક્ષુક બનીને આવિયો;
દેવી કે 'ના ભણવી' એ તો હાથમાં છે તુજ પ્રભો! આવ્યો...

ઊંડેરી શ્રદ્ધા હૃદ વિષે, પાછું ન કો તું કાઢતો;
જાણીને લેવા હું આવ્યો તુજ કને ભિક્ષા, પ્રભો! આવ્યો...

ભાવના જેવી હૃદે, તેને જ તેવું તો મળે;
<u>વાણી એવી શાસ્ત્રની શું દ્વાર તુજ જૂઠી પડે?</u> આવ્યો...
ગાયું એવું શાસ્ત્રમાં શું દ્વાર તુજ જૂઠું પડે?

બાળ તારો જાણીને તું દોષ મુજ વીસરી જજે;
હૈડે મને લઈ પ્રેમથી નિજનો કરી સ્વીકારજે. આવ્યો...

• • •

# આવ્યો શરણમાં તાહરી, વિનતિ તું સૂણજે માહરી

## (હરિગીત)

આવ્યો શરણમાં તાહરી, વિનતિ તું સૂણજે માહરી;
દર્દભરી વાણીથી વીનવું રાખ સોડે તાહરી. આવ્યો...

જાતા વિકારો મુજ નથી ને વાસના મરતી નથી;
રડું પાસ હરિ! હું તાહરી પણ નાથ! તું સૂણતો નથી. આવ્યો...

મનડું વશ રે'તું નથી, શત્રુ બીજા ટળતા નથી;
મુજમાં કંઈ બળ છે નહિ ને હાથ તું દેતો નથી. આવ્યો...

અવધિ હવે આવી ગઈ છે વસવસો સ્હેવાય ના;
પ્રભુ! જો હવે તું ના સૂણે તો, અહિં હવે રે'વાય ના. આવ્યો...

ભગ્નાશ હૃદયે તો થતાં જીવન બને છે કારમું;
કંઈ ચેન મુજને ના પડે અંતર વલોવાયે બહુ. આવ્યો...

સૂંઢ જવ ભર બ્હાર રહી, ત્યારે ગજે પોકારિયો;
ત્યમ આર્તનાદેથી કરી પ્રભુ! મેં તને લલકારિયો. આવ્યો...

પણ નાથ! ફૂટલાં કર્મ મારા, તું જરા નવ સાંભળે;
પ્રભુ! દિલ તણી શું પ્રાર્થના એ દ્વાર તુજ જૂઠી પડે? આવ્યો...

તુજ પ્રેમની તો લેહ લાગે, મસ્ત મન એમાં ફરે;
પ્રાર્થના તે માટ કરું પણ નાથ! તું નવ મન લહે. આવ્યો...

માથું અફાળી લોહી કાઢું, આત્મઘાત કરું હું કે?
પ્રભુ! શું કરું જેથી કરી તું દુઃખ મારું પરહરે? આવ્યો...

• • •

# હું રંક શરણે આવિયો દિલમાં દયા કંઈ રાખજે

(હરિગીત)

અજ્ઞાની મુજ સમ કો નહિ, પામર અતિશે હું પ્રભુ!
લાયક જરા પણ હું નથી, એ સ્પર્શવા પદરજ પ્રભુ! હું રંક...

ભરપૂર હું મદ-મત્સરે વળી મોહથી છું ભરેલ હું;
એવો પ્રભુજી! આવિયો છું જાચવા તુજ શરણ હું. હું રંક...

મન માળવે જઈ બેસતું નવ માનતું જરીયે કહ્યું;
પણ સાંભળી મહિમા તમારો રંક ઊઠી ધાયો પ્રભુ! હું રંક...

પતિતપાવન નામ સૂણીને શરણ હું તારે પડયો;
સાર્થક કરી એ નામને નિજનો ગણી લેજ પ્રભો! હું રંક...

પાપોની માફી આપજે ને દોષ મમ વીસરી જજે;
અજ્ઞાની બાળક જાણીને અમીદૃષ્ટિ તું વર્ષાવજે. હું રંક...

• • •

## આવ્યો શરણમાં તાહરી, પ્રભુ! આશ પૂરજે દાસની

(હરિગીત)

સામર્થ્ય તુજ જાણું નહિ, નવ કલ્પનામાં આવતું;
પામી શક્યા નહિ સંતભક્તો અલ્પમતિ પરખું શું હું? આવ્યો...

સાર્વભૌમપણું નિહાળું નાથ! જ્યારે તાહરું;
અલ્પજ્ઞતા મુજ પરખી હું થઈ ગદ્‌ગદિત ચરણે ઢળું. આવ્યો...

ગળી ગર્વ ક્યાંયે તો જતો ને હામ હારી હું નમું;
અટવાયલો ને એકલો મહેનત કરી જાવા મથું. આવ્યો...

તિમિર ઘોર છવાયું છે પથ દૃષ્ટિએ નવ નીરખું;
આશાકિરણ નજરે પડે ના, કયાં સુધી જોવું રહ્યું. આવ્યો...

ભાવભક્તિથી કરી હું ચરણ પ્રભુ! તારે પડ્યો;
દઈ હાથ તુજ ઉઠાડજે હું રંક ધરણી જે ઢળ્યો. આવ્યો...

• • •

# માગવા ભીખ આવિયો મુજ પાત્રમાં કંઈ નાખજે

**(હરિગીત)**

માગવા ભીખ આવિયો મુજ પાત્રમાં કંઈ નાખજે...

'પ્હોંચે નહીં જ્યાં ધ્યાન, દૃષ્ટિ ઋષિ-મહર્ષિગણ તણી;
એ ગગનચુંબિત મંદિરે પ્હોંચુ હું' આકાંક્ષા થઈ. માગવા...

સર્વે જનો ત્યાં આવતા ઉત્તમ પ્રસાદ કંઈ લઈ;
બસ એકલો આવ્યો હરિ! લઈ હાથ ખાલી હું તહીં. માગવા...

કંઈ આત્મ-અર્પણ નિજ કરી, સર્વે કંઈ કંઈ દઈ જતા;
લોભિયો હું એક લેવા આવિયો પ્રભુ! તુજ કૃપા. માગવા...

તે મળે તે કાજ શરતો નાથ! પૂરી નથી કરી;
પણ ધૃષ્ટતા કરી માગું હું હરિ! હાથ લાંબો મુજ કરી. માગવા...

દાતાર દાનો જાણીને એ ભીખ લેવા આવિયો;
શ્રદ્ધા વસી છે દૃઢ હૃદે તેં કો ન પાછો કાઢિયો! માગવા...

• • •

## હરિ! શરણ તારે આવિયો, માગ્યું તું દેજે રંકને

**(હરિગીત)**

હરિ! શરણ તારે આવિયો, માગ્યું તું દેજે રંકને...

બીજું કંઈ નવ માગું હું હે નાથ! તુજ પાસે જરા;
બસ એટલું ને એક તારી, માગું છું હરિ! હું કૃપા. હરિ!...

તરબોળ તું તો ભાવ ને એ પ્રેમથી છું હે પ્રભો!
એ જાણી કાઢું હું વરાળો મનની તુજ ચરણે પ્રભો! હરિ!...

પડદા હૃદયના ખોલીને તુજ ચરણમાં પ્રભુ! હું પડું!
રડી ભાર હલકો હું કરું, પણ રંક મ્હેર હું ના રળું. હરિ!...

ઉદ્વેગ હૃદયે બહુ થતો, મન શાંત જરી નવ તો થતું;
તુજ એકલાની આશ છે, છોડયે તું મારે ક્યાં જવું? હરિ!...

આધાર તું જ અનાથનો; મુજ સમ અનાથ નહિ જ કો;
પછી વાર શાને તું કરી હરિ! રંકને તલસાવતો? હરિ!...

'પતિતપાવન' નામ તારું પતિત તો હું છું, પ્રભો!
શરણે લઈ આ રંકને કર નામ સાર્થક તું પ્રભો! હરિ!...

• • •

## હે મનડા! તું તો ચરણકમળે પ્રીત ધરજે

ચરણકમળે પ્રીત ધરજે રે,
હે મનડા! તું તો ચરણકમળે પ્રીત ધરજે.

ભૂત પેરે રે'તું ભમતું, ચિતડું બીજે કાંઈ રમતું;
હરિ ભજવાનું નહિ ગમતું રે. હે મનડા!...

પ્રભુ શું ન પ્રીત આણી, અવર વિષયમાં માણી;
પામર છે તે તો પ્રાણી રે. હે મનડા!...

કથા-વારતા સાંભળ્યે, દુર્મતિ મન નવ ટળે;
રંગ સાચો લાગે તો મળે રે. હે મનડા!...

મનનો તું મેલ મૂકી, ચિંત્વન જરા નવ ચૂકી;
શરણે રે'જે તું ઝૂકી રે. હે મનડા!...

વાંછના સઘળી છોડી, આશા, તૃષ્ણાને મોડી;
ચરણકમળ ધ્યાન જોડી રે. હે મનડા!...

તુજથી જો કાંઈ નવ બનતું, શાને છે તું તો જીવતું;
કેમે કરી નવ મરતું રે. હે મનડા!...

• • •

## નટવર નાનકડા

ચરણે હું તારે પડિયો રે, નટવર નાનકડા;
ચરણે હું તારે પડિયો રે. નટવર નાનકડા...

દ્વારે જે તારે આવે, પાછા નવ કોઈ જાવે;
શું હૃદે નવ પ્રીત જગાવે રે? નટવર નાનકડા...

કેમે કરી મન નવ માને, ચિત્ત ચરણે ના લાવે;
જોર મારું કાંઈ ન ફાવે. નટવર નાનકડા...

પામર અતિશે હું તો, દયા કર દાસ પર તો;
જાણીને બાળ નિજનો તો રે. નટવર નાનકડા...

તન સોંપું, ધન સોંપું, મન ક્યમ કરીને અર્પું?
પ્રેરે હામ તો મેલ કાપું રે. નટવર નાનકડા...

ઉરની મમ આશ સમજી, પ્રેરજે હૃદયે ગમ જી;
થાજે તું મારા મનનો વર જી રે. નટવર નાનકડા...

શરણે તું લેજે મુજને રંક પર તું તો રીઝને;
વધુ શું કહેવું હરિ! તુજને રે. નટવર નાનકડા...

● ● ●

# નટવર નાનકડો, લાગે ભક્તો મન પ્યારો રે

નટવર નાનકડો, લાગે ભક્તો મન પ્યારો રે...

નચાવતા નયનો દીઠો, કાનુડો નાનકડો મીઠો,
મીરાંએ પ્રત્યક્ષ નજરે દીઠો રે. નટવર નાનકડો...

નીરખી હ્દે રૂપ જોયું, મનડું તેથી તો મોહ્યું;
ચિત્ત અભાગી! તે નવ પ્રોયુ'રે. નટવર નાનકડો...

અનુભવ્યો ભક્તોએ તો, માણ્યો છે સંતોએ તો;
હોય જુઠી શું એ વાતો રે. નટવર નાનકડો...

રસ ઉરે ઉદય ભયો રેલ્યો તે ગોકુળ ગયો;
વ્રજજનને મન ભાવ્યો રે. નટવર નાનકડો...

રસ-રસ-રસ માણ્યો ગોપીઓએ એ જાણ્યો;
હ્દે ચિરસ્થાયી કરી ન્યાળો રે. નટવર નાનકડો...

જનમજનમનાં પુણ્યો જેનાં, માણે છે મનડાં તેનાં,
કૃપા હોય, ધન્યભાગ્ય તેનાં રે. નટવર નાનકડો...

• • •

## મન માન્યા વિના

મન માન્યા વિના ચિત્તશુદ્ધિ, મનની તો કંઈ નવ થાયે;
ચિત્તશુદ્ધિ વિના, હરિભજન સઘળું તો એળે જાયે.

મેં ફાંફાં મારી બહુ જોયાં,
મ્હેનત કરી મનડાં તો પ્રોયાં,
તોયે મનડા કાંઈ ન મોહ્યાં. મન માન્યા વિના...

તેં નામરટણ કરીને જોયું,
પણ મનડે નવ કાંઈ બીજ બોયું;
મ્હેનતનું ફળ કંઈ ના સોહ્યું. મન માન્યા વિના...

શ્રદ્ધા હૃદયે ઊંડી રાખી,
વળી સંત સમાગમે તે નાંખી;
પણ મનડે એ તો નવ ચાખી. મન માન્યા વિના...

મન માંકડી ચોક્કસ નવ કરતું,
ઘર મૂકી પરઘેર એ ફરતું,
એ ધ્યાન ધણીનું નવ ધરતું. મન માન્યા વિના...

મને સદ્ગુરુ તો કાંઈ નવ કરિયા,
એનાં કર્મ વડે કરી નવ જડિયા;
તુજ યત્નો તેથી નવ ફળિયા. મન માન્યા વિના...

• • •

# મન મેલ મૂકી

મન મેલ મૂકી, હરિરસ અંતરથી જો તું તો ચાખે;
તન તાપ ટળે, હરનિશ પછી તું મનડું એમાં રાખે.

હોય પ્રેમીજન તે રસ પામે,
અવર જન તે તો ક્યમ માણે!
અધિકાર પ્રમાણે તે જાણે. મન મેલ મૂકી...

મહાભાગ્યશાળી હિંમત ધરતા,
તનની પરવા કંઈ નવ કરતા;
ત્યારે હરિવરને એ વરતા. મન મેલ મૂકી...

સંસ્કારી પરમ નર ભય ભાંગે,
પછી મન રે'તું એ હરિ-રાગે;
એને લગની અંતર તો જાગે. મન મેલ મૂકી...

એને હરિ શું લાગે છે હેડો,
છોડે આશાતૃષ્ણા કેડો,
મન ચિત્ત હૃદે લાગે નેડો. મન મેલ મૂકી...

જડે સદ્‌ગુરુ તો તું એ જાણે,
મળે હરિકૃપા તો એ માણે,
તું અભાગી એકે નવ પામે. મન મેલ મૂકી...

• • •

## રડું કરુણસ્વરથી માત! હું પણ દાદ તું નવ સાંભળે!

**(હરિગીત)**

રડું કરુણસ્વરથી માત! હું પણ દાદ તું નવ સાંભળે!

માત નિષ્ઠુર જગ વિષે થઈ સાંભળી ક્યાંયે હશે!
પુત્ર હોય કપુત્ર પણ અંકે લઈ કર ફેરવે. રડું...

રખડી રઝડી આવિયો છું માત! તારી પાસ હું,
હૈયે ધરી છે આશ મીઠી 'હાશ' પામીશ ત્યાં જ હું. રડું...

આરામ ક્યાંયે નવ મળ્યો, ઢૂંઢી વળ્યો બહુ બહુ દિશે,
હું તો હતાશ થઈ ફર્યો ને ખોળ્યું તુજ શરણું હવે. રડું...

મનડે જરા લેતી નહિ કાનેય કાંઈ સુણે નહિ,
હૈડે મને ચાંપે નહિ, શું માત! આવી તું થઈ? રડું...

હૃદયે જ જાગ્રત તું બનું, માતશક્તિ નિજરૂપે થઈ,
ને પ્રેમથી, અંકે રમે તું, સંશયો મનના ટળી. રડું...

• • •

# ડરવું શાને જી?

‘મારગડે’ હું આડો ચાલુ’ મ્હેણાં લોકો મારે જી,
સીધે મારગે ચાલતાં મુજને, લોકો ‘આડો’ કહે છે,
મારે તો શું કરવું જી...

કહે તેને કહેવા દેજો, મારે તેનું શું કામજી;
જેનું મન જે સાથે બંધાણું, તેની સાથે છે કામ. ડરવું શાનેજી...

લોક તો નવરા કામ વિનાના, બોલે ફાવે તેવુંજી;
સાંભળ્યે એવું પાર ન આવે, સઘળું સહન કરવું. ડરવું શાનેજી...

લોકો પૂંઠળ કહે છે મારી, દેતા મ્હેણાં બહુ તોજી;
બીજું એમને તો શું કહેવું ‘સંગત મારી ન કરશો’. ડરવું શાનેજી...

કોઈને એમણે છોડયા નથી, મને તે કેમ છોડે જી;
સીધો આ જગે ‘આડો’ લાગે, એવા છે જગના લોક. ડરવું શાનેજી...

ભાવે તેમ ન બોલો તમે, સ્હેવાયે તો સ્હેજોજી;
નહિ તો મુજને અળગો જાણી, શામળો વરવા દેજો. ડરવું શાનેજી...

જેને જેવું લાગે તે બોલ, તેમાં તેનો શો દોષજી;
ખરું કરાવવા ક્યાં ક્યાં જાવું, મૌન રેવુ વિણ રોષ. ડરવું શાનેજી...

ઈચ્છવું બૂરું કદીય ન કેનું, નિંદા કેની ન કરવી જી;
નિશ્ચય રાખી વળગી રે’વું, ફિકર ફાકી કરવી. ડરવું શાનેજી...

• • •

## ભક્ત હૃદયે વસનારા હરિ રે!

પ્રભુ! તેં કીધાં સીતાનાં કાજ, રાખી દ્રુપદસુતાની લાજ,
આવો મારે ન દ્વારે કેમે?
ગજના હેતે ગયા મહારાજ, મારું જ દ્વાર તજો શા કાજ?
દર્શન દેજો, સુણજો અવાજ, ભક્ત હૃદયે વસનારા હરિ રે!

(તેં) પ્રલ્હાદને હૈડે ચાંપી, પ્રભુજી! કીધી સહાય અમાપી,
જઈને વિપતો સઘળી કાપી, ભક્ત હૃદયે વસનારા હરિ રે!

અર્જુને લઈ તમારી આશ, કીધો કૌરવકુળનો નાશ,
હૃદય દર્શનની તુજ પ્યાસ ભક્ત-હૃદયે વસનારા હરિ રે!

પ્રભુ! શરણે પડયો આ દાસ, રાખી હૃદયે તારી આશ;
રખે જોજે કરતો તું નિરાશ, ભક્ત હૃદયે વસનારા હરિ રે!

• • •

## જીવડા રટ તું નટવરને હો

ભાવો ઉરમાં તું જગવીને રટ તું નટવરને હો,
જીવડા રટ તું નટવરને હો. जीवडा...

રાખી ભાવો હૃદયે ઊંડા, મનથી જાયે વારી;
પામે એને સંશય નાહિં; શું રાખે ડર ભારી! जीवडा...

પરોવી ચિત્તને અંતર માંહિં, ધર્મ-અધર્મો ત્યાગી;
શરણે એને હૃદથી ઢળું તો શોક-પાપ જાય ભાંગી. जीवडा...

ઈંદ્રિ પ્રાણ ને મન-ધીરજથી વશ ક્રિયાએ રાખે;
ભક્તિએ દ્રઢ થાઉં જો તું હરિરસ તો તો ચાખે. जीवडा...

મૂઢપણું જો મન તું છોડે ઊપજે પ્રેમ અતિશે;
ભાવ-ઉમળકા જો તને જાગે, થાયે પ્રતીતિ હૃદયે. जीवडा...

હરિકૃપા વિણ કાંઈ નવ બનતું, ફાંફાં મારી જોયું;
સદ્‌ગુરુ મુજને ક્યાંય ન જડિયા, તેથી મેં તો રોયું. जीवडा...

• • •

# બાળ નિજનો જાણી મુજને બાપ! ઘરમાં રાખજે

(હરિગીત)

બાળ નિજનો જાણી મુજને બાપ! ઘરમાં રાખજે (ટેક)

રખડી, રઝળી આવિયો, ક્યાંયે સમાયો હું નહિ;
તું લે સહુને સોડમાં; હું કેમ પોષાયો નહિ? બાળ...

તારે જ ઓથે આવિયો, પાછો હતાશ થઈ તો ફર્યો;
નિષ્ઠુર થયા શું બાપ કદી? જ્યાં બાળ નમતો આવિયો. બાળ...

વેપાર કરવા આવિયો'તો હોંશે મનમાં કંઈ ભરી;
ધ્યાન મેં નવ રાખ્યું ને કૈંયે કમાણી નવ કરી. બાળ...

ઘરમાંહિં મન નવ રાખિયું, ભટક્યો બહુ ઘર ઘર બીજે;
આપ્તજન કયાંયે મળ્યું ના શોધવા આવ્યો છું તે. બાળ...

ઘરનો નહિ, નહિ ઘાટનો, કુટાઈ વચગાળે મરું;
અકળાઈ હું હૃદયે બહુ આરામ ક્યાંયે શોધું છું. બાળ...

અંતરતણાં અશ્રુની હું હરિ! અંજલિ અર્પુ તને;
તોયે કૃપાદષ્ટિ કરે ના; રોષ શોભે એ તને? બાળ...

• • •

# હું દાસ તારો છું પ્રભો! ભૂલતો મને શાને હરિ!

## (હરિગીત)

હું દાસ તારો છું પ્રભો! ભૂલતો મને શાને હરિ! (ટેક)

આંધળાને લાકડી જ્યમ દોરી સ્થળમાં લઈ જતી;
વિશ્વાસ હૃદયે રાખું ત્યમ પણ આશ પૂરી નવ થતી. હું દાસ...

લગની હૃદે લાગે મને લયલાને જ્યમ મઝનૂ તણી;
ઊંડી ધગશ છે દિલ વિષે કે લાગે લે' એ પ્રેમની. હું દાસ...

એ આશ દિલમાં રાખીને ઢૂંઢતો ફરું છું પ્રભુ! તને;
પ્રત્યક્ષ ઝાંખી તો દઈ, કર ધન્ય આ મુજ રંકને. હું દાસ...

પ્રકટાવું હૃદયે પ્રેમજ્યોતો, આતમા ચેતી રહે;
વિશ્વમાં વ્યાપક પ્રભુ જે નજર આગળ તો રહે. હું દાસ...

અભિલાષ હૃદયે માહરે કંઈ કંઈ હરિ! એવી ભરી;
ધરી આશ 'પૂરશે એ પ્રભુ', તુજ પાસ આવ્યો છું હરિ! હું દાસ...

• • •

# વરસાવજે ઝટ હરિ! કૃપા મુજ હાથ ખાલી નવ રહે

## (હરિગીત)

વરસાવજે ઝટ હરિ! કૃપા મુજ હાથ ખાલી નવ રહે (ટેક)

મોત માથે તો ભમે છે, નાથ! એ ભૂલું નહિ;
કોઈને નવ છોડતું મુજને શું એ છોડે સહી? વરસાવજે...

તારી કૃપા જો રંક પર એક વાર જો વરસી રહે;
છો મોત આવે આ ક્ષણે દરકાર નવ દિલડું ધરે. વરસાવજે...

કૃતકૃત્ય હરિ! હું તો બનું આનંદધામે જઈ વસું;
હરિ! હાથ માથે તું મૂકે તો એ સ્થિતિ પામી શકું. વરસાવજે...

ગોપીઓએ માણી એ, ભક્તે અનુભવથી લહી;
હરિ! કર્મનો ફૂટલો જ હું, જેણે જ જાણ્યું કંઈ નહિ. વરસાવજે...

જાણી સ્થિતિ એ માહરી હે નાથ! હું મૂંઝાઉં છું;
હરિ! તારવું તુજ હાથ છે એ બૂડતું મુજ નાવડું. વરસાવજે...

• • •

# હરિ! માગું હું બીજું નહિ, એ પ્રેમનો ભૂખ્યો છું હું

## (હરિગીત)

હરિ! માગું હું બીજું નહિ, એ પ્રેમનો ભૂખ્યો છું હું. (ટેક)

છે એક જન પણ તે સગો જુદો જુદો સહુનો ઠરે;
પાસ જેનું હોય સગપણ, પ્રેમ તેનો ત્યાં ઝરે. હરિ...

તેમ પ્રભુ! તું આ જગે સંબંધ જુદા રાખતો;
પોતાનું જેને માનતો, તેને તું લાડ લડાવતો. હરિ...

લોહીનું સગપણ નહિ, પણ ઉરનું સગપણ ગાઢ છે;
વ્હાલાંજનો કે મિત્ર તો સગપણ થકી કૈં અધિક છે. હરિ...

તે ઉરનું સગપણ બાંધવા પ્રભુ! રંક હું તો મથી રહ્યો;
કહીં પ્રેમનો પડઘો સૂણ્યો ના, હું અભાગી તો રહ્યો. હરિ...

આભ આશાનું તું મારે, કેમ તૂટ્યે પાલવે?
લાખો નિરાશા એવીમાં આશાકિરણ કો દી મળે. હરિ...

• • •

## પ્રભુ! રંક હું બળ પ્રેરજે એ માગું છું હુ ફરી ફરી
### (હરિગીત)

પ્રભુ! રંક હું બળ પ્રેરજે એ માગું છું હું ફરી ફરી. (ટેક) પ્રભુ!...

પાડી હરિ! હું મારીને પાડો જિવાડી તો રહ્યો;
અજ્ઞાન એવું વ્યાપિયું, મૂર્ખો થઈ જ ફર્યા કર્યો. પ્રભુ!...

છું નિશાચર હું હરિ! હું અલ્પમતિ ઘોર્યા કરું;
કો દી દિવસ નવ ભાળિયો, તુજ હાથ છે દેખાડવું. પ્રભુ!...

કાચબો જ્યમ અંગ સર્વે ભીતરમાં જ સમેટતો;
ત્યમ ઈંદ્રિયો, મન વશ ના, મુજ ગરીબનો ત્યાં ભાર શો! પ્રભુ!...

જો દૃઢ થવાયે ભક્તિમાં પ્રેમાગ્નિ ઉરે પ્રકટશે;
સહુ ભસ્મ એમાં થઈ જશે વિણ યત્ન તે તું પામશે. પ્રભુ!...

શ્રદ્ધા ઉરે એ રાખી હું યત્નો બીજા કંઈ નવ કરું;
હરિ! એકલું તે એવુ તારું ભજન નિત્ય કર્યા કરું. પ્રભુ!...

અમર આશા છે હૃદે તું નાથ! સાંભળશે નકી;
પ્રભુ! યત્ન-બળ તું પ્રેરજે, હું રંક માગું લળી લળી. પ્રભુ!...

• • •

## પ્રાર્થના દિલથી કરું લગની લગાડી દે પ્રભો!

### (હરિગીત)

પ્રાર્થના દિલથી કરું લગની લગાડી દે પ્રભો! (ટેક)

જિજ્ઞાસુ થઈ હું તો જતો પ્રભુ જેની જેની પાસ તે
સર્વે જનો તો પૂછતા, 'કોને ભજ્યા તું કરે, કહે'.

'નિશ્ચય કરીને જાણ તું, પ્હેલાં જ તું તો કોણ છે?
'ખંતે કરીને પાળ તું જે ધર્મનાં દશ અંગ છે.

જ્યાં સુધી મન એમ મરતું નહિ, તું કૈં નવ પામશે
'એ સાધનો જાણી લઈ, તું વળગશે તો પામશે?

પ્રેમી જનો હિત વાંછીને એ સાધનો બતલાવતા;
પણ મન જરા ચાહે નહીં એ યોગમાર્ગે તો જવા.

તુજ નામનો મહિમા કંઈ તુજ ભક્ત જે ગાતા બહુ,
શું જાદુ એમાં નવ ભર્યું કે જેથી જાય બળી સહુ?

પણ જોઈએ સાચી જ લગની લાગવી હૃદયે પ્રભો!
તાપ તનના તો ટળે પામે પદારથ તે ખરો.

તે માટ દિલથી યત્ન હું કરતો રહું છું કંઈ પ્રભો!
આ રંકને બળ પ્રેરીને, લગની લગાડી દે પ્રભો!

• • •

# મુજ રંકની વ્હારે ચઢીને, માગ્યું તું દેજે હરિ!

## (હરિગીત)

મુજ રંકની વ્હારે ચઢીને, માગ્યું તું દેજે હરિ! (ટેક)

છું બાળ રંક, અનાથ હું, તું વ્હાર જો કરશે નહિ;
નામ 'દીનાનાથ' સાર્થક થશે તો ક્યમ કરી? મુજ...

પતિત હું પોકારતો 'પ્રભુ' શરણ જો લેશે નહિ;
તો નામ તારું શું હરિ! જૂઠું જ પડશે જગ મહીં?
ઓ હરિ જૂઠું જ પડશે શું સહી? મુજ...

ના! ના! મનાયે એ નહિ, હું તો અધુરો છું ઘણો;
રડી રડી હું યાચતો એ આર્તનાદ ન શું સૂણો? મુજ...

થઈ ગદ્‌ગદિત કંઠે અને મુજ ઉર તણા ભાવોથી હું;
હરિ! પ્રાર્થના તારી કરું, પણ તુજ કૃપા નવ દેખું હું. મુજ...

પ્રભુ! આરસીરૂપ જો બની જાયે હૃદય આ રંકનું;
પ્રતિબિંબ પછી ત્યાં તારું પડે ને ભાગ્ય ઊઘડે રંકનું. મુજ...

વીનવું વીનવું હું પ્રભો! અંતરતણા ભાવો ધરી;
મુજ રંકની વ્હારે ચઢીને માગ્યું તું દેજે હરિ! મુજ...

• • •

# નૌકા ડૂબે છે માહરી, પ્રભુ! તારી પાર ઉતારજે
## (હરિગીત)

નૌકા ડૂબે છે માહરી, પ્રભુ! તારી પાર ઉતારજે. (ટેક)

મધ્ય દરિયે નાવ મૂક્યું સુકાન મારે હાથ ના;
ધ્રુવ તારકે દેખાય ના; જાવા દિશા સૂઝે જ ના. નૌકા...

સાગરમહીં મોજાં ઊઠી, ઊછળી ઊછળી આવતા;
'હમણાં જ નૌકા ડૂબશે' હૃદય ભણકારા થતા. નૌકા...

મોટા, ભયંકર મગરમચ્છો આવીને બીવરાવતા;
અટવાઉં હું હરિ! હામ હીણો ને મૂંઝાઈ જાઉં ત્યાં. નૌકા...

સાથી અનુભવી નવ મળે મુજ સાથમાં કોઈ હરિ!
એકલો સફરે હું નીકળ્યો હામ હૈડે તો ધરી. નૌકા...

શ્રદ્ધા મને છે હૃદ વિષે, ડૂબવા ન દેશે તું નકી;
પણ ડગમગે મન મારું ને શ્રદ્ધા ખુવે છે ઘડી ઘડી. નૌકા...

વાયુ ફુંકાતો જોરથી ને ખાય ઝોલાં ઘડી ઘડી;
હાથમાં સુકાન લઈ હંકારજે મન-નાવડી. નૌકા...

• • •

# ઉપકાર ભૂલું જો કદી તો

## (હરિગીત)

ઉપકાર ભૂલું જો કદી તો હું કૃતઘ્ની હરિ! બનું (ટેક)

પ્રેમભાવ થકી ભરેલું હ્દય તેં મુજને દીધું;
સાથે દીધી તે આર્તતા, ઉપકાર ક્યમ એ હું ભુલું? ઉપકાર...

તેં દીધી શ્રદ્ધા હ્દે તુજ નામના મહિમા પરે;
પણ મન હજીયે મુજ પ્રભુ! વિશ્વાસ પૂરતો નવ કરે. ઉપકાર...

વળી ભજનભાવે વૃત્તિ જ્યારે રાખું સ્થિર મુજ રંકની;
હરિ! સદ્‌વિચારો પ્રેરતો તું એ ભુલું હું ક્યમ કરી? ઉપકાર...

ધન્ય કોઈ પળે વળી હરિ! ભજન ભાવે જો થતું;
આહ્‌લાદ હ્દયે તો થતો ને મન ઘડી તો શમી જતું. ઉપકાર...

ભાવો રહે છે સ્થિર હ્દે, ચિંતા, ઉપાધિ, ટળી જતી;
હરિ! એકલી ને એક તારી યાદ હ્દયે સ્થિર થતી. ઉપકાર...

• • •

# હું વર્ણું શું સંતોના આત્મસ્વરૂપને રંક હું!

હું વર્ણું શું સંતોના આત્મસ્વરૂપને રંક હું! (ટેક)

તેઓનો આત્મા શુદ્ધ જ તો, ઝળહળી રે'તો એ જ્યોતે તો;
વળી જ્ઞાનચક્ષુથી જોતા તો. હું વર્ણું શું...

પાપીને શરણું એ દેતા, મન માનવીનાં ઊજળાં કરતા;
ઊડવા ગતિ અંતર તો દેતા. હું વર્ણું શું...

શ્રદ્ધા-ઓઘ હૃદે એ પ્રકટાવે, ખેડાણ હોય તો બીજ વાવે;
વરસાદ વળી એ વરસાવે. હું વર્ણું શું...

જો મુમુક્ષુ થઈ સત્સંગ કરે, આવે અતિશે મતિ નિર્મળ રે;
રસ-ઝરણાં હૃદયેથી શું ઝરે. હું વર્ણું શું...

કોઈ તેમ છતાંયે નવ પામે, શ્રદ્ધા હૃદયે તો નવ જામે;
વળગેલાં મન-ચિત્ત નહિ કામે. હું વર્ણું શું...

• • •

# ડૂબી રહ્યો છું હું પ્રભો! દઈ હાથ પાર ઉતારજે

## (હરિગીત)

ડૂબી રહ્યો છું હું પ્રભો! દઈ હાથ પાર ઉતારજે (ટેક)

તુજ દાસનો પણ દાસ છું, તારો ગણી તું લે મને;
આ રંકને તું ચાંપી હૈડે વ્હાલ તુજ વર્ષાવજે. ડૂબી...

થાક્યો રડી રડી હું પ્રભો! ભાવો જ રેડી હું રહ્યો;
ખાલી હૃદય ચરણે કર્યું પણ નાથ! ના કંઈ હું રળ્યો. ડૂબી...

હૃદય મારું કેમ તે ખોલી બતાવી હું શકું?
કે જેથી આવી નાથ! તું આ રંકને ભેટી શકું? ડૂબી...

હૃદયે જ શ્રદ્ધા રાખી ઊંડી પ્રાર્થના દિલથી કરું
પણ આણવા તુજ ધામ, પ્રભુ! મનથી જરા તું નવ લહું. ડૂબી...

હજીયે હરિ! જો તુજ કૃપા આ રંક પર વરસે નહીં,
મહેનત અફળ જાશે બધી ને કાર્ય કંઈ સરશે નહીં, ડૂબી...

હું પાસ રાખી પ્રભુ! તને, છુટો થવા દઉં ના જરી,
ઉર વ્હાલથી વરસાવી દઉં એ આશ પૂરજે શ્રીહરિ! ડૂબી...

• • •

## તલસી રહ્યો છું હું હરિ! તુજ સ્પર્શવા પદરજ પ્રભો!

**(હરિગીત)**

તલસી રહ્યો છું હું હરિ! તુજ સ્પર્શવા પદરજ પ્રભો! (ટેક)

તેં જ હૃદયે અર્પિયો છે પ્રેમ એ મુજ રંકને;
શાને હવે તલસાવતો ધરણી ઢળેલા સ્વજનને? તલસી...

પ્રકટાવી તેં ઉર-આશ તેથી, હૃદય તુજ ગમ તો વળ્યું;
શું પ્રેમ દઈ ને પાડવું એવું હૃદે તુજને ગમ્યું? તલસી...

આશા કંઈ કંઈ થકી ભર્યો, હરિ! આવિયો તુજ પાસ હું;
તું હાથ માથે ના મૂકે, તો ફરવું ખાલી હાથ શું? તલસી...

તુજ હેતુની જરીયે અવજ્ઞા રંકથી થાયે નહીં;
ત્યાંયે ભલું મારું હશે, પણ મૂર્ખ હું ભાળું નહિ. તલસી...

હરિ! આશ તારી યાદની હૃદયે સદાય રમ્યા કરે;
'પૂરશે એ કોડ કો દી' સાખ મમ અંતર પૂરે. તલસી...

• • •

# હું તો રહ્યો છુ મરી પ્રભો! જીવાડવો તુજ હાથ છે

## (હરિગીત)

હું તો રહ્યો છું મરી પ્રભો! જીવાડવો તુજ હાથ છે (ટેક)

વરસી રહી છે નાથ! તારી જે કૃપા જગ પર બધી;
તેથી અધિક માગું કૃપા, કર શાંત વૃત્તિઓ બધી. હું તો...

માતા નહીં, નહિ તાત, નહિ ભ્રાતા, વળી ભાર્યા નહી;
હરિ! સ્વજન મારે કો નહિ, ઠરું પાસ જેની હું જઈ. હું તો...

અટવાયલો ને એકલો થઈ યંત્રવત ફરતો ફરું;
દિલ ક્યાંય મારું નવ ઠરે, થઈ મૂઢ ભમતો રહું. હું તો...

'જે માગતું તેને મળે, શોધે જ તેને તો જડે;
હરિ માગતાં મળતો નહિ! ક્યાં શોધું તને, નવ સુઝે. હું તો...

'પાળવાં પરણેલને ને, જે જણ્યા, જીવાડવાં';
ન્યાયોક્તિ શું જૂઠી પડે તારે જ દરબારે અહા! હું તો...

• • •

# નયન મુજ તલસી રહ્યા, હરિ! મીટ ક્યારે માંડશે?

**(હરિગીત)**

નયન મુજ તલસી રહ્યા, હરિ! મીટ ક્યારે માંડશે? (ટેક)

વિનવી વિનવી કહી ચૂક્યો હું વાત આ મુજ દિલતણી;
પણ તુજ ગળે ઊતરે નહિ, બલિહારી એ મુજ કર્મની. નયન...

દુઃખી અતિશે થઈ રહ્યો સંભાળ નવ લે તું જરી;
નિજનો મને તેં હજી ન કીધો એ જ કારણ છે સહી. નયન...

હરિ! દિલ તડપતું માહરું તુજનો થવાને તો નકી;
શો પ્રેમ દઉં ઉરનો તને કે લે તું હૈયે તુજ ગણી. નયન...

મારાપણું મુજમાં નથી નહિતર બનાવત માહરો;
એ આપવું તુજ હાથ છે; લાયક નથી હજી શું પ્રભો? નયન...

અનિમિષ નયને રાહ જોઉં, મીટ નવ માંડે હરિ;
હિંમત હૃદે છે તોય કે નક્કી મદદ કરશે હરિ. નયન...

● ● ●

## તુજ એકલાની ઓથ છે, ક્યારે લઈશ ઉરે? પ્રભો!

**(હરિગીત)**

તુજ એકલાની ઓથ છે, ક્યારે લઈશ ઉરે? પ્રભો! (ટેક)

નદીવ્હેણ સમ હા! અશ્રુધારા નયનથી હરિ! વહી રહે;
તુજ ચરણકમળો ભીંજવે, પણ કેમ મનમાં નહિ લહે? તુજ...

એ ભેદ શેનો છે પડયો? ઘટતું ન વર્તન આ રીતે;
એ સત્ય પડદો ચીરવા હું વીનવતો બહુ બહુ રીતે. તુજ...

પ્રીતિ હવે આ જગતમાં નવ કો સ્થળે મારી ટકે;
તું એકમાં પૂરે મને તો સાચી ખૂબી હૃદ નીરખે. તુજ...

સૂણીને પ્રશંસા તુજ હરિ! હું દોડી આવ્યો તુજ ભણી;
એ સ્પર્શસુખને પામવા આતુર બન્યો છું હું ધણી! તુજ...

પ્રાપ્ત એ કરવા હરિ! સાધન હીણો હું છું પ્રભો!
તુજ એકલાની ઓથ છે, ક્યારે લઈશ ઉરે? પ્રભો! તુજ...

• • •

# વસજે હરિ! આ રંક હૃદયે માગું છું એ લળી લળી

**(હરિગીત)**

વસજે હરિ! આ રંક હૃદયે માગું છું એ લળી લળી. (ટેક)

મુખથી મુદ્રા એવી દીસતી વાટ જાતો જોઉં કોઈની;
અનિમિષ નયને મીટ માંડું ધ્યાન રાખું તુજ ભણી. વસજે ...

હરિ! પ્રીતથી તુજ કાજ જે ભાવો ભર્યા ઉરમાં પ્રભુ!
એની જળાધારી બનાવી તુજ શિર લટકાવું હું. વસજે ...

હું છું અભાગી તુજ હીણો મુજ ભાગ્યદોરી છે તૂટી;
હરિ! દોષ કોનો નવ ગણું છાનો રહું માથું કૂટી. વસજે ...

આજે ગયો કરમાઈ ને નવ સુરભિ કાંઈ ઉર વસે;
હરિ જન્મીને તો ખીલવું, ઊલટો નિયમ મુજમાં દીસે. વસજે ...

'જે પડે છે તે ચઢે' હરિ! આશ એ ઉર છે ધરી;
વસજે હરિ! આ રંક હૃદયે માગું છું એ લળી લળી. વસજે ...

• • •

# છે સોંપી દોરી પ્રભુ! તને તું પ્રેમદ્રષ્ટિથી ભાળજે

## (હરિગીત)

છે સોંપી દોરી પ્રભુ! તને તું પ્રેમદૃષ્ટિથી ભાળજે.

મિત્રો, સગાં, સ્નેહી જનોથી શાંતિ હૃદયે નવ મળે;
ઝાઝું રહ્યો છું હું મથી, ઉદ્વેગ કેમે નવ ટળે. છે સોંપી...

હાથ નવ દેતો મને, એ વ્હેણ સામું આવતું;
જાવા પ્રયત્નો હું કરું આ રંકનું નવ ફાવતું. છે સોંપી...

વ્હેણ સામે એ જતાં મુજ ડગમગી નૌકા રહી;
મારી હલેસાં થાકિયો પણ, ડગલુંયે ચાલી નહીં. છે સોંપી...

નૌકા રખે જાયે ડૂબી એ પૂરની ભમરી વિષે;
પ્રેરે ન બળ, લે ભાળ ના તો રંક આ રવડી જશે. છે સોંપી...

આશ ઉરમાં કંઈ ભરેલી એમની એમ રહી જશે;
કરશે હરિ! નહિ વ્હાર જો, જીવ્યું અકારથ તો થશે. છે સોંપી...

• • •

# હરિ આંધળા આ રંકજનને દોરી સ્થળે તું લઈ જજે

## (હરિગીત)

હરિ આંધળા આ રંકજનને દોરી સ્થળે તું લઈ જજે.

એ દૂર ધામે પ્હોંચવા હૈડે હરિ! હિંમત ધરી;
નીકળ્યો પ્રવાસે હું હરિ! છે પાસ સાધન નવ જરી. હરિ!...

લાકડી ઠોકું અહિં તહિં, માર્ગ ક્યાંયે નવ જડે;
આર્દ સ્વરથી હું પૂછું, હૈયે દયા નવ કાં ધરે? હરિ!...

અથડાઉં છું, પછડાઉં છું, ને લાકડી પડી તો જતી;
નીચો નમીને, તે લઈ લેવા હું મથતો દુરમતિ. હરિ!...

થાકયો, ભૂખ્યો ને તૃષિત છું, તલસું છું આશ્રય માટ હું;
કયાંયે હરિ મળિયો નહિ, ગળિયો થઈ બેઠો છું હું. હરિ!...

અંતરે છે આશ તું ઉઠાડશે નકકી પ્રભો!
એ જાણી જોતો વાટ બેઠો આવવાની ઉર પ્રભો! હરિ!...

• • •

# આ રંકનું શરણું સ્વીકારી, ધન્ય કરજે મહારથી!

## (હરિગીત)

આ રંકનું શરણું સ્વીકારી, ધન્ય કરજે મહારથી! (ટેક)

સાહસ અને ઉદ્યમ નથી, વળી ધીરજ ને કંઈ બળ નથી;
હરિ! શૌર્ય ને બુદ્ધિ મળે ના, પાર ક્રોધતણો નથી. આ રંકનું...

વૈરાગ્ય મુજમાં છે નહીં, જીતેન્દ્રિયે વળી હું નથી;
શાંતિ, ક્ષમા હરિ! નવ મળે, ને જરી દયા મુજમાં નથી. આ રંકનું...

વ્હાલો બધાંને હું નથી, નિર્લોભ વળી દાતા નથી;
ભય શોક મુજમાં છે ઘણો, નિર્બળ ઘણી હું રીતથી. આ રંકનું...

નથી જ્ઞાન ને ભક્તિ નથી, હરિ-પ્રેમ હૈડે તો નથી;
શ્રદ્ધા હરિ! દિલડે નથી, વિશ્વાસ મન ધરતું નથી. આ રંકનું...

'હરિ હાથ ખેંચી વ્હાર કરતો' જાણી આવ્યો આશથી;
આ રંકનું શરણું સ્વીકારી ધન્ય કરજે મહારથી. આ રંકનું...

• • •

# આ દાસના મરણાન્ત સમયે ભાળ લેજો શ્રીહરિ!

## (હરિગીત)

આ દાસના મરણાન્ત સમયે ભાળ લેજો શ્રીહરિ! (ટેક)

સત્સંગ હરિ! નથી મેં કર્યો, ભ્રમજાળમાં હું ફસ્યા કર્યો;
તુજ ભકિત હૈડે નવ વસી, મૂર્ખો થઈ જ ફર્યા કર્યો. આ દાસના...

ભૂલોતણો નવ પાર, દષ્ટે તે રખે હરિ! લાવશો;
જેવો છું તેવો તોય તારો સમજીને અપનાવશો. આ દાસના...

ભાળી કરતુક દાસનાં જાતો રખે ભય પામીને;
જૂઠો જગે થઈ હું ફર્યો તુજ હાથ રાખવી લાજ છે. આ દાસના...

સાધન બધાં તેં અર્પિયાં'તાં કરી કૃપા આ રંકને;
લીપ્યું ગુંપ્યું કર્યું ધૂળ તોયે દાસને ભૂલતો રખે! આ દાસના...

કુપુત્ર અવગુણથી ભર્યો તે તાત-શોભા ઢાંકતો;
મારે લીધે તું લાજશે જોજે વિચારી એ પ્રભો! આ દાસના...

જગતમાં સહુ ભગત કે'તા, નામ એવું છે ધર્યું;
તુજ વિણ કોણ નિભાવશે? તુજ વિણ કો નવ તર્યું. આ દાસના...

ભીડ ભવોભવની જ ભાંગી તે સમે હરિ! આવજે,
મુજ દ્રષ્ટિ સામી મીટ માંડી સંતાપ સઘળા ટાળજે. આ દાસના...

• • •

# જોજે રખે! ગાફેલ રે, અણધાર્યું તેડું આવશે

## (હરિગીત)

જોજે રખે! ગાફેલ રે, અણધાર્યું તેડું આવશે (ટેક)

જોબનભર્યું આ જીવન જે એળે પલકમાં વહી જશે;
કંચનસમી આ કાય તારી, તો હતી ન હતી તો થશે. જોજે...

રાખમાં રોળાઈ ઉરની આશ કૈં અવનવી, જશે;
પરણ્યો વળી રાંડયોય મનમાં, એમ તારે તો થશે. જોજે...

'હાય' 'હાય' કરીશ ત્યારે, જાવું તો ગમશે નહીં;
મૂકી હાથ માથે રડીશ પણ કંઈ ચાલશે તારું નહીં. જોજે...

તું સાક્ષી હો ત્યમ કર્મ તુજ પ્રત્યક્ષ નજરે ભાળશે;
ને વાસના તુજ જીવની મૂર્તિ સમી ખડી ત્યાં થશે. જોજે...

જાશે રહી ત્યાં જીવ તારો અન્ય કંઈ ના સૂઝશે;
જે વાસના મૃત્યુ સમે તેવી ગતિ તારી થશે. જોજે...

તેથી તું ચેતી જા અને કર પ્રીતડી પ્રભુ સાથ તું;
કર્મો બળી જાયે બધાં એવી જ લેહ લગાડ તું. જોજે...

• • •

# પ્રભુ! શું કરું કે જેથી તું મુજ દુઃખ સઘળું પરહરે?

(હરિગીત)

પ્રભુ! શું કરું કે જેથી તું મુજ દુઃખ સઘળું પરહરે? (ટેક)

શત્રુ મારું મન બન્યું, એ દોરી વિષયે લઈ જતું;
વળી ભ્રમરની જ્યમ કોરતું, ઠરી ઠામ કદી નવ બેસતું. પ્રભુ!...

દે દુઃખ હરનિશ તે મને, ઉદ્વેગ જેથી નવ ટળે;
તૃષ્ણા અધિક રાખ્યાં કરે પણ કાંઈ તેનું નવ વળે. પ્રભુ!...

પીધેલ નિશો હોય જ્યમ ઉન્મત થઈ ભમતું રહે;
સંયમતણું સુખ સૌ હરે, તર્કો-વિતર્કો કંઈ કરે. પ્રભુ!...

આવેલી શ્રદ્ધા ખોતું એ, વિશ્વાસ ધરતું જરી ન એ;
બાહ્યપ્રવૃત્તિ વિષે ભટકે, મરે નહિ કો રીતે. પ્રભુ!...

રે'તું સદા પરવશ છતાંયે ઓર ફાંકો રાખતું;
હંમેશ મોટાભા થઈને દુઃખ માથે નાખતું. પ્રભુ!...

વંઠેલ એ તો થઈ ગયું, ક્લેશો નવા ઊભા કરે;
ન્યારો મને એથી કરે, તો રંકના ભાગ્ય જ ફરે. પ્રભુ!...

• • •

# પાયે હું લાગું પ્રભુ! તને, વેરી હરિ! શાને બને

## (હરિગીત)

પાયે હું લાગું પ્રભુ! તને, વેરી હરિ! શાને બને (ટેક)

કોણ જાણે શું થયું! મુજ સાથ વાંધો શો પડ્યો;
કે રોષ લાવી દાસી પર તું આમ રીસાઈ ગયો? પાયે...

સ્વામિ મારા! મુખડું તારું નીરખી શકું ના હું જરી;
છે જખમ ઉરે જે પડ્યા, ચીરી બતાવું કયમ હરિ! પાયે...

તું જાણતો સઘળું છતાં દેખાવ કરતો મૂર્ખનો;
સર્વસ્વ લૂંટી લઈ, હવે શું પીઠ ફેરવી બેસતો! પાયે...

સંધ્યા નિરાશાની અરે! ઉરે છવાઈ છે બધે;
આ ઉર ખીલવવું ક્યાં રહ્યું, કરમાવિયું ઊલટું શું તેં! પાયે...

ઉષાતણા રંગો મનોહર નીરખી દિલ લોભાયું'તું;
કો'દી રંગાશે હૃદય' ઉર આશ એ ધરતું હતું. પાયે...

ઉરના સ્વજનની સાથ મારી પ્રીતિદોરી જો તૂટે;
જીવવું અકારથ તો બને હૃદયથી રસઝરણાં ખૂટે. પાયે...

આમ કરવું જો હતું, તેં પ્રીત દીધી શેં મને?
રીબવી રીબાવી મારવાં એ લ્હાવ લેવો કયમ ગમે? પાયે...

આવ્યું જે જે પાસ સૌ તરબોળ તુજમાં તેં કર્યા;
શાને અભાગી કરી મને! હે નાથ! અતડા શું થયા? પાયે...

શણગાર સોળે તો સજી હું આશ હૈયે તુજ ધરું;
અનિમિષ નયને મીટ માંડી રાહ તુજ નિરખ્યાં કરું. પાયે...

કોડે ભરેલું હૃદય મારું, હલકારે જોબનિયું ચઢ્યું;
પ્રિયતમ જરા નવ નીરખે, આ ઉર તસતસીને રહ્યું. પાયે...

તુજ નૂરની તસ્વીર જોવા નેત્ર આ તલસી રહ્યાં;
દિલમાં દયા નવ તું ધરે નયણેથી અશ્રુ વહી રહ્યાં. પાયે...

જીવનતણાં ઉદ્યાનમાં જે પુષ્પ રૂડાં છે ખીલ્યાં;
હરિ! ભાવથી હું માળ ગૂંથી અર્પું કોને તુજ વિના. પાયે...

હરિ! પ્રાણપટ હું પાથરું ને ભાવ-પુષ્પો વેરું ત્યાં;
પ્રસરાવું ફોરમ ઉરની; કેમે કરી તું મનાય ના! પાયે...

સ્મરણાંજલિ અર્પું તને હરનિશ હરઘડી પ્રેમથી;
દિલ દૂર થવા ના ચહે, મુજ આશ પૂરજે રે'મથી. પાયે...

• • •

# પાયે હું લાગું પ્રભુ! તને, વેરી થયે કેમ ચાલશે?

**(હરિગીત)**

પાયે હું લાગું પ્રભુ! તને, વેરી થયે કેમ ચાલશે? (ટેક)

આવું રહ્યે તારે કહે તું કેમ પાલવશે પ્રભો?
હૈયું મારું વલવલે, ધરશે દયા નવ શું પ્રભો? પાયે...

નદીના પ્રવાહ સમી વહે તારી દયા આ જગ વિષે;
ખોટી રીસે કરી શું સુકાશે રંક આ કાજે જ તે? પાયે...

રીબાઉં છું હરિ! હું બહુ, કોઈ ન ઉર લેતું મને;
ફેરવે હરિ તુજ વિના કો હાથ ઉમળકે શિરે? પાયે...

'તું ચાંપશે લઈ ઉર મને' એ આશ ઉરની નવ ફળી;
'નવ હૃદયપદથી દૂર રાખો' માગું છું એ લળી લળી. પાયે...

પાનાર અમીરસ તું વિના આ જગતમાં નવ કો મળે;
ઉત્સુક હૃદયની આશ પૂરજે તાપ તુજ વિણ નવ ટળે. પાયે...

• • •

## બસ બહુ થયું, સ્હેવાય ના, તું ભાળ લેજે શ્રીહરિ!

### (હરિગીત)

બસ બહુ થયું, સ્હેવાય ના, તું ભાળ લેજે શ્રીહરિ! (ટેક)

બાળકપણું ભૂલમાં ગયું, જુવાની એળે વહી રહી;
ઊભી રે'શે કાલ આવી કરાળ મૂર્તિ કાળની. બસ...

એક દી' જાવાનું છે, તે કોઈ મિથ્યા નવ કરે;
હરિ! મૂર્ખ તોયે હું રહું, કાંઈ ફડક નવ મન ધરે. બસ...

એ ફૂટલાં મુજ કર્મ એવાં મન જરી હેરે નહીં;
મહેનત કર્યે નવ ફાવતો કેમે હરિ ભાળે નહીં. બસ...

'હું શું કરું' સૂઝે નહિ, તું દાદ કાને નવ ધરે;
હું કોની પાસ જઈ રડું કે ભાર હલકો તે કરે. બસ...

તારા પરે સહુ આશ રાખી જગત જીવ્યું છે હરિ!
શરણે ઢળેલા રંકની તો ભાળ નવ લે શું જરી? બસ...

• • •

## શાંતિ હ્રદે તું સ્થાપજે, એ ઉર તણી વિનતિ પ્રભો!

### (હરિગીત)

શાંતિ હ્રદે તું સ્થાપજે, એ ઉરતણી વિનતિ પ્રભો! (ટેક)

ક્રોધ, લાલચ, મદ, હરિ! તોફાન ઉરમાં બહુ કરે;
જૂઠ, કામ, પ્રપંચ એ મદમસ્ત થઈ મહાલ્યાં કરે. શાંતિ...

એળે ગુમાવ્યો સમય મેં વિષયોતણી ચિંતા મહીં;
હું વ્હેણ સાથે વહી રહ્યો આરો સૂઝયો કયાંયે નહીં. શાંતિ...

જોર મુજ નવ ફાવિયું, ને હામ હારી હું ગયો;
ડૂબું ડૂબું હું થઈ રહ્યો ત્યારે તને પોકારિયો. શાંતિ...

તું ભેરુ ભાંગ્યાનો હરિ! સાહી ચરણ તેથી રહ્યો;
જે કાંઈ તુજ આશે રહ્યો, તે તો તર્યા વિણ ના રહ્યો. શાંતિ...

જો હરિ! તું કૃપા કરે ને બંસરી છેડે પ્રભો!
ઊર્ધ્વગતિ યમુનાતણી થાયે ન સંશય કંઈ પ્રભો! શાંતિ...

• • •

## અરે! પ્રભુજી હો! વર્ષો વીતિયાં દર્શન તારાં તો થયે

હૃદયે જાગી તવ પ્રીતલડી,
વેરણ સમ લાગે રાતલડી. અરે પ્રભુજી! હો…

રહેવાય હવે નવ એકલડું,
ફાટું ફાટું થાય આ દિલડું. અરે પ્રભુજી! હો…

ખાવું પીવું કાંઈ નવ ગમતું,
હૈયું ક્યાંયે હરિ! નવ ઠરતું. અરે પ્રભુજી! હો…

એળે જોબનિયું વહી જાતું,
મળવા દિલ આતુર ખૂબ થાતું. અરે પ્રભુજી! હો…

સંદેશા ઉરના પાઠવિયા,
નહી પ્હોંચ્યા કે કાને નવ ધરિયા. અરે પ્રભુજી! હો…

હરિ! શું થયું? કેમ ન આવો તમે?
તુજ વિણ ઉરના કયમ તાપ શમે? અરે પ્રભુજી! હો…

આ ચાર દિવસનું ચાંદરણુ,
કરે લાખ જતન, નવ રહેવાનું. અરે પ્રભુજી! હો…

પ્રભો! ઉરની અરજી પાઠવું હું,
ધરી કાને વ્હેલો આવજે તું. અરે પ્રભુજી! હો…

લેજે કરુણા કરી ઉરે મને,
શું કારણ? શેં તલસાવું મને? અરે પ્રભુજી! હો…

• • •

## એવા રવડતા રંકને, શરણે હરિ! લઈ તારજે

### (હરિગીત)

એવા રવડતા રંકને, શરણે હરિ! લઈ તારજે. (ટેક)

ખાવાનું જે ખાધું નહીં, ગદર્ભ બની મેં ભાવથી;
-સાકર અપથ્ય છતાંય તે ખાધાં કરી બહુ હોંશથી. એવા...

એ રત્ન અણમોલું મને લાધ્યું'તું પુણ્યેથી કરી;
હું પરખી પણ તે નવ શકયો ફેંકયું ઉકરડે તે જઈ. એવા...

ખૂબ મહેનતથી કરી એ સિંહણનું દૂધ મેળવ્યું;
નવ રાખિયું મેં કનકપાત્રે, તે ઝરી સઘળું ગયું. એવા...

અમૃત મળિયું'તું મને ઢોળી, અકારથ, મેં કીધું;
'હાયપીટ' કરતો હવે એ પ્રાપ્ત કરવા મૂર્ખ હું. એવા...

મરણતોલ જ રોગ એ, વ્યાપિયો રગ રગ વિષે;
નવ ઔષધિ કંઈ મેળવી, મરવા હવે હું તો પડયો. એવા...

ડૂબી રહ્યો ભવસાગરે, બીજું કશું નવ સૂઝિયું;
હાથ આવ્યું તરણું જે મુજ જીવનદોરી થઈ રહ્યું. એવા...

• • •

# ચિંત્વન મનન છોડી દઈ

## (હરિગીત)

ચિંત્વન મનન છોડી દઈ,
કર ભજન એકચિતે સદા. ટેક...

મિત્રો, સગાં, સ્નેહીજનો, નવ ઉર લેશે એ નકી;
નવ યાદ કરશે કોઈયે છૂટીશ જ્યારે દેહથી. ચિંત્વન...

તું પ્રીત ઢોળે પ્રિય પરે તે પણ થતું નવ હૃદયનું;
શાને નિરર્થક વેડફે જોબનિયું જે દિન ચારનું. ચિંત્વન...

મહેનત અથાગ કરી કરી, જો દ્રવ્યપ્રાપ્તિ તું કરે;
કંજૂસ થઈ રક્ષે છતાં; અંતે ન તારું તે થશે. ચિંત્વન...

વાડી, વજીફા, બંગલા ઉમંગથી ઊભા કરે;
પણ મ્હાલી, માણી નહિ શકે, ગયું કોઈની સાથે ન એ. ચિંત્વન...

સંસાર છે જ અનિત્ય ને, કર્મો અનિત્ય વળી બધાં;
હે મન! શું લોભાઈ રહ્યું, જેમાં મળે ન કંઈ મતા. ચિંત્વન...

રણમાં જઈ મળતી નદી તુજ પ્રીતની, તે સાગરે;
-જો ભેળવે, પડદો તૂટે તો ઢાંકનારો સત્યને. ચિંત્વન...

• • •

## ડરવું શાનેજી

વણ-દીઠી વણ-સાંભળી લોકો વાત નકામી હાંકેજી;
ધનવાદ દઉં બુદ્ધિને એવી કુંજર-કીડી લડાવે. ડરવું શાનેજી...

ઊંધું ઘાલી ચાલવું મારે, જે દિનથી પ્રીત વાળીજી;
કોઈનું કાને લક્ષ ન ધરવું, કરવું મન-વિચારી. ડરવું શાનેજી...

લોકની વાતો સાંભળી લેવી, રોષ જરાય ન કરવોજી;
ભૂલ હોય તો લેવી સુધારી, પાઠ તહીંથી લેવો. ડરવું શાનેજી...

લોકને કહું છું, નિંદા મારી પેટ ભરીને કરજોજી;
ડરીશ કે નવ ભાગીશ હું તો ચાહે સો કરી લેજો. ડરવું શાનેજી...

ધન્ય રૂડો આ અવસર આવ્યો, હરિ ભજવાનો લ્હાવોજી;
ડૂબી મરને! મનવા! એમાં, ફરિ નહિ ફાવે દાવો. ડરવું શાનેજી...

તર્ક-વિતર્કો છોડી દઈને લક્ષ હરિગમ ધરવુંજી;
શાને મનડા! ગમગીન થાતું? પગ મૂકી નવ ફરવું. ડરવું શાનેજી...

કદી ક્રિયામાં ચૂક પડે તો લજવાશે તુજ ભક્તિજી;
કોઈ તુજ વિશ્વાસ ન ધરશે, નહિ ફાવે તુજ જુક્તિ. ડરવું શાનેજી...

# હે બાપ! આવા દીનને, ભાવેથી ઘરમાં રાખજે

## (હરિગીત)

હે બાપ! આવા દીનને, ભાવેથી ઘરમાં રાખજે. (ટેક)

જાણું જગે નવ બાપને હું પુત્ર એવો પાકિયો;
શું મોઢું લઈ જગમાં ફરું, મેં બાપ કદી નવ ભાળિયો. હે બાપ!...

શરમ આવે છે મને એ પિતૃ-મંદિરિયે જતાં;
ખાલી હાથે આવિયો નવ રળી શક્યો હું કંઈ જરા. હે બાપ!...

જેવો તેવો બાળ તારો, એમ હૃદયે તું ગણી;
દોષ ગમ દુર્લક્ષ રાખી, ખોળે મને લે તું ધણી! હે બાપ!...

જીવન સમર્પી હું દઉં, ઉર-વ્હાલ વર્ષાવી દઉં;
પુત્ર તારો જો ગણી, મુજને લગાવે ઉર તું. હે બાપ!...

પ્રાર્થના દિલની મને કરતાં જરા નવ આવડે;
ગાંડું ઘેલું જે રડું, હૃદયે લઈ, હરિ! ન્યાળજે. હે બાપ!...

• • •

## કરુણા કરી હરિ! પ્રેરજે, ચાલીશ જ્યમ દોરીશ તું

### (હરિગીત)

કરુણા કરી હરિ! પ્રેરજે, ચાલીશ જ્યમ દોરીશ તું. (ટેક)

અંતરતણા ઊંડાણથી, શ્રદ્ધા-ભરેલા ભાવથી;
તુજ ચરણકમળો ભીંજવું, નવ સામું શું હરિ! ભાળવું? કરુણા...

સાપે છછૂંદર જે ગળ્યું, મુકાય તેમ ખવાય ના;
ત્યમ ભજન હૃદયેથી હવે વીસરાવ્યું એ વીસરાય ના. કરુણા...

પર્વતો કે કંદરોમાં, ક્યાં જઈ હરિ! હું વસું?
કે શાંતિ હૈડે તો વળે, નવ કાંઈ સૂઝે, શું કરું? કરુણા...

છોને પડું હરિ! કે ચઢું, નિશ્ચયથી નવ જરિયે ડગું;
છો પ્રાણ છૂટી જાય આ, પણ મેળવ્યા વિણ નહિ રહું. કરુણા...

તારે શરણ હું છું ઢળ્યો, ચિંતા ધરું નવ કાંઈ હું;
કરુણા કરી હરિ! પ્રેરજે, ચાલીશ જ્યમ દોરીશ તું. કરુણા...

• • •

# મુજ ઉર તણા સંતાપ ટાળી, હૃદય લેજે શ્રીહરિ!

## (હરિગીત)

મુજ ઉરતણા સંતાપ ટાળી, હૃદય લેજે શ્રીહરિ! (ટેક)

વ્યભિચારી મુજ સમ કો નહીં, નવ પરખી ઘરની પ્રીતડી;
ભટકેલ એવા દીનને, દે સ્પર્શવા પદ-રજ હરિ! મુજ...

ઘરનું સુખ નવ માણિયું, એ શોધ્યું ઘેર બહુ બીજે;
ક્યાંયે હરિ! મળિયું ન તેથી ઠામ ઠરી બેઠો હવે. મુજ...

છું એકલો ઘરમાં હરિ! બોલે નહીં મુજ સાથ તું;
વસમું વસમું લાગતું, મૂંઝાઈ મરું છું ખૂબ હું. મુજ...

મેં ભૂલ કરી, જખ મારી, શું,હરિ! આવી તોય સજા ઘટે?
મારે મૂગો તું માર તે સ્હેવાય નવ કોઈ રીતે. મુજ...

હું નાકલીટી તાણું છું, હરિ! વીનવી વીનવી થાકું છું;
કાને હરિ! શું નવ ધરે, થાવું નમેરા શું ગમ્યું. મુજ...

• • •

# તુજ સોડમાં લઈને મને, કંઈ હૂંફ દેજે શ્રીહરિ!

## (હરિગીત)

તુજ સોડમાં લઈને મને, કંઈ હૂંફ દેજે શ્રીહરિ! (ટેક)

કીડી ઉપર આવ્યું કટક, તોયે ન ખોલે દ્વાર શું?
અધિકારી હજી શું રંક ના, એ ચૂમવા તુજ ચરણ શું? તુજ...

આતુર શું નવ લાગું કે, નવ પ્રેમ દર્શાવે કદા?
ક્યારે હરિ! તું ટાળશે મમ ઉરતણા સંશય બધા? તુજ...

હરિ! દેખવું ને દાઝવું શું એ જ મુજ કરમે લખ્યું?
નવ જંપ કાંઈ ઉર વળે, માથું કૂટી છાનો રહું. તુજ...

તુજ વિના હરિ! ઉર તણું હો! કોણ એવું અહીં મળે;
જે હાથ માથે ફેરવે, શાંતિ હૃદે જેથી વળે? તુજ...

હરિ! વીનવું હું લળી લળી, આ રંક પર કરુણા કરી;
તુજ સોડમાં લઈને મને કંઈ હૂંફ દેજે શ્રીહરિ! તુજ...

• • •

## એ પ્રેમસાગર ડૂબવી, હરિ! મસ્ત કરજે રંકને

### (હરિગીત)

એ પ્રેમસાગર ડૂબવી, હરિ! મસ્ત કરજે રંકને. (ટેક)

જ્વાલા ભભૂકે છે, અને શત્રુ પ્રજાળે છે મને;
ચિંતા જરી ઉર ના રહે, જો પ્રેમસાગર ડૂબવે. એ પ્રેમ...

મિત્રો, સગાં, સ્નેહીજનો, તરછોડતાં છોને મને;
છો ના સ્વજન ગણે મને, જો તું મને ભેટે હૃદે. એ પ્રેમ...

વ્યવહાર આ સંસારનો, ભૂલી જવાતો તે ભલે;
પરવા રહે ના જગતની, જો માગું તે દે તું મને. એ પ્રેમ...

છો વાસ સ્વર્ગે થાય કે છો નર્કમાંય જવું પડે;
બંનેય મુજ મન એક છે, હૃદયે હરિ જો તું વસે. એ પ્રેમ...

વીસરી જવાતાં છો બધાં કર્મો, ન પરવા તેહની;
એ યત્નનું ફળ જો મળે, ઘડી ધન્ય એ મુજ રંકની. એ પ્રેમ...

• • •

## પ્રભુ! રાખજે ઉર સ્નેહ ને ભૂલીશ ના આ દીનને

### (હરિગીત)

પ્રભુ! રાખજે ઉર સ્નેહ ને ભૂલીશ ના આ દીનને. (ટેક)

મિત્રો, સગાં, સ્નેહીજનો, પરખે ન કો ઉર-પ્રીતડી;
રોયે હવે દા'ડો વળે શું? કો ન સૂણતું વાતડી. પ્રભુ!...

ચાર દિન સરખા નહિ કદી કોઈના જાતા ખરે;
સ્વાર્થી એ છે પ્રીત બધી, ના કોઈ ઉરનું અહીં મળે. પ્રભુ!...

અટવાયલો ને એકલો, મહેનત કરી જાવા મથું;
કોઈ ના લે ઉર મને, હું રંક ગભરાઈ મરું. પ્રભુ!...

દુનિયા ભલાની કદી નથી, અનુભવી નીરખ્યું બધું;
હું તો ધરાયો પોલ જોઈ, તેથી હૈયું મુજ ઠર્યું. પ્રભુ!...

પ્રેમ ઉરનો રાખું જે, આ રંક પર કરુણા કરી;
હેતે કરી વર્ષાવજે, કરતો રખે તું દૂર જરી. પ્રભુ!...

• • •

## ગણી દાસ તારો રંકને, હૈડે લઈ હરિ! ચાંપજે

**(હરિગીત)**

ગણી દાસ તારો રંકને, હૈડે લઈ હરિ! ચાંપજે. (ટેક)

આંધળે જઈ ઘા કર્યો, કર્મે મળ્યું કોઠું, હરિ!
વરતનું નવ ભાન રાખ્યું, વાછડી ડૂલી હરિ! ગણી...

વચમાં જ વડ, ઘર સાંકડું, ભારો શિરે દડ છે ઘણો;
દે જોશ મંગાળે ન વળવા, બદલો શું ઉદ્યમ એ તણો? ગણી...

ઊંડા જળે હરિ! ઊતર્યો, નાની વહુ હરિ! હું વર્યો;
એ ભાર દુઃખનો હરિ! શિરેથી, કો રીતે નવ ઊતર્યો. ગણી...

મારું નશીબ તો ચાર ડગલાં આગળે જઈ બેસતું;
કર્તૃત્વપણું આ રંકનું, તોયે ન કેમે મરી જતું. ગણી...

લાખો જીવન આ રંકનાં હરિચરણ ન્યોછાવર કરું;
સ્મિત કરી જો એકવારે, મુજ રંક સામે નીરખું. ગણી...

• • •

# હું શું કરું જેથી કરી તું હાથ પકડી લે હરિ!

## (હરિગીત)

હું શું કરું જેથી કરી તું હાથ પકડી લે? હરિ! (ટેક)

ગામ ભાંગીને હરિ! ચોરાશી આ રંકે કરી;
બે પાંદડે કદી નવ થયો, છું જન્મનો રોતો હરિ! હું શું કરું...

ગાડું અટકયું છે હરિ! ને ઘાંચ વચમાં છે પડી;
તરસાળો આવી છે રહ્યો, પ્રભુ! શું તને કંઈ નવ પડી? હું શું કરું...

ખાઈ કાદવ પેટ કૂટયું, શું સુખ હું પામ્યો તુજ ઘરે?
શોભે શું રંડાપો મને? માથે છતાં જીવતા વરે? હું શું કરું...

તુંડે તુંડે મતિ ભિન્ન છે, એ ભોજને નવ રે' જુદી;
હરિ! એટલી કરુણા કરે તો જાઉં વાડો હું કૂદી. હું શું કરું...

વાર્યા હરિ! વળતાં નહીં હારે છતાં તે નવ ઠરે;
સ્હાયે તને બોલાવું જ્યાં તું હાથ કાને શું ધરે? હું શું કરું...

ખસતો મુકાતો તું નથી, હસતો ન આવે કયમ કરી;
હું શું કરી જેથી કરી, તું હાથ પકડી લે, હરિ! હું શું કરું...

• • •

# કલેશ સકળ તું ટાળજે

## (ધીરા ભગતની કાફી)

કલેશ સકળ જીવ પદના રે, ટાળી ન્યાલ કરજે, પ્રભો!
કરગરી હવે હું વીનવું રે, ઉર લેજે રંક પ્રભો!

જે હરિ! કરીશ તે ભલાને માટે, દ્રઢ વિશ્વાસ મનડે કરાવ;
તર્ક, કલ્પના મનની મુકાવી, હરિસ્મરણ ઉરે નવ મૂકાવ;
હાથ ઘસી હું મરતો રે, યત્ને બળ દેજે, પ્રભો! કલેશ...

માયાના સ્વરૂપે ન મન લોભાયે, ઈન્દ્રિયો દેહની જે નાથ!
તુજ કર્તવ્યે સદા રહે લીન એ, મન-ચિત્ત-હૃદે રહે તવ ધ્યાન.
ધરી કાને ઉરની એ વિનતિ; દાસને દયા કરજે,પ્રભો! કલેશ...

સમાગમ દુર્જનનો દુર્લભ થાયે, ઉરે રખાવજે કલેશ એ રીત;
હરિ શું પ્રેમ પ્રકટાવે એવા, સંતોની રે' સોબત નિત્ય;
રંકને હરિ! ત્યાં પ્રેરી રે, એ લાભ અનેરો દેજે, પ્રભો! કલેશ...

દ્રવ્ય, ગુણ, રૂપ પ્રીતિનાં કારણ, એથી વિકારરહિત જે પ્રેમ;
સહજ દિલે હરનિશ વસે એ, હું માગું છું, ઉરથી એ નેમ;
જેવાને તેવા શરણે પડયાને રે, એટલું તો દેજે, પ્રભો! કલેશ...

અંતઃકરણ, દેહ, ઈન્દ્રિય, હૈયું, ધર્મ ને આપ્ત, ગૃહ, ધન;
'હું'ની સાથે હોય સંબંધ જે જેનો, તે સર્વ સમર્પું જુગજીવન!
ભાવ ઉરે હરિ! એવો રે, રાખજે સદા જાગ્રત, પ્રભો! કલેશ...

• • •

## વાટ જોતો નહિ હવે, અમીજળ દયાનું છાંટજે

### (હરિગીત)

વાટ જોતો નહિ હવે, અમીજળ દયાનું છાંટજે. (ટેક)

મુજ નયન ઝળકે પ્રેમ એ શું નાથ! નવ જોઈ શકે?
શું હૃદય આતુર રંકનું, નવ તડપતું પરખી શકે? વાટ જોતો...

રસભર્યાં મમ નયન એ કદી મળી ન મલકયાં એ હરિ!
તોયે હરિ! તલસી રહ્યાં એ નીરખવા સૂરત સહી. વાટ જોતો...

હૈડાતણા હેતે કરી, આ રંક ખોળે શિર ધરે;
વ્હેણ અંતરભાવનું તુજ ચરણ પ્રતિ હરનિશ વહે. વાટ જોતો...

હું સ્નેહ-વારિથી હરિ! તરબોળ મુજ અંતર કરું;
તોયે જુએ ના મ્હેર-નજરે, સુણું ન પડઘો, શું કરું? વાટ જોતો...

આશ હૈડે તેં દીધી, ઉત્સાહ-વારિ સિંચિયું;
હૃદય તુજ ગમ છે વળ્યું, દિલ હવે આ તલપતું. વાટ જોતો...

જે આશ રાખી આવિયા, પાછા ફર્યા નવ કો સૂણ્યા;
વિશ્વાસ મુજ હૈડે વસે, હરિ! ટાળવા સંશય રહ્યાં. વાટ જોતો...

• • •

## સહન કરજે મન! તું એ, જે દુઃખ તુજ શિરે પડે

### (હરિગીત)

સહન કરજે મન! તું એ, જે દુઃખ તુજ શિરે પડે. (ટેક)

લક્ષ્યબિંદુ નકકી એ, મન, વચન, કર્મેથી થયું;
જોજે જરી હઠતું કંઈ સ્હેવું પળેપળ છો રહ્યું. સહન...

તું ધ્યાન કદી નવ છોડજે, અવળપંથે નહિ જજે;
નિંદવા દે લોકને, ઉદ્વેગ તું શાને ધરે? સહન...

આવે પ્રસંગ કદી શિરે, કદી પ્રાણ તુજ જાયે છૂટી;
જરી ચૂકવું નહિ લક્ષ્યથી, સ્હેવું બધું માથું કૂટી. સહન...

નવ અર્પશે કોઈ તને કદી હામ હૈયે પ્રેમથી;
છો હામ હૈડેથી ખૂટે, નવ ડગવું પણ તુજ લક્ષ્યથી. સહન...

સહુ રોગની એ ઔષધિ - રૂપનામ હૈડે તું ધરે;
શાને પછી હે મન! ડરે, તું રાખી સંશય કાં ફરે? સહન...

• • •

## ઉર-આશ મમ પૂર્યા વિના, હું રંક કેમે નવ ફરું

### (હરિગીત)

ઉર-આશ મમ પૂર્યા વિના, હું રંક કેમે નવ ફરું. (ટેક)

રંકે ઊલટથી પ્રીત કરી, નવ હેત આણે શું? હરિ!
પડદો શું રાખી રંક-શું, અર્પે હ્દે નવ રસ જરી? ઉર-આશ...

ભવ કેટલાયે વહી ગયા, પ્રકટી ત્યારે પ્રીતડી;
શાને હવે સંતાપતો? શું આવી રાખે રીતડી? ઉર-આશ...

નગુણા, નમેરા નાથજી! શું આમ થાઓ? શ્રીહરિ!
હૈડે અહરનિશ હું સ્મરું; નવ અંતરે લો શું જરી? ઉર-આશ...

તંત સઘળા તૂટી ગયા ને મીણ સમ હૈયું બન્યું;
તોયે હરિ! નવ ભાળું તું; શું બાળવું આ દિલ ગમ્યું? ઉર-આશ...

જે રીતથી રે'વું ઘટે, તે રીત ભૂલ્યો શું હરિ?
તાણીશ તોયે નહિ તૂટે આ રંક તું કંઈ દિલ જરી. ઉર-આશ...

મુજ હ્દય-સાગરમાં પ્રભુ! વીચી ઉમળકા સ્ફૂરતા;
ચરણ ઢોળું તે બધા, મનડે લઈ ન શું ન્યાળતા? ઉર-આશ...

શરણ તારે હું પડયો, ચૂમ્યા ચરણ વિણ શું કરું?
ઉર-આશ મમ પૂર્યા વિના, હું રંક કેમે નવ ફરું. ઉર-આશ...

• • •

# હરિ! હેત આણી, બહુ થયું, ઉર-તાપ હાવાં ટાળજે
## (હરિગીત)

હરિ! હેત આણી, બહુ થયું, ઉર-તાપ હાવાં ટાળજે. (ટેક)

જીવન-આમ્રતરુ મહીં, કોયલ વસંતની ટહુકતી;
એ પ્રેમ-મોરે ફાલ્યું ને ફોરમ ઉરેથી પ્રકટતી. હરિ! હેત...

સોનું-સુગંધી ભેળવી ભાવ ઉરના ઢોળું હું;
તોયે ન લેખામાં ગણે, હરિ! રંક પર શાને રુઠું? હરિ! હેત...

ખુલ્લું કરું હું રંક જ્યારે હૃદય તુજ આગળ હરિ!
આગ ત્યાંથી ભભૂકતી, જ્યમ અતીતની ધૂણી. હરિ! હેત...

જે નીર નદીનું વહી જતું, એ પાછું ફરતું નવ જરી;
જોબનિયું એવું વહી જતું, રડવાનું રહ્યું કર્મે હરિ! હરિ! હેત...

અક્ષર અઢી એ પ્રેમના, મમ હૃદય જડવા છે હરિ!
પણ હરિકૃપા વિણ ના ફળે, નવ રંકથી બનતું જરી. હરિ! હેત...

વિકટ ભલે હો માર્ગ એ, સહીશ સંકટ સર્વ એ;
અરજી ઉરની સાંભળી, હરિ! પ્રેમપંથે દોરજે. હરિ! હેત...

ઉરે વીતી જે રંક પર, હરિ! હેત આણી જાણજે;
મારી, ઉગારી કે હવે જલદી નિવેડો આણજે. હરિ! હેત...

• • •

## હૈયું થનગન નાચે પ્રભો!

### (ધીરા ભગતની કાફી)

આવ્યો છું તુજ શરણે રે, નિભાવજે આ દાસ, પ્રભો!
શરણે પડયાના ભાવથી રે, હૈયું થનગન નાચે. પ્રભો! આવ્યો છું...

ભાવપુષ્પો અતોલ યત્ને, ચૂંટયાં ઉરેથી ધરી વ્હાલ;
સમર્પું કોને હરિ! તુજ વિણ હું, હૈડે ફાલ્યો છે રૂડો ફાલ.
આવે તો હરિ! વધાવું રે, અંતરના હું ઉમળકે પ્રભો! આવ્યો છું...

જીવનોદ્યાને વસંત ફાલી, સુવાસે મ્હેંકે સારું તન;
ઉમંગે હરિ! હું નિમંત્રું તુજને, સ્હેલ કરવાને આ ઉપવન.
પધારી પાવન કરજે રે, રંકની આ વાડી પ્રભો! આવ્યો છું...

તુજ ભાવથી હરિ! છલોછલ, દિલ ભર્યું છે મમ આજ,
ઠાલવવા તુજ ચરણે આવ્યો, મારા હૈયાના હે શિરતાજ!
આતુરતા હૃદેની પ્રીછી રે, કોડ મુજ પૂરજે પ્રભો! આવ્યો છું...

ઉરે અવનવી આશ ધરીને, મને પ્રેરી અનેરા ભાવ, નાથ!
મંદિરિયે તારે રંક આવ્યો હું, આણી ઉરની ભેટ મમ સાથ.
નજીવી તોયે દાસની રે, સ્વીકારી, ન્યાલ કરજે, પ્રભો! આવ્યો છું...

સ્મરણાંજલિ હું પ્રેમથી અર્પું, હરનિશ, હરઘડી નાથ!
દૂર રંક દિલ થાવા ન ચાહે, કરી કરુણા રંક પર નાથ!
આશા મારી તું પૂરજે રે, ઉરે લઈ આ દાસ, પ્રભો! આવ્યો છું...

• • •

# શરણ પડ્યો છું તારે રે

## (ધીરા ભગતની કાફી)

શરણ પડયો છું તારે રે, વિનતિ ઉરે ધરજે, પ્રભો!
જેવો તેવો તોય તારો રે, આશ મારે તારી, પ્રભો!

અજ્ઞાની મૂરખ કો મુજ સમો, જોડી મળે નહિ જેની કયાંય;
શરણાગતવત્સલ! ઓથ તું મારે, આવ્યો છું ગ્રહવા તુજ બાંય;
ડૂબી રહ્યો છું હરજી રે! રખે મૂકો ઠેલી, પ્રભો! શરણ...

હામ હારી સઘળો હું બેઠો, મૂંઝાઉં એકલવાયો, શ્યામ!
સાથી શામળિયો છે સાંકડાનો, જાણી આવ્યો છું તુજ ધામ;
આરત હૈડાની પરખી રે, ઉર લેજે દાસ, પ્રભો! શરણ...

બગડયાનો હરિ! બેલી તું છે, હૃદયે છે મારે એ વિશ્વાસ;
નામ-નાવે હરિ! રંક બેઠો હું, તરવાની દિલે રાખી આશ;
મૂકયું છે હરિ! મેં પડતું રે, ગ્રહી લેજે હાથ, પ્રભો! શરણ...

કયાંયે દિલે સંતોષ ન વળિયો દીઠો સાર કયાંય ન નાથ!
કોટિ કલ્પ સુધી એળે ભમાવ્યો, તોય બાકી રહ્યું શું હજી, નાથ!
વસ્તુમાત્રનો સાર જે રે, વસાવજે હૈડે, પ્રભો! શરણ...

કરુણાસિંધુ! કૃષ્ણ! કૃપાનિધિ! કરગરી વિનવું —— ★
તારે ચરણે શરણ પડયો જે મનડે કરજે ——
દુષ્કૃત-હારી હરજી રે! નિભાવને —— —— શરણ...

• • •

---

★ **મૂળ પ્રતમાં શબ્દો વંચાતા નથી.**

**(ધર્મ વિચારો રે ધર થકી-એ ઢાળ)**

શરણ પડયો છું રે રંક હું, ઉરે(હરિ) તુજ વિણ એક ન આશ;
નયને ન્યાળો રે રંકને, થાયે કૃતકૃત્ય હરિ! આ દાસ. શરણ...

આશ્રય ધારી રે તાહરો, આવ્યો છોડી સરવની આશ;
સુખ દુઃખ આવે રે તે સહું, હૃદયે રાખી હું વિશ્વાસ. શરણ...

યાચક જાણીને રે! મુજને, પ્રજાળો ઉરના ત્રિવિધ તાપ;
શાંતિ હૃદયે રે! શ્રીહરિ! અર્પી, રંક ઉર લ્યો આપ. શરણ...

માગું, માગું, રે! ઉરથી, નયને નીરખું કાં તું ન દુઃખ;
મુજ દુઃખ દેખે રે કોઈ ના, એવું અવિચળ આપો રે સુખ. શરણ...

પરોક્ષ જ રહીને તમે હરિ! કરતા રંકને સ્હાય, હે નાથ!
પ્રત્યક્ષ આવી રે હૃદયમાં, હેતે હરિ! કરી ગ્રહો મમ હાથ. શરણ...

કયારે પ્રભુ-પદ રે! પામશું, ઉરે હરિ! આવે એમ વિચાર;
જન્મોજન્મ જ રે! વહી ગયા, કરવો કયાં સુધી આમ પોકાર? શરણ...

જોયું નિહાળી રે! દશે દિશા, નથી હરિ! તુજ વિણ કો આધાર;
નિજનો જાણી રે! દાસને, ઉરે હરિ! લઉં, તો તરું ભવપાર. શરણ...

• • •

## (ધર્મ વિચારો રે ઘર થકી-એવો ઢાળ)

શરણે આવ્યો રે! દાસ હું, 'જગનો છેડો ઘર' તું, નાથ!
અન્ય જ ધામે રે! ક્યાં જવું? તુજ વિણ (ક્યાંય) આરો ન નાથ! શરણે...

એકલવાયો રે! હું હરિ! હૈડે હામ મળે નવ નાથ!
મતિ હરિ! મુજમાં રે! છે નહિ, હૈયા-સૂનો રંક હું નાથ! શરણે...

ષડ્‌રિપુ હણવા રે! બળ કરું, રંક હું ફાવું કેમે ન નાથ!
કરુણા કરે રે! જો તું હરિ! સ્હેજે આવે અંત, નાથ! શરણે...

જીવ પંક્તિમાં રે! હું ઢળી, વહી રહ્યો છું વિષયો માંય;
ઉપાય દીસે રે! એક ના, ઉગર્યાનો આ ભવની માંય. શરણે...

ગુણ-અવગુણ રે! હે વિભો! જોતાં ઠરીશ ન રંક હું પાત્ર;
ઉર-ઉમળકો રે! પ્રીછજે, જોજે દેખી બાનું માત્ર. શરણે...

હું રંકની પ્રીતિમાં ઉરે હશે દુર્બળતા, હરિ! હું છું દાસ;
પ્રેરક પ્રભુજી! રે! તમે થઈ, કૃતિ એવી કરો હરિ! કે વળે હાશ. શરણે...

મન હરિ! મારું રે! તુજમાં, મગ્ન રે' જ્યમ જળમાં મીન;
માગું બીજું કંઈ રે! હું નહિ, વસે હરિ-પ્રીત ઉરે નિશદિન. શરણે...

• • •

# ભાંગ્યાનો તું ભેરું પ્રભુ

## (ધીરા ભગતની કાફી)

આવ્યો છું તુજ શરણે રે; ભાંગ્યાનો તું ભેરું, પ્રભો!
હાવા હરિ! હું હાર્યો રે, હૈડે નવ રહે હામ, પ્રભો. આવ્યો...

સંગી બાધક જ તે મળિયા, સમજ્યો કાંઈ નવ મર્મ;
અંધારે હરિ! કુટાઈ મરું રે, સૂઝે અવળું એવું રંક કર્મ;
અંધ અથડાયો ઊંધો રે, દોરી ધામે લેજે, પ્રભો! આવ્યો...

ચિત્ત, હૃદય હરિ ખાળ્યાં ન ખળે, કેમે મન ન ખળતું નાથ!
દોષ હોય જે મૂરખનો ટાળી, વાળો રંકનું મન ચરણે, નાથ!
નથી વધુ કંઈ માગ્યું રે, કૃપણ શું થાયે? પ્રભો! આવ્યો...

પ્રભુજી! કરશો રંકનું સારું, હૃદયે મારે એ વિશ્વાસ;
મન હરિ! મારું બળવો કરતું, કહો, કેમ કરું હું? અવિનાશ!
મનડાને તુજમાં પ્રોવી રે, એને વશ કરજે, પ્રભો! આવ્યો...

અંતર, બાહિર સરખું રહેવું કહીએ તે કરવું, નાથ!
એમાનું રંકથી કાંઈ ના બનતું, જાયે શ્રમ મિથ્યા મમ નાથ!
કરુણાસિંધુ કહાવે રે, કૃપા કરો કેમ ના પ્રભો! આવ્યો...

વીનવું લળી લળી વિનયથી હું, પ્રીતે પ્રણમી ઉરથી, બાપ!
આ મૂરખના યત્કિંચિત્ યત્ને, કૃપા તું વર્ષાવજે, તાત!
બસ એટલું ને એવું જ રે, માગ્યું દેજે દાસ, પ્રભો! આવ્યો...

• • •

# સફળ કરજે શ્રમ તું પ્રભો

## (ધીરા ભગતની કાફી)

આવ્યો છું હરિ મંદિરિયે રે, દર્શન કરવા રંક, પ્રભો!
ઉર ભાવભર્યું હું લાવ્યો રે, ચરણે ધરવા ભેટ, પ્રભો! આવ્યો...

મન જાણે છે કયમ કષ્ટો વેઠું હું મજલ કાપું થઈ આતુર;
વિકળ થયો ઉરે કળ ન પડે, નીકળ્યો હું પામવા તુજ નૂર;
દિલની આશ સમજી રે, સફળ કરજે શ્રમ તું, પ્રભો! આવ્યો...

અનુપમ ચારુ, અવર્ણ્ય એ રૂપની, શકે કળી ના ગતિ મતિ રંક;
તવ પ્રીતિદર્પણ હૃદયે જડિયું નવ નીરખી શકું કાંઈ હું રંક;
એ પડદો દૂર ખસેડી રે, દેજે દાસને દર્શ પ્રભો! આવ્યો...

નીરખીશ સાક્ષાત ઈશ શું નવ હું? જાશે ભાવભકિત શું વ્યર્થ?
રંક જીવ સદા શું રે'શે અભાગી? હૃદે ઊર્મિ વહી રહી શું વ્યર્થ?
કાળ શું મિથ્યા જાશે રે? કૃપા શું નવ મળશે? પ્રભો! આવ્યો...

યુગયુગનો પ્યાસી આવ્યો રંક હું, 'છીપશે તૃષા' જાણી તુજ દ્વાર;
ટટળાવે નાહક રંક શાને તું? અંતર્યામી! શું જાણે ના દુ:ખભાર?
દયા-અમીજળ છાંટી રે, શમાવજે ઊભરો, પ્રભો! આવ્યો...

પ્રેમે પોષ્યો પ્રથમથી રંકને, હવે સૂધ ન લે શું? વિભુરાય!
કાલાવાલા કરી પાથરું પાલવ, લાગું ઉરથી લળી લળી પાય;
ઉરમાં આનંદ ઊપજે રે, એવું સુખ દેજે પ્રભો! આવ્યો...

અંબુજ ખીલ્યાં શું નયનો માંડી, પ્રીતદીપિકા જગવી હૃદે નાથ!
ભાવધૂપ અંતરે પ્રકટાવી, બની પૂજારી આવ્યો પાસ;
પૂજા ઉરે એ સ્વીકારી રે ધન્ય કરજે રંક, પ્રભો! આવ્યો...

• • •

# શેં હાથ ધરે તું કાને પ્રભો

## (ધીરા ભગતની કાફી)

તારે શરણ પડયો છું રે, શું હાથ ગ્રહે નવ રંક પ્રભો!
વીનવું છું હું કર જોડી રે, શેં હાથ ધરે તું કાને, પ્રભો! તારે...

કઈ વિધિએ યાચું તવ કરુણા, સમજું ના એની દિલે રીત;
વિધિ-હીન રંક હું સ્મરું ભાવેથી, કરજે રંક-શું હરિ! પ્રીત;
કાંઈ અવર નવ માગું રે, એટલો છે દાવો, પ્રભો! તારે...

નમી હરિ! હું કરું વિનંતી, હાવાં હારીને હામ છેક;
મંદમતિથી કંઈ નવ થાશે, આપનું ધાર્યું ધારો નેક;
રહું હું હરિ! તુજ રાખ્યો રે, શિર પાડો તે સહું છું, પ્રભો! તારે...

નડવું કોને હરિ! કરે નહિ, નવ બને આ રંક જીવે કાંય;
તોયે જીવને ભોગવવું પડતું, હરિ! કો'ને એ કિયે ન્યાય?
કૃપા હરિ! જ્યાં કરતા રે, માનો કુડી કૃતિ, રૂડી પ્રભો! તારે...

ઉરેથી સાર નીકળતો એવો હશે દુર્બળ બહુ સંસ્કાર;
માર જ પડતો કૃત કર્મ કેરો, હરિ વિણ કો નવ એ હરનાર;
આપોને સ્હાય હાવાં તો રે, રવડી મરું છું રંક, પ્રભો! તારે...

પાલવ પ્રેમે પકડી રહ્યો હું, કેમે ન નીરખું હું વાટ;
આયુ, જ્યમ નદી-નીર વહી જાતું, રહું મન ધારી હું ઉચાટ;
રુચે એવી કૃતિ કરાવી રે, ખોળે લેજે રંક, પ્રભો! તારે...

માથું કૂટીને છાનો રહું હું, તપે ઉદ્વેગે હૈયાની આ કોર;
કરગરી વીનવું, કૃષ્ણ! કૃપાનિધિ! રડવું બાળકનું છે જોર;
હાવાં તો કૃપા-<u>તુંબી</u> રે, અર્પજે તરવા ઉદધિ, પ્રભો! તારે...
હોડી

• • •

## અરે! મનજી હો! શું સમજાવું વારે વારે હું તને?

તેં મૂકિયો ડહાપણમાં ન પૂળો,
શેં નાશ ન થયો તારો સમૂળો? અરે!...

જગમાં શૂરો નવ ટેક મૂકે,
પગલું ભર્યું કે પાછો ન ડગે. અરે!...

નિર્ભય થઈ હરનિશ તે ફરતો,
દૃઢ ધીરજ મનડે તે ધરતો. અરે!...

મોડું વહેલું નિશ્ચે મરવું,
શાને કાયર થઈ તો હઠવું? અરે!...

સમજી પૂરું તું નીસરિયું,
રણ મધ્યે શાને ડગમગિયું? અરે!...

થઈ શૂરા તેં પડતું મેલ્યું,
રહ્યું હવે તો ડૂબવું કે તરવું. અરે!...

વાવ્યાં બીજ, પણ તે નવ ફાલે,
હિસાબી ગણતરી અહીં ના ચાલે. અરે!...

જ્યાં સુધી મરી ભોંયમાં નવ ભળતું,
કેમે ફણગો થઈ નવ ફળતું. અરે!...

હવે કર્તાતણી શંકા વીસરી,
નવ થા તું ધ્યેયથી દૂર જરી. અરે!...

જ્યમ હરિ રાખે ત્યમ છે રે'વું,
સુખ દુઃખ આવે તે સહુ સ્હેવું. અરે!...

જ્વાળા એ પાવક પ્રેમ જળે,
એમ અકળાયે દા'ડો શું વળે? અરે!...

અણમોલી વસ્તુ સાંપડવી,
રસ્તે પડી નથી એ તો મળવી. અરે!...

લાખો જન ડૂબી ક્યાંય મર્યા,
રઝળ્યા, રખડયા નવ કેમે ઠર્યા. અરે!...

છેવટ સુધી હાથ ઘસી મરિયા,
કેમે પણ હરિ એ નવ વરિયા. અરે!...

સહેલી નવ વાતો, એ અઘરી,
તારે જાવાની છે એ વાટ ઠરી. અરે!...

• • •

# કરુણા કરજે દીનદયાળ

## (ધર્મ વિચારો રે ઘર થકી જેવો ઢાળ)

શરણ પડયો છું રે રંક હું, કરુણા કરજે દીનદયાળ!
જેવો તેવો રે તાહરો, બાંહ્ય ગ્રહી લે રંક કૃપાળ! શરણ...

પાલવ પકડયો રે મેં હરિ! તુજ વિણ અવર ન કો પ્રતિપાલ;
જાણી આવ્યો રે રંક હું, હવે છે માથે ગિરધરલાલ. શરણ...

ભટકતાં ભવમાં રે દાસને, વીતિયો કોટિ કાળ અનંત;
પાર ન પામું રે હરિ! હવે છું તુજ શરણે ભગવંત! શરણ...

આશા ભરિયો રે આવિયો, પ્રભુજી! તમે છો સર્વ સમર્થ;
હરિ! તુજ ચરણે રે હું ઢળ્યો, ઉઠાડે હાથ દઈ, સરે અર્થ. શરણ...

ધર્મ-ધોરિંધર તું હરિ! ફરીશ શું તુજ દ્વારેથી નિરાશ?
કરુણા-કટાક્ષો રે રંક પર, ફેંકી કરજો ન્યાળ આ દાસ. શરણ...

સાંભળો ઉરની રે વિનતિ, કૃષ્ણ! કૃપાનિધિ! લાગું પાય;
નિજનો કરી લ્યો રે બાળને, 'ના' નવ કે'તા, હે વિભુરાય! શરણ...

મન જે ભાવે રે તે કરો, આપ સમાન ન કો છે ઉદાર;
સમુદ્ર ન ખૂટશે રે અર્પતાં બિંદુ, રંક હું વિણ આધાર. શરણ...

• • •

# તુજ ચરણકમળે ધ્યાન જોડી, રંક સ્મરું હૈડે, હરિ!

## (હરિગીત)

તુજ ચરણકમળે ધ્યાન જોડી, રંક સ્મરું હૈડે, હરિ! (ટેક)

ભાવ-પુષ્પો હું પરોવી, પ્રેમ-શ્રદ્ધા-તાંતણે;
અંતર-ઉમળકે અર્પું હું, સ્વીકારજો ઉર-ભેટને. તુજ...

બીજું મળે નવ, રંક હું, હરિચરણકમળે અર્પવા;
હતું દાસનું જે દ્રવ્ય તે, દીધું સમર્પી રીઝવવા. તુજ...

કાંઈ હવે હું નવ કરું. રીઝવું ગમે તો રીઝજે;
પરવા હવે નવ દાસને, નવ ભાળશે કે રીઝશે. તુજ...

મન-ભાવતું તેવું કરો, કર્મે સ્વતંત્ર જ છો હરિ!
સર્વજ્ઞ, અંતર્યામી છો, કરું સોસ મનમાં શેં જરી? તુજ...

ચિંતા, મનોરથ, આશ સઘળી દૂર કરીને દિલ થકી;
તુજ ચરણકમળે ધ્યાન જોડી, રંક સ્મરું હૈડે હરિ! તુજ...

• • •

# કાર્તક માસ

## (દોહરા)

કોને જઈને હું કહું ઉર-વિતકની વાત?
સમસમી મારું દિલ રહ્યું, છે સૂની હૈયાની વાટ.
કંથે તરછોડી રંકને દાને દીધો ઉચાટ.
વલવલું છું હરિ! હું હવે રડું હું હૈયા-ફાટ.

કેશવ! નિર્દય શું થયા? પડયો વાંક શો ખાસ?
કાંઈ ન જણવ્યું દાસીને કરી મૂકી ઉદાસ.
પાલવ પાથરી વીનવું, રહે વિશ્વાસે, નાથ!
તેને તે આપ શું છેતરો? ઠગો ભોળાં શે? નાથ!

હાથ ઘસી હરિ! હું મરું હૈયું શોકે છવાય;
બળથી બોલાયે ન દાસીથી, મળવા મન અકળાય.
કાર્તકે સૃષ્ટિ સંતોષવાં, માણે ઉર આનંદ;
એકલી દીવાની હું થઈ, કરું હૈયે આક્રંદ.

નહિ જેવું મળવાનું કરી, ઊલટું ખાળ્યું છે દિલ;
દાસી વધુ હું શું કહું? શું દુઃખ વર્ણું જે દિલ?
ઉરનાં સ્વજન જે હોય છે, દે છે અનુપમ સુખ;
પ્રાણજીવન મમ ઉરના! દેવું ઘટે શું દુઃખ?

સંદેશો ઉરનો પાઠવે, તવ કિંકરી, પ્રાણ!
હ્દયે જાગી તવ પ્રીતડી, તલસે દાસીના પ્રાણ.

• • •

# માગશર માસ

## (દોહરા)

'શું થાતું?' શું પૂછતા? ઉત્તર નવ દેવાય;
ડૂમો કેમે નવ શમે, અંતર આ વલોવાય.
અનિમિષ નયને હું ટીકી, જોઉં માગશરે માર્ગ;
મન આકુળવ્યાકુળ થયું, આવે કેમે ન તાગ.
આભૂષણો સોળે સજી, ધરી અવનવી આશ;
'હમણાં હરિ!' હવે આવશે, મીટશે ઉરની પ્યાસ.

નિહાળી આંખો ઊંડી ગઈ, નયને વહે છે નીર;
સ્નાન કરું અશ્રુનીરમાં, શકું ધરી શેં ધીર?
મનનાં મનોરથ મનમાં રહે, એ ના સધાય;
તારે ખોળે શીશ મૂકિયું, બાકી રાખ્યું ન કાંય.

સઘળું દિલમાં જે હતું, દીધું સમર્પી, નાથ!
ઉર મારું પણ નવ રહ્યું, ઝાલ્યું રહે નવ હાથ.
દુ:ખ કહેવાય ન કોઈને, ધીકી હૈયાં જાય;
હાથે કરેલાં હૈયે વાગિયાં, નવ બીડયું રહેવાય.

તરછોડી અધવચ દાસી શેં? મારા ઉરના વિશ્રામ!
વાલમજી; તલસી રહી, દૂર કરશો ન શ્યામ!
મરણ આદરી હવે હઠ લઉં, ના'વે પ્રીતમ તજું પ્રાણ;
પ્રીત કરી હવે શેં હરિ! તલસાવો ઉર પ્રાણ.

• • •

# પોષ માસ

## (દોહરા)

**પોષે** શીતઋતુ દાખવે, હૈયું કંપતું ખૂબ;
વાલમ-ગોદ મળે મીઠી, પામું હૈયે હૂંફ.
**પોષે** પુષ્ટ ન હું થઈ, હૃદયે લાગ્યો શો રોગ?
ઉરે કળ કાંઈ નવ પડે, ગળે ગળાવે એ રોગ.
હેતે કરી હૈડે સ્મરું, ઝંખ્યાં કરું નિશદિન;
ઝૂરી ઝૂરી દાસી મરું, જ્યમ જળ-બ્હાર મીન.

શાને નમેરા હરિ! થયા, હૈયાં કરતાં શું ભંગ?
ઉમેદો બર આવી નહિ, હૈયું ઉદ્વેગે તંગ.
હરનિશ હરઘડી ઉરથી, વીસર્યા ન વિસરાય.
પ્રીત કરી શેં પીડવું? આવા નગુણા શે? રાય!

પ્રેમ પુરાણો, નવ તૂટે કેમ તોડાવ્યો, નાથ!
દિલે હરિ! એ જડાઈ ગયો, જ્યમ રેશમ-ગાંઠ.
વ્હાલભર્યું હૈયું રંકનું, નયને નીતરે પ્રેમ;
પ્રીતમ પ્રીતે ઉર લ્યો નહિ, એવો લીધો શું નેમ?

ટાઢ શિયાળાની પડે, દૂર તાપ ન થાય;
પ્રીતમ હાથ આવે નહિ, પીડ ઉર ન સ્હેવાય.
કરગરી, કરગરી વીનવું, લાગું પ્રીતમજી! પાય;
આવો, આવો રે, ઉરના સાહ્યબા! દુઃખ દૂર કરવા રાય!

• • •

# મહા માસ

## (દોહરા)

**મહા** માસે ધીરે ધીરે, વસંતે ફાલે બ્હાલ;
નવજીવન સૌ પામતાં, હું એક ન પામી ફાલ.

ચેતન, ચેતન સહુ સ્થળે, સર્વે ઉલ્લાસમાંય;
આકરો મહા માસ આવિયો, કેમે જીવ્યું ન જાય.
તસતસી દિલ છે રહ્યું, મ્હાલ્યું જોબન અંગ;
પિયુ પરદેશે જઈ વસ્યો, વિરહ વ્યાપે છે અંગ:

હાવાં સ્હેવાતું ન ઉરથી, કહું કરગરી, નાથ!
ચતુર! શું પ્રીછો ન પ્રેમને, આતુર અબળા અકળાય
પ્રીતમ પાખી હું સખી! થઈ વ્યાકુળ તન;
ઉરનું દુઃખ ઉરમાં શમે વાધે તાપ અનંત.

અભિલાષા અબળાતણી, કેમે નાવે કહેણ;
પિયુ રીઝે, પુરણ કરે, શું હું વર્ણું રે વેણ?
મ્હોરે આંબો ફાલ્યો રૂડો, ફાલ્યાં કેસુડાં વન;
રંકનું નસીબ રંક છે, મૂંઝાઉં છું હું મન.

લોક વસંતને ઊજવે, માણે છે રૂડી લ્હાણ;
એકલીને કરમે લખ્યું, કૂટું કર્મે હું પ્હાણ.
રંક ટળવળી હું મરું, માગું લળીલળી પાય;
નાથ! દયા કંઈ દાખવો, પૂર જોબન જાય.

• • •

# ફાગણ માસ

## (દોહરા)

**ફાલ્ગુને** આનંદથી, ફાગ ઊડે ભલી ભાત;
ફાલ્યું ઉર ન રંકનું, કરતું મન વલોપાત.

સર્વે જનો હોળી રમે, ઊડે આનંદ ઓઘ;
પ્રેમ-પાવક જ્વાળા ઉરે, ઊઠે અંગાર-ઓઘ.
પાપ કિયા ભવનાં નડયાં, રહે નવ નિકટ નાથ?
વેરી થઈ પિયુ પીડતો આવે કેમે ન હાથ.

આધાર અબળાના તમે, મૂકો શેં નિરાધાર?
આથી પ્રકટ હું શું કહું? સમજો સાનમાં સાર.
પ્રેમપંથેથી હઠી હતે, કળ્યું હત નવ રૂપ;
પ્રજ્વળી આટલી જાત ના, સ્હેવો પડત ન ધૂપ.

કોઠીમાં મોં ઘાલી હું રડું, ધરે શેં નવ કાન?
જેનું લેવું, દેવું તેહને, એનું ભૂલે શેં ભાન?
તાણથી વેણ વદું, હરિ! રખે લાવતા રીસ!
પ્રીતમજી! કહું છું ખરું, છળો છો ખોટે મિષ.

પોષી પ્રથમથી દાસીને સિંચી પ્રેમે વેલ;
ધીકી અનળે હું રહું, શેં રેલાવો ન રેલ?
ભાવપુષ્પો ચૂંટી ઉરથી પરોવી શ્રદ્ધા-તંત;
અર્પું ઉમળકે હું હરિ! કયારે મળશો ભગવંત?

• • •

## ચૈત્ર માસ

### (દોહરા)

એક દુઃખ હૈડે રહું, રંક થઈ નિઃસંગ;
**ચૈત્રે** નિર્મળ ચાંદલો બાળી મેલે મળ અંગ.
**ચૈત્રે** બ્હાવરી હું બની, પડે ઉર નવ ચેન;
પ્રીતમ આવે જો સખી! જાગું હું સારી રેન.
સ્મરણ દિનરજની કરું, તોયે લાધ્યું ન સુખ;
શિરે પાડો જે જે હરિ! સહીએ અણબોલ્યાં દુઃખ.

છોડાવ્યા હવે નવ છૂટો, નવ વીસર્યા વિસરાય;
સાપે છછૂંદર જેમ ગળ્યું, તેવી પામી દશાય.
જ્યારે ખોલું રંક હું, તુજ ચરણે હું ઉર;
આગ ભભૂકતી ત્યાં થકી, જ્યમ ધૂણીથી એ હુર.

ઉર પય ઊભર્યું અગ્નિથી કેમે એ નવ સમાય;
શીતળ જળ હરિ! જો બની વરસો, તો સુખ થાય.
વસમું વસમું લાગતું, એકલડું ઘરમાંય;
મ્હેર કરી હરિ ઉર વસે હૈડે હરખ ન માય.

દેખવું ને દાઝવું રહ્યું, ઉરે વળે ના જંપ;
સૂઝે ન, શું કરું, દિલમાં ઉરે લ્યો શેં ન કંથ?
કહેવું વધુ શું આપને, અંતર્યામી છો નાથ!
વધુ ન તપવી દાસીને, લ્યો ઉર, ચાંપી બાથ.

• • •

# વૈશાખ માસ

## (દોહરા)

**વૈશાખે** ઝૂરું પિયુ વિના, દિલડું બહુ અકળાય;
ટળે વિષમતા ન ઉરથી, ન સૂઝે એકે ઉપાય.
**વૈશાખે** વિધવા સમ હરિ! રંડાપો શોભે શીર;
માથે છતાં જીવતા વરે, રંક છે તગદીર.
તુજ વિના હરિ! ઉરનું કોણ મળે જગમાંય?
હાથ માથે જે ફેરવે હૃદયે શાંતિ છવાય.

કટક કીડી પર આવિયું, તોય ખોલું ન દ્વાર;
શું અધિકારી રંક ના ચૂમવા તુજ પાય?
લળી લળી હરિ! વીનવું આતુર લાગું ન નાથ!
કે નવ દર્શાવે પ્રેમ તું? ક્યારે ટળશે તાપ?

અંતરતણા ઊંડાણથી શ્રદ્ધાભાવેથી રંક;
ચરણકમળ તવ ભીંજવું તોયે લેશે ન અંક?
જેવું તેવું ઘર, તમ તણું જાણી કરજો વાસ;
દયા દામોદર દિલ ધરી અર્પો ઉર-વિલાસ.

ઉરનું કો અહીં નવ મળે જઈ જેની હું પાસ;
ઊભરો કાઢું દુઃખનો કે વળે હૈડે હાશ.
ઉરના સ્વજનની પાસ હું, રડું હૈયાનું દુઃખ;
રંક હૈયું હળવું કરી, અર્પજે ઉર સુખ સંદેશ.

• • •

## જેઠ માસ

### (દોહરા)

**જેઠે** તાપ ઘણો કઠે, હૈયું લખલખ થાય;
ઉરનો તાપ પીડે વળી રંકે સહ્યું ન જાય.
**જેઠે** હૈયાનું હાર્દ તો સમજી દો દુઃખ રંક;
દાસી વધુ શું કહું? ઘટે તમને ન, કંથ!
હૈડે મારે દુઃખ જે વસ્યું, સઘળું કહ્યું ન જાય;
વાણીએ કયમ કરી વર્ણવું? દુઃખ-ઉદધિ છલ્કાય.

ગમ પડે કાંઈ નવ હૃદે ઉરે મૂંઝવણ થાય;
કયાં રે! જઈ જાણે હું વસું? હૈડું શીતળ થાય.
'જગતનો છેડો ઘર' હરિ! જાણી આવી છું ઘેર;
ઘેર આવી ત્યારે પીડતો કાઢવું જૂનું શું વેર.

રંકે ઊલટથી પ્રીત કરી; નવ આણે શું હેત?
પેસી જઈ કળથી કરી ખોસે પાળી શું પેટ?
અખંડ જાપ જપે હરિ! નાવે સુખની લ્હાણ;
સન્મુખ ઝૂમે જો ઉરે તો તો પામું ઉર-લ્હાણ.

ફાલી,ફુલી પણ નવ ફળી એવી ઉર મ્હોંકાણ;
કથની વીતકની શું કથું? હવે ઉર દયા આણ.
નાકલીટી તાણી, ઉરથી, વીનવું પ્રેમે રંક;
હૈડે ચાંપી વ્હાલથી દેજો સુખ અનંત.

• • •

# અષાડ માસ

## (દોહરા)

**અષાડે** આવી વાદળી, વરસ્યા વિણ ગઈ નીર
જાણે દેતી છાંયડી, પણ તપવે ઉર ધીર.
**અષાડે** અબળા ઝંખી રહી, બાળે જોબન વેશ;
પૂરણ પાપ કિયાં ફળ્યાં નાવે પિયુ અમ દેશ.
વાટલડી જોતી ઊભી રાખી ધીરજ ઉર;
લોતી પાલવડે આંસુડાં, થયા પ્રીતમ શું ક્રૂર?

અધવચ શાને મૂકી હરિ! કરી ઉર-આશ ભંગ?
ચિતડું કંઈયે ન ગોઠતું વળ્યું વળે ન અંગ.
અકારી આજે શું હું થઈ? જોડી દુઃખને શકટ.
તરછોડી શાને ભામિની? શોભે થવું શું નફટ?

રડી રડીને હું કહી ચૂકી દિલની મમ વાત;
તમ ગળે ઊતરે નહીં કમ-બલિહારી વાહ!
નિજના જાણી હું હરિ! કાઢું વરાળ મન
જાણે દયા કૈં લાવશો એમ ધાર્યું'તું મન.

રસિયા! લાવ્યા શું મનમાં? કહોની પીડો શેં શ્યામ?
મટકું દઈ છટકી ગયા, આવો વીનવું ધામ.
અંજલિ અંતર અશ્રુની અર્પું પ્રેમે હરિ-હાથ;
ક્યારે રે ઉરના ટાળશો તાપ હૈડે લઈ, નાથ!

• • •

## શ્રાવણ માસ

### (દોહરા)

**શ્રાવણે** વરસે છે વૃષા; આછા પલળે ચીર;
જ્યમ નીતરે રંગ ચીરનો, વહે ઉર ત્યમ સ્નેહ-નીર
**શ્રાવણ** આશામાં ગાળીઓ, ઉર ઉમેદ અપાર;
નાથ વિજોગણી નાથ હું, આવે ઉર એ વિચાર.
પ્રીત કરી શે પરહર્યા? મૂકી ઠેલ્યાં શેં ઠેઠ
રહેવાયું નવ ત્યારે બોલું છું, ફાળ પડી છે પેટ.

'સુખ દેવું ના' શું ચહ્યું, નાખી પાશમાં નાથ!
ભાન ભૂલી હું તનનું નાવ્યું મન પણ સાથ.
વાંક કાઢું હું પ્રીતમનો, નાર મુર્ખ છું નાથ!
વક્રવદન ત્યાં દોષ હું કાઢું દર્પણ સાથ.

કહોને પ્રીતમજી શું કહું વલવલે છે પ્રાણ!
જેવી તેવી તમ કિંકરી, પડી છું પાલવ પ્રાણ!
વિશ્વાસે રાખી શું છળવાં? કરતા કસાઈ કામ;
તોયે ન્યાયી ગણાવ છો, મારા ઉરના આરામ.

હાથ ગ્રહી તરછોડવાં, છીનવી તરસ્યાથી નીર;
પડાવી લીધો શેં આવેલો હોઠ કોળિયો ખીર?
આશ અમર મારે દીલડે આવશે કો દી પાસ;
હૈડે ચાંપી મને પ્રેમથી પૂરશે ઉર આશ.

● ● ●

# ભાદરવો માસ

## (દોહરા)

**ભાદરવે** ભલી વીજળી ઝબૂકે ત્યમ ઉર સ્મર્ણ;
ઝબકી જાગી,ભાળું ના, દુઃખ પામું જ્યમ મર્ણ.
**ભાદરવે** ઝડીઓ પડે, હોરી વરષે અનંત;
રાતદિવસ રોઈ રેલવું હેલ હું ભગવંત!
ગગને ઘન ગાજે ઊંડા ત્યમ પાડું ઉર સાદ;
ગરજી વરસે મેહુલો; સૂણે શેં નવ દાદ?

તલસે મન મળવા ઘણું ન્યાળું હું દશેય દિશ;
મર્ણ આથી અદકું ભલું, હોંશે અર્પું હું શીશ.
કોર્યું કાળજડું કાનુડે, ઉર ઊભળ્યું છે શૂળ;
સ્વપ્ને ભેટી છટકી ગયા; દીધું દાઝ્યા પર લૂણ.

પહેલેથી કૈં નવ ચેતિયાં, કે છે પ્રીતમાં પીડ;
અનુભવું છું રંક તે હવાં; આ શો ઉદ્વેગ અદીઠ!
કો આગળ જઈ ઠાલવું, મનનો આ ભાર?
લોક ન સમજે આ વાતમાં ઊલટી માને ગમાર.

દુઃખમાં લ્હેરો આવતી, ડસ્યો જાણે ભુજંગ;
ઝેર કેમે નવ ઊતરે પિયુ ચૂસે નહિ ડંખ.
પ્રાણ પ્રોવાયો રહે દાસીનો છીપે ઉર ન પ્યાસ;
કાળજાનું દર્દ કાં, લહી પૂરે નવ તું આશ?

• • •

# આસો માસ

## (દોહરા)

શરદપૂનમનો ચાંદલો, ચમકે પૂર્ણ પ્રકાશ;
સારી રજની જાગું હું પિયુ-મિલનની આશ.

આશે આશા બહુ વધે, પિયુ આવ્યાની તન;
લીન થઈ એ વિચારમાં, અર્પી તન, મન, ધન.
જીવન ન્યોછાવર કર્યું, બીજી ઉર નવ આશ;
દિલે રાખી બસ એકલી મોહન મળવાની આશ.

કરુણાનિધિ કહાવો, કંથજી! કરશો રંકને મ્હેર;
એ જ આશે વળગી રહી, માણવી મોજ ઘેર.
ચતુરાઈ દાખવો રંક શું જાણું છું તવ ભેદ;
ન્યારા થઈ ખેલો તમે, ઊપજે દાસી મન ખેદ.

રહી આશ્રયે હું શ્રેષ્ઠને, માન્યું પામીશ સુખ,
દર્શ અધૂરું અર્પીને, આપ્યું ભેટમાં દુઃખ.
હૈડે લઈ ચાંપો દાસીને,પામું દિલે હું હાશ;
નિમિષમાત્રમાં તો ફળે ભવોભવની આશ.

કોટી ચંદ્ર સમા હરિ! હૈયે વ્યાપો આપ;
કરવા સમર્થ જો મન લહો, જાણું તમ પરતાપ.
દાસી પરે દયા કરી, ત્યારે ભાળ્યું મેં દર્દ
વિના કૃપા ક્યમ રંક હું, જાણું પ્રીતિનો મર્મ?

• • •

# કહોને કાનજી! ક્યારે પૂરશો મનોકામના

## (ધીરા ભગતની કાફી)

ઉન્મત હરિ! મન બનિયું રે, તલસે હવાં તમ દર્શ, પ્રભો!
ઓરા આવીને સલુણા રે! શીતળ કર સ્પર્શો, પ્રભો! ઉન્મત...

રળિયામણી રજની ખીલી’તી, પોઢી’તી મીઠી નિંદર માંહ્ય;
સ્વપ્નામાં સાહ્યબો રમવા આવ્યો, ઉર-આનંદ વર્ણ્યો ન જાય;
દાસીને આમ ભેટી રે, હૃદયે તાપ જગવ્યો, પ્રભો! ઉન્મત...

હફાળી સફાળી જાગી ઊઠી હું, જોવા મથું એ રસરૂપ શ્યામ;
છોગાળો છેતરી છટકી ગયો શું? દાસી મૂકી ઝૂરતી ઉર ધામ;
સંભારી સુખ સ્વપ્નનું રે, ભીતર ભડકા ઊઠે, પ્રભો! ઉન્મત...

મંદ સ્મિતભર્યું મુખડું મલકે કોટિ ચંદ્‌જ્યોતિ સમ રૂપ;
રંક જાણું ના, કિયે નયને નીરખ્યું, સાગર વર્ણવે શું મેડક કૂપ?
દર્શ દઈ મધુરું દાસીને રે ભેટમાં આપ્યું દુઃખ, પ્રભો! ઉન્મત...

જોબનવંતી, પિયુ વિણ ઝૂરતી, સંસારે પામે દુઃખ અનંત;
કોટિ અદકું એથી ઉર થાતું; લ્હેરો આવે છે ડસિયો જેમ ભુજંગ;
ડંખ ચૂસી હાવાં ઉરનો રે, અર્પજે હૃદે શાંતિ, પ્રભો! ઉન્મત...

તનમનાટ મારે હૈડે છે વાધ્યો, ઢૂંઢતી રહું અંતર શ્યામ;
કહોને કાનજી! ક્યારે પુરશો મનોકામના, વલવલે પ્રાણ;
ઉરે સુખ એવું અર્પજો રે, ભૂલું તવ હું વિજોગ, પ્રભો! ઉન્મત...

• • •

# વસ્તુ એ અણમોલી હૃદયની

હે મનવા વસ્તુ એ અણમોલી હૃદયની હરિજનને ઉર ઠરે (ટેક)

સર્વે જન નવ માણી જાણે, સાચી પ્રીતિ ઉરે;
જળથી કાઢયે દાદુર જીવે, ટળવળી મત્સ્ય જ મરે. હે મનવા!...

હોયે દુઃખ પ્રીતિમાં તદપિ, હરિજન મન નવ લહે;
ચકોર ભાવે અગ્નિ ખાયે, અવર તે મન નવ ચહે. હે મનવા!...

ચાતક સ્વાતિજળ વિણ ઝૂરે, ટેક ન ચૂકે, મરે;
પતંગ જાણે, મૃત્યુ થાશે તદપિ દીપકે ઠરે. હે મનવા!...

જેમાં પ્રીતિ જેની ચોંટે, તેનું મન ત્યાં ઠરે;
મધુકર કોરી કાષ્ઠશકે તે ઠરી કમળે જઈ મરે. હે મનવા!...

વ્યસની જે જન જેનો હોયે, તે મળતાં ઉર ઠરે;
અવર ચીજ અણમોલી આપે, મન-સંતોષ ન ધરે. હે મનવા!...

દેખાદેખી જે જન કરશે, અધવચ કુટાઈ મરશે;
જગમાં સઘળા હાંસી કરશે, અંતે દુઃખને વરશે. હે મનવા!...

• • •

# જીવનદોરી સોંપી હરિ! હેતે કરી પ્રભુ! દોરજે

## (હરિગીત)

જીવનદોરી સોંપી હરિ! હેતે કરી પ્રભુ! દોરજે;
હરિ! જાણી બાળક નિજનો પ્રભુ! પ્રેમે રંકને પાળજે. જીવનદોરી…

અનાથ બાળક છું પ્રભુ! હરિ-સ્હાય વિણ રવડી મરું;
લળી લળી હું પાય લાગું, ભાવે ભૂધર ભાળ તું. જીવનદોરી…

દર્દ હૈડે છે ઊબળતું, ધારે, માધવ! તારે તું;
હાવાં હદ થઈ; વ્હાલ કર તું; ભવની ભીડો ભાંગ તું. જીવનદોરી…

કાંઈ રંક જીવે ન બનતું ધાર્યું હરિનું તો થતું;
તેથી મન વિશ્વાસે રહેતું, યત્ને બળ પ્રભુ! પ્રેર તું. જીવનદોરી…

અખંડ ચેતન સ્ફુરે હૃદયે ભક્તિ ઉર જાગ્રત રહે;
હરનિશ મન હરિમાં રમે એ માગ્યું દેજે દાસને. જીવનદોરી…

એ હાથ ધરી હરિ! માગું હું; પ્રભુ પ્રેમે બાળને અર્પ તું,
કાંઈ અવર નવ યાચું હું હે તાત! તારી પાસ હું. જીવનદોરી…

• • •

## લાખો નિરાશા એવીમાં, આશા-કિરણ કો દી મળે

### (હરિગીત)

લાખો નિરાશા એવીમાં, આશા-કિરણ કો દી મળે. (ટેક)

પ્યાસ મીટવા ઉરની, ગરદન મૂકી હું વેગળી;
જખમો સહું દુનિયાતણા, દિલ આશ કેમે નવ ફળી. લાખો...

જો! ઉર ચિરાતું રંકનું; નવ રે'મ કાંઈ શું કરે?
'તું મળીશ' એ આશ જગવી રંકને શેં છેતરે! લાખો...

વીતાવું છું રો રો કરી હું જિંદગી જુદાઈની;
ઠરી ઠામ બેસું 'હાશ'થી નવ કર્મગતિ એ રંકની. લાખો...

દુઃખોદધિ છલકાય હૈયે, હામ હારું નહિ કદી,
સુખભેટની આશા દિલે ઉત્સાહ ને રસ પ્રેરતી. લાખો...

દુઃખ દવે પણ છાંય સુખની દૂર દૂર ભાળી હું ઠરું;
દિલ રંકના એ તડપવામાં ઓર લ્હેર કંઈ લહું. લાખો...

હરિમિલન કાજે કતલમાં ઊંડી રહમ્ પ્રભુની વસે;
અગમ શોધે જે ડૂબે ઉરમસ્તી ઓર અનુભવે. લાખો...

નિષ્ફળ કરે શું રંક સ્વપ્નાં આશ અર્પીને ઉરે?
બતલાવી વારિ તૃષિતને શેં દૂર કરી દુઃખી કરે? લાખો...

જીવનદોરી આશ ઉરની, તું; તૂટ્યે ક્યમ પાલવે?
લાખો નિરાશા એવીમાં આશા કિરણ કો દી મળે. લાખો...

• • •

## શરણે તારે પડિયો પ્રભુજી, હૈડે લઈ દુ:ખ ટાળો

### (પ્રહલાદની પાટીનો ઢાળ)

ચરણકમળમાં બાળક ઢળિયો, જાણી માથે તુજને;
આજ સુધી ઘર બાપ! ન જાણ્યું, ભાવે રાખજે મુજને. પ્રભુજી...

જેવો તેવો બાળક તારો, તાત! ઢળ્યો તુજ શરણે;
હાથ દઈને સ્હાય કરી તું ઉઠાડી, લેજે હૈડે. પ્રભુજી...

જીવન ઘુવડ સમ વીતવ્યું મેં, જાણી જાગ્યો છું હું;
'જીવવું મરીને' રંક શિખ્યો હું ઢળી તારે દ્વારે હું. પ્રભુજી...

બુદ્ધિ, બળ, ચતુરાઈ, યૌવન, ધન, મન, અર્પ્યાં પ્રીતે;
પરવારી દિલ બેઠો અર્પી રાખો પાસે નિત્યે. પ્રભુજી...

સગાં, સહોદર, સર્વમાં શ્રીજી! જે કહો તે મારે;
જીવનદોરી આશ તું મારી વ્હેલો ચઢજે વ્હારે. પ્રભુજી...

બોલ્યા વિણ મારું દુ:ખ જાણી હૈડે જાપ જપાવ્યો;
<u>પ્રતીતિ હૃદયે રંકને જગવી દૂર શેં અંકથી હઠવ્યો?</u>
પ્રતીતિ જગવી રંકને શાને અંકથી દૂર હઠાવ્યો? પ્રભુજી...

વીતવ્યામાં કાંઈ બાકી ન રાખી હદ થઈ, નવ સ્હેવાયે;
જુદાઈ જીવન ઉર સાલે ઉર લો, બાળ સમાયે. પ્રભુજી...

• • •

# હરિરસ દુરિજન મન નવ ઠરે

## (ચિત તું શીદને ચિંતા ધરે એ ઢાળ)

દુરિજન મન નવ ઠરે, હરિરસ દુરિજન મન નવ ઠરે. (ટેક)

કોલસો ધુઓ લાખો મણ પયથી,પણ કાળપ નવ હરે;
દાટી રાખ્યે સીધી ન થાયે શ્વાનપૂંછ ક્યમ કર્યે. હરિરસ...

લાખો ઔષધી કંઈ કંઈ સેવ્યે નપુંસક પુરુષ ન ઠરે;
ગાયની સાથે ગદર્ભ બાંધ્યે ગુણ ગૌ ઉર ન ધરે. હરિરસ...

બાધા આખડી રાખ્યે દેવોની, વંધ્યા ગર્ભ ન ધરે;
નીંબતણા વૃક્ષે અમૃત સીંચો તો પણ તે કટુ રહે. હરિરસ...

સાકર ભેળ્યે વિષની સાથે, પણ તે ખાધે મરે;
આઠે પહોર ઉકાળો તોયે ગાંગડું કેમે ન ચઢે. હરિરસ...

નીચાણે નદીનીર જે વ્હેતું ઊંચું કેમે નહિ વહે;
કોટિ યત્ને સાફ કરો પણ ઠીકરી બિંબ ન લહે. હરિરસ...

વ્યભિચારિણી નાર જે મનથી પિયુ શું પ્રીત ન ધરે;
વિષ્ટાભોગી મક્ષિકા જે કમળે કદી નવ ઠરે. હરિરસ...

વેદશાસ્ત્ર, પુરાણ પઢયેથી ઉરથી રસ નવ ઝરે;
અવર જનેથી યત્ન કર્યે બહુ સ્વભાવ, મત નવ ફરે. હરિરસ...

મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ નવ ભરે;
ચસકો જેને જેનો પડિયો તેનું મન ત્યાં ઠરે. હરિરસ...

લાખ જતન કર્યે સંસ્કાર વિના તે સદ્‌વસ્તુ નવ ગ્રહે;
મેલું ને વહેતું જળ પૂરતું કદી પ્રતિબિંબ ન ગ્રહે. હરિરસ...

• • •

# ઉર શાંત પાડી રંકનું, નવ રીબવ હાવાં શ્રીહરિ

## (હરિગીત)

ઉર શાંત પાડી રંકનું, નવ રીબવ હાવાં શ્રીહરિ; (ટેક)

તડપતું જો! દિલ તૂટે માશૂક સાંઈ! દર્શ દે;
રંક-શું ચતુરાઈ દાખે છો સમર્થ, જો મન લહે. ઉર...

સંતાપવાની ટેવ પડી શી! વિનવું લ્યો હૃદેયમાં;
માને તું તો 'છે રમત આ' પણ રંકથી સ્હેવાય ના. ઉર...

તારે પાલવ જે પડે હરિ! ભાર લઈ લે તું શિરે;
રડવું રહ્યું શે રંક-કર્મે? આશ ઉર કાં નવ પૂરે? ઉર...

શ્યામ! ગોકુળ! રંક વિણ આનંદ અર્પે જગતને;
'કર્તુમ અકર્તુમ અન્યથા કર્તુમ' સમર્થ જ, લ્યો ઉરે. ઉર...

હૃદકલશથી પ્રેમવારિ શ્રધ્ધાની તર્જનીથી કરી;
અભિષેક કરી હું વિનવું શેં દર્શ નવ દે શ્રી હરિ! ઉર...

• • •

## નિત્ય વર હરિ! માગું ‘એ વીસરીશ ના ઉર-પ્રીતડી’

**(હરિગીત)**

નિત્ય વર હરિ! માગું ‘એ વીસરીશ ના ઉર-પ્રીતડી’ (ટેક)

મતિમંદ જાણું નવ કશું, આસક્ત ચિત્ત ઠરે નહિ;
વિશ્વાસથી વળગી રહ્યો હરિ! બિરદ તારે હું સહિ. નિત્ય...

રંક હૃદયે નહિ વસે ગુણ તું રીઝે એવા, હરિ!
અવગુણ જોઈ વીસરે તો થાશે ફજેતી જગમહીં. નિત્ય...

કર્મ, મન,વચને કરી શરણે પડી હરિને ભજે;
તેનું બધું હરિને ગમે એ રીત મન! શેં નવ લહે! નિત્ય...

દીનબંધુ પતિતપાવન રંક હૈડે હું સ્મરું;
પ્રીત-રીત ઊંડી હું ન સમજું તુજ ભરોસે હું ઠરું. નિત્ય...

• • •

# આ રંકને ઉરે લઈને સુખ બતાવો નિજતણું

## (હરિગીત)

આ રંકને ઉરે લઈને સુખ બતાવો નિજતણું (ટેક)

મોહન માન્યો મનનો મેં જંપ ઉર કંઈ નવ વળે;
શું કરું જેથી હવે હરિ! આવી હૈડે તું મળે? આ રંકને...

દિનરાત વીનવી વીનવીને થાકી મરું છું રંક હું;
આતુરતા આ દિલ વધે ત્યમ રંક હું મૂંઝાઉં છું. આ રંકને...

પડતો હરિ! તુજ નામ શ્રવણે રંક દિલ કમકમી ઊઠે;
પ્રસ્વેદ ઉરથી તો વછૂટે વિજોગ-રોગ એ શેં મટે? આ રંકને...

પ્રેમ-પીડાની ઉરે કો આગળે કથની કથું;
ત્રિભુવન મહીં હરિ વિણ નહિ માણે કહીંયે મન કશું. આ રંકને...

મન,ચિત્ત, હૃદ આ રંકના નીરખી રહ્યાં તુજ વાટડી;
ક્યારે હવે હરિ! આવશો? તલસાવતી ઉર-પ્રીતડી. આ રંકને...

હું દીન પાલવ પાથરી કર જોડી હરિ! હું વિનવું;
આ રંકને ઉરે લઈ સુખ બતાવો નિજ તણું. આ રંકને...

• • •

## રે! જીવનદોરી

રે! જીવનદોરી સોંપી શીદ ડરીએ?
કે નિશ્ચિંત થઈ હરિને ભજીએ. રે! જીવનદોરી...

રે! ઉદ્વેગ અંતર તું ધરશે;
રે! કારજ તેથી શું સરશે?
કે ધાર્યું હરિવરનું થાશે. રે! જીવનદોરી...

રે! છે માથે ધણી હરિના જેવો;
રે! જ્યમ રાખે ત્યમ રહેવું ટેવો;
કે અંતર ઉદ્વેગ શેં ધરવો. રે! જીવનદોરી...

રે! રાખી ભરોંસો હરિવરનો;
રે! ચઢવાનું છે પછી ભય શેં ધરવો? રે!
કે હરિ પ્રેરે ત્યમ નિશ્ચય કરવો. રે! જીવનદોરી...

રે! બાળક ચિંતા નિજ નવ ધરતું;
રે! શરણે માતાને એ રહેતું;
કે ત્યમ ચિંતા છોડી શરણે રહે તું. રે! જીવનદોરી...

રે! શરણે જઈ એને જે ઠરતો;
રે! ચલાવ્યું હરિનું ડગ ભરતો;
કે નિર્ભય થઈ હરનિશ ફરતો. રે! જીવનદોરી...

રે! હરિ રસસાગરમાં ઝૂલે;
રે! એક રસ-કણિકા ન હૈયું ધરે;
કે ક્યમ એવું ઉર હરિ પુષ્ટ કરે? રે! જીવનદોરી...

રે! અમે અબળાજન શું કરીએ?
રે! સાધનબળ નવ; શેં તરીએ?
કે હરિ! તારે આધારે રહીએ. રે! જીવનદોરી...

રે! જીવન ન્યોછાવર કરીએ;
રે! હરિ મનસંતોષ ક્યમ કરીએ!
કે ઉર-ઊર્મિ શું શું તને દઈએ! રે! જીવનદોરી...

• • •

# નિષ્કામ ભક્તિ

## (હરિગીત)

હાથી મુકાવ્યો ગ્રાહથી પણ ભક્તિ તે કે'વાય ના;
દ્રૌપદીનાં ચીર પૂર્યા ભક્તિ તેય ગણાય ના.

કામના મન રાખીને ગોપીજને સેવ્યા હરિ;
ભક્તિ સકામ ધરી ઉરે ને કાર્ય સાધ્યાં છે સહિ.

મમતા, અહંતા દિલતણી એ જ્યાં સુધી ટળશે નહિ,
ભૂલે ન 'હું' ને મારું જો, દિલ ત્યાં સુધી ગળશે નહિ.

'કર્તા હરિને હું અકર્તા નીચનોયે નીચ હું'
ભાવ એ હૃદયે ધરી વસવું જઈ શરણે પ્રભુ.

ચરણારવિંદનું સુખ પણ નવ અંતરે ધરવું સહી
ને મનોરથ, કામના ઉર અવર કાંઈ રહે નહિ.

દીનતા રાખે હૃદયમાં મન,વચન, કર્મે કરી
'ઇચ્છા હરિ! તારી ફળો' એમ મન ધારે વળી;

'હૃદયે જ પ્રાણીમાત્રના પ્રભુ વસે છે' મન લહે
હંમેશ હરિના સ્મરણમાં તદ્રૂપ જેનું મન રહે.

વર્ણવ્યું ઉપર બધું જેના જીવનમાં ઊતર્યું,
યંત્ર તેનું દોરશે હરનિશ યંત્રી રહી પ્રભુ.

• • •

## રે! જીવનદોરી

રે! જીવનદોરી સોંપી તમ ચરણે;
કે 'હરિ-ઇચ્છા ફળો અમે છીએ શરણે.' રે! જીવનદોરી...

રે! અમે રંક જન હરિ! શું દઈએ?
રે! અંતર ભાવ દઈને ઠરીએ;
કે તું રીઝે એવા નવ ગુણ ધરીએ. રે! જીવનદોરી...

રે! હરિ રીઝે એવું ન અર્પી શક્યાં;
રે! તને ગમે એમ ન વર્તી શક્યાં;
કે સામગી-રસ-ના પીરસી શક્યાં. રે! જીવનદોરી...

રે! અર્પ્યું જે તેથી ઉર ના સંતોષાયે;
રે! હર્ષ અંતર છલકાઈ જાયે;
કે 'હરિ ક્યમ રિઝવું?' એમ થાયે. રે! જીવનદોરી...

રે! નવ રંક-હૈયું ભાવ પ્રીછે;
રે! હરિ અંતર-ઉમળકે રીઝે;
કે ક્યમ કરી હરિ તને તો રીઝે? રે! જીવનદોરી...

રે! મન-ચિત્ત-હૃદ હરિને ભજતાં;
રે! અવર વિષયે કદી નવ ઠરતાં;
કે તોયે એ હરિને નવ વરતાં. રે! જીવનદોરી...

રે! મન તેથી તુજને પોકારે;
રે! વસ્તુ પામ્યા વિણ ક્યમ વાળે?
કે હરિ! અરજી સાંભળી ચઢ વ્હારે. રે! જીવનદોરી...

રે! હરનિશ હરિ! યંત્રી રહીને;
રે! પળપળે યંત્રને દોરવીને;
કે લઈ જાને હરિ! તું નિજ ધામે. રે! જીવનદોરી...

• • •

## હું છું શરણે

રે! શિર અર્પ્યું હરિ! મેં તવ ચરણે;
કે રખે હાથ છોડે! હું છું શરણે. રે! શિર...

રે! અનાથના નાથ છો હરજી!
રે! અનાથ મુજ સમ કો નવ જી!
કે તુજ ઓથ મારે હરિવરજી! રે! શિર...

રે! 'પતિતપાવન' તવ નામ સૂણી;
રે! ઢળ્યો શરણે હું ચિંતા તજી;
કે હવે તરછોડયે કયાં જાઉં હરિ! રે! શિર...

રે! જે કહો તે છો તમે મારે;
રે! તારવા સમર્થ જો ધારે;
કે તુજ વિના કોણ મને તારે! રે! શિર...

રે! મદારી માંકડું જ્યમ નચવે;
રે! સર્વને હરિ! તું ત્યમ ફેરવે;
કે થાક્યો હવે પ્રભુ ઉર લેને. રે! શિર...

રે! છે બાજી રંકની તુજ હાથે;
રે! જ્યમ પ્રેરે ત્યમ રંક દા' નાખે;
કે પોબાર શેં નવ હરિ! પડવે? રે! શિર...

રે! થઈ તૃષાતુર બાળક આવ્યો;
રે! હરિ! 'કૃપામૃતના સિંધુ' કહાવો;
કે શેં પ્રેમ અમીરસ નવ ઢોળો. રે! શિર...

રે! કષ્ટે કરીને હું દિન કાઢું;
રે! શુષ્ક જીવન હું ક્યમ વીતવું!
કે હરિ આશ રાખીને હું જીવું. રે! શિર...

રે! પ્રેમે પ્રણમીને હું વીનવું;
રે! પ્રીત દેજે જો આતુર લાગું;
કે એટલું દાવો કરી માગું. રે! શિર...

• • •

# રે! પ્રભુ દુઃખ હરનિશ દેજે

રે! પ્રભુ! માગું દુઃખ હરનિશ દેજે;
કે જેથી સ્મરણ ઉર નવ ચૂકે. રે! પ્રભુ...

રે! સહનશક્તિ કેટલી ઉર તો-
-તે કસવા પ્રસંગ મન મળતા;
કે જણાયે વિશ્વાસ છે કેટલો. રે! પ્રભુ...

રે! સગાં, મિત્રો, સ્નેહીજન કહાવે;
રે! કોઈથી દુઃખદૂર નવ થાયે;
કે એમ જાણી આધારે રે'વાયે. રે! પ્રભુ...

રે! જ્યમ જ્યમ દુઃખ હૈડે પડતું,
રે! ઉર ચિંતા બીજી નવ ધરતું;
કે હરિ માથે જાણી મન ઢળતું. રે! પ્રભુ...

રે! દુઃખ પડ્યે જગનું સ્વરૂપ ભાસે;
રે! વૈરાગ્ય દ્રઢ તેથી ઉર જાગે;
કે હરિ! તારે શરણે રહી મન ચાલે. રે! પ્રભુ...

રે! વૃત્તિ ભજનભાવે તે ઢળતી;
રે! અવર વિષયે નવ તે ઠરતી;
કે આસક્તિ ઉર હરિ! તુજ વધતી. રે! પ્રભુ...

રે! પ્રભુ પાયે લાગીને હું વિનવું;
રે! વિચારી ઉર હરિ! દુઃખ માંગુ;
કે હરિ! દેજે દાસને તુજ માગ્યું. રે! પ્રભુ...

• • •

## પ્રેમે પ્રણમી માગું રે

પ્રેમે પ્રણમી માગું રે નિભાવજે ઉર ભક્તિ, પ્રભો!
હાથ દઈ હરિ! ઉઠાડો રે, ધરણી ઢળ્યો જે રંક પ્રભો!

દિન પૂંઠે દિન વહી જાયે છે, દુર્મતિથી છું હું ભરેલ;
મારું ગજું શું અવિદ્યા જીતવા, ગુણ એવા ના હૈડે વસેલ;
કૃષ્ણ! કૃપાજળ રેડી રે, બેડી-હેડ ભાંગો, પ્રભો! પ્રેમે...

રંકના કર્મ જોયે પ્રભુજી! રંક ન તરશે કોઈ કાળ;
દીન જન રવડી મરશે પ્રભુજી! હાવાં વીનવું લ્યો સંભાળ;
આધાર અવર નહિ મારે રે, રંકને તારી ઓથ, પ્રભો! પ્રેમે...

બુદ્ધિ, બળ, સાધન, હીન રંક હું, ઓચિંતી મૃત્યુ દેશે થાપ;
વળગી રહેલા વિશ્વાસે રંકને, કરવો રહેશે કર્મે વિલાપ;
પ્રેરવી સદૈવ ચિત્ત ચરણે રે, કાળથી નિર્ભય કરજો પ્રભો! પ્રેમે...

સાચા સુખનાં બાધક અંગો, મુજમાં વસેલાં જે છે, નાથ!
મંદમતિથી કદી દૂર નવ થાયે, તે સર્વ વિદારી લ્યો ઉર-સાથ;
ભવોભવની આશા પૂરીને રે, હૈડે દેજે 'હાશ' પ્રભો! પ્રેમે...

કંઈ કાળથી રંક શોધું હું, અંતર્યામી જાણો સહુ વાત;
દુઃખભાર માથે સહ્યો જાય ના, ટાળો નજીક રહી શેં ના એ ઘાત;
નિર્બળને બળ તું અર્પી રે, હરનિશ હૈડે વસજે, પ્રભો! પ્રેમે...

• • •

## કૃષ્ણ! કૃપાનિધિ! વીનવું, બાળની લો સંભાળ

કૃષ્ણ! કૃપાનિધિ! વીનવું, બાળની લો સંભાળ (ટેક)

આપ્તજન પાસ રડવા થકી રે, હૈયું હલકું તો થાય;
કોની પાસે જઈ હું ઠરું? મારે ઓથ તમ પાય. કૃષ્ણ...

નિર્બળ થઈ હરિ! યાચતો રે, તમ પાસ હું, તાત!
કરતો ત્રાગું નથી રંક હું, હરિ! અંતરે લ્યો દાદ. કૃષ્ણ...

રંક ટળવળી હું મરું રે, સહ્યો તાપ નવ જાય;
અંતર વલોવાઈ તો જતું, બાળ લ્યો, ઉર સમાય. કૃષ્ણ...

જીવ-પાશ રંકના તોડવી રે, પ્રતિબંધ કરો નાશ;
હરિ! રહું છું ઉદાસ હું, કરો મ્હેર છું હું દાસ. કૃષ્ણ...

રંકનુ જીવન તમે હરિ! રે, તમ શક્તિ અમાપ
માપ રંકનું જોશો નહિ, દયા કરી હરજો તાપ. કૃષ્ણ...

વિશ્વાસે વળગી છું રહ્યો, સોંપી દોરી તમ હાથ;
ખેંચી લઈ હરિ! રંકને ચાંપજો ઉર સાથ. કૃષ્ણ...

ભાવના સાગરે ઝુકાવ્યું રે, હરિભક્તિ કેરું નાવ;
નાવિક પ્રભુ! જો બનો તમે તો તો ફાવે રંક દાવ. કૃષ્ણ...

આશાભર્યો હરિ આવિયો રે પ્યાસે પીડાયે રંક;
દયા દામોદર! દાખવી લ્યોને બાળ તવ અંક. કૃષ્ણ...

• • •

## કૃષ્ણ! કૃપાનિધિ! વીનવું, ઉર લ્યોને રંક બાળ

કૃષ્ણ! કૃપાનિધિ! વીનવું, ઉર લ્યોને રંક બાળ (ટેક)

મુજ સમ પાપી કો નહી રે, એવો જાચું હું શર્ણ;
જગનો છેડો ઘર તું પ્રભુ! તેથી ઢળ્યો છું હું ચર્ણ. કૃષ્ણ...

દયા કરી હરિ! આપિયું રે, મને માનવ તન;
એવા પ્રભુને હું વીસરું, એવો હું મતિમંદ. કૃષ્ણ...

સંગત હરિજન છોડીને રે, કરું અવર હું કામ;
હરનિશ ગુલામી હું કરું, એવો કુકર્મી શ્યામ. કૃષ્ણ...

ભટક્યો હરિ! હું તો ઘણો રે, તલસું આશ્રયધામ;
ક્યાં રે જઈને હું ઠરું? ક્યાંય મળે ન આરામ. કૃષ્ણ...

સાધન શમ,દમ હું હરિ! રે, લેશ ન કરતો રંક
તોયે આતુર થઈ વીનવું, હરિ! લ્યોને બાળ અંક. કૃષ્ણ...

'સાધ્ય' 'સાધન' સમજું નહિ રે, હું છું પ્રપંચી, શ્યામ!
આવવા રંક હું ઈચ્છતો, તવ કૃપાથી ધામ. કૃષ્ણ...

બગડી બાજી હશે રંકની રે, તોયે હરિ! તું સમથ
વિશ્વાસ હૈડે છે રંકને, 'પ્રભુ કરશે કૃતાર્થ'. કૃષ્ણ...

લાખો નિરાશા એવીમાં રે, વસે અમર આશ;
કરગરી કરગરી વીનવું, હૈડે વાળો હવે હાશ. કૃષ્ણ...

• • •

## રે! જીવ તને કેમ કરી સમજાવુ?

### (રે શિર સાટે નટવરને વરીએ - એ ઢાળ)

રે! જીવ તને કેમ કરી સમજાવુ?
કે વળી વળી શેં કૂપમાં પડવું? રે! જીવ તને…

રે! કુરંગ-યોનિમાં જનમી,
રે! શબ્દના રસમાં તું મોહી;
કે પ્રાણ તજ્યા નવ પ્રીત છોડી રે. રે! જીવ તને…

રે! અવતરી માતંગ યોનિમાં,
રે! સ્પર્શ ચસકો લાગ્યો તો ઉરમાં;
કે બન્યો'તો કેદી રખે ભૂલમાં. રે! જીવ તને…

રે! પતંગ યોનિમાં અવતરીને,
રે! જીવ લુબ્ધ રૂપમાં તું થઈને;
કે બળી મર્યું દીવામાં જઈને. રે! જીવ તને…

રે! કોઈ વારે ભ્રમર(ભમરો) તું થઈને,
રે! વાસમાં પૂરો તું ડૂબીને;
કે પ્રાણ છોડયો તેં કમળે ઠરીને. રે! જીવ તને…

રે! જીવ અરે! મત્સ્ય તું જન્મીને,
રે! રસના-સ્વાદે તું ડૂબીને;
કે મર્યું માછી હાથે ક્યમ (તું) ભૂલે. રે! જીવ તને…

રે! એક ઈંદ્રિના રસમાં મોહે,
રે! છોડવો ત્યારે પ્રાણ પડે;
કે પાંચે સામે માયા કેમ રે જીવે? રે! જીવ તને…

રે! માટે વિચાર-વિનયેથી રહી,
રે! વિવેક અંતર તું રાખી;
કે સમજી રહુ તો થઉં સાક્ષી. રે! જીવ તને...

રે! જે જે યોનિમાંથી તું આવ્યો,
રે! વાસના સાથે તું લાવ્યો;
રે સ્વભાવ તારો ન હોય એવો. રે! જીવ તને...

રે! ગત જન્મોની વાસના ઠરી જે,
રે! કેમે ભૂસાઈ પૂરી તે;
રે! તેથી જીવ ભૂલી ભટકે છે. રે! જીવ તને...

રે! તૃષ્ણા ભોગવ્યે એ નવ છૂટે,
રે! કેડો મૂકો ત્યારે એ તૂટે;
કે ભટકી જીવ શેં મૂકે? રે! જીવ તને...

રે! મન બુદ્ધિ પ્રાણને પરોવીને,
રે! ઊંડો વિચાર કરી જો તે;
કે સમજાશે સાર જ તો તુજને. રે! જીવ તને...

રે! ચોર પ્રથમ ચોર નથી હોતો,
રે! કરતાં ચોરી તે રૂપ થાતો;
કે ત્યમ ઊલટું તુજ રૂપ દેખતો. રે! જીવ તને...

રે! વિષ ભલે ભળે અમૃત સંગે,
રે અમૃત તેથી ન વિષ થાશે;
કે ત્યમ તવ રૂપ નવ બદલાશે. રે! જીવ તને...

'રે! વશ કર્યો સૂર્ય તિમિરે' સુણ્યું?
રે! કદી મેઘનો ભય વાયુને શુ?
કે કીધો ગ્રાસ અગ્નિનો કાષ્ટે સુણ્યું? રે! જીવ તને...

રે વારિ શું પિગળે નિમકથી?
રે સર્પ ગળાયે શું મેડકથી?
કે અમૃત ઝેર બને શું! કદી? રે! જીવ તને...

• • •

# જખમ દુનિયાના સ્હેવામાં

### ગઝલ

જખમ દુનિયાના સ્હેવામાં લહજ્જત ઓર આવે છે;
ભલે તાતાં તીરો ફેંકો હૃદય ચોગમથી ખુલ્લું છે.

નિમંત્રુ લોક! તમને હું ચલવવા કારમાં ખંજર;
ન પરવા રંકને તેની રહીશ સ્થિર, નાવ જ્યમ લંગર.

પહેરી દુન્યવી ચશ્માં, થઈ ડહાપણતણા દરિયા;
ચઢી ન્યાયાસને બેસી ઊંધું કરતાં ન કંઈ ઠરિયા.

ચતુર; કાબેલ એ રહીને ઘૂસીને માથું તો ઘાલે;
જઈને પેટમાં પેસી થઈ ક્રૂર પાખી★ તે ચલવે.

ન ચાલે મારગે સીધા, વળી દાવો પૂરો દાખે;
પુરાયેલા એ વાડામાં કૂદે જે, અવળ તે ભાખે.

ગતાનુગતિક છે લોકો, દીવો લઈને કૂવે પડતા;
છતી આંખે બને અંધા નવાઈ, ઉર મદ ધરતા!

વસે છે એમની આંખે પૂતળીઓ ઊંધી તો ભાઈ!
ખરી વસ્તુ નહિ જોતા ભલું સાંખે ન કોનું કંઈ.

રખે તું દિલ મૂંઝાતો! અરે! એ યંત્રથી કાંઈ;
હશે જો દિલ સાચું તો રહે વશ સૌ તને ભાઈ!

• • •

# ન પરવા કોઈની કરજે

## ગઝલ

ન પરવા કોઈની કરજે, નિઃસંગે રહી સદા ફરજે;
ભરોંસે ચિત્ત રાખીને મગન મનમાં થઈ રહેજે.

રહે છે જે જગતમાં તું, બધે ખત્તા તું ખાઈશ ત્યાં;
રખે અટવાઈ જાતો તું! રહેજે સ્થિરચિત્તે ત્યાં.

ભૂંડી વાણી કહેશે કો દિલે નવ લાવતો કાંઈ;
સહુને કાન તું દેજે ન આપીશ જીભ તારી ભાઈ!

વસેલા શત્રુ ઉરમાં જે ભગાડી દૂર તે દેજે;
સદા સંતોષી થઈ રહેજે કદી નવ શાંતિ ઉર ખોજે.

મળી તક ના જવા દેજે, સહુના રાજીમાં રહેજે;
દિલે તું નમ્રતા રાખી હૃદયમાં દીનતા ધરજે.

ન પસ્તાવું પડે દિલે, તું એવાં કાર્ય સૌ કરજે;
પછી જો દુઃખ આવે તો વધાવી તે સહુ લેજે.

પહોંચે પ્હોંચ તારી જ્યમ પ્રમાણે તે તું ડગ ભરજે;
પછી પાછું ન ડગ ભરતો; તું હોમી પ્રાણ ત્યાં દેજે.

ન કોનું મન, વચન, કર્મે કદીયે મન તું દૂભવજે;
દુનિયાને સમાવીને હૃદયમાં મસ્ત થઈ રહેજે.

રહેજે હાથ જોડીને સદા તું ગરમની સંગે;
રહેજે મૌન ક્લેશીથી તું દુશ્મનને ગુણે હણજે.

હૃદયના દોષ જોવામાં બધા તુજ તર્ક વાપરજે;
કદી કોની ન ભૂલ જોતો ઉરે ત્યાં જાગ્રતિ ધરજે.

• • •

---

★ પાખી=અસ્ત્રો

# ભલેને સત્ય તે હોયે

## ગઝલ

ભલેને સત્ય તે હોયે કટુ વાણીથી નવ વદજે;
વિશાળું પેટ તું રાખી મધુરી વાણી ઊચરજે.

મહા સંકટ શિરે આવે પ્રભુને તું શરણ રે'જે;
ન બીજું દુઃખ દૂર કરશે તું જાણી એ પ્રભુ સ્મરજે.

મમત નવ મૂર્ખથી કરજે ન વિવાદે તું કદી પડજે
ભૂલો તારી સ્વીકારી લૈ, થઈ જીદ્દી ન હઠ કરજે.

સદા મન, વાણી ને દૃષ્ટિ ઉરે દ્રઢ રાખીને ફરજે
કરી તુજ ચિત્તને નિર્મળ હરિ-વિશ્વાસ મન ધરજે.

જગતના કો પ્રપંચોમાં કદી ના મન જવા દેજે;
હરિના નામનું તર્પણ તું હોંશેથી દિલે કરજે.

લઈ સંકેલી બાજી તું એકલો ઉરમાં વસજે;
ન દેખે સુખદુઃખો તુજ કો રહેજે એમ તું નિત્યે.

સદા એકમાં મન રાખી પ્રભુનું ધ્યાન તું ધરજે;
રહે નવ ધ્યાન જો ચિત્તે તું સદ્‌વિચાર તો કરજે.

ખિલાવી ભાવપુષ્પો તું હૃદયમાં પ્રેમ સીંચીને
ગૂંથી શ્રદ્ધાની દોરીથી સદા ઉર માળ તું ધરજે.

ફિકરની ફાકી ફાકીને ફકીર થઈ નિત્ય તું ફરજે;
હરિના પ્રેમમાં રસબસ, થઈ તલ્લીન, મન કરજે.

• • •

# મન! તું શીદને અટવાઈ મરે, ધાર્યું તારું નવ કંઈ ફળે

## (ચિત્ત તું શીદને ચિંતા ધરે એ ઢાળ)

મન! તું શીદને અટવાઈ મરે, ધાર્યું તારું નવ કંઈ ફળે. (ટેક)

કાજી થઈને કુટાઈ મરતું, કોઈ હિસાબ ના ગણે;
થાવાનું હશે ત્યારે થાશે એમ ભરોંસે રહે. મન! તું...

બર નવ આવે ઉર ઉમેદો માથું કૂટી મરે;
મહેનત કરી કરીને તે જોયું શેં તું ચિંતા ધરે? મન! તું...

જીવનદોરી સોંપી હરિને સ્મરણ જ કરવું ઠરે;
રૂડાં વાનાં સૌ હરિ કરશે ધર વિશ્વાસ તું ઉરે. મન! તું...

ઉતાવળે આંબા ન પાકે, કોટી યત્નો કરે;
સમય આવતાં ધાર્યું હરિનું, થાશે નિશ્ચિંત રહે. મન! તું...

પળ પળ શરણે રહેવું ઘટતું શાને છટકી ભમે?
હરિ-ઈચ્છા-મન-વશ થઈ રહેવું એ શેં ઉર તું ભુલે? મન! તું...

પ્રેમ-વારી હૃદરોપે સીંચી ભાવપુષ્પ ચૂંટી લે;
ભજનભાવની દોર પરોવી હરનિશ હરિ-ગ્રીવે દે. મન! તું...

ઈયળ-પતંગિયા રૂપ થઈ જા તું એમ તું ચિંત્વન કરે;
મનના માન્યા હરિવર મળશે એ જ ઉપાયે ઠરને. મન! તું...

કરગરી કહું છું કૃષ્ણ કૃપાનિધિ! હરનિશ યંત્રી રહીને;
ક્ષણેક્ષણ આ યંત્ર દોરવી તુજ ધામે લઈ લેને. મન! તું...

• • •

## સંદેશડો કોની સાથે કહાવું?

તુ તો કેમે ન આવે પાસ રે,
હૈયું આ ભડકે બળે...

મનમાં પરણી ને મનમાં હું રાંડી,
કોણ કંથને જઈ સમજાવે રે? હૈયું આ...

એળે જન્મારો મારો જશે શું?
હવે રહીશ મન તુંમાં પ્રોઈ રે. હૈયું આ...

જાણ્યું ત્યારે હું તો બહુ પસ્તાઈ,
કર જોડી પડું છું હું પાય રે. હૈયું આ...

રોઈ રોઈ થાકી તોય આવ્યા નહીં,
તેથી શરણે ઢળી પોકારું રે. હૈયું આ...

લાવો દયા છું હું દુખિયારી,
જાઉં અલબેલાને હું વારી રે. હૈયું આ...

હજી આવ્યા ન જાણી રોઈ રોઈ,
થઈ આંખડી મારી રાતી રે. હૈયું આ...

મારું ચાલે ન કૈં તમ આગળે,
વ્હાલા! વીનવું પડીને પાય રે. હૈયું આ...

હવાં કેમ છોડું હું સગાઈ,
હૈયું ફાટું ફાટું થઈ જાય રે. હૈયું આ...

કહો! કેમ મળે ગિરિધારી રે,
છાની રોઉં છું હું માથું કૂટી રે. હૈયું આ...

દાસી સ્નેહવારી નવ આવે રે,
મન વિચારું કંથ શેં રીઝે? હૈયું આ...

• • •

## શાર્દૂલવિક્રીડિત

પ્રાર્થું છું ઉરમાં ઊંડું નિશદીને, વંદુ ત્હને તાત હું;
અર્પું છું વળી ઉરના ઉમળકે સ્મર્ણાજંલિ હું વિભુ,
ધોઉં છું ચરણો હ્રદે તવ પ્રભુ ગંગોદકે ભાવના,
હૈયે બાપ સ્વીકારજે ગરિબની મ્હારી પ્રભો પ્રાર્થના.

• • •

દોષોને મુજ તું સમર્થ પ્રભુ છું★ ફીટાડવા; તે છતાં
ધ્યાને લે નહિ વાત શેં મુજ પ્રભુ? વાંકુ દીસે કર્મ હા!
ભૂંડું તો મુજ કર્મ તે ટળી જશે ક્યારે કહે તું પ્રભુ!
ત્હારે શર્ણ રહ્યા છતાં રીબવવું એ ના ત્હને શોભતું.

• • •

ત્હારે શર્ણ રહ્યા છતાં ગરિબને સે’વું રહ્યું દુઃખ શેં?
મ્હારા દોષ વિના, મ્હને ન રિબવે ત્હારો ગણું વાંક શેં?
હું શું હાય અભાગિયો હઈશ જે કેમે કરી તું પ્રભુ
રીઝે છે મુજથી નહિ; કરવું શું મારે હવે કે’ વિભુ.

• • •

પાપી હું સમ કો નથી; પણ પ્રભુ એવો ઢળ્યો શર્ણ છું;
“નિશ્ચે બાપ ઉગારશે પતિતને” શ્રદ્ધાથી એવી જ હું;
ત્હારૂં ત્યાં સમદર્શી નામ પ્રભુ છે;તો શું મ્હને ટાળશે?
ના! ના! એમ બને જ ના; ચરણમાં વિશ્વાસ છે રાંકને.

---

★ છું=છે તમજવું

## શાર્દૂલવિક્રીડિત

હું તો નિત્ય ત્હને પ્રભુ કરગરું પ્રાર્થી મરું છું વળી;
કેમે ત્હોય કશું પ્રભુ ગરિબનું લે ધ્યાન ના શેં જરી;
હું તો સ્હેજ ત્હને નથી વિસારતો શેં તું ભૂલે છે મ્હને?
ત્હારી સોડ મહિં લઈ પ્રભુ મ્હને, નિશ્ચિંત તું સુખ દે.

• • •

ત્હારી ચાકરી સ્હેજ બાપ કરતાં ના આવડે છે વિભુ;
હું તો દુર્બળ, રાંક, દાસ તવ છું ત્હોયે છતાં નાથ તું.
માગું તું વિણ દામ ક્યાં જઈ પ્રભુ છું આશરે તાહરે;
ત્હારે તો પ્રભુ પોષવો જ પડશે ના છૂટકો છે હવે.

• • •

બેઠો છું પરવારી છેક પ્રભુ જો તું કાજ; હું પ્રેમથી,
ત્હારી રાહ હવે પ્રભુ નિરખું છું હું બાપ ઉલ્લાસથી;
જોજે બાપ રખે નિરાશ કરતો તું તાહરા બાળને;
ઊંડી આશ ધરી રહ્યો હૃદય હું દૃષ્ટિકૃપા રાખજે.

• • •

મ્હારે તું વિણ કો નથી જગ પ્રભુ જેની ધરૂં આશ હું;
પ્રેમેથી તવ પાદપદ્મ નિત હું તેથી પખાળું પ્રભુ;
ત્હોયે હું ભણી દૃષ્ટિ બાપ નવ તું ફેંકે નહિ શેં પ્રભુ?
શું એવો હીણભાગી બાળ પ્રભુ હું કે ના કૃપાપાત્ર છું?

## શાર્દૂલવિક્રીડિત

મ્હારો એ પુરૂષાર્થ  બાપ ફળવો છે હાથ ત્હારે પ્રભુ;
મ્હારૂં હું કરતો રહું; નવ કદી બેસી રહું છું વિભુ;
તું ધાર્યું જ થશે બધું; જરીય શેં ચિંતા પછી હું ધરૂં?
વિશ્વાસે તુજ જે રહ્યો; ગરિબ તે કોરો શું રે'શે પ્રભુ!

• • •

ત્હારી હામ વિના પ્રભુ નવ બને હું થી જરી કૈં કશું;
એવા નિર્બળ રાંકને પળપળે દેતો રહે સ્હાય તું;
તે પૂરી મળતાં મ્હને; કઠણ જે છે કામ; પુરું થશે;
ઓઘેઓઘ પછી પ્રભુ હૃદયમાં આનંદના સ્ફૂરશે.

• • •

તું જેવો ધણી જ્યાં સમર્થ શિર છે, વિશ્વાસ હૈયે વસે
"કે દોરી પ્રભુ અંધને લઈ જશે તું જ્યાં જવાનું હશે"
તેથી કૈં પુરૂષાર્થ બાપ કરતાં નિશ્ચિંત હું રૈ' શકું;
જેવો યત્ન બને પ્રભુ મુજથી કૈં હું તો કર્યા તે કરું.

• • •

મ્હારું મ્હેં તુજને સમર્પણ કર્યું સર્વસ્વ ચર્ણે પ્રભો!
હું ત્હારો થઈ જ્યાં રહ્યો; મુજ થશે ક્યારે હવે તું વિભો!
ના! ના! ખામી હશે જ કાંઈ મુજમાં તેથી છતો ના થતો;
બાકી; બાપ છૂપો રહું છું પ્રભુ તું મ્હારે શિરે ગર્જતો.

## શાર્દૂલવિક્રીડિત

મ્હારું છે નવ ચાલતું કંઈ જરી છે હાથ ત્હારે બધું,
ખેંચે યંત્રની દોરી જેમ પ્રભુ તું તેવું રહ્યું ચાલવું;
તો શો છે અપરાધ કે' મુજ હવે  લે ના પ્રભુ ઠામ શેં?
શું ત્હારે ગૂંદવો જ છે ગરિબને કે જે મરેલો જ છે?

• • •

છું ના બાપ સ્વતંત્ર સ્હેજ પણ હું કર્તવ્ય તો શું કરું?
"તો પ્હોંચી ઠરું ધામ" દુ:ખ મુજ એ ઊકેલી હું શેં શકું?
શેક્યો પાપડ બાપ હામ પણ ના હુંથી ભંગાશે પ્રભુ
જાણું ત્હોય પ્રભુ મ્હને સતવ તું હૈયે બહુ; શું કરૂં?

• • •

જોયું છે અણચિંતવી જ મુજને દે યત્નમાં સ્હાય તું;
બાકી; આગળ યત્નથી મુજ નહી આવી શક્યો હોત હું;
એવી બાપ કૃપા કરી મુજ પરે ત્યારે જ જીવાય છે;
ત્હારૂં એ ઋણ હું પ્રભુ ક્યમ કરી વાળી શકું; રાંક જે.

• • •

જોયું; કૈં જ થતું ન કામ મુજથી હું છું નમાલો પ્રભુ;
હૈયે હામ રહે જ ના પ્રભુ કશી ઉત્સાહ રે' ના વિભુ,
ને છે વેગ નહિ પ્રભુ મન તણો ત્યાં દોડ કે' શી કરૂં?
આવો હાય કરી મૂકી; ઉપરથી શેં તું છું ડુંઘું★ પ્રભુ?

★ ડુંઘું=લુચ્ચું,છકેલું

## શાર્દૂલવિક્રીડિત

આપી હોત સ્વતંત્રતા કંઈ મ્હને તો હીર હૈયાતણું;
દર્શાવ્યું હત મ્હેં ત્હને જરૂર જે પાણી વળી રાંકનું;
ધાર્યું ના મળતું મ્હને રીસ કરી તેથી બકું આમ હું,
બાકી; આગળ તું વિસાત બળ શું હું તૃણનું; હે પ્રભુ?

• • •

ઊંચી દૃષ્ટિ કરી પ્રભુ નીરખું જ્યાં હૈયું વલોવાય છે;
ત્રિશંકુ જયમ હું રહ્યો અધવચે ને ધામ તો દૂર છે;
શેં ત્હેં કે' કમજોર છેક બનવ્યો? યત્નોય શા હું કરૂં?
આવું શું ટટળાવશે કહીં સુધી હું રાંકને બાપ તું.

• • •

રાખી દાબી ઊંચી ન દૃષ્ટિ કરવાં, દે છે કદી તું પ્રભુ,
નાંખી કાદવમાં મ્હને રવડતો તું શેં હશે કે' પ્રભુ?
"તું જે જે કરતો હશે કંઈ પ્રભુ તે શ્રેય મારું હશે;"
એ જાણું પ્રભુ ત્હોય શેં બબડવું ફીટી જતું ના હશે?

• • •

જન્મ્યાથી ગરીબાઈમાં ઉર ખરે શિખ્યો ઘણું હું પ્રભુ,
નીચેથી કરી ઉર્ધ્વ દૃષ્ટિ ગગને સર્વસ્વ ભાળ્યું પ્રભુ;
સાચું સત્ય સ્વરૂપ નથી જગનું જોવાનું જેથી મળ્યું;
ને બુદ્ધિ, મન, ચિત્ત, પ્રાણ વળીયા પાદામ્બુજે ત્યાં પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

ભૂલું પાછળનું બધું, વળી હૃદે આશા અને યત્નથી
હું તો એમ ધપ્યા જઉં જરૂર; જે ત્હારી કૃપા દૃષ્ટિથી.
હૈયે છાપ રહે જ ના કંઈ કશી સર્વસ્વની, જે કરૂં;
મૂર્ખો છેક થઈ ગયો; મુજ હવે લેતો રહે ભાળ તું.

• • •

ભારે બાપ કૃપા કરી મુજ પરે ચર્ણે મતિ ફેરવી,
ત્હેં ત્યાં પાત્ર અપાત્ર કૈં પણ જરી જોયું ન છે શ્રીહરિ.
ત્હારું એ સમદર્શી નામ પ્રભુ ત્હેં બાપુ કર્યું સાર્થ છે;
એવા હે પ્રભો! નિત્ય હો ગરિબના કોટી પ્રણામો ત્હને.

• • •

કોટી વાર પ્રણામ નિત્ય મુજ હો પાદામ્બુજે તાહરે;
પ્રાર્થું; પ્રેમ પ્રસન્ન બાપ રહી તું રે' રેડતો હું પરે;
હંમેશા તવ સ્મર્ણનો હૃદયમાં વ્યાપાર મ્હારે રહો;
ને બુદ્ધિ, મન, ચિત્ત, પ્રાણ, સઘળાં ચર્ણે ગળીને રહો.

• • •

મ્હારે તો બધું સર્વમાં જ પ્રભુ તું, ને રાંક તું વિના હું;
ને મ્હારે મન બાપ તું જ સઘળું તું પ્રાણ આધાર છું;
વિશ્વાસે દૃઢ હું રહું તુજ પરે આશા ધરી ઉર હું;
કે ઝાલ્યો કર મૂકશે મુજ નહી કેમે હવે તું પ્રભુ?

## શાર્દૂલવિક્રીડિત

મ્હારી જીવન આશ એક પ્રભુ તું છું તીર્થ ને પ્રેમ તું;
મ્હારું જે ઠરવાનું ઠામ પ્રભુ તું, ને લક્ષ્યબિંદુ જ તું;
છું સર્વસ્વ હું રાંકનું જગતમાં મ્હારે વળી દેવ તું;
ને છું નાવ સમુદ્ર મધ્ય પ્રભુ તું આધાર ને પ્રાણ તું.

• • •

કો આધાર મ્હને નથી તુજ વિના ત્હારી મ્હને આશ છે;
વિશ્વાસે તવ એકલાની પ્રભુ હું જીવી શકું; રંક જે;
સાથ વિશ્વ મહીં પ્રભુ જીવનનો છું એક તું માહરે;
એવા બાપ રખે ભૂલું ગરિબને  છું શર્ણ જે તાહરે.

• • •

મ્હારું મ્હેં અજમાવી પૂરું નિરખ્યું ચાલ્યું ન જ્યારે કશું
મ્હેં છોડી જ દિધું પ્રભુ તુજ પરે સર્વસ્વ મ્હારૂં પ્રભુ;
હાવાં તો પ્રભુ બાળ હું જરૂર જે ત્હારો રમાડ્યો રમું;
જેવો ઘાટ ગમે ત્હને; બનવજે તેવો મ્હને બાપ તું.

• • •

જો તું ના પ્રભુ ભાળશે ગરિબને સંભાળશે કોણ કે’?
ત્હારી હૂંફ મ્હને મળે નવ પ્રભુ તો શેં જીવાશે કહે?
છે વિશ્વાસ પૂરો પ્રભુ તુજ પરે, હૈયું નકામું ડરે;
ને ખાલી જ તરંગ બાપ ચલવી શંકા ઊભી તે કરે.

## શાર્દૂલવિક્રીડિત

મ્હેં જોયું; ઠગતું હતું મન મ્હને ઊંધું હતું દોરતું;
"છું માર્ગે" સમજાવતું'તું મુજને ખંધું ઘણું દિસતું;
એની પારખવી ઘણી અઘરી છે એ ચાલ; તોબા પ્રભુ
કૈં કૈં તૂત ઉભાં કરી પજવતું; જે ત્હેં ફસાવ્યું વિભુ.

• • •

મ્હારે આગળ વાત કોની કરવી જો સાંભળે તું નહીં,
ને મ્હારું ઉભરાતું ઉર દુઃખથી ખાલી કરું ક્યાં જઈ?
બેઠો ફેરવી પૂંઠ આમ પ્રભુ શું;? લેવા ન દેવા કશી
જાણે હોય ન તાહરે ત્યમ પ્રભુ સામું ન ભાળે જરી?

• • •

તું જેવો શિર જ્યાં કૃપાનિધિ પ્રભુ હૈયે મ્હને હૂંફ છે,
જેથી આંખ મીંચી કરું જીવનના વ્યાપાર સર્વસ્વ જે;
જોવા ક્યાંય ઉભો રહું નવ જરી, દોડ્યા જઉં છું પ્રભુ;
કયાંયે ઠોકર ના ખઉં; ગરિબની તું ભાળ "એ" લે વિભુ;

• • •

કે'વું શું તુજને હવે કંઈ વધુ સર્વજ્ઞ જ્યાં બાપ છું,
જાણે અંતરનું બધું મુજ પ્રભુ બાહ્યાંતરે છું પ્રભુ;
એવો બાપ પૂરો મ્હને હૃદયમાં વિશ્વાસ હોવા છતાં,
શેં કર્મે બકવું અને બબડવું મ્હારે હજીયે રહતાં?

## શાર્દૂલવિક્રીડિત

છૂપું દર્દ ઊંડું ઊંડું ઉર થતું જે મર્મવેધી પ્રભુ;
પીડા ના સહી જાય છે પણ કશો ઉપાય ના છે વિભુ;
ફંદે હાય ફસાવી આમ મુજને શેં છેહ્દે તું પ્રભુ?
ખેલાડી કપટી પૂરો જરૂર છું તોબા ત્હને રે વિભુ!

• • •

કે'વું જ્યાં મુજ ધ્યાન તું કંઈ ન લે, ત્યાં વ્યર્થ કે'વું બધું;
ત્હોયે ટેવ પડી નથી જ ટળતી ચર્ણે રડાતું પ્રભુ,
જેથી રે હલકું પ્રભુ ફુલસમું હૈયું નકી રાંકનું
ને આશ્વાસન એક રે'; "ચરણ" જે "હું ઠાલવું છું બધું"

• • •

રે મ્હારો પુરુષાર્થ સ્હેજ પણ જ્યાં ના આવતો કામ છે,
"ત્યાં એક્કે પણ" પ્રાર્થના વિણ કશો ઉપાય ના હાથ છે,
જેથી ઘૂંટણ હું ઢળી નિત ત્હને પ્રાર્થ્યા કરૂં છું વિભુ,
વારેવાર નમાવી શિર તુજને પાદામ્બુજે; જો પ્રભુ!

• • •

મ્હારી આશ ફળે નહિ જયહિ સુધી ત્હારા પ્રભુ કાન હું,
ફોડ્યા નિત્ય કરીશ ને દુઃખકથા મ્હારી કહ્યા જૈશ હું;
કેમે થાકીશ ના કદી હું લવતાં મ્હારો લવારો પ્રભુ;
ને આપ્યા જ કરીશ હું હરઘડી સંતાપ એવો વિભુ.

## શાર્દૂલવિક્રીડિત

ત્હારી ઉર હજી રમી નથી રહી મૂર્તિ મનોહારિણી,
ભારે એક જ એ જ દુઃખ મુજને જેથી રહું હું દુઃખી;
એ દારિદ્ર મિટાડશે મુજ કહે ક્યારે હવે તું પ્રભુ?
જો તું સ્હેજ કૃપા કરે; જરૂર એ અદશા થાયે બધું.

• • •

વર્ષી છે ન કૃપા હજી મુજ પરે જેથી કરી રાંક છું;
ને એ રાંકપણું ફિટાડવું નકી છે હાથ ત્હારે પ્રભુ;
શું ના એ દિન ભાગ્યમાં મુજ હશે? શું ના કૃપા વર્ષશે?
"ના! ના! તું તરછોડશે નહિ મ્હને" ઊંડી હ્રદે આશ "એ"

• • •

સ્વપ્નાં સેવી જ રાત દી સુખતણાં ગાળી રહ્યો છું વિભુ;
સાચાં તે પડશે નકી વરસતાં ત્હારી કૃપા જ્યાં પ્રભુ;
તાલેવંત થઈશ બાપ દિન એ મ્હારો રૂડો તે હશે;
રેલંરેલ હ્રદે પછી ઊછળતી આનંદની જ્યાં હશે.

• • •

કૈં કૈં આશ ધરી ઉરે; ઉમળકે આવ્યો પ્રભુ પાસ જે;
એવા બાળકની પ્રભુ ખબર લે ચર્ણે રડ્યા જે કરે;
ને એક્કેય ઉમેદ આવી બર છે માગ્યું ન દે શેં પ્રભુ?
આવું તું રવડાવશે કહીં સુધી હું રાંકને હે વિભુ!

## શાર્દૂલવિક્રીડિત

કોટી વાર પ્રભુ ત્હને લળી કરું પાદામ્બુજે વંદના;
ને હું શિર નમાવી બાપ ઉરથી ભાવે કરું પ્રાર્થના;
દીનાનાથ પ્રભુ મ્હને ચરણમાં ત્હારી કને રાખ તું;
માગ્યામાં પ્રભુ એટલું જ તુજથી માગું; કરી આશ હું.

• • •

સિંધુ છું કરુણાતણો; પ્રભુ મ્હને તો શેં કૃપા ના કરે?
શું ખૂટી પ્રભુ કૈં જશે ખરચતાં? લોભી પ્રભુ તું દિસે;
ત્હારો સંગ્રહ શો કહે થઈ જશે ઓછો મ્હને આપતાં,
બિંદુ એક કૃપાતણું તવ પ્રભુ; તું ધ્યાન લે પ્રાર્થના.

• • •

લાગી ના લગની હતી હૃદયમાં ત્હારી મ્હને જ્યાં સુધી,
હૈયે દાખવતો હતો પ્રણય તું કેવો ઊંડો શ્રીહરિ;
હાવાં નિસ્બત હોય ના કંઈ કશી જાણે મ્હને તેમ ત્હેં,
ફેંક્યો દૂર; જુદાઈ ત્હારી મુજથી કેમે ન સ્હેવાય જે.

• • •

જ્યારે પ્રેમ જરીય બાપ ન હતો ત્હારી પરે રાંકને;
કેવો આકર્ષી મ્હને ચરણમાં ખેંચ્યો હતો બાળ ત્હેં,
હૈયે મ્હોબત ત્હારી સાથ કરીને મોટો ગુન્હો મ્હેં કર્યો;
કે હાવાં ગણી તુચ્છ આમ મુજને ત્હેં દૂર ફેંકી દીધો.

## શાર્દૂલવિક્રીડિત

ત્હારી પાસ કરી દયા ચરણમાં હું રાંકને રાખ તું,
આશા એક જ એટલી હૃદયમાં મ્હારે વસી છે પ્રભુ;
હૈડે એમ ઊંડું ત્હને કરગર્યા હું તો કરું છું પ્રભુ,
ધ્યાને લે મુજ પ્રાર્થના ગરિબની તું હે કૃપાળુ વિભુ!

• • •

છે ના દુર્લભ કૈં કશું જગતમાં ત્હારી કૃપા જો મળે;
રોવાનું ટળશે જ આ મુજ નહિ ને કર્મ ના છૂટશે.
તૃષ્ણા આશ ત્યહીં સુધી નહિ મરે, કેમે પ્રભુ રાંકની,
રે'શે અંતર તે છૂપી; કરગરું તેથી; કૃપા દે કરી.

• • •

દુઃખો આ મુજ ભાંગવા ગરિબ જે હું શર્ણ ત્હારે ઢળ્યો;
"તું આશ્વાસન આપશે ઉર મ્હને" શ્રદ્ધાથી એવી પ્રભો!
એ વિશ્વાસ ખસે જ ના હૃદયથી કેમે કરી તાહરો;
જેથી કોટિ અનંત દુઃખ સહતાં હુંથી જીવાયે પ્રભો!

• • •

લેવા શર્ણ સુઝી ઊંડી ઉર મતિ ત્હારું મ્હને શ્રીહરિ
ભારે એ જ કૃપા થઈ; મનગણું મ્હારી પરે તાહરી;
બાકી એ કંઈ સ્હેલ છે નહિ પ્રભુ જન્મો વહી જે જતાં,
કોટિ ત્હોય વળે જ ના મન કદી પાદામ્બુજે તાહરા.

## શાર્દૂલવિક્રીડિત

દીનાનાથ કહે ત્હને જન બધા એવો ત્હને જાણી હું;
ત્હારી પ્રાપ્ત કૃપા હું બાપ કરવા જો દીન રે'વા મથું;
એ માટે પુરુષાર્થ હું ઉર કરું રાખું ન બાકી કશું;
જે જે સર્વ બને પ્રભુ ગરિબથી યત્નો કર્યા તે કરૂં

• • •

દર્શાવ્યું પ્રભુ જાદુ ત્હેં ચરણનું એવું મ્હને બાપ શું?
સંતોષાતુ નથી જરીય ઉર જે કેમે કરી માહરૂં
હંમેશાં તલસ્યું જ રે' હરઘડી તુંમાં ઘણું બાપ તે
છીપે આત્મની ના તૃષા પ્રભુ જરી હૈયું વલોવાય છે.

• • •

મ્હારે માતપિતા પ્રભુ જગત તું ભ્રાતા વળી છું સખા;
વિદ્યા ને મુજ લક્ષ્મી છું; પ્રભુ મ્હને છું તું જ સર્વસ્વમાં;
દેવોમાં પણ ઈષ્ટદેવ મુજ જે તું એકલો બાપ છે;
એવા હે મુજ તાત! શર્ણ તવ છું રક્ષા કરી પોષજે.

• • •

હું તો છું તુજ આશરે; વળી પ્રભુ વિશ્વાસથી જ્યાં જવું,
"જોજે તું રખડાવતો ગરિબને" પ્રાર્થું ત્હને બાળ હું;
"ના! ના! એમ કરે જ ના"; જનક જે હંમેશ ઈચ્છે ભલું
હૈયું આ અધીરું નકામું લવતું માગું ક્ષમા હું પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

છોરૂં થાય કછોરૂં "બાપ પણ ના તેવા થયા", સાંભળ્યું;
તો કોટી અપરાધની, કરગરૂં તું દે ક્ષમા હે પ્રભુ!
બુદ્ધિ એવી રૂપાળી દે પ્રભુ મ્હને રસ્તે સીધે દોરવે
"આડો ક્યાંય જઉં નહિ મુજ પ્રભુ" એ ભાળ લેતો રહે.

• • •

માતા કાળજી લે બધું શીશુતણી; જે જોઈતું હોય છે
દે માગ્યા વિણ કૈં કશું ઉમળકે હંમેશ જે બાળને.
તેવો ભાવ સ્ફૂર્યો નથી હજી પૂરો ત્હારો છતાં બાળ છે.
આકાંક્ષા સઘળી પ્રભુ હૃદયની હે તાત સંતોષજે.

• • •

તું જેવો ન સમર્થ પૃથ્વી પડળે ક્યાંયે હશે જે પ્રભુ,
ઉપાડે શિર ભાર રાંક જનનો કૈં આશ અર્પી વિભુ;
એવો એક જ તું દીઠો અનુભવે; મ્હારો હતો બોજ જે,
સોંપી ચર્ણ વિષે દીધો તવ પ્રભુ "વિશ્વાસ છે ભાળશે"

• • •

ના આવે જ્યમ અંત, તેમ હૃદયે વિશ્વાસ ત્હારો સ્ફુરે;
શ્રદ્ધા તું પરની પ્રભુ નીરખીયું સ્હેજેય ના તે ખસે,
હૈયે ખંત રહે, ઉમંગ પણ કૈં ઓછો થતો ના દીસે,
રે' વાધ્યું બળ ચોગણું, પ્રભુ નકી ધ્યેયે તું પ્હોંચાડશે.

## શાર્દૂલવિક્રીડિત

જાણી દીન તણો દયાળ તુજને બીજે હવે ક્યાં જઉં?
ખોળું આશ્રય ક્યાં પ્રભુ અવરનો કે' સ્હાય કોની લઉં?
ને મૂકી તુજને બીજો વળી પ્રભુ ક્યાં શોધવા હું જઉં?
પ્રાણાન્તે પણ છૂટશે તવ કદી ના શર્ણ મ્હેં જે ગ્રહ્યું.

• • •

કે'વાઉ જ કૃપાનિધિ, ત્યમ છતાં શેં ના કૃપા તું કરે?
શું ના યોગ્ય કૃપાતણો તવ પ્રભુ કે શી બીજી ચૂક છે?
હોયે તેમ કદી; સમર્થ પણ તું ઉદ્ધારવા રાંકને
તો શેં વાર લગાડતો હઈશ તું; પ્રાર્થું કૃપા દે મ્હને.

• • •

મ્હારે બાપ કૃપા વિના તવ કંઈ ના વાંછના છે બીજી,
કૈં કૈં યત્ન કરી ત્હને રીઝવવા હું તો મરું છું મથી;
ત્હારી બાપ કૃપા થતાં નવ કંઈ બાકી રહેશે પ્રભુ
માગ્યામાં નકી એટલું જ તવ હું માગું કૃપા દે વિભુ.

• • •

શોધ્યું તેમ છતાંય ઠામ ઠરવા ક્યાંયે મળ્યું ના પ્રભુ;
જાણી એક જ તું પ્રભુ ગરિબનો મ્હેં શર્ણ ત્હારૂં ગ્રહ્યું
''તું છું બાપ કૃપાનિધિ'' ન કરશે તો શું કૃપા હું પરે?
એવું કલ્પવું યોગ્ય ના તુજ વિષે ''તું તારશે'' આશ છે

## શાર્દૂલવિક્રીડિત

શ્રદ્ધાથી શરણે ઢળ્યો તવ પ્રભુ હું તો ઊંડી આશથી,
કે "નિશ્ચે પ્રભુ તારશે જ" મુજને વિશ્વાસ એવા થકી;
ત્હેં કોને પ્રભુ ના નિરાશ કરીયા? હું એક એવો રહ્યો!
મ્હારી આબરૂ રાખવી પતિતની જે હાથ ત્હારે પ્રભો?

• • •

ના પાછું ફર્યું કો નિરાશ થઈને તું પાસથી શ્રીહરિ,
તો ખાલી પ્રભુ એકલો ગરિબ શું પાછો ફરું તું થકી?
ત્હારા ન્યાય મહિં દયા બહુ દિસે વિશ્વાસ તેથી પડે
કે કો'દી પ્રભુ તું નકી મુજ શિરે આશીષ વર્ષાવશે!

• • •

હું તો છું જકડાયલો; મુજ પડ્યાં તું સંગ પાનાં પ્રભુ,
છૂટાબારી પ્રભુ ન ક્યાંય દિસતિ ચોમેર જોયું વિભુ
આણી આમ સકંચમાં પ્રભુ મ્હને શેં પીડતો તું હશે?
મ્હારે ભોગવવા રહ્યા હજી હશે શું કર્મ સંસ્કાર જે?

• • •

સાચો અંત સમે જ બેલી મુજ તું સંગાથ સાચો વળી,
તે વેળ મુજ હાથ દીન જનનો મૂકીશ ના શ્રીહરિ;
ખોળે મ્હેં શીર છે મૂક્યું; તવ પરે વિશ્વાસ રાખી પુરો;
"શ્રદ્ધા છે કરશે ન ભંગ કદી તું" આશે જીવું "એ" પ્રભો.

## શાર્દૂલવિક્રીડિત

હું જે દીન, મલિન, દુર્ગુણી વળી મોહાંધ લોભી પ્રભુ
એવો મ્હોય પડ્યો પ્રભુ ચરણમાં મ્હારે, ધરી પ્રેમ હું;
હાવાં તું વિણ કોણને ઉર વ્યથા; ક્યાં સંભળાવું કહે?
મ્હારી સાંભળજે પ્રભુ, હૃદયથી હું બાંગ પોકારું જે.

• • •

કામી, ક્રોધી વળી ઘણો વિષયમાં રાચી રહ્યો જે હતો;
સંસ્કારે, પુરૂષાર્થ ને તવ કૃપા-એ શર્ણ તે છે ઢળ્યો.
એવા કોટી કરોડ દોષની પ્રભુ પ્રાર્થું ક્ષમા અર્પજે;
મ્હારો કિંકર છું ગણી; સ્થિર મ્હને પાદામ્બુજે રાખજે.

• • •

જાણી તું મુજને કદી અવગુણી દેશે ત્યજી જો પ્રભુ,
જ્યાં ત્યાં બાપ જગે નકી બહુ થશે મ્હારી ફજેતી વિભુ;
છોરૂં નામ પ્રભાવ જાણી તવ હું મ્હારે ઢળ્યું શર્ણ છે;
"ફાવે તો મુજ આબરૂ ગરિબની 'પ્રાર્થું' મ્હને રાખજે"

• • •

શું તું સાંભળશે જ ના ગરિબનું? કાને દિધા હાથ શું?
હૈયું ક્યાં જઈ ઠારવું? સ્થળ નહિ મ્હારા વિના કો પ્રભુ;
ના! ના! સાંભળવા છતાં, પણ ન દે તું દાદ કૈં શેં પ્રભુ!
રે! આ દુઃખતણો શું અંત કદીયે ના આવશે કે' વિભુ.

## શાર્દૂલવિક્રીડિત

હંમેશાં તવ પદ્મપાદની પ્રભુ સેવા કર્યા હું કરું,
માગું હું ઊર એટલું જ કરવા દેજે મ્હને તું પ્રભુ;
ના કૈં એ વિણ વાંછતુ હૃદય આ ઈચ્છા પ્રભુ પૂરજે,
મ્હારી એ પ્રભુ પ્રાર્થના ગરિબની તું ધ્યાનમાં રાખજે.

• • •

સાચો તારણનાર દીન જનનો તું એકલો બાપ છે,
કોની સ્હાય નથી મ્હને તુજ વિના આધાર ત્હારો જ છે;
છોરૂં ઘુંટણીયે ઢળી કરગરી પ્રાર્થી રહ્યું છે પ્રભુ;
સામું જો મુજ રાંકની ધરી દયા તું હે કૃપાળુ વિભુ.

• • •

વાચા, કાય, પગે પ્રભુ કરથી જે કાને અને આંખથી,
જાણી હોય કર્યા ગુન્હા, વળી થયા જે હોય અજ્ઞાનથી,
ભાવે સુક્ષ્મ થયા હશે પણ કંઈ, ને કર્મ સંસ્કારથી;
પ્રાર્થું દીન બની; ક્ષમા પ્રભુ મ્હને તું આપ, તે સર્વની.

• • •

છું નાયાલક છોરૂં હું તવ પ્રભુ, મ્હારો છતાં બાપ તું,
શિક્ષા કૈં કરી બાપ ઘેર પણ જે હું બાળને રાખ તું
છું અજ્ઞાનથી છેક બાપ ભરીયો; ભૂલો ઘણી હું કરું,
ત્હોયે પ્રેમ કરી પ્રભુ શીખવજે, હું મૂર્ખને પાઠ તું.

## શાર્દૂલવિક્રીડિત

આજ્ઞા ભંગ કરી પ્રભુ તવ ઘણી ચાલ્યો ન સીધો પ્રભુ;
રાખ્યો છે કર ત્હોય મારે શિર પરે એવો દયાળુ પ્રભુ;
એથી મ્હેં લજવાઈ બાપ કરવું તુંથી ઊંધું; છે મૂક્યું,
પ્રેમે જે સુધર્યો; બીજે નવ કશે સ્હેજે શિખ્યો હોત  હું.

● ● ●

"સંતોષે પ્રભુ રે'વું ના, જ્યહિ સુધી ધ્યેયે ન પહોંચાયું છે"
એવા નિશ્ચયથી લડું જીવનના સંગ્રામ યુધ્ધો હું જે.
હૈયું તું મુજ પ્રેરજે બળ અને ઉત્સાહ, શ્રદ્ધા વિભુ,
પાછું ક્યાંયથી ના પડાય, મુજને દે જોશ એવું પ્રભુ.

● ● ●

આશીર્વાદ ઉતારવા મુજ શિરે ત્હારા, હું પ્રાર્થું ઘણું,
ત્હારું બાળક પ્રેમથી પ્રભુ ત્હને લાગુ ઢળી પાય હું,
સર્વાંગો મુજ જો ત્હને નમી રહ્યા સંપૂર્ણ ભાવે પ્રભુ;
કોટીવાર પ્રણામ દીન જનના સ્વીકારજે બાપ તું.

● ● ●

ભીખારી તવ બાળ છેક પ્રભુ છું; પાસે મળે ના કશું,
ભાવોર્મિ ઉર એજ એક મુજ છે સંપતિ સાચી પ્રભુ,
વેરી "એ" ફૂલ નિત્ય હું તવ પથે મ્હારી નિશાની મૂકું;
મ્હારે ઘેર પધારજે, નીરખી તું એ રાહ; પ્રાર્થું પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

જે જે ઉર સ્ફુર્યાં વિચાર કદી તે ના મ્હેં દબાવ્યા જરી,
સંતોષ્યા તપ તર્કથી, બહુ રીતે ત્યારે શમ્યા છે હરિ
એઓના હુમલા થકી પ્રભુ કદી હું હામ હાર્યો નથી;
અંતે સર્વ પરે, કૃપા તવ વડે શ્રધ્ધા પ્રભુ ત્યાં ઠરી.

• • •

સામું તું કરણી ભણી મુજ કદી જોતો રખે શ્રીહરિ
દોષો કોટિ અનંત છે મુજમહીં જાશે ગણ્યા ના કદી;
છું નાદાન હું છેક ત્હોય તવ છે છોરૂં; ક્ષમા આપ તું;
દેની, ઉપર આવવા પ્રભુ મ્હને ત્હારો કૃપા હાથ તું.

• • •

પારાવાર પડ્યું પ્રભુ દુઃખ ઘણું જેણે જગાડ્યો મ્હને
જ્યારે સ્હાય હતી ન કોઈ જનની ક્યાંયે પ્રભુ રાંકને,
આશા કીરણ અંધકાર મહિં એ ત્હારૂં જડ્યું છે પ્રભુ
પ્રાર્થું છું કર છેક આખર સુધી મ્હારો ન મૂકીશ તું.

• • •

હંમેશા પ્રભુ પ્રાર્થના સતત હું ત્હારી કર્યા જો કરું,
ત્હોયે શેં કરતો હશે નહિ પ્રભુ મ્હારી પરે મ્હેર તું;
ત્હારી, જોઉં કૃપા પ્રભુ જગતમાં વર્ષી રહી જ્યાં બધે,
તો કોરો પ્રભુ રાખશે, કગરતા શું એકલા રાંકને?

## શાર્દૂલવિક્રીડિત

છે કૈં ના નિજનું કશું, ઉમળકે ચર્ણે ધરું ભેટ હું,
વાતે સર્વ, ગરિબ છેક દીન છું ત્હારું પ્રભુ બાળ હું
નિત્યે નૌતમ ભાવથી પણ ત્હને, અર્પું હું સ્મણાઁજંલી
છોરૂં એ વિણ રંક શું દઈ શકે પ્રેમે ત્હને શ્રીહરિ?

• • •

"જાણું છું મુજ વાત સર્વ; તુજથી કૈં ના અજાણ્યું વળી"
"ને તું બાપ નજીકમાં નજીક છે" વિશ્વાસ એ છે હરિ,
ત્હોયે આ બકવું રહ્યું, કરમમાં શેં ના ફીટે એ વિભુ?
એ અજ્ઞાન મિટાડી બાપ મુજ દે પ્રાર્થું ત્હને હું પ્રભુ;

• • •

નાખ્યા ના ગજ પ્હોંચતા મુજ પ્રભુ હારી હૃદે હામ હું,
પોકારું ઉરમાં ઉંડું લળી ત્હને હું હાથ દેવા વિભુ;
આવ્યો છું તુજ પાસ જે શરણ; તે શું ભંગ આશા થશે?
ના! ના! નિષ્ફળ પ્રાર્થવું નહિ જશે; શ્રદ્ધા ઊંડી ઉર છે.

• • •

સાચો છું રખવાળ તું ગરિબનો, તું દીનબંધુ પ્રભુ;
એવો જાણી ત્હને પ્રભુ હૃદયથી ત્હારે ઢળ્યો શર્ણ છું,
જાશે જો મુજ આબરૂ ત્યમ છતાં મ્હારૂં કશું ના જશે;
ત્હારી બાપ જશે પતિત; જગ કો વિશ્વાસ ના રાખશે.

## શાર્દૂલવિક્રીડિત

દીનાનાથ કહે બધા; કર પ્રભુ તું સાર્થ એ નામને,
મ્હારો હાથ ગ્રહી જહાં લઈ જજે ત્હારું પરમધામ છે;
ના હું યોગ્ય હઉં પ્રભુ બનવજે ત્હારું કૃપાપાત્ર તું,
તો તો જાણીશું હવે "ગરિબનો સાચો દિસે નાથ તું".

• • •

"જાણી તું પ્રભુ પાપપુંજ હરતો" પાદામ્બુજે તાહરે,
ભાવે શર્ણ પ્રસિદ્ધ પાતકી ઢળ્યો; પ્રાર્થું; ક્ષમા અર્પજે.
તું છું બાપ દયાળુ; દીન પ્રભુ હું વ્હારે ચઢી આવ તું,
હું જેવો દુઃખી કો હશે નહિ પ્રભુ ફીટાડની બાપ તું.

• • •

હું જેવો પ્રભુ પૃથ્વીના પડળમાં પાપી બીજો ના હશે,
પશ્ચાતાપથી તપી ઉર કરી મ્હેં ભાવે ધર્યું ભેટ છે;
અશ્રુશ્રોત હું રેલવ્યા વળી કરું પાદામ્બુજે તાહરે,
હું સામું પ્રભુ તું જુએ; ગરિબને સંતોષ તો તો વળે.

• • •

મ્હારે તો પ્રભુ છે જ કાર્યક્રમ ના ઉપાસના વિણ કો,
એ નાવે તરવાં ચહું ભવનિધિ ત્હારી કૃપાથી પ્રભો!
જાણું દુર્બળતા હૃદે મુજ; છતાં મ્હેં હામ ભીડી પ્રભુ;
મ્હારા સાધનમાં મ્હને ઉર પુરાં વિશ્વાસ, શ્રદ્ધા પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

જે જે શર્ણ પ્રભુ ઢળ્યું; નવ કદી પાછું પડ્યું તે દીઠું;
તો શેં હિંમત હારી બાપ જઉં હું? યત્ને મચ્યો હું રહું.
છે શ્રદ્ધા ઉરમાં ઊંડી તુજ પરે વિશ્વાસ પૂરો વળી;
મોટામાં પ્રભુ મોટું કારણ જ એ જિવાય જે રાંકથી.!

• • •

છે આશ્વાસન એક બાપ મુજને મોટું પ્રભુ તાહરૂં,
ધારી જીવન આ રહ્યો મુજ પ્રભુ એ કારણે બાળ હું;
બાકી હામ નથી પ્રભુ મુજમહીં સ્હેજે ટકી કે શકું.
જાણું છું મુજમાં નથી તુજ વિના તાકાદ રે'વા ઊભું.

• • •

તું લે છે પ્રભુ "ક્ષુદ્ર જંતુ પણ હું" સંભાળ ત્હેની પુરી
તે મ્હેં જોયું વળી પ્રભુ અનુભવ્યું કે છે શિરે તું ધણી;
શ્રદ્ધા ત્હારી હૃદે પ્રભુ દૃઢીભુત થતી ને આત્મવિશ્વાસ જે;
ભાવે શર્ણ અનન્ય જેથી ચરણે રે'વાય છે તાહરે.

• • •

છૂટે છે મમતા પ્રભુ મુજથી ના કેમે કરી; શું કરું?
ના આવે પુરૂષાર્થ કામ મુજ ત્યાં; માથાં કુટી હું મરૂં,
સાચો એક ઉપાય છે; તવ કૃપા જો શિર વર્ષે પ્રભુ
તો તો બંધન સર્વ જે દુર થશે; પ્રાર્થું કૃપા દે વિભુ.

## શાર્દૂલવિક્રીડિત

હું જેવું પ્રભુ બાળ શું કરી શકે? જે સર્વ કૈં હું કરું
આધારે તવ તે બને; નહિતરે ના હામ હું માં વિભુ
એવો નિર્બળ બાળ છેક તવ છું; તેથી કૃપા નિત્ય હું
માગી ત્હારી રહ્યો પ્રભુ મુજ શિરે તો સિંચજે બાપ તું.

• • •

એક્કેયે મુજ વાત શેં તુજ ગળે કેમેય ના ઊતરે,
હાવાં શી રીત હું કરૂં ગ્રહણ કે રીઝે પ્રભુ હું પરે
ના! ના! મૂર્ખ દિસું; ઘટે તુજને કૈં દોષ દેવો પ્રભુ;
રે વાંકું મુજ કર્મ જ્યાં પ્રભુ હશે, ત્યાં તું કરે શું વિભુ?

• • •

હું તો મૂર્ખ શિરોમણી, પણ મ્હને સંભાળજે બાપ તું;
પાલે હું તવ છું પડ્યો; નિભવજે ત્હારો ગણી બાળ તું;
ત્હારો એક જ આશરો જીવનમાં હું રાંકને છે પ્રભુ;
તેથી સ્હેજ રખે ઘડી પણ મ્હને જોજે વિસારું પ્રભુ.

• • •

છે આધાર મ્હને બધો જગતમાં તું એકલાનો પ્રભુ;
ને ના કોઈ મળે બીજું તુજ વિના જેને ભરોંસે રહું;
''છું સર્વસ્વ જ તું પ્રભુ મુજ'', ગણી એવું ઢળ્યો શર્ણ છું;
એવા હે મુજ તાત; રાંક જનની સંતોષજે આશ તું.

## શાર્દૂલવિક્રીડિત

લીધો છે તવ જાણી આશ્રય પ્રભુ કે ભીડ તું ભાંગશે,
કો વાતે પડવા ન દુઃખ મુજને દેશે; પ્રભુ આશ છે;
મ્હારા સંકટને સમે જરૂર તું દોડી પ્રભુ આવશે,
ને કો'દી ઉછરંગમાં લઈ મ્હને આનંદ રેલાવશે.

• • •

ત્હારાં નિત્ય રૂડાં રૂડાં, જીવન હું સ્વપ્નાં રચી ગાળતો,
આશા મ્હેલ ચણી વળી તુજ વિષે આનંદમાં મ્હાલતો;
મ્હારૂં આ મન બાપ જો તુજ વિના ના કૈં કશે રાચતું;
પ્રાણાધાર હવે મ્હને જીવનમાં છે એકલો બાપ તું.

• • •

કોને હું સમજાવું જઈ ઉરકથા હૈયું પડે શાંત કે,
એવું કો નિજનું મળે જગત ના જે હાથ માથે મૂકે;
એ મ્હારું દુઃખ ભાંગનાર વિણ તું ના વિશ્વમાં કોઈ છે,
શું તો તું પણ વેગળો મુજ થઈ રે'શે અણીને સમે?

• • •

મ્હારે તો ઠરવાનું ઠામ જગમાં છે એકલો એક તું,
ને વિશ્વે કરવાનું વાત સ્થળ છે મ્હારે પ્રભુ એક તું;
પાસેમાં વળી પાસનું સ્વજન છે હું રાંકને એક તું,
ને સર્વસ્વ મ્હને પ્રભુ જીવનમાં છે એકલો બાપ તું.

## શાર્દૂલવિક્રીડિત

ભ્રાતા માત પિતા સખા સ્વજન તું હું રાંકને બાપ છું,
પાસેમાં પ્રભુ પાસનું મુજ સગું છે એકલું સર્વ તું,
ખાનારો જગ હોય કો મુજ દયા છે એકલો બાપ તું;
સાચો છે મુજ હીતચિંતક પ્રભુ આ વિશ્વમાં એક તું.

• • •

છે વિશ્વાસ પ્રભુ મ્હને જરૂર તું સંતોષશે એક દી.
તું દારિદ્ર ફિટાડશે મુજ; પ્રભુ જીવાય એ આશથી,
શ્રદ્ધાથી અવલંબી જીવન રહ્યું હું રાંકનું તું પરે;
જોજે કાઢવી ભાળ હું ગરિબની પ્રાર્થું રખે તું ભુલે?

• • •

માગ્યા બાપ કરીશ હું; જ્યહિ સુધી માગ્યું ન આપે પ્રભુ;
થોડાથી ન રીઝું, ન માનું વળી હું સંતોષ કેમે પ્રભુ;
ને હૈયે પ્રભુ આપવું જ મુજને જો ઈચ્છતો હોય તું;
તો તો બાપ પુરેપુરૂં મુજ પ્રભુ માગ્યું મ્હને આપ તું.

• • •

માગું જો નવ બાપ પાસ; પ્રભુ ક્યાં બીજે ધરૂં હાથ હું?
મ્હારે છે પ્રભુ એક તું જ સ્થળ; જ્યાં માગું કરી હક્ક હું;
તું માગ્યું મુજ આપશે જરૂર; ને સંતોષશે બાળ તું;
એવો બાપ પુરેપૂરો જ તુજમાં વિશ્વાસ હૈયે પ્રભુ;

## શાર્દૂલવિક્રીડિત

ના આવે પ્રભુ પાર શેં? હજી સુધી શું કર્મ ખૂટ્યાં ન છે?
એવો શો લઉં હું ઉપાય પ્રભુ કે થાયે બળી રાખ તે;
ત્હારા નામની હાટ માંડી પ્રભુ હું વેપાર જ્યાં ત્યાં કરૂં;
જાવાની નથી ખોટ કૈં; હૃદય છે વિશ્વાસ એવો પ્રભુ.

• • •

હું તો નિર્ભય આશરે તવ રહું બાકી ગજું મ્હારૂં શું?
જાણી તું પ્રભુ ગર્જતો મુજ શિરે છું બાળ નિશ્ચિંત હું,
ત્હોયે જે સ્થિતિ માગી હું પ્રભુ રહ્યો ના પ્રાપ્ત થૈ છે હજી;
કેમેયે કદી એ પ્રભુ મુજ થશે કલ્યાણ ના ત્યાં સુધી.

• • •

હું છોરું સમજુ કશું નવ પ્રભુ ઝાઝી ન બુધ્ધિ મળે
તો શેં હેતુ કળી શકાય મુજથી ત્હારા બધા હોય જે?
જે જે બાપ થતું હશે; મુજ ભલા માટે હશે સર્વ તે;
એવો નિશ્ચય છે ઊંડો હૃદયમાં ત્હારી કૃપાથી મ્હને.

• • •

શેં ભૂલું ઉપકાર જે ઉર પ્રભુ ત્હેં છે કર્યાં હું પરે,
ત્હારો એ બદલો વળાય મુજથી કેમે કરી ના; હરે!
તું જેવો ન ઉદાર કોઈ જગમાં દાની વળી ના પ્રભુ;
જોતો પાત્ર અપાત્ર ના પણ જરી એવો ક્ષમાવાન તું.

## શાર્દૂલવિક્રીડિત

ભૂલો બાપ પડ્યો ભવાટવી વિષે રસ્તો ન ક્યાંયે સૂઝે,
ત્હારૂં બાળ દુઃખી થતાં; તુજ વિના કોને કહે? ધ્યાન દે;
બાપુ જો અટવાઈ હું બહુ મરું ગુંચાઉં છું ઉર હું;
ફેંકી કીરણ તું કૃપા મુજ પરે લે દોરવી ઘેર તું.

• • •

ના સેવા જગની કરી પણ શક્યો સ્વાર્થી પૂરો હું પ્રભુ,
ના છે પુણ્ય કર્યા વળી જનદયા ખાધી નથી મ્હેં વિભુ;
જાણું સાધન માર્ગ ના કંઈ કશાં છે સદગુણો ના પ્રભુ
એવો હું મતિમંદ શર્ણ તવ છું સંભાળ લેજે પ્રભુ.

• • •

હું મૂર્ખો પુરૂષાર્થ કૈં પણ કરું ત્હારી કૃપાથી થતો,
બાકી છે ન શહૂર એવું મુજમાં નિર્માલ્ય જેવો હું તો;
જાણું છું વળગ્યો છું ભાર સમ હું ત્હારે ગળે બાપ જે,
એવાને પણ તું કૃપા કંઈ કરી હે તાત! સંતોષજે.

• • •

તું મ્હારી પડખે ન રે'; મુજથી તો ના કાર્ય એકે થશે;
હું તો નિર્જીવ પૂતળું તુજ વિના જાણે હઉં; એમ છે,
તેથી સાથ ન છોડતો મુજ જરી પ્રાર્થું ઊંડું હું પ્રભુ;
રે'વાશે નવ ઠામ બાકી મુજથી સ્હેજે વિના તું પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

હું તો હામ ધરું બધી તુજ પરે આધાર સર્વસ્વ તું;
વિશ્વાસે મુજ નાવડું જીવનનું હંકારતો હું પ્રભુ;
વા થી ને વડવાગ્નિથી; ખડકથી, લેજે બચાવી પ્રભુ;
જ્યારે ડામળડોળ થાય પ્રભુ એ દેજે મ્હને સ્હાય તું.

• • •

ના આધાર મ્હને કશો જગતમાં ત્હારા વિના કોઈનો,
જીવી બાપ રહ્યો છું આશ્રય વડે હું રાંક ત્હારા પ્રભો!
દોરીને પણ ઘેર તું લઈ જશે હું અંધને; આશ છે;
તેથી બાપ ઢળી રહી ચરણમાં પ્રાર્થ્યા કરું; તારજે.

• • •

ત્હારી ભક્તિ કરી નથી કંઈ પ્રભુ; ગાવા ગુણો તાહરા,
મ્હારા ક્ષુલ્લક હે પ્રભુ! હૃદયમાં સ્હેજેય છે પ્રેમ ના;
સત્કાર્યો પણ મ્હેં નથી કંઈ કર્યા રીઝું તું જેથી પ્રભુ;
એવો છું પ્રભુ ત્હોય હું શરણ છું વર્ષાવની મ્હેર તું.

• • •

હું થી કાંઈ કશું ન બાપ બનશે ધાર્યું જ ત્હારૂં થશે;
જાણું એમ હું ત્હોય બેસી ન રહું જોડી પ્રભુ હાથ બે;
મ્હારે જે કરવાનું છે પ્રભુ કર્યા હું તે કરું ખંતથી,
ને ઈચ્છ્યું પરિણામ મ્હેં કદી નથી, એ કામ ત્હારું ગણી.

## શાર્દૂલવિક્રીડિત

મ્હારી વાત અજાણી કૈં તુજ થકી એકેય છે ના પ્રભુ;
તો દુઃખી કરતો હશે, સમજું ના શેં રાંકને તું પ્રભુ?
જે આવ્યા તવ પાસ તે નવ ફર્યા ખાલી જ હાથે વિભુ;
તો છોરું હિણભાગી એક જગમાં રે'શે શું ત્હારું પ્રભુ?

• • •

આઠે પ્હોર રહું હું જાગ્રત પ્રભુ સ્હેજે ન ઊંઘું છું હું,
એ કાજે પુરૂષાર્થ જોશ મુજ જે સર્વસ્વ હું વાપરું;
રાખું છું ન ઉથામવો પથરો એકેય બાકી પ્રભુ,
રાખી ધ્યેય ભણી જ દૃષ્ટિ રહું છું ના પ્રાપ્ત ત્હોયે થતું?

• • •

હું કો વેળ નિરાશ છેક થઉં છું ત્યારે હૃદે કૈં પ્રભુ,
રે' છે હિંમત ના ઊભું પણ થવા સ્હેજેય; એવો ડુલું;
ત્યારે તો પ્રભુ પ્રાર્થતાં ઉર ત્હને વ્હારે ચઢે મ્હારી તું;
ને પાછો હૃદહામ પ્રેરી મુજને ઊભો કરે તું પ્રભુ.

• • •

ત્હારી હામ વિના ભરાય ડગલું એકે ન હુંથી પ્રભુ,
મ્હારાં કામ બધાંયનો જરૂર તું આધાર સર્વસ્વ છું,
હૈયે તું બળ પ્રેરણાત્મક પ્રભુ હું રાંકને બાપ છું,
જોજે સાથ પ્રભુ મૂકે મુજ રખે પ્રાર્થું ત્હને બાળ હું.

## શાર્દૂલવિક્રીડિત

લેજે ના મુજ દોષ ધ્યાનમહીં તું પ્રાર્થું પડી પાય હું;
એ જોતા; નવ આવશે મુજ કદી કેમેય આરો પ્રભુ;
તું છું કોમળ થાકશે જ ગણતાં માટે ભુલી તું જજે
હું થી "નિશ્ચય છે કર્યો ફરી હવે" એવા ન દોષો થશે.

• • •

દોષોયુક્ત પૂરો જ બાળ પ્રભુ છું તેથી ન છું મુક્ત હું,
જાણું છું જ પ્રભુ દશા મુજ પૂરી, છે ભાન ત્હેનું બધું;
એવો હું પદપંકજે  પણ ઢળ્યો લે શર્ણ ત્હારે પ્રભુ,
પ્રાર્થું બાપ ઉગારજે પતિતને ત્હારી કૃપાથી પ્રભુ;

• • •

કોટી બંધન છે પ્રભુ મુજ શિરે કે' કેમ કાપી શકું?
એ મ્હારા પુરૂષાર્થથી નવ થશે અર્પે કૃપા જો ન તું;
હૈયે હામ પ્રભુ કૃપા તવ થકી હું રાંકને બાપ છે,
હું થી સર્વ થતું કરીશ; પણ તું ટેકો મ્હને આપજે.

• • •

છું લૂલો વળી પાંગળો ક્યમ કરી દોડી કને ત્હારી હું,
આવી બાપ શકું શહૂર મુજમાં એવું ન ઊંડું પ્રભુ
હુંથી સર્વ થતું કરી; ચરણમાં ઘૂટી પડ્યો છું પ્રભુ.
મ્હારી આબરૂ રાખજે, કરગરું પાયે પડી બાળ હું.

## શાર્દૂલવિક્રીડિત

છોરું હા! નીવડ્યું ન યોગ્ય તવ હું; મ્હેં નામ બોળ્યું પ્રભુ,
ત્હારી કીર્તિ વગોવી બાપ જગમાં દેવાળું કાઢી પુરું
હાર્યો; ત્યાંથી ફરી ગણી હૃદય; હું - ઉભો થયો છું પ્રભુ
છે વિશ્વાસ; કહીંથીયે પડી શકું કેમે ન પાછો પ્રભુ;

• • •

કો મારું કરશે પ્રભુ પતિતનું કલ્યાણ ત્હારા વિના;
તું જેવો પ્રભુ કો સમર્થ જગમાં ક્યાંયે હશે બાપ ના;
વિશ્વાસે પડી જે રહ્યું ચરણમાં ત્હેને ન શું તારશે?
આરો હાય કહે હવે ગરિબનો ક્યારે પ્રભુ લાવશે?

• • •

મ્હેં તો તારણહાર દીનજનનો જાણી ત્હને શ્રીહરિ,
મૂક્યું છે શિર ચર્ણમાં તુજ પરે રાખી ભરોસે હરિ;
નાંખી ભાર બધો પ્રભુ તુજ પરે મ્હેં ઝંપલાવ્યું જ છે;
બેડો પાર ઉતારજે મુજ પ્રભુ જોજે ન ક્યાંયે ડૂબે.

• • •

છે અજ્ઞાન નર્યું ભર્યું મુજમહીં ને અંધકારે બહુ
હું છું વ્યાપ્ત પૂરો; પ્રકાશ મુજને ત્હારો; પ્રભુ આપ તું;
દોષોની પણ છે જ ના અવધિ કૈં છોરું પ્રભુ એવું હું;
ત્હોયે છું પ્રભુ શર્ણ હું; હૃદ ગણી ત્હારો; કૃપા આપ તું.

## શાર્દૂલવિક્રીડિત

જો તું સાંભળશે નહી મુજ પ્રભુ ક્યાં ઉર કે' ઠાલવું?
ને ડૂમો પ્રભુ શેં શમે વિણ કહ્યા આ દર્દ મ્હારૂં પ્રભુ?
ક્યાં જાઉં? કરૂં શું? ઉપાય મુજને એકે ન સૂઝે પ્રભુ;
તું થૈ અંતરનું સગું પણ કરે શેં વેગળો રે' પ્રભુ?

• • •

ઝાડી ઘાડી ઘણી પ્રભુ કિરણ જ્યાં ના સૂર્યનું પેસતું
ફાફાં મારી રહ્યો છું, હું તરફડી; યત્નો બને તે કરું
અજ્ઞાને મન વ્યાપ્ત છે મુજ થયું ના સત્ય રસ્તો સૂઝે;
અંધારે અટવાઈ બાળ મરતો તો ભાળ કૈં લે હવે.

• • •

લેશે ભાળ ન તું પ્રભુ મુજ કદી કે' કોણ સંભાળશે?
મ્હારા દર્દતણો તું એક જગમાં સાચો પ્રભુ વૈદ છે;
ભારે બાપ પિડાઉં છું; પ્રભુ મ્હને મ્હારી ચિકિત્સા કરી
એવી આપ દવા તું; જેથી મુજને ના રોગ પીડે ફરી.

• • •

છૂપા દર્દથી હું પીડાઉં પણ જે ત્હારા વિના કોઈને;
કે'વાતું મુજથી ન ક્યાંય; વળી કૈં બીડ્યું ન રે'વાય છે,
જો કેવાં છલકાય છે દુ:ખતણાં મોઝાં સમુદ્રે હૃદે;
પીડાતાં જન આમ ત્હારૂં; તુજથી શેં જોઈ રે'વાય છે?

## શાર્દૂલવિક્રીડિત

તું શેં નિર્દય હું પરે પ્રભુ થયો? સામું ન શેં ભાળતો?
બેઠો ફેરવી મુખ શેં મુજ ભણી? સે'વાય ના આમ તો;
તું કેમે કરતાં રીઝે નહીં પ્રભુ મ્હારી પરે; શું કરૂં!
પ્રાર્થું બાળ પ્રસન્ન થા, કરગરું હું હાથ જોડી પ્રભુ.

• • •

તાણ્યા બાપ કરું ઢળી ચરણમાં હું નાકલીંટી બહુ;
ને સાષ્ટાંગ પ્રણામ હું કરી ત્હને પ્રાર્થી રહ્યો જો પ્રભુ;
કોટીવાર ત્હને વળી શિર પ્રભુ જો હું નમાવ્યા કરું;
મ્હારી એ પ્રભુ પ્રાર્થના; અરજ છે તું ધ્યાન લેજે પ્રભુ.

• • •

મ્હારું કામ થશે નહિ, જ્યહિ સુધી તું રીઝશે ના પ્રભુ,
ને કે' શેં રીઝવી શકીશ તુજને અજ્ઞાની હું મૂર્ખ છું;
ત્હોયે; બાળક છું પ્રભુ ત્યમ ગણી દૃષ્ટિ કૃપા નાખજે
ને દોષો મુજ વાળી, સાફ બનવી, પાસે પ્રભુ રાખજે.

• • •

ધ્યાને મસ્ત બની રહું; નવ કશું રે' ભાન હૈયે બીજું,
તુંમાં હું થઇ એકમેક, રસમાં તલ્લીન પૂરો રહું.
આનંદામૃત પી ન તૃપ્ત થઉં હું એવા પિધા તે કરું;
એવા જો દિન જાય સર્વ મુજ તો જીવ્યું ગણ્યું ધન્ય હું.

## શાર્દૂલવિક્રીડિત

છું છોરું નિજનું ગણી પ્રભુ મ્હને તું વારસો આપજે,
હું જે સાચવવા મથીશ હૃદથી આપ્યું હશે સર્વ તે;
સ્હેજેયે પણ ના પ્રમાદ કરતો સ્વાધ્યાયમાં હું પ્રભુ;
ગાદી લાયક ત્હારી તો બનવજે હું બાળને બાપ તું.

• • •

દે પ્રોત્સાહક તું પ્રભુ બળ મ્હને સંગ્રામમાં કે ટકું;
ને હારું લવલેશ ના વળી પ્રભુ કેમે ન પાછો હઠું;
પુરું યુદ્ધ થતાં સુધી ખડકની હું જેમ ઊભો રહું;
એવો આગ્રહ પ્રેરજે દ્રઢ મ્હને વિશ્વાસ તેવો પ્રભુ.

• • •

મ્હારે છે પરતંત્ર સાવ બનવું તે માટ જો હું મથું;
મ્હારું સર્વ થતું કરું; ગજ છતાં કેમે ન વાગે પ્રભુ;
ચારે પાસથી હાથ બાપ મુજ તો હેઠા પડે છે પ્રભુ;
ત્હોયે હામ ન હારતો; રહું મચ્યો યત્ને કૃપા અર્પ તું.

• • •

જન્મારો પ્રભુ આમ હું ગરિબનો એળે વહી શું જશે?
ક્યારે હું તવ બાળ અંક રમવા કે' ભાગ્યશાળી થશે?
ભૂલે પ્રેમ પ્રભુ તું બાપ થઈ શું? છોરૂં કછોરૂં થયું;
ભૂલોની પ્રભુ માફી આપી મુજને લે પાસ ત્હારી પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

મ્હેં તો છાંયડી સુખની નવ કદી ક્યાંયે દીઠી છે પ્રભુ;
એવો હું કમભાગી બાળ પ્રભુ છું કૈં રે'મ દર્શાવ તું;
ત્હારી આશ ધરી હૃદે ચરણ મ્હેં ત્હારા ગ્રહ્યા છે પ્રભુ,
પ્રાર્થું ના કરતો નિરાશ મુજને દાખી પ્રભુ પ્રેમ તું;

• • •

હું જેવો ખલ કામી કોઈ જગ ના; ભૂલ્યો ત્હને છેક હું;
ના અસ્તિત્વ જ હોય, એમ વરત્યો જાણે પ્રભુ તાહરું,
જ્યાં ત્યાં મ્હેં ભટક્યા કર્યું, હૃદ કશું ના ભાન રાખ્યું પ્રભુ;
એવા હું રખડેલને, કરગરું લે શર્ણ ત્હારે પ્રભુ.

• • •

દોષો જો મુજ બેસશે, નીરખવા તો પાર ના આવશે,
ને શિક્ષા સહતાંય અંત મુજ ના કેમે કરી આવશે
દીઠો એક ઉપાય ના પણ કહીં મ્હારે પ્રભુ છૂટવા
આશાથી તવ ચરણમાં શિર મૂક્યું વર્ષાવજે તો કૃપા.

• • •

હું માં છે ન સ્વતંત્ર કૈં બળ કશું જેથી ચઢી હું કશું,
એવો પ્રેમ નથી વળી રીઝવી કે હું કામ કાઢી શકું;
એવો નિર્બળ છું ઢળ્યો, ચરણમાં લાંબો ધરી હાથ હું
પ્રાર્થું; ત્હારી કૃપા વડે પતિતને ઉદ્ધારજે બાપ તું.

## શાર્દૂલવિક્રીડિત

ચોકીદાર મળ્યો મ્હને તુજ સમો શો રાખવો ભો' પછી,
જ્યાં ત્યાં સાચવશે પ્રભુ ગરિબને ને રક્ષશે તું વળી,
વિઘ્નો જે કંઈ આવશે; દૂર થશે ત્હારી કૃપાથી સહુ,
વિશ્વાસે રહી એમ; કર્મ મુજ હું સર્વસ્વ ખંતે કરૂં.

• • •

ક્યારે સાફ કરીશ, કાચ સમ તું હૈયું હું મૂર્ખાતણું,
મ્હારાથી પુરૂષાર્થ સર્વ બનતો હોંશે કર્યા હું કરું,
હું થી જો બનતું હતે, તવ કદી ના આશ રાખી હતે;
તો પ્રાર્થું; કંઈ મેલ હોય મુજમાં બાળી બધો નાંખજે.

• • •

ત્હારો ઠોઠ નિશાળીયો હું નીવડ્યો ના શીખવાડ્યું ભણ્યો,
ના રાખ્યો પ્રભુ સ્હેજ પ્રેમ ભણવે કૂટું હવાં શિર જો;
પસ્તાયો મુજ વર્તને ઉર ઘણું; કૈં સાન આવી પ્રભુ,
તેથી બે કર જોડી ત્રીજું શિર હું નામી; ઢળ્યો શર્ણ છું.

• • •

પાંખો જો ફફડાવી આભ ઊડવા યત્નો ઘણા હું કરું;
કેમેયે પણ ફાવતો જરી નથી, ફાફાં જ મારી મથું;
આકાશે પણ ત્હોય દૃષ્ટિ મુજ હું રાખ્યા કરું છું પ્રભુ,
શ્રદ્ધા છે ઉર કે જરૂર મુજને પ્હોંચાડશે ત્યાં પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

પાછો આગળ જૈ પડું; ક્યમ કરું? સૂઝે મ્હને ના કશું;
બુદ્ધિ છે મુજ અલ્પ; નિર્ણય કશો બાંધી પ્રભુ ના શકું;
"સોપ્યું છે મુજ નાવ હસ્ત તવ મ્હેં ઉતારજે પાર તું,"
"એ" મ્હારી પ્રભુ પ્રાર્થના હૃદયની લેજે કંઈ ધ્યાન તું.

• • •

આકાશે પડઘો ઊઠે ત્યમ ઊંડા હું જો નિસાસા મૂકું;
ઊંડી અંતરવેદના નવ સહી કેમે જતી શું કરું?
ઓલાતી નથી લ્હાય; દુઃખ જઈ હું કે' ક્યાં શમાવું બધું?
પ્રાર્થું; સાંભળી આર્તનાદ ઉરના સંતોષજે બાળ તું.

• • •

પશ્ચાતાપથી જે ઢળે શરણ; તું ઉદ્ધાર ત્હેનો કરું;
રાખે હિંમત તેહને જરૂરથી તું સ્હાય દીધા કરું;
એવી આશ હૃદે ઊંડી તવ ધરી મ્હેં ઝંપલાવ્યું પ્રભુ;
મ્હારું નાવ ઉતારજે; કરી કૃપા તું પાર; પ્રાર્થું પ્રભુ.

• • •

બેઠો'તો બધું હારી છેક નિજનું માથે મૂકી હાથ હું;
ક્યાંયે ઉપર આવવા નવ હતી આશા મ્હને તો પ્રભુ;
ડૂબ્યો તો પ્રભુ સિંધુમાં ગરિબ હું એવા નિરાશાતણા;
ત્યાંથી તે ઉર હામ પ્રેરી મુજને ઊંચે લીધો; પ્રાર્થતાં.

## શાર્દૂલવિક્રીડિત

મોજા જેમ સમુદ્રમાં ઊછળતાં તેવા હૃદેથી પ્રભુ
ભાવો નૌતમ નિત્ય સ્ફુરી ચરણો ત્હારા પખાળે; જુઓ.
“હૈયે થાય પ્રસન્ન તું ક્યમ કરી” એ એકલી આશ છે;
હોમી પ્રાણ દઈશ યજ્ઞમહીં એ શક્તિ વળી સર્વ જે.

• • •

ચોકીદાર, પ્રભુ તું બાપ રહજે મ્હારે શિરે સર્વદા,
ચિંતા ભો' થી ઉગારજે; વળી મ્હને જ્યારે પડે આપદા;
છોરું છેક નઠોર છું પણ મ્હને સંભાળજે બાપ તું,
હૈયે રાખી ફર્યા કરું જયહિ ત્યહિ વિશ્વાસ ત્હારો પ્રભુ.

• • •

ત્હારા વાંક અનેક મ્હેં પ્રભુ કર્યા શિક્ષા સહેતાં છતાં,
આરોયે નવ આવશે મુજ, કદી તો રાખજે તું દયા;
ત્હારા ન્યાયમહીં દયા જરૂર છે તેથી રહ્યો છું ઊભો,
નર્કાગારમહીં જ બાકી સડતો હું હોત નિશ્ચે પ્રભો!

• • •

વાંકો મૂર્ખ બધે રહું પણ પ્રભુ દ્વારે સીધો હું રહું,
એવી સાપની ચાલ જેમ જગ હું વર્ત્યા કરું છું બધું,
જેથી કો નવ પારખી જ શકતું છૂપો રહી હું શકું,
ને કર્મો નવ આડખીલી બનતાં માર્ગે થતાં જે પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

ત્હારું નામ જપ્યા થકી તુજ પરે વિશ્વાસ શ્રદ્ધા હૃદે,
સ્ફૂર્યાં ઓસરશે નહી કદીય જે છોને વિપત્તો પડે;
"વિઘ્નો સર્વ વિદારશે, મદદ તું યત્ને મ્હને આપશે."
એ આશ્વાસન ત્હારું એક રહેશે હંમેશ હૈયે મ્હને.

● ● ●

આવ્યો છું તવ વાંકમાં પ્રભુ ઘણો ભારે મ્હને દંડ તું,
દેજે કે ફરકી શકું કદી નહી આડો ફરી ક્યાંય હું;
ના ખાતો જરીયે દયા મુજ પ્રભુ નાનું હું છોરું ગણી;
એવા દે  પ્રભુ ડામ, જેની ઉર રે' હંમશાં યાદી ઊંડી;

● ● ●

ત્હારી એક કૃપા થકી; હૃદ મ્હને રે' ભાન ક્યાં ક્યાં પડું;
ને ઊંડું બળ આવવા ઉપર તું દે છે દયાળુ પ્રભુ;
જેની હામની હૂંફ બાપ ઉર રે' મ્હેં શર્ણ એવાતણું.
લીધું છે, છૂટશે હવે કદીય જે કેમે ન હુંથી પ્રભુ.

● ● ●

ત્હારું બાળક સાવ છેક પ્રભુ છું ઘેલું હું લેલા સમું★;
પ્રાર્થું; સાચવજે મ્હને કરી દયા જ્યાં ત્યાં ઊડ્યા હું કરૂં;
ક્યાંયે હું ન ફસાઉં જાળમહિં એ જોતો રહેજે પ્રભુ;
શ્રદ્ધા "રક્ષણ બાપ તું જ કરશે હું રાંકનું" છે પ્રભુ.

---

★ લેલા સમું=લેલા પક્ષી જેવું

## શાર્દૂલવિક્રીડિત

દેજે હું તવ બાળને કરી કૃપા બુદ્ધિ રૂપાળી પ્રભુ;
દેજે સદ્‌ગુણ ઉર તું વળી મ્હને ઉદ્યોગ દેજે પ્રભુ,
દેજે આગ્રહ ખંત બાપ દૃઢ તું ઉત્સાહ તેવો પ્રભુ
દેજે તું મુજ કામ પાર કરવા શ્રદ્ધા ઊંડી હે પ્રભુ!

• • •

ત્હારું હું અપરાધી બાળ પ્રભુ છું પ્રાર્થું ક્ષમા આપ તું;
સામું જોઈશ ના પ્રભુ ગરિબના દોષો ભણી બાપ તું;
ત્હારે ચર્ણ ઢળી પ્રભુ, કરગરું લે ભાળ મ્હારી પ્રભુ,
વારંવાર પ્રણામ બાપ તુજને ભાવે કર્યા હું કરૂં.

• • •

જાણું ના ક્યમ વર્તવું; વળી પ્રભુ અજ્ઞાની ને મૂર્ખ છું;
એવાને પણ પ્રેમથી તવ ગણી સુઝાડજે રાહ તું.
ને કર્તવ્ય મૂકું ન હું મુજ કદી તું એટલું ભાળજે;
રે'વા જાગૃત હું મથીશ બનતું સદ્‌ગુણ તું આપજે.

• • •

તું સામર્થ્ય અપાર ઉર ભરજે ને દીર્ઘ દૃષ્ટિ પ્રભુ;
હૈયે તું નરી ભાવના જ ભરજે વિશ્વાસ તેવો પ્રભુ;
શ્વાસે શ્વાસ ઉમંગ બાપ ભરજે કર્તવ્યનિષ્ઠા પ્રભુ,
પ્રાણાધાર હૃદે તું શ્વાસ ભરજે શ્રદ્ધા વળી દે પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

મ્હારી હે પ્રભુ રાખજે વિનવું હું તું શુદ્ધ બુદ્ધિ પ્રભુ,
ને તું નિર્મળ રાખજે ગરિબનું હૈયું હંમેશાં પ્રભુ;
સંસારે દૃઢ રાખજે વલણ તું મ્હારું સ્વધર્મે પ્રભુ;
સત્કર્મે મન રાખજે; હૃદયની છે પ્રાર્થના એ પ્રભુ.

• • •

છોરું છેક નઠોર છું; પણ મ્હને દોષોતણું ભાન છે;
ને તે સર્વ હઠાવવા ઉર કરું યત્નો બધા હાથ જે;
રે'વા સાવધ નિત્ય હું નયન બે રાખું ઉઘાડા પ્રભુ;
ત્હોયે દોષ થઇ જતાં; ક્યમ કરું? લક્ષે સદા રે' પ્રભુ.

• • •

તું માં વ્યગ્ર જ રાખજે ચિત બધું મ્હારા વળી પ્રાણ તું,
બુદ્ધિ ને મન રાખજે ચરણમાં તું ભાવભીનાં પ્રભુ;
આનંદે નિત રાખજે ગરિબનું તું મસ્ત હૈયું પ્રભુ;
છોરું છું ગણી રાખજે મુજ પરે તું પ્રેમ ત્હારો પ્રભુ.

• • •

કર્તવ્યે નવ હામ બાપ રહતી તો કે' હવાં શું કરું?
શેં આ ગૂંચ ઉકેલવી નવ પડે કૈં સૂઝ હૈયે પ્રભુ!
બુદ્ધિ નિર્ણય લાવી ના પણ શકે ને ચિત્ત ચાલે નહીં,
એથી, બાપ ઉગાર તું, કરગરું પાયે પડી શ્રીહરિ.

## શાર્દૂલવિક્રીડિત

કર્તવ્યે નવ દક્ષ હું રહી શકું, હૈયે નિરુત્સાહ છે,
પ્હોંચાશે પ્રભુ રંકથી ક્યમ કરી જાવાનું જ્યાં દૂર છે;
ભાંગ્યા છે પગ છેક બાપ મુજ જો; જોયા કરે શું પ્રભુ,
મારું હું વલખા; મરૂં તરફડી વ્હારે પ્રભુ આવ તું.

• • •

છોરું ઢોર થકી નપાટ; પણ છું ત્હોયે છતાં ત્હારું,
જાણી એમ; કૃપા કરી; પ્રભુ ઘરે રાખી મ્હને પોષ તું;
ખાવા ટેવ હરાયું જે ઉર હતી તે કાઢવા હું મથું;
યત્ને સ્હાય સદા તું બાપ કરજે એ પ્રાર્થના છે પ્રભુ.

• • •

બોળ્યું મ્હેં તવ નામ; બાળ તવ હું દેવાળીયો નિકળ્યો;
ખોઈ દીધી મૂડી બધી જ ઘરની, મૂર્ખામીથી મ્હેં પ્રભો,
ને ના'વ્યો ઉપયોગમાં વળી કશા ત્હારા હું જાણું બધું;
પાલે ત્હોય પડયું પ્રભુ નિભવજે પ્રાર્થું ઢળી પાય હું.

• • •

તું મ્હારે શિર છત્ર બાપ પ્રભુ છું તેથી ઊગી હામ છે;
તું નિષ્કંટક માર્ગ બાપ કરશે મ્હારો મ્હને આશ છે;
છે વિશ્વાસ મ્હને પૂરો તુજ પરે શ્રદ્ધા વળી છે પ્રભુ;
કર્તવ્યે મુજ તું ઉમંગ પૂરશે ને ખંત હૈયે પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

છોરું છેક ડફોળ મૂર્ખ તવ છું, મોભાગ્ર બુદ્ધિ જ છે,
ઝાઝી ના ઉર છે ગતાગમ કશી કામે ન કૈં ઢંગ છે,
ઊંધું હું પ્રભુ વેતર્યા જ કરતો જ્યાં ત્યાં બગાડી મૂકું;
એવો ત્હોય છતાં હું શર્ણ તવ છું સંભાળજે બાપ તું.

• • •

ઓઠું નામતણું લઈ તવ, જગે વેપાર મ્હેં માંડીયો;
જોજે ખોટ ન જાય બાપ મુજ તું, સ્હે પૂરજે હે પ્રભો!
દેવાશે; પડશે જ જેમ; ઉરમાં એવું ગણીને પ્રભુ,
હું વેપાર બધો જ એમ ચલવું સંભાળ લેજે પ્રભુ.

• • •

પ્રાર્થું હું મુજ અંધકાર પ્રભુ જે ટાળી બધો નાંખ તું
ત્હારો બાપ પ્રકાશ નિત્ય પડવા દેજે હૃદે, હે પ્રભુ!
ત્હારા એક જ હું કૃપા કિરણની આશા ધરું છું પ્રભુ;
માગ્યામાં પ્રભુ એટલું જ તુજથી માગું બીજું ના કશું.

• • •

મ્હારે તું જ વિપત્તિના સમયમાં સાથી પ્રભુ એકલો;
એ વિશ્વાસ મ્હને પૂરો તુજ પરે ઊંડો હૃદે છે પ્રભો!
દીનાનાથ દયાળ હાથ મુજ તું મૂકી ન દેતો પ્રભુ;
જોજે એકલડો રખે પ્રભુ મ્હને ભૂલેચૂકે તું મૂકું;
ભારે સંકટને સમે મુજ પળે રે'જે ઉભો તું પ્રભુ;
ઝાલ્યું; પાર ઉતારજે; અધવચે રાખીશ ના નાવ તું.

## શાર્દૂલવિક્રીડિત

હું માં આવડ છે નહી કંઈ કશી તો કામ કે' શું કરું?
ને કામો કરતાંય એક પણ જે ના ઊતરે છે સીધું,
રે'વાતું નવ બેસી; બાપ મુજથી ભારે ઉધામા કરું,
જ્યાં ત્યાંથી લઈ જાળવી ઘર મ્હને પ્હોંચાડી દે તું પ્રભુ.

• • •

ભારે મ્હેં મન સાથ ત્રેવડ કરી, છે ઝંપલાવ્યું પ્રભુ;
કેમેયે; કટકા થતાં પણ કદી પાછો પ્રભુ ના હઠું;
હાવાં તે કરતાં ભલું જ મરવું ભૂંડું જીવું શા સુખે!
કાં તો પ્રાપ્ત કરીશ ધ્યેય મુજ હું ત્યાગીશ હું પ્રાણ કે.

• • •

મ્હારે તું જ વિપત્તિના સમયમાં સાચો પ્રભુ સાથ છું;
જાણી એમ; બધા જ કામ મુજ હું માથે લઉં છું પ્રભુ;
ત્હારી બાપ કૃપા થકી હૃદ મ્હને રે' હામ પૂરી પ્રભુ;
છે વિશ્વાસ ઉતારશે જ મુજને સંસારથી પાર તું.

• • •

મ્હારે સાવ ગુલામ છેક બનવું છો વિશ્વ મૂર્ખો ગણે,
મ્હારે ડા'પણ ડોળવું મુજ નથી  મ્હેં સર્વ સોપ્યું ત્હને;
થાતું જેમ હશે; થવા ત્યમ દઉં વચ્ચે પ્રભુ ના પડું;
ત્હારું યંત્ર પ્રભુ મ્હને બનવીને તું કામ લેજે પુરું.

## શાર્દૂલવિક્રીડિત

શેં અજ્ઞાન જશે ફિટી મુજ બધું ક્યારે થશે બાપ તે?
ને ક્યારે ગળશે જ ગાંઠ હૃદની હું મૂર્ખની બાપ કે'?
એકાકાર થઈશ બાપ તુજમાં હું બાળ ક્યારે પ્રભુ?
તું પ્રેમામૃત પાઈ બાળ કરશે કે' ધન્ય ક્યારે પ્રભુ?

• • •

દેવો દાનવ જેમ સાગર મથ્યા, તેવું હૃદે યુદ્ધ જો
ભારે બેઉતણું મચી પ્રભુ રહ્યું; હૈયું વલોવાય જો;
દેવો ત્યાં ઘડી જો જીતે; ઘડી પછી જો દાનવો જીતતા;
એવી આ ઘટમાળથી બચવજે ત્હારા જ ચક્રે કૃપા.

• • •

જો તું બાપ વિસારશે પ્રભુ મ્હને મ્હારી વલે શી થશે?
ના! ના! એમ વિચારવું ઉચિત ના, શું ફર્જ તું ચુકશે?
જાણું એમ વિતર્ક તર્ક હૃદયે ત્હોયે ઊઠે શેં પ્રભુ?
ને મૂકે ગભરાવી બાપ મુજને ખાલી નકામો પ્રભુ.

• • •

હૈયે શાશ્વત સુખ બાપ મુજને કે' પ્રાપ્ત ક્યારે થશે?
ને મ્હારો વ્યવહાર બંધ પડશે ક્યારે બધો બાપ કે'?
થાકી લોટ ગયો છતાં પણ સૂવા આરામથી ના મળ્યું;
તો શું આમ કરાવશે; કહીં સુધી મ્હારી કને વૈતરું;

## શાર્દૂલવિક્રીડિત

છેલ્લી વેળ ઉગારવાની તકને જોજે ચુકે તું રખે,
પ્રાર્થું આખર ફૂંકતો પ્રભુ કદી તું શંખ જોજે રખે;
ને તું સાગર હે કૃપામૃત તણા સુકાઈ જાતો રખે;
હું કાજે ધરજે દયા ઉર કંઈ તું એટલી હે હરે!

• • •

અંધારે પ્રભુ વ્યાપ્ત છેક ઉર છું તુંથી પડ્યો દૂર હું;
સૂઝે માર્ગ ન; ઘોર આ રજનીમાં; ગુંચાઉં છું હું પ્રભુ;
ત્હોયે આગળ જેમ તેમ કરી હું જાવા મથું છું પ્રભુ
પ્રાર્થું જીવનપંથ બાપ મુજ તું ઉજાળજે; તો પ્રભુ.

• • •

પે'લા હામ ધરી હતી નિજ બળે હૈયે પ્રભુ ચાલવા,
તે સર્વસ્વ ગયું જ જોર; પ્રભુ હું હાર્યો નકી છેક હા!
લેવો આખર છે પડ્યો તવ હવે આધાર મ્હારે પ્રભુ;
તો આડંબર એ; બહુ કરગરું ધ્યાને ન લેતો પ્રભુ.

• • •

ત્હારા ધામ થકી પડ્યો દૂર ઘણો અંધાર ઘેરે પ્રભુ,
ફાંફાં મારી રહ્યો જવા બહુ ત્યહીં યત્ને ન ફાવું પ્રભુ;
ત્હારો બાપ કૃપા ઉજાસ મુજને દેજે; પ્રભુ જે વડે
ભાળી માર્ગ શકું વિના અડચણે; એ પ્રાર્થના ધ્યાન લે.

## શાર્દૂલવિક્રીડિત

પ્રેમે આજ લગી મ્હને નિભવિયો ત્હારા પ્રભાવે પ્રભુ,
શ્રદ્ધા ઉર અપંગ છું; પણ મ્હને પહોંચાડશે ઘેર તું;
ભીડી હામ રહ્યો પ્રભુ હૃદયમાં એથી કરી બાળ હું;
જોજે ભંગ ન આશ મ્હારી કરતો, પ્રાર્થું પડી પાય હું.

• • •

મ્હારો પાલક વિશ્વચાલક વળી તું એકલો બાપ છું;
ને છું રક્ષક બાપ પોષક જગે હું રાંકનો એક તું;
એ વિશ્વાસ ઊંડો હૃદે દૃઢ મ્હને ત્હેં છે કરાવ્યો પ્રભુ;
જેથી દુર્ગમ પંથ જે પણ વળી હુંથી કપાતો પ્રભુ.

• • •

માગ્યા સ્હાય કરું અપંગ પ્રભુ છું દેજે, દયા જાણી તું;
ને તું લાકડી હોય વૃદ્ધજનને છું તેમ; મ્હારે પ્રભુ;
એ ટેકા વિણ ક્યાંય હું ડગ પ્રભુ એક્કે ભરી ના શકું;
લૂલો ને વળી પાંગળો તુજ વિના હું તો હંમેશાં પ્રભુ.

• • •

ત્હારા હું પદપંકજે નિત નમી પ્રેમે પ્રણામો કરું;
ને ગંગાજળ ભાવ નૌતમ થકી હું ધોઉં ચર્ણોં પ્રભુ;
"ત્હારા" હું રજનીય છું રજ પ્રભુ "એ પદ્મપાદોતણી"
તો ત્યાં કાયમનું જ સ્થાન મુજને દેજે કૃપા તું કરી.

## શાર્દૂલવિક્રીડિત

લીધું નાવ તરી જવા ભવનિધિ ત્હારા પ્રભુ નામનું;
જે બેઠું તરી તે ગયું; જગ સીઠું વિશ્વાસ બેઠો પ્રભુ.
તેથી તે ચલવી રહ્યો બળ થકી હોયે હૃદે જેટલું;
મ્હારો દી પણ આવશે ઉર ઠરી બેસીશ જ્યારે પ્રભુ.

• • •

હું તો કૈં પડતાં પડ્યો; પણ હવાં ચાલે ન અંગો પ્રભુ;
થાક્યો; આગળ એક હું ડગ પ્રભુ કેમે ભરી ના શકું?
ને છે ઠામ હજી ઘણું દૂર પ્રભુ? શેં હું જઉં ત્યાં તરી?
મારો ના ગજ વાગશે, નહિ કૃપા વર્ષાવશે જો હરિ.

• • •

મૂક્યું છે ભવસાગરે પડતું મ્હેં તું સ્હાયની આશથી,
મ્હારી જો પડખે ન રે' પ્રભુ હવે જોરે ક્યાં રૌ' ટકી;
આવું જો કરવું હતું શીદ મ્હને પ્રેર્યો પહેલાં પ્રભુ?
દર્શાવી ઉર આશ ચિન્હ રહેવું શું દૂર? શોભે વિભુ?

• • •

મ્હેં મૂર્ખે ઘણું છેતર્યો પ્રભુ ત્હને; સ્હેજે થઈ ના અરે!
ત્હારી જ્યાં લપડાક મ્હેં મુખ પરે ખાધી; સ્ફુર્યું ભાન છે;
પસ્તાવે ઉરમાં ઘણું; તવ કને પાયે પડી બાળ હું,
વારંવાર લળી લળી કરગરી યાચું ક્ષમા; દે પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

હું તો મૂર્ખ જ નીવડ્યો; વળી પ્રભુ કામે ન કો દક્ષ છું;
ના કૈં ઢંગધડા મળે મુજમહીં છું છેક એવો પ્રભુ;
એવો ત્હોય છતાં હું બાળ તવ છું ના તું કહી ના શકે;
લેજે સાચવી તો મ્હને; તવ પ્રભુ આશે જીવું રંક જે.

• • •

ભારે હું પ્રભુ શું પડ્યો તવ ગળે કે રાખતો ભાળ ના?
કે શું છું અળખામણો પ્રભુ ત્હને? એવા કર્યા શા ગુન્હા?
ધારો વાંક કર્યો જ હોય; પણ છું હું મૂર્ખ છોરું; ગણી
પ્રેમે અંક રમાડજે લઈ મ્હને "એ પ્રાર્થના બાળની"

• • •

ભાળ્યો પ્રેમ ન બાપનો હજી સુધી ના ઓળખ્યો મ્હેં પ્રભુ,
એને યોગ્ય થતાં; જરૂર મળશે આસ્વાદ પૂરો વિભુ;
થાવા લાયક હું મથી પણ રહ્યો તું પ્રેમ વર્ષાવજે;
એ કાજે જીવી છું રહ્યો; પ્રભુ મ્હને યત્ને કૃપા અર્પજે.

• • •

હૈયે હાય પુકારતો તવ કને આવ્યો પ્રભુ બાળ હું;
કે ત્યાં પામીશ "હાશ" એમ કરીને હૃદે શર્ણ ત્હારું ગ્રહ્યું;
આવે પાર ન ત્હોય શેં? દુઃખી ઘણો હૈયે થયા હું કરું;
આણી અંત જ દે હવે; ઉર સહ્યું ના દર્દ કેમે જતું.

## શાર્દૂલવિક્રીડિત

ભારે સાગર કે' પ્રભુ નિજ બળે શેં હું ઉલંઘી શકું?
કોટી કાળ મથ્યા કરું; પણ છતાં હુંથી બને ના પ્રભુ;
કાપ્યા પાણી કરૂં હમેશ; બનતાં મારી હલેસાં પ્રભુ;
પ્રાર્થું ત્હારી કૃપાથી બાપ કરી દે બેડો હવાં પાર તું.

• • •

મ્હેં તો ગર્દભ પેઠ બોઝ શિર જો ભારે ઉપાડ્યો પ્રભુ,
બોચી બેસી ગઈ, ભરાય ડગલું એકે ન હું થી વિભુ;
રૂંધાઈ પ્રભુ શ્વાસ જાય; ઉર જો જાણે પ્રભુ ટૂટશે;
ના રે'વાય ઊભું, પ્રભુ શિરથી તું આ ભાર ઉતારજે.

• • •

હૈયે નિશ્ચય છે જ મક્કમ; ભલે જાયે છૂટી પ્રાણ છો;
ત્હોયે કામ મૂકી દઈશ નહિ હું માથે લીધું જે પ્રભો!
કોટી જન્મ લઈ લઈ પણ પ્રભુ પાડીશ તે પાર હું;
ત્હારો તું કર રાખજે મુજ શિરે હું તો ચહું એટલું.

• • •

જીવું ઢોરની જેમ જીવન પ્રભુ ઉત્કૃષ્ટ હૈયું પ્રભુ
મ્હારૂં તું કરજે; ગરિબ જનની એ પ્રાર્થના છે વિભુ;
ત્હારો હાથ કૃપા પ્રભુ મુજ શિરે હંમેશ તું રાખજે;
એમાં સર્વ જતું સમાઈ; મુજને તું એટલું આપજે.

## શાર્દૂલવિક્રીડિત

ચૂંટી ઉરથી પ્રેમપુષ્પ  ચરણે ત્હારે મૂકું છું પ્રભુ;
ગંગા ભાવજળે, ઊંડા ઉમળકે હું ચર્ણ ધોઉં વિભુ
કાઢી પ્રાણતણો નીચોડ, ચર્ણે ત્હારે ધરૂં છું પ્રભુ;
રે'જે નિત્ય પ્રસન્ન તું; તવ કને માગું પ્રભુ એટલું.

• • •

ત્હારે હું પદપંકજે પ્રભુ ઢળ્યો, સંભાળ તું રાખજે;
ને દોરી પ્રભુ ધામ તું લઈ જજે હું અંધ આ બાળને;
ફેરા બાપ ફર્યા કર્યો; પણ રહ્યો હું તો ત્યહીંનો ત્યહીં;
આપી પાંખ કૃપા મ્હને ઊડવજે જાવું ચહ્યું છે જહીં.

• • •

હૈયે દુઃખ હુતાશિની પ્રગટી છે; જ્વાળા ભભૂકે પ્રભુ;
રોમેરોમ બધે જ લ્હાય પ્રસરી, સે'વાય છે ના પ્રભુ;
જાણી તું ઉપચાર કૈંક કરશે, આવ્યો પ્રભુ તું કને;
તું છું સર્વ સમર્થ, મુક્ત કરશે પીડાથી હું બાળને.

• • •

જાણી "દર્દ પ્રકાર સર્વ ટળશે તું પાસ જે આવશે"
"સાચો વિશ્વ સમસ્તમાં વળી પ્રભુ તું વૈદ પ્રખ્યાત છે;"
કંટાળી બહુ, રોગથી, ઉર ઘણો મ્હેં શર્ણ ત્હારું ગ્રહ્યું;
મ્હારો રોગ કહે જશે હૃદયનો ક્યારે સમૂળો પ્રભુ?

## શાર્દૂલવિક્રીડિત

સેવા ત્હારી બની નથી મુજથી કૈં ને ના થશે કૈં પ્રભુ;
એવું છેક અપંગ; હું જ ઊલટું ભારે પડ્યું છું વિભુ;
છોરું પાલવવું જ બાપ પડશે ત્હારે હંમેશાં પ્રભુ;
પાલે જે તવ છે પડ્યું; કંઈ બીજે કે' ક્યાં જશે એ વિભુ!

• • •

વાંકો હું નથી આજનો; પણ અરે છું જન્મથી હું પ્રભુ;
લાતો મ્હેં ઘણી ખાધી ત્હોય જરીયે શિખ્યો ન કૈં હું વિભુ;
કેમેયે નવ હું થયો સમજણો આવી ન બુદ્ધિ પ્રભો!
જ્યાં ત્હારો યમદંડ શીર પડતાં હું તો બન્યો પાંશરો.

• • •

તું છું મંગળ દેવતા પ્રભુ ત્હને તેથી સ્મરું નિત્ય હું;
હંમેશાં કરજે ભલું મુજ જગે ને પ્રેય દેજે પ્રભુ;
દૈ બુદ્ધિ શુભ; દોરજે વળી મ્હને તું સત્ય પંથે પ્રભુ;
આશીર્વાદ ઉતારજે તવ પ્રભુ મ્હારા શિરે બાપ તું.

• • •

આશા બાપ ગળા સુધી તવ મ્હને કે તારશે તું પ્રભુ;
એ વિશ્વાસ થકી રહ્યો જીવન હું મારું ટકાવી પ્રભુ;
ને શ્રદ્ધામય ઉર બાપ રહતું ત્હારી કૃપાથી વિભુ;
ઠેકાણે મન, બુદ્ધિ, ચિત્ત રહતાં જેથી કરી હે વિભુ.

## શાર્દૂલવિક્રીડિત

છોરું છેક અનાથ છું જગ પ્રભુ આધાર કોનો નથી;
ના કોઈ ધણીધોરી છે મુજ વળી બીજું સગુંયે નથી;
સંબંધી જન કો નથી; નિકટનો કો મિત્ર મ્હારે નથી;
મ્હારે માત, પિતા, સગું મુજ બધું જેમાં ગણું છું હરિ.

• • •

જાણી દીનતણો જ પક્ષ કરતો હંમેશ તું હે વિભુ;
રે'વા રાંક સ્વભાવથી બહુ મથું જેથી હૃદે બાળ હું;
કો વેળા પ્રભુ ત્હોય ભૂત મુજમાં આવી જતું શું કરું?
મ્હારા સર્વ ઉપાય બાપ બનતા હું તો કરૂં જો પ્રભુ.

• • •

છોરૂં હું તવ બાપ સાવ જગમાં પાક્યું નઠારું પ્રભો.
ના મ્હેં સાચવી આબરૂ તવ કંઈ; વેપાર ઉંધો કર્યો.
ભારે ખોટ જતા; હૃદે ચમકીને આવ્યો કને ત્હારી હું;
ધીરી મૂડી વધારજે, કરગરૂં તું શાખ મ્હારી પ્રભુ.

• • •

મ્હારી બાંહ્ય ગ્રહી હવે કદીય તું દેતો ન મૂકી પ્રભુ;
હું ચૂકું મુજ ટેક જો; બનવજે સીધો મ્હને બાપ તું;
ત્હારે રે' વશ વિશ્વ; એક પ્રભુ તો તાબે રહું હું ન શું?
ધારે તો કરવા સમર્થ સઘળું ચાહે ગમે બાપ તું.

## શાર્દૂલવિક્રીડિત

પ્રેમે મસ્તક હું ધરી ચરણમાં ભાવે સ્તવું જો વિભુ;
હંમેશાં વળી પ્રાર્થના કરી ત્હને પ્રેમે સ્મરું હું પ્રભુ;
દેવોના પણ દેવ પક્ષ રહજે મ્હારે સદા હે પ્રભુ!
એ છે એક જ પ્રાર્થના હૃદયની તું ધ્યાન લેજે વિભુ.

• • •

જાણી, સંકટ વેળ સ્હાય કરશે, મ્હેં યુદ્ધ માંડ્યું પ્રભુ;
બાંધ્યા છે રણમોરચા વળી બધે મ્હેં, પાસ ચારે વિભુ;
ને હું કેસરીયાં કરી, ઝઝૂમતો ભારે; કટીબદ્ધ થૈ;
પ્રાર્થું; પાર ઉતારજે પ્રભુ મ્હને તું યુદ્ધથી પક્ષ રૈ'.

• • •

કર્મો નીચ, કરી ન વર્ણન શકું લજ્જા ઘણી આવતી;
જાણે છે જ કહ્યા વિના મુજ બધું તો દે ક્ષમા દોષની;
ઝાલે જો મુજ હાથ; તો જ ઉગરૂં, બાકી ડૂબ્યો બાળ છું;
જો ચાહે તું ઉગારજે; ચરણમાં ત્હારે ઢળ્યું છું પ્રભુ.

• • •

કોટી છે અપરાધ માફ કરજે હું રાંકને બાપ તું,
જો તું બાપ ઉગારશે નહિ મ્હને તો તો ડૂબ્યો છું પ્રભુ;
મ્હારો હાથ ગ્રહી મ્હને ઉપર લે આ ખાડમાંથી પ્રભુ;
એમાં બાળ સડી મરું; બચવજે દુર્ગંધથી તું પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

આકાશે ઉડવું કરી સતત ત્યાં રે'વા ચહું બાળ હું;
કેમેયે નવ ફાવતો; જઈ ત્યહીં પાછો પડું છું પ્રભુ;
યત્નો હાથ હતા, બધા કરી કરી થાક્યો હવાં છેક હું;
ફાવે તે કરજે હવે; તુજ પરે છૂટું મૂક્યું મ્હેં બધું.

• • •

ત્હારો આશ્રય મ્હેં લીધો ઉગરવા જો સ્હાય રે'શે ન તું;
યત્નો સર્વ કર્યા છતાં, રહીશ જે ત્યાં ઠેરનો ઠેર હું;
ત્હારા સાથ વિના, ન એક ડગલું હું થી ભરાશે કદી;
તો ધીમો પ્રભુ ચાલજે, કરગરૂં હું સંગ સાથે રહી.

• • •

બાંધી સર્વ મદાર મ્હેં તુજ પરે નૌકા સમુદ્રે પ્રભુ,
મૂકી, ના સઢ છે; સુકાન નહિ છે; આધારમાં એક તું;
ચાહે તો પ્રભુ પાર ઠેઠ કરજે ચાહે તું ડૂબાડજે;
મ્હેં છે માંડી મીટ ધ્રુવ ભણી જે ના લક્ષ્ય તે છૂટશે.

• • •

ચાવી ઉન્નતગામી જો માંગતો રહું ત્હોયે મળે ના પ્રભુ;
સીધો બાપ રહું છતાં, તવ કૃપા વર્ષાવતો શેં ન તું?
ખામી કૈં જ રહી હશે, મુજ મહીં જાણી ન જે હું શકું,
ત્હારી બાપ કૃપા થતાં, દુર થશે અદ્રશ્ય ક્યાંયે બધું.

## શાર્દૂલવિક્રીડિત

જ્યાં છે પ્રેમ; નથી કશો નિયમ ત્યાં રે'તો; ગમે તેમ હું
તેથી નિત્ય કહ્યા કરું પ્રભુ ત્હને; વિવેક ના જાણું છું;
ખોટું કૈં ન લગાડતો મુજ પરે કે'વાઈ જાતાં વધુ,
ગાંડું ઘેલું વદું; લઈશ નહિ તું ધ્યાને કશું હે પ્રભુ.

• • •

કેમે અંતરમાંથી સ્હેજ તુજને હું તો વિસારીશ ના;
જેનું સ્મર્ણ થવુંય દુર્લભ ઘણું તે કેમ છોડું હવાં,
કોટી જન્મતણી મહેનત ફળી પ્રત્યક્ષ જયારે પ્રભુ;
તે કૈં વેડફી સ્હેજમાં દઉં હવે એવો નથી મૂર્ખ હું.

• • •

હુંમાં બાપ હજી પ્રભુ ઉર ઘણા પાખંડ ને દંભ છે;
હૈયું છેક પુરું ગરીબજનનું ના સાફ ને સ્વચ્છ છે;
એને બાપ હઠાવવા ઉર રહ્યો ભારે મથી જો પ્રભુ;
બાળી મૂળ જ નાશ તું કરવજે એનો સમૂળો પ્રભુ.

• • •

હૈયેથી હજી વાસના નવ જતી, ઘાલ્યાં ઊંડા મૂળ છે,
છેદું તેમ; ઊંડા જતાં; ક્યમ કરું? ના આવતો પાર છે;
ફૂટે છે ફણગા નવા અવનવા ફાવીશ કે' કેમ હું?
હારી હિંમત જાઉં છું; ધગશ દે યત્ને ઊંડી તું પ્રભુ!

## શાર્દૂલવિક્રીડિત

ઊભો હું થઉં છું; ફરી પ્રભુ વળી પાછો પડું બાળ હું;
ને પાછો ચઢવા મથું ઉપર હું ના ઠેઠ પ્હોંચી શકું;
ત્હોયે હિંમત હારતા ન ઉરથી મંડ્યો રહું છું પ્રભુ;
તું પ્હોંચાડીશ ઠામ; આશ ઉર એ જેથી જીવી હું શકું.

• • •

મ્હારૂં સર્વ જતું કર્યું; નવ કશું ત્હેં ધ્યાન લીધું પ્રભુ,
એ ત્હારો ઉપકાર રાંક જન હું વાળી શકું શેં પ્રભુ?
કોટી જન્મ લઈ લઈ તવ કરું સેવા કદી હોંશથી.
ત્હોયે ના બદલો વળી જ શકશે કેમેય ત્હારો હુંથી.

• • •

પાણી પત્થરની પરે બહુ પડે ત્હોયે ન તે પીગળે;
એવું છેક કઠોર ઉર મુજ છે; કેમે પ્રભુ ના દ્રવે;
એકે ના અજમાવવો પણ હવે ઉપાય બાકી રહ્યો,
એને તો પીગળાવી ફક્ત શકશે ત્હારી કૃપા; દે પ્રભો!

• • •

તું જેવો શિર જ્યાં ધુરંધર ધણી, હોયે પછી બ્હીક શી?
ચિંતા નાહક ત્હોય શેં ઉર થતી જાવા પ્રભુ માર્ગની;
જ્યાં જ્યાં દોરવશે પ્રભુ જયમ મ્હને ત્યાં ત્યાં જવાનું થશે;
ઘોડા આમ વિચારના મન પ્રભુ દોડાવતો શેં હશે!

## શાર્દૂલવિક્રીડિત

મ્હારા ઉરથી હોંશકોશ સઘળા ઉડી ગયા જો પ્રભુ;
જાણે હોય જતું રહ્યું બળ બધું દેખાય એવું પ્રભુ;
ઊંડા અંતરથી મૂકે હૃદય જો નિશ્વાસ કેવા પ્રભુ;
ત્હારૂં કૈં બળ રેડી; મુક્ત કરજે આવી નિરાશાથી તું.

• • •

માથે હાથ મૂકી રડ્યા પ્રભુ કરું કે વારનો બાળ હું,
ત્હોયે સાંભળતો કશું મુજ નથી બ્હેરો જ જાણે હઉ;
જા; ત્યારે નવ લઈશ ધ્યાન કંઈએ મ્હારું કશું તું પ્રભુ;
મ્હારી, મેળ કુટી લઈશ મુજ હું છો જે થવાનું થતું.

• • •

કંટાળ્યો બહુ; અંત લાવ મુજ તું જોડી પ્રભુ હાથ બે;
ત્રીજું મસ્તક હું ધરી ચરણમાં પ્રાર્થું ત્હને; ધ્યાન લે;
મ્હેં મ્હારી કથની બધી વિતકની છે સંભળાવી ત્હને,
જાણી "તું દૂ:ખ દુર સર્વ કરશે તો શું દયા ના ખાશે"?

• • •

તુંથી હોય અજાણ શું કંઈ પ્રભુ; જાણે બધી વાત તું;
ત્હોયે ત્હેં બબડાવવું મુખ થકી રાખ્યું હશે શેં પ્રભુ?
હૈયે એક મનાવી; વર્તન જુદું શેં દ્વૈતભાવે પ્રભુ?
મ્હારી સાથ ચલાવતો; કર હવે એ ભેદને દૂર તું.

## શાર્દૂલવિક્રીડિત

આવ્યા જે તવ પાસ ન્યાલ કરીયા છે તેમને ત્હેં પ્રભુ;
પાછું ના ફર્યું કો નિરાશ થઈને દ્વારેથી ત્હારા પ્રભુ;
તો હું એક રહીશ આમ નકરો શું છેક કોરો પ્રભુ?
શ્રદ્ધા ઉર અનંત; ધન્ય કરશે તું કોક દી બાળ હું.

• • •

મારુ ભાગ્ય કૂડું દિસે ગરીબનું થાક્યો કરી યત્ન હું
બેઠો ઠામ ઠરી ન ત્હોય જરીયે; જ્યાં જ્યાં ગયો ત્યાં નડ્યું,
એણે ક્યાંય દીધો ન જંપ વળવા કેડો ન છોડ્યો કહીં;
ફેંકી શીઘ્ર કૃપા તું છેદ કરજે એનો સમૂળો હરી.

• • •

ત્હારૂં નામ નહીં મૂકી દઉં પ્રભુ આ પ્રાણ જાતાંય હું;
લાગ્યો રાગ; છૂટે નહીં હૃદયથી જન્માન્તરે એ પ્રભુ;
છોડાતા પણ છૂટશે નહિ હવે સંબંધ એવો પ્રભુ
બંધાયો મુજ સાથ તો નિભવજે એને હવાં ઠેઠ તું.

• • •

જે કાજે જગ મોકલ્યો અહીં મ્હને તે કામ છોડી પ્રભો
માંડ્યું મ્હેં કરવા બીજું ફટ મ્હને ધીક્કાર કોટી હજો;
ત્હારું લૂણ હરામ મ્હેં પ્રભુ કર્યું ખાઈ બગાડ્યું બધું,
હું જેવો પ્રભુ દુષ્ટ કોઈ જગમાં પાક્યો હશે ક્યાંય શું?

## શાર્દૂલવિક્રીડિત

કેમે મુક્ત વિકારથી નવ થતો હારી વદું હું પ્રભુ;
મ્હેં મ્હારું અજમાવી સર્વ નીરખ્યું ત્હોયે ન ચાલ્યું કશું;
નાંખી છેવટ મ્હેં બધું તુજ પરે હું હાથ ધોઈ પ્રભુ,
બેઠો; બાપ ઉગારી લે; કરગરું પાયે પડી રાંક હું.

• • •

છૂટાતું મદ મોહ લોભ થકી ના ને કામ, ક્રોધાદિથી,
એ ભારે પજવ્યા કરે; ન વળવા દે જંપ; થાક્યો મથી;
કો વેળા પ્રભુ આંધળો બનવી દે હૈયે મ્હને છેક ''એ''
ત્હારી શક્તિ કૃપા પ્રભુ હૃદય દે; બાળી શકું સર્વ ''તે''

• • •

''છું પક્ષે પ્રભુ'' એમ મ્હેં હૃદ ગણી યુદ્ધે ઝુકાવ્યું બહુ,
બાકી તો કમજોર છેક તૃણથી મ્હારૂં કશું ના ગજું;
ત્હારા સાથ કૃપાતણી મદદથી ત્યાં હું ઝઝૂમી શકું,
આશા; જીતી શકીશ એક દિન હું આ યુદ્ધ પૂરું પ્રભુ.

• • •

હુંમાં જોર વિદારવા દળ અરિ છે ના પૂરું શું કરૂં?
તો શું આમ થવું ખુવાર પડશે માથે છતાં તું પ્રભુ?
જોડી હું નવ હાથ બેસી રહું છું તે તું જુએ છે પ્રભુ;
ત્હોયે શેં નવ સ્હાય કાંઈ કરતો હું રાંકને તું પ્રભુ?

## શાર્દૂલવિક્રીડિત

ત્હારા એ પદપંકજે પ્રભુ ઢળી પાડ્યા કરું અશ્રુ હું;
શી બીજી રીત "ખેંચવા મુજ ભણી" હું લક્ષ ત્હારૂં ગ્રહું?
ના કૈં છે રડવા વિના બળ બીજું હું બાળનું, હે પ્રભુ,
કે જે વાપરીને પ્રભુ તુજ પરે ખેંચી ત્હને હું શકું.

• • •

કે' શેં હું રીઝવી શકું પ્રભુ ત્હને શી રીત એવી ચહું?
શું એવું કરું કામ; હું પર ત્હને કૈં પ્રેમ થાયે પ્રભુ;
કે' હું કેમ રહું; પ્રસન્ન પ્રભુ તું જેથી રહે હું પરે;
જે જે કૈં ગમતું ત્હને; ઉર કર્યા પ્રેમે કરૂં સર્વ તે.

• • •

ભારે આંખ થઈ ઊંઘે, ઉઘડી તે કેમે શકે ના પ્રભુ,
વ્યાપ્યું ઘેન રગે રગે, નસ નસે સર્વત્ર રોમે પ્રભુ;
ઘેરી સાવ લીધા વળી નયન બે અજ્ઞાન નિશે પ્રભુ;
છે મ્હારે મન અંધકાર સઘળે; એમાંથી ઉગાર તું.

• • •

આધારે તવ હું ભરી ડગ શકું ને પંથ કાપ્યા કરૂં;
જ્યાં થાકું; ઉર પ્રેરતો ધીરજ તું એવો દયાળુ પ્રભુ;
દે છે આગળ બાપ હામ ધપવા હૈયે ઊંડી હે પ્રભુ;
એવું જે મુજને પ્રભુ ચલવતો તે પા'ડ હું શેં ભૂલું?

## શાર્દૂલવિક્રીડિત

ત્હારો એક જ આશરો ગરિબને જેના વડે હું જીવું
ને ઊભો જગ એકલો પગ પરે મ્હારે રહી હું શકું;
ત્હારું છત્ર કૃપા પ્રભુ મુજ શિરે દાખી દયા રાખ તું;
માગ્યું એટલું એક જો પ્રભુ મળે તો ધન્ય પૂરો બનું.

• • •

મ્હેં મંડાણ કર્યું; બધો તુજ પરે આધાર રાખી પ્રભુ,
હું તો યત્ન કરી છૂટું મુજ બધા; તું હાથ, પૂરું થવુ;
મીંચી આંખ ધાયા કરૂં ઉપર હું હમેંશ ખંતે પ્રભુ;
તો તું ઠેઠ ઉતારજે મુજ બધું પ્રાર્થું પૂરું પાંશરુંઃ

• • •

હું છું દોષતણો જ બાપ દરિયો ના લક્ષ લેતો પ્રભુ;
મ્હારા વાંક બધા જતાં તું કરજે છોરું ગણી તાહરૂં;
ત્હારે પાય પડી લળી કરગરૂં યાચું ક્ષમા; દે પ્રભુ
ને ખોટો ઉપયોગ હું નહિ કરૂં એનો કદીયે પ્રભુ.

• • •

શત્રુ સર્વ હઠાવવા બળ મ્હને તું આપજે હે પ્રભુ,
ને શક્તિ મુજ કામ પાર કરવા દેજે મ્હને તું પ્રભુ;
દે શ્રદ્ધા; પુરૂષાર્થ છેવટ સુધી ખંતે કર્યા હું કરૂં.
દે વિશ્વાસ ટકી જ સંકટ સમે રે’વા મ્હને તું પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

કે' અજ્ઞાન તિમિર સર્વ ટળશે ક્યારે પ્રભુ રાંકનું?
તુંમાં એક થશે કહે હૃદયનો આ તાર ક્યારે પ્રભુ?
ભેદાભેદ ભૂલી જઈ ભળીશ હું ક્યારે તુંમાં કે' પ્રભુ?
ને પ્રેમામૃતથી બનીશ ઉર કે' હું મસ્ત ક્યારે પ્રભુ?

• • •

"ભારે કાળ કરાળનો ભય શિરે જાણી" ઢળ્યો શર્ણ હું;
એનાથી ઊગરી જવા સતત હું યત્નો હજારો કરૂં;
સેવું છું તવ પદ્મપાદ ઉર હું એ કાજ, ભારે પ્રભુ,
સ્વાર્થી છું, પણ ત્હોય મુક્ત કરજે એથી મ્હને હે પ્રભુ!

• • •

મ્હારૂં સત્ગુરૂ જો પ્રભુ મન થશે કલ્યાણ તો તો થશે.
આશા, યત્ન વિષે પડે ઉર મ્હને એ એક તારે થશે.
સંધાશે હૃદ સંગ એક થઈને જયારે પુરૂં સાવ તે;
ત્યારે રેલમછેલ ત્યાં રસ અને આનંદની ઊડશે.

• • •

સીધો બાળકને મ્હને ચલવજે તું રાજમાર્ગે પ્રભુ;
આડો ક્યાંય જતાં; કૃપા કરી મ્હને ચેતાવજે તું પ્રભુ;
ને થાયે પુરૂષાર્થ ભંગ મુજ ના જોતો રહેજે પ્રભુ;
સોંપી જીવનદોરી મ્હેં તુજ પરે સંભાળજે તો પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

જે લાંબો કર તું ભણી પ્રભુ કરે તેનો ગ્રહે હાથ તું
ને એને ઘર ઠેઠ બાપ પુગવી દે સુખ નિશ્ચિંત તું;
લાંબો હાથ કરી રહ્યો તુજ ભણી હું ક્યારનોયે પ્રભો!
એ આશે; વિનવું કૃપા કરી હવે તું લે ગ્રહી હાથ તો.

• • •

હું કામી ખલ મૂર્ખ છું; કર કૃપા મ્હારી પરે તું પ્રભુ;
ત્હારે દ્વાર પડ્યો; ઉઠાડ મુજને મ્હારો ગ્રહી હાથ તું;
છોરૂં બાપ ત્હને ઘણું કરગરૂં પાયે પડી રાંક હું;
જો તું કૈં કરતાંય હું ગમ હવે સામું જરી હે પ્રભુ;

• • •

હૈયે સ્મર્ણ થતું રહે તુજ ઊંડું નિત્યે પ્રભુ ભાવથી,
સેવાકાર્ય બન્યાં કરે મુજ થકી હંમેશ કૈં પ્રેમથી;
ભાવોથી છલકાતું રે' ઉરભર્યું મ્હારૂં સદા હે પ્રભુ;
શ્રદ્ધા ભક્તિ રહે વળી તુજ પરે એવી કૃપા દે પ્રભુ.

• • •

લોભીને ધન વ્હાલું છે જયમ વળી; છે કામીને કામના,
તેવું હું તવ નામ પ્રિય કરવા હૈયે કરૂં ભાવના;
રે'વાયે પળ એક ના તુજ વિના તું અગ્નિ એવો પ્રભુ,
હૈયામાં પ્રગટાવજે વિરહનો! છોની ભલે ના જીવું.

## શાર્દૂલવિક્રીડિત

નાનું બાળક ભાંગફોડ કરતું માબાપને એ ઘણું;
કૈં તોફાન કરી કરી પજવતું; વ્હાલું છતાં લાગતું;
તેવું તું મુજ ધ્યાન કૈં લઈશ ના છોરૂં ગણી તાહરૂં;
એ ભાવે રહવાં મથું સતત હું તો પ્રાણ ત્યાં રેડ તું.

• • •

તું મ્હારૂં દુઃખ ભાંગશે નહિ પ્રભુ તો કોણ કે' ભાંગશે?
મ્હારે એક મદાર છે તુજ પરે આધાર કો આપશે?
જીવ્યું કેમ કરી જશે મુજ થકી આવી રીતે કે' પ્રભુ?
કાઢું શેં નવ ભાળ બાપ મુજ તું વાંકે ક્યાં હે પ્રભુ?

• • •

હું આક્રંદ કરી રહ્યો ઉર ઘણું માથા પછાડી મરૂં,
તું કેમે કરતાંય સ્હેજ પણ કૈં ના માનતો છું પ્રભુ;
"રીઝી કેમ શકું પ્રભુ" ઉર ઊંડા એના વિચારો કરૂં;
એમાં મગ્ન રહું; ઉકેલ પણ ના કૈં આવતો; શું કરૂં?

• • •

ઊંડું કાળજાનું દર્દ જઈ ક્યાં મ્હારૂં રડું હું પ્રભુ?
કે હું શાંત પડું; વળે હૃદયમાં સંતોષ જેથી પ્રભુ;
કેવો ઉર મૂંઝાઉં રે'મ નજરે મ્હારી ભણી જો પ્રભુ;
ત્હારો હાથ કૃપા ધરી મુજ શિરે આરામ દેની પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

વારંવાર નમી ત્હને લળીલળી હું પાય લાગી કહું;
ફેંકી બાપ કૃપા કટાક્ષ સઘળા દે બાળી કીલ્મીષ★ તું;
હૈયે એક જ વાંછના, ફળવી દે તું એટલી હે પ્રભુ;
ત્હારી પાસ ફરી પછી અવર હું માગીશ ના કૈં કશું.

• • •

હૈયામાં તવ પાદચિંત્વન કર્યા પ્રેમે કરૂં છું પ્રભુ;
ક્યારે કર્મથી મુક્ત બાળ કરશે પ્રારબ્ધનાંથી પ્રભુ?
ક્યારે હર્ષતણી નદી ઉર ઊંડી રેલાવશે તું પ્રભુ?
ક્યારે તું પ્રગટાવશે હૃદયમાં એ જ્યોત ત્હારી પ્રભુ?

• • •

ત્હારૂં મંદિર સ્વચ્છ સાફ કરવા ભારે મથું છું પ્રભુ;
ક્યાંયે રે' કચરો જરી નહીં પ્રભુ હું યત્ન એવા કરૂં;
ત્હોયે કૈં મનને પસંદ પડતું ના કામ એવું થતું;
રે'વા યોગ્ય પુરૂં ત્હને ક્યમ કરી એને બનાવું પ્રભુ?

• • •

તું છું બાપ કૃપાનિધિ; ત્યમ છતાં તું શેં કૃપા ના કરૂં!
ટીપું એક જ આપતાં, નહિ જશે ત્હારૂં ખૂટી કૈં કશું!
કૈં કૈં ને કરિયા નિહાલ પ્રભુ ત્હેં જે શર્ણ આવ્યા પ્રભુ;
તો શું વંચિત રાખવો ગરિબ હું આ એકલો; ઈષ્ટ શું!

---

★ કીલ્મીષ=પાપો

## શાર્દૂલવિક્રીડિત

તું મ્હારૂં મન મંત્રમુગ્ધ કરજે કબ્જે રહે કે પ્રભુ;
ક્યાંયે ના ચસકી શકે પણ જરી રે' ઠામ મેળે પ્રભુ;
માગ્યામાં ઉર એટલું તુજ કને માગું પ્રભુ એક હું;
એ દે તો મુજ રાંક ભાગ્ય ફળશે દેખું રૂડો દી પ્રભુ;

• • •

ત્હારૂં મંગળ નામ હું હૃદયથી ભૂલીશ કેમેય ના;
મ્હારા પ્રાણ જતાં છતાં પણ કદી હું ટેક મૂકીશ ના;
જારી યત્ન રખાવવો હૃદયથી છે હાથ ત્હારે પ્રભુ;
મ્હારો યજ્ઞ કરાવતો ન તપનો તું ભંગ કો'દી પ્રભુ.

• • •

આ આવી મુજથી દશા નવ સહી કેમે જતી; શું કરું?
સાલે છે ઉરમાં ઉંડું; પણ નથી ઉપાય એકે પ્રભુ;
તો તું ઓજસ, પ્રાણ, ચેતન હૃદે રેડી પ્રભુ રાંકને,
મ્હારૂં એકલવાયું આ જીવન છે એને નવા રંગ દે.

• • •

તું મ્હારાં મદ મોહ મત્સર પ્રભુ ને ક્રોધ સંહારજે,
મ્હારા વિષયના વિકાર સઘળાં બાળી પ્રભુ નાખજે,
જે કૈં આળસ ને પ્રમાદ મનથી કાઢી બધું નાખજે,
ખાલી સાવ તરંગથી પ્રભુ મ્હને હે તાત! ઉગારજે.

## શાર્દૂલવિક્રીડિત

જાણી એક જ તું પ્રભુ જગતમાં આનંદનું ધામ છું;
તો આસ્વાદ લીધા વિના ઉર પૂરો એનો હવાં શેં ઠરું?
મ્હારૂં હું બળ વાપરીશ સઘળું જંપી ન બેસીશ હું;
મ્હારા પ્રાણ છૂટી જતાં પણ ભલે હું લૈશ ધાર્યું પ્રભુ.

• • •

ક્યારે બેસીશ ઘેર હાશ કરીને નિશ્ચિંતથી હું પ્રભુ?
એનું એ જ કર્યા કરૂં રટણ હું હંમેશ હૈયે પ્રભુ;
જાણીને પ્રભુ કલ્પવૃક્ષ તુજને મ્હેં શર્ણ ત્હારૂં ગ્રહ્યું,
તો માગ્યું મુજ આપી; નામ કરજે સાર્થ ત્હારૂં પ્રભુ.

• • •

આવ્યે દી અઘરો મ્હને ગરિબને સંભાળજે તું પ્રભુ;
સ્નેહી સર્વ સગાં સબંધી અળગાં ત્યારે રહેશે પ્રભુ;
જો ત્યારે કર ઝાલશે મુજ નહીં મ્હારી ગતિ શું થશે?
જીતી બાજી જઈશ હારી સઘળી માટે પ્રભુ ભાળજે.

• • •

ત્હારે ચર્ણ પડ્યો; ખસેડ જરી ના તું દૂર ત્યાંથી પ્રભુ;
એ છે એક જ પ્રાર્થના હૃદયની તું ધ્યાન લેજે પ્રભુ;
મ્હારે તો બસ; એટલું જ કરવા જો દે મ્હને તું પ્રભુ;
બીજી કોઈ જ વાંછના ઉર ઊંડી ના છે મ્હને; હે પ્રભુ!

## શાર્દૂલવિક્રીડિત

મ્હારે આ ક્યમ ટાળવો હૃદયનો ઉદ્વેગ ઊંડો પ્રભુ?
જ્યાં એકેય ઉપાય હાથ મુજ ના, ત્યાં કે’ હવાં શું કરું?
માંડી છે ઉર ધારણા; તુજ થકી તે શાંત થાશે પ્રભુ;
તેથી તો વિનવ્યા કરૂં ઉર ઉંડું ભાવે ત્હને જો પ્રભુ.

• • •

મ્હારે સંકટને સમે મુજ વખે રે’જે સહાયે પ્રભુ;
હૈયે હિંમત કાપવા દુઃખ બધું તું આપજે હે પ્રભુ;
સામે બાપ ઝઝૂમવા, બળ મ્હને તું એવું દેજે પ્રભુ;
કે હાથે મુજ એકલે દુઃખતણો હું અંત લાવી શકું.

• • •

ક્યારે શાંત થઈ; ઠરીશ મનથી એ તું મ્હને કે’ પ્રભુ;
મ્હારો આ બકવાટ સર્વ ટળશે ક્યારે નકામો પ્રભુ;
ત્હારે ચર્ણ નિરાંતથી જ મળશે “જાણી” સૂવાનું પ્રભુ;
આવ્યો છું તવ પાસ; આશ ઉરની જોજે કરે ભંગ તું!

• • •

ત્હારા હું પદપંકજો હૃદયમાં ભાવે સ્તવું છું પ્રભુ;
આશાથી ઉર “રાખશે ગરિબને તું ઘેર ત્હારે પ્રભુ”;
ત્હારા ચાકરનોય ચાકર પ્રભુ રે’વા હું તૈયાર છું;
રાખી લે તુજ નોકરીમહિં મ્હને એ પ્રાર્થના છે પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

ત્હારા જાપ જપ્યા કરૂં નિશદિને હૈયે ઊંડા હું પ્રભુ;
શ્રદ્ધાથી "મુજ કોક દી પણ પ્રભુ સંતોષશે આશ તું."
ને યત્કીંચિત ત્હારી હુંથી બનતી સેવા કર્યા જો કરૂં,
જો આવે મુજ કૈં દયા ઉર ત્હને તો ભાળ લેજે પ્રભુ.

• • •

ત્હારૂં બાળ રિબાઉં હું પણ કશી ના ભાળ લે તું પ્રભુ;
મ્હારી ઉપરથી ઉતારી પ્રભુ શું ત્હેં હેત દીધું બધું;
એવા કારણથી કયા ગરિબને કે' ત્હેં વિસાર્યો પ્રભુ?
થાવું નિર્દય છેક આમ તુજને ના યોગ્ય કૈં છે પ્રભુ!

• • •

શું આંખો નવ છે, ત્હને હૃદય કે શું કાન ના છે પ્રભુ?
કે તું સાંભળતો નથી પણ જરી જોતોય ના તું પ્રભુ;
ના શું લાગણીયે થતી પણ ત્હને મ્હારી જરીયે પ્રભુ;
છે શું પ્રેમ ન હું પરે; પ્રભુ મ્હને કે તું રિબાવા દઉં!

• • •

ક્યારે તું ઉર ફૂલ આ ગરિબનું મ્હેંકાવશે શ્રીહરિ!
ક્યારે મસ્ત બનાવશે પ્રભુ મ્હને આનંદ ઊર્મિ થકી?
ક્યારે અંક રમાડશે લઈ મ્હને તું પ્રેમથી હે પ્રભુ?
ક્યારે તું કૃતકૃત્ય બાપ કરશે હું બાળને હે પ્રભુ?

## શાર્દૂલવિક્રીડિત

હું જેવો ન ખરાબ કોઈ જગમાં ક્યાંયે હશે હે પ્રભુ!
મૂકી જે ઘરને બધે જ રખડ્યા જ્યાં ત્યાં કરે છે પ્રભુ!
ઠેકાણે ઘર કોઈ દી ન ઠરીને રે'વું બન્યું છે પ્રભુ,
ભૂલ્યો છું નિજ બાપને પણ પ્રભુ એવો ઢળ્યો શર્ણ હું.

• • •

શેં આપે નવ લક્ષ? દુઃખ દરિયે ડૂબી રહ્યો છું પ્રભુ;
પોકાર્યા કરતો ત્હને હરઘડી હે રામ! હે રામ! હું.
ક્યારે પાર ઉતારશે જલધિથી પેલે કિનારે પ્રભુ?
જોયા રાહ કરૂં હંમેશ; કરશે કે સ્હાય તું હે પ્રભુ?

• • •

નિશ્ચિંતે સ્થળ ના વિના ચરણ કો કે જ્યાં નિરાંતે સુઉં!
હૈયે નિશ્ચય "એ" થયો, વળગી ત્યાં તેથી રહ્યો છું પ્રભુ;
વિઘ્નો કોટીય આવતાં, ત્યમ છતાં હું શર્ણ મૂકું નહીં,
કાં તો હું મરૂં કે વરૂં મુજ પ્રભુ જે ધ્યેય ધાર્યું હરિ.

• • •

હું પહોંચ્યા વિણ ઠેઠ, સ્હેજ પણ ના બેસીશ જંપી પ્રભુ;
ગોઠે તો પછી પ્રાણ જાય, પણ કૈં છોડીશ ના યત્ન હું;
પી ચર્ણામૃત જ્યાં સુધી હૃદયમાં હું ના ધરાઉં પ્રભુ;
ત્હારાં એ પદપંકજો ત્યહિ સુધી કેમે ન મૂકીશ હું.

## શાર્દૂલવિક્રીડિત

છોરૂં છેક અનાથ છું ચરણમાં મ્હેં શિર મૂક્યું પ્રભુ;
"જાણી" તું ઉર પોષશે ગરિબનું ને રક્ષશે હે પ્રભુ;
જો સંભાળ ન લે હવાં મુજ; થશે કે' કોણ બીજું સગું?
ને મ્હારી દરકાર કોણ કરશે ત્હારા વિના હે પ્રભુ!

• • •

જોજે મૂકીશ ના મ્હને રખડતો બાજી બગાડીશ હું,
મ્હારો સ્વાર્થ ન હું કંઈ સમજતો નાદાન મૂર્ખો પ્રભુ;
એવો તોય છતાં ઢળ્યો શરણ હું તું દાઝ જાણી પ્રભુ;
ઠેકાણું મુજ પાડજે; નહિતરે હું તો ડૂબ્યો છું પ્રભુ.

• • •

જ્યાં ત્યાં મ્હેં ભટક્યા કર્યું; ન ઘરનું કૈં સુખ મ્હેં મેળવ્યું;
મ્હેં તો શ્વાનની પેઠ બાપ ટુકડા ખાધા કર્યાં છે પ્રભુ,
હાવાં ભાન થતાં, જવા ઘર મ્હને બુદ્ધિ સૂઝી છે પ્રભુ;
તો તું દોરવી લઈ જજે ઘર મ્હને એ પ્રાર્થના છે પ્રભુ.

• • •

સંભાળ્યું ઘર ઉર મ્હેં કદીય ના વાળ્યું ન ઝૂડ્યું પ્રભુ;
ક્યાંયે સ્વચ્છ રહ્યું નથી, જયહિં ત્યહીં ઝાળાં જ બાઝ્યાં પ્રભુ:
રે'વાનુંય થતું નથી મન મ્હને એવું બગાડી મૂક્યું;
હાવાં હું કરૂં યત્ન સાફ કરવા ઉદ્યોગ દે ખંત તું.

## શાર્દૂલવિક્રીડિત

હું અજ્ઞાન હઠાવવા બહુ મથું ને યત્ન કોટી કરૂં,
ત્હારી પૂર્ણ કૃપા વિના, નવ પૂરો કેમેય ફાવી શકું;
હું તો હાથ ઘસી મરૂં, મુજ કર્યું થાશે નહી કૈં પ્રભુ;
શ્રદ્ધા, યજ્ઞ પુરો થશે મુજ થકી ત્હારો કરાવ્યો પ્રભુ.

• • •

આશીર્વાદ ઉતારશે મુજ શિરે ના જ્યાં સુધી તું પ્રભુ,
મારૂં આગળ કામ કાંઈ ધપશે ના ત્યાં સુધી હે પ્રભુ!
ત્હારે પાય પડી ત્હને કરગરૂં જો રાંક સામું પ્રભુ,
આવી દીનની સ્હાય કરજે કામ મ્હારૂં પુરૂં તું પ્રભુ,

• • •

દેવોના પણ દેવ શ્રેષ્ઠ! કરજે કલ્યાણ મ્હારૂં પ્રભુ,
હેં વિશ્વંભર ભાવથી જ ભરજે તું ઉર મ્હારૂં પ્રભુ;
દોરે જ્યાં પ્રભુ વિશ્વ; ભાર પડશે શું એકલાનો વધુ?
ના બોજારૂપ હું બનીશ; મુજને લે પંથ ત્હારે પ્રભુ.

• • •

હું પીંછી પ્રભુ ચિત્રકાર મુજ તું, દોરાવજે હું થકી,
એવું ચિત્ર રૂપાળું; જે રસભર્યું સર્વાંગ સૌંદર્યથી;
ક્યાંયે કોઈ મણા ન રે; પ્રભુ પડે વિશ્વે અનોખું વળી;
તો તું વાપરી નાખજે તવ કળા હોયે બધી જેટલી.

## શાર્દૂલવિક્રીડિત

શું મ્હારા પુરૂષાર્થથી નહિ જશે પ્રારબ્ધ ફીટી બધું?
કે શું ભોગવવું જ બાપ પડશે? ના શું છૂટાશે પ્રભુ?
શું અદૃશ્ય ન કર્મથી પણ થશે જે કર્મથી છે બન્યું?
કર્મે કર્મ બળી જશે; હૃદયમાં વિશ્વાસ ઊંડો પ્રભુ.

• • •

જાણે ના ઉરવેદના તુજ વિના કોઈ બીજું હે પ્રભુ!
જીવી કેમ રહ્યો હઈશ; સમજુ એ હું જરી ના પ્રભુ;
ત્હારી આશતણું પ્રલોભન મ્હને છે; એ જ જીવાડતું;
શ્વાસે શ્વાસ હું રાહ બાપ નિરખું ત્હારી હંમેશાં પ્રભુ.

• • •

સોંપી જાત દીધી ત્હને મુજ, હવે જે યોગ્ય લાગે પ્રભુ;
તેવું કામ કરાવજે; પળપળે તું કામ લેજે પ્રભુ;
સ્હેજેયે નવરો કદી પણ મ્હને ના રાખજે તું પ્રભુ;
લેવાયે વળી જેટલું મુજ થકી તે કામ લે તું બધું.

• • •

પશ્ચાતાપ કરી કરી હૃદયથી ને રોઈ રોઈ ઘણું
અશ્રુથી કમળો સમાં તુજ પદો મ્હેં ભીંજવ્યા છે પ્રભુ
હંમેશાં વિનવ્યા કરૂં, કરગરૂં પાયે પડી હું પ્રભુ;
સામું બાપ નિહાળજે મુજ ભણી, તું પ્રેમ લાવી પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

તું મ્હારો પ્રભુ સૂત્રધાર; વળી હું-છું સૂત્ર ત્હારૂં પ્રભુ;
જેવા નાચ ગમે ત્હને નચવજે તેવું મ્હને તું પ્રભુ;
હું મ્હારો નિજ પાઠ યોગ્ય ભજવું સોંપેલ ત્હારો પ્રભુ;
એમાં લક્ષ રહે, પડે ભૂલ ન હવે એવું કરી દે પ્રભુ.

• • •

ડૂબું મધ્ય સમુદ્ર ના ઊગરવા ઉપાય એકે પ્રભુ
આવ્યું જે તવ નામરૂપી તરણું ત્હેને ગ્રહી મ્હેં લીધું,
હાવાં પાર તરીશ કે મરીશ હું ચિંતા ન ત્હેની પ્રભુ;
શ્રદ્ધા છે બળ પ્રેરશે તરી જવા પેલે કિનારે પ્રભુ.

• • •

આવેશે ઘણી વેળ યુક્ત થઈને ભૂલો કર્યા હું કરૂં;
એનું ભાન રહે નહિ હૃદયમાં કે શું કરૂં છું પ્રભુ!
તેમ માર્ગ અસત્યમાં જઉં કદી હું દોરવાઈ પ્રભુ
તો તું જાળવજે મ્હને ઝીણવટે <u>પ્રેરી મતિ દે પ્રભુ.</u>
હું મૂર્ખને તું પ્રભુ

• • •

હૈયાનું કરવા પૃથ્થકરણ મ્હેં માંડ્યું પ્રભુ જ્યારથી,
પાસું ખોટ ઉધારનું મુજ પ્રભુ જાણી શક્યો ત્યારથી;
રે'વા જાગ્રત દોષમુક્ત ઉર કૈં તે વેળનો હું મથું,
ત્હારી પૂર્ણ કૃપા થતાં મુજ પરે સંપૂર્ણ ફાવીશ હું.

## શાર્દૂલવિક્રીડિત

પ્હોંચું ઠેઠ ન જ્યાં સુધી, નવ ઠરી બેસીશ કેમે પ્રભુ
મ્હારૂં કામ કર્યા કરીશ કદીયે જંપુ ન સ્હેજે પ્રભુ;
અંગે અંગ થકી લઈશ સઘળું હું કામ તેવું પ્રભુ;
ને જે કામ થતું ત્હને ચરણમાં નિત્યે સમર્પ્યા કરૂં.

• • •

ક્યારે બાપ થશે પ્રસન્ન ઉરથી મ્હારી પરે તું પ્રભુ;
શેં તું બાળકની પરે હૃદયનો ના પ્રેમ ઢોળે પ્રભુ?
શાને કારણ હું થયો ગરિબ શું એવો અકારો પ્રભુ?
જો તું આમ રહે; કહે મુજ થકી જીવ્યું જશે શેં પ્રભુ?

• • •

જોની ડોલમડોલ નાવ દરિયે મ્હારૂં થતું શું કરૂં?
સ્હેજેયે ડગતું નથી; બળ ઘણું મ્હારી હલેસાં કરૂં;
શું મિથ્યા જ જશે મહેનત બધી મ્હારી કરેલી પ્રભુ?
હેતુથી શુભ આદરેલ કદિયે ના કૈં નકામું જતું.

• • •

ત્હારી પાસ "ધરી ઊંડી હૃદયમાં હું આશ" આવ્યો પ્રભુ;
તો શું તુજ નિરાશ આમ કરશે? હું બાળને હે પ્રભુ?
હાવાં પ્રાણ ટકાવવા ક્યમ કરી આશે કઈ કે' પ્રભુ?
જીવું બાપ મર્યા સમો; મુજ ભણી દૃષ્ટિ કૃપા ફેંક તું.

## શાર્દૂલવિક્રીડિત

આદેશો તવ સિદ્ધિયે લઈ જવા તું પ્રેરણા આપજે,
હૈયે હામ મ્હને "થવા સફળ તું કાર્યો બધાં" પ્રેરજે.
આજ્ઞાંકિત રહીશ ચાલીશ વળી હું તે પ્રમાણે પ્રભુ,
જા, શિક્ષા પણ આપજે; કદીય હું આડો જઉં જો પ્રભુ.

• • •

ત્હારા જોર પરે કૂદું બળ કશું હું માં મળે ના પ્રભુ;
જેવી ચાલ ચલાવશે વળી મ્હને ચાલીશ તેવું પ્રભુ;
બુદ્ધિનો ઉપયોગ કાંઈ કરવો છોડી દીધો છે પ્રભુ;
છોની મૂર્ખ ગણે મ્હને જન બધા તેવું થવું છે પુરૂં.

• • •

તું, જે કૈં પણ યત્નશીલ રહતા કલ્યાણ તેનું કરૂં,
એવો ઉરમહીં મ્હને તુજ પરે વિશ્વાસ બેઠો પ્રભુ;
એથી તો પુરૂષાર્થ ના અટકતો મ્હારો કદીયે પ્રભુ;
ને રે' આશ અખંડ કે પુગીશ હું ત્યાં ધામ ત્હારે પ્રભુ.

• • •

ક્યારે સન્મુખ તું ઊભો ગરિબની સામે રહેશે પ્રભુ?
ક્યારે તે ઘડી આવશે હૃદયના સંતોષની હે પ્રભુ?
ક્યારે ઉર થશે છલોછલ રસે આનંદ તૃપ્તિ થકી;
ક્યારે દેખીશ ધન્ય એ પળ પ્રભુ સંપૂર્ણ આરામની?

## શાર્દૂલવિક્રીડિત

કોટી દોષ છતાં, ઢળ્યો શરણ છું-હું ચર્ણ ત્હારે પ્રભુ;
લેજે તું મુજ ભાળ રાંક જનની, જોજે રખે તું ભૂલું;
ને મ્હારી પર રાખજે સતત તું દૃષ્ટિ ત્હારી પ્રભુ;
હંમેશાં જ પ્રયત્નશીલ મુજને તું રાખજે હે પ્રભુ.

• • •

કોટી કોટી જશે નિરર્થક બધા યત્નો કરેલા જ શું?
ને વેઠ્યા નવ માસ જે ઉદરમાં ખાલી જશે વ્યર્થ શું?
મ્હારે આખર ધૂળની ધૂળ અરે શું કર્મ રે'શે પ્રભુ?
કેમેયે પણ ના કદી થઈશ શું હું ભાગ્યશાળી પ્રભુ.

• • •

ક્યારે ધન્ય બનાવશે શિર કૃપા વર્ષાવી મ્હારે પ્રભુ?
ક્યારે યોગ્ય કરી મ્હને તુજ કને બોલાવી લેશે પ્રભુ?
ક્યારે ફોરમ ઉર ફૂલ મુજથી મ્હેંકાવશે તું પ્રભુ?
ક્યારે જીવન બાપ સાર્થ કરશે મ્હારૂં પ્રભુ રાંકનું?

• • •

જો છોરૂં તવ ચર્ણમાં ટળવળ્યા કે' વારનું હું કરૂં;
વારંવાર નમાવી શિર મુજ હું વંદયા કરૂં છું પ્રભુ;
હૈયે ઉત્કટ વાંછના તુજમહીં ક્યારે ભળાશે પ્રભુ?
આકાંક્ષા મુજ એ ઊંડી હૃદયની પૂરીશ ક્યારે પ્રભુ?

## શાર્દૂલવિક્રીડિત

થાશે બાળક ઓતપ્રોત તુજમાં કે' એક ક્યારે પ્રભુ?
એવું જીવન ગાળવા થઈશ કે' હું ભાગ્યશાળી ન શું?
શ્રદ્ધા ઉર અમાપ ને અચળ છે તેથી જીવાતું પ્રભુ;
બાકી તો મરવું ભલું જ અદકું આવું જીવ્યાથી પ્રભુ.

• • •

સંગાથે તુજ પ્રીતડી ઉર ઊંડી બંધાઈ; એને પ્રભુ
ઊંડું દર્દ થાયે છતાં પણ નહીં કેમેય છોડી શકું,
ને દાઝ્યા પર ડામ તું ઉપરથી દે છે વળી શેં પ્રભુ?
જાણ્યું આમ હતે; ન પ્રેમ તુજથી બાંધ્યો હતે મ્હેં પ્રભુ.

• • •

ધાર્યું કાંઈ થતું હતે પણ જરી મ્હારૂં કદી જો પ્રભુ;
તો સ્હેજે નવ રાખી હોત કદિયે પર્વા જ ત્હારી પ્રભુ;
આ તો પાસમહીં મ્હને જકડી ત્હેં બાંધી લીધો છે પ્રભુ!
તું કૈં ના મુજ ચાલવા દઉં જહી; પોકાર પાડ્યા કરૂં.

• • •

મ્હારૂં છે પ્રભુ ચિત્ત ચંચળ ઘણું શેં સ્થિર એને કરૂં?
ઠેકાણે ઠરી રે' ન; ક્યાંય ભટક્યા જ્યાં ત્યાં કરે એ પ્રભુ;
મ્હારૂં હું બળ વાપરૂં; ત્યમ છતાં ફાવું ન પૂરો પ્રભુ;
તો અંકુશ કૃપા વડે તવ હવાં તું રાખ કબ્જે પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

તું મ્હારો જગ છું, ધનુર્ધર, વળી હું બાણ ત્હારૂં પ્રભુ;
ને તું નાવિક સિંધુ મધ્ય મુજ છું, ત્હારૂં હલેસું હું છું;
વિશ્વે વાદક તું પ્રભુ મુજ વળી વેણું પ્રભુ ત્હારી હું.
એવા હે મુજ નાથ! પાર કરજે આ વિશ્વથી બાળ હું.

• • •

માગ્યું મેળવવા રડી બહુ મરૂં કે વારનું બાળ હું,
ને કલ્પાંત કર્યા કરીશ મુજ જો માગ્યું ન આપે પ્રભુ
લેવું નિશ્ચય એ કર્યો મનમહીં કોટી ઉપાયે પ્રભુ
કાં તો ત્યાગીશ પ્રાણ હું ચરણમાં કાં લૈશ ધાર્યું પ્રભુ!

• • •

છાનું કૈં નવ રાખતો તુજથી હું કર્તવ્ય જે જે કરૂં,
અર્પું સર્વ વિચાર ઉર સ્ફુરતી તે કલ્પના, ચર્ણ હું,
હંમેશાં તુજને નિવેદન બધું મ્હારૂં કર્યા હું કરૂં;
ચર્ણેં એમ થવા સમર્પણ પૂરું હું સર્વ રીતે મથું.

• • •

હારી હામ જતાં ત્હને કરગરૂં પાયે પડી બાપ હું;
સામું કૈં કરી જો પ્રભુ ગરિબની ચર્ણેં રડ્યા હું કરૂં;
શું તું બાળકની પરે જરિય કૈં ના હેત લાવે પ્રભુ?
ધાર્યું છે રવડાવવું પ્રભુ મ્હને ત્હેં ક્યાં સુધી આમ શું?

## શાર્દૂલવિક્રીડિત

કાઢું બાપ વરાળ હું હૃદયની હંમેશ ત્હારી કને
જાણી "તું મુજ એકલું સ્વજન છું આ વિશ્વમાં બાળને"
તું આશ્વાસન આપશે ઉર ઊંડી એ આશ ધારી પ્રભુ
મ્હારી જે કથની બધી વિતકની હું પદ્મપાદે કહું.

• • •

પાસેનું નિજનું સગું સ્વજન છું હું રાંકનું એક તું;
મ્હારે આશ્રયનું કહીં સ્થળ જગે જો હોય તો બાપ તું;
તેથી હું ઉર ઠાલવું તુજ કને મ્હારૂં હંમેશાં પ્રભુ;
ધ્યાને લૈ મુજ વાત; યોગ્ય કરજે પાયે પડી હું કહું.

• • •

ત્હારે ચર્ણ પડ્યા છતાં; મુજ પ્રભુ દારિદ્ર ના ફિટશે?
"ઉદ્ધારે પ્રભુ છું સમર્થ" તુજને કે' કો પછી લેખશે?
ધારો કે નવ યોગ્ય હો કદિય હું તું સર્વ કર્તા પ્રભુ;
સ્પર્શે માત્ર કૃપાતણા તવ કરે હું ધન્ય પૂરો બનું.

• • •

'હું છું બાળ અનાથ', હાથ તુજ તું મ્હારે શિર રાખજે;
ને લાવી પ્રભુ કૈં દયા મુજ પરે તું રે'મ વર્ષાવજે;
છોરૂં નિર્બળ છું કરૂં તુજ કને હું આવવા યત્ન શું?
ત્હોયે ઘૂંટણીયે કરી ડગ ભરૂં પ્હોંચીશ શેં એમ હું?

## શાર્દૂલવિક્રીડિત

મારૂં જોર ન ફાવતું જરીય; તો પ્હોંચી ઠરું શેં કરી?
હું તો જેમ ભરાય તેમ સઘળી થાકું ફલંગો ભરી;
ઉદ્યોગે શી ત્હોય હું ઉર રહું હારી ન જો હામ હું;
ફાવે તેમ થતાં; રહીશ વળગી હું ચર્ણ ત્હારે પ્રભુ.

• • •

હૈયું નિર્મળ; ચિત્ત શુદ્ધ કરજે સંપૂર્ણ મ્હારાં પ્રભુ;
ને મ્હારૂં મન રાખજે ચરણમાં હંમેશ ભાવે ભીનું;
હાવાં બાપ સતાવવું ગરિબને છોડી જ દેજે પ્રભુ;
ને વર્ષાવ કૃપા; કહું કરગરી; યત્ને મહારે પ્રભુ.

• • •

મ્હારી ગૌ નવ લાવતો ઘર ભણી તું કેમ કે' હે પ્રભુ?;
તું ગોવાળ સમર્થ જાણી મુજ મ્હેં સોંપી ત્હને ગૌ પ્રભુ;
જ્યાં ત્યાં તું ચરવા જવા ક્યમ દઉં? રાખે ન શેં ભાળ તું?
"ત્હારે રે' વશ ના" મનાય મુજથી એ તો ન કેમે પ્રભુ.

• • •

હું જો યત્ન કર્યા કરૂં રીઝવવા પ્રેમે ત્હને હે પ્રભુ;
ત્હોયે મેળવવા કૃપા નહિ જ શું હું ભાગ્યશાળી થઉં?
ના! ના! હું પર છે મ્હને અચળ કૈં શ્રદ્ધા પ્રભુ જે થકી
મ્હારૂં આ ટકવી રહ્યો જીવન આ વિશ્વાસથી શ્રીહરિ.

## શાર્દૂલવિક્રીડિત

મ્હારૂં જીવન મ્હેં સમર્પણ કર્યું સર્વસ્વ ચર્ણે પ્રભુ;
ફાવે તે ઉપયોગ બાપ કરજે જેવો ત્હને યોગ્ય તું;
નિત્યે બાપ નવું નવું શીખવજે ને ગૂઢવિદ્યા પ્રભુ
આપ બાપ બનાવજે ગરિબને તું ધન્ય પૂરો પ્રભુ.

• • •

તું રાખીશ ન બાપ રોબડ★ મ્હને જો હું પૂરો મૂર્ખ છું;
પ્રાર્થું; દક્ષ બનાવજે ગરિબને તું સર્વ વાતે પ્રભુ;
જોજે તું શિખવાડતાં કંઈ રખે કંટાળતો હે પ્રભુ;
માફી તું કરજે; મહેનત ત્હને ભારે કરાવીશ હું.

• • •

જાણું છું અડબોથ ચરણમાં એવો પડ્યો હું પ્રભુ;
તો પાલે પડ્યું હોશિયાર કરજે હું મૂર્ખ છોરૂં પ્રભુ;
જો ના તેમ બનાવશે, મુજ કશી ના લાજ જાશે પ્રભુ;
ત્હારે ચર્ણ પડ્યાં છતાં; રહીશ હું કે' એમનો એમ શું?

• • •

તું વિદ્વાન બનાવતો ચરણમાં જે મૂર્ખ આવે પ્રભુ,
તો રાખે અપવાદ એક મુજને શા કારણે તું પ્રભુ;
કર્મેથી, વચને, મને શરણ શું હુંથી ઢળાયું નથી?
જો એવું પણ હોય; લક્ષ હરજે બીજી ભણીનું બધું.

---

★ રોબડ=અક્કલ વિનાનું, અરસિક

## શાર્દૂલવિક્રીડિત

કે' હું શેં તવ ધામમાં જઈ ઠરૂં યત્નો વળી શા કરૂં?
એવું શું નડતું હશે કંઈ મ્હને પ્હોંચી ન જેથી શકું?
રાખે છે દુર વેગળો તુજ થકી શા કારણે કે' પ્રભુ?
કેવો હું તલસી રહ્યો ઉર; પ્રભુ તું જો કરી ડોકિયું!

• • •

હૈયે આતુરતા વધે જ્યમ વધુ શેં દૂર રે' તેમ તું?
ને આકર્ષણ તું ભણી બહુ થતું એથી કરી હે પ્રભુ!
આવી રીત ચલાવશે કહીં સુધી મ્હારી પ્રતિ હે પ્રભુ?
કૈં તો દાખવની દયા; કરગરૂં ત્હારે ઢળી પાય હું.

• • •

થાક્યો છું કથની કહી કહી બધી મ્હારી ત્હને હું પ્રભુ;
આંખોથી પણ રોદણાં રડી રડી આંસુ સુકાયાં પ્રભુ;
વારંવાર નમાવવાથી શિર જો કેવું ઘસાઈ ગયું!
ત્હોયે શેં નવ કાઢતો ખબર તું મ્હારી જરીયે પ્રભુ.

• • •

વાંકું જ્યાં નિજ કર્મ છે અવરનો શો દોષ કાઢું પછી
ભૂંડા કર્મથી હું છૂટીશ પ્રભુ ના કેમે કરી શું કદી?
શાથી બંધન મુક્ત હું થઈશ કે' ઉપાય તે હું કરૂં?
હું મ્હારા પુરૂષાર્થમાં નવ કશી રાખીશ બાકી પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

તું જેવો ભવસાગરે પ્રભુ મ્હને કાબેલ નાવિક છું;
ત્હોયે શેં અફળાવવા મુજ દઉં જ્યાં ત્યાં પ્રભુ નાવડું;
સોંપ્યું બાપ સુકાન પાર કરશે આશે ત્હને એ પ્રભુ;
તો તું નાવ ઉતારતો ક્યમ નથી સીધું કિનારે સિંધુ?

• • •

તું જેવો પર દુઃખભંજન બીજો ક્યાંયે નથી હે પ્રભુ?
એવો નિશ્ચય છે ઠસ્યો હૃદયમાં જેથી ઢળ્યો શર્ણ હું;
તો માથા પરનો બધો મુજ પ્રભુ તું ભાર ઉતારજે;
તું નિશ્ચિંત બનાવજે ચરણમાં હું બાળને રાખજે.

• • •

પાપી છું તવ બાળ; કોમળ છતાં છે ઉર ત્હારૂં પ્રભુ
મ્હારો દોષ નિવારવા, ચરણમાં તેથી ઢળ્યો શર્ણ હું;
પશ્ચાતાપ થકી રડી રડી ઘણું પ્રાર્થ્યા કરૂં છું પ્રભુ;
વ્હારે ધા ઝટ બાપ રાંક જનને ઉદ્ધારવા તો પ્રભુ.

• • •

ક્યારે ઉપર આણશે ગરિબને તું હાથ ઝાલી પ્રભુ,
ક્યારે "છું તવ શર્ણ" બાપ કરશે ઉદ્ધાર મ્હારો પ્રભુ.
ને ક્યારે પ્રભુ કે' કરીશ મુજને જંજાળથી મુક્ત તું;
મ્હારી એટલી પ્રાર્થના હૃદયની હંમેશની છે પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

હૈયામાં પ્રભુ આવવા તુજ કને ઉત્સુક હું બાળ છું
સામો તેમ જવાબ તું તરફથી ના કૈં મળે છે પ્રભુ;
મ્હારી હું વલખાં રહ્યો, નવ બીજો ઉપાય કૈં હાથ છે,
પ્રાર્થું; કૈં કરતાંય દીનજનની સામું જરી જો હવે

• • •

જાણું વાંક ગુન્હાતણો ગરિબના ના પાર કૈંયે પ્રભુ;
"તું માફી પણ આપશે" ઉર ધરી એ આશ આવ્યો પ્રભુ;
તું જેવો ન ઉદાર કોઈ; સઘળું તું સર્વનું સે' પ્રભુ,
લેશે શર્ણ ગળા સુધી તવ મ્હને વિશ્વાસ છે હે પ્રભુ.

• • •

મ્હારૂં તું દુઃખ જાણતો, ત્યમ છતાં શેં દૂર તે ના કરૂં?
એળે જીવન જાય; ના રસ પડે આવું જીવ્યામાં પ્રભુ;
ત્હારી માણવી છે સુવાસ પણ કૈં લે દાદ કાને ન તું
કે ઘ્રાણેંદ્રિય કેળવાઈ ન હશે મ્હારી હજી શું પ્રભુ?

• • •

હું આક્રંદ કરી કરી શિર કુટી ધાર્યું જ લેવા ચહું;
પ્રાણાંતે પણ હે પ્રભુ મમત "એ" મૂકીશ મ્હારો ન હું,
હૈયું એક દિને નકી પિગળશે ત્હારૂં દયાથી પ્રભુ;
જાણું છું મુજ દુઃખ બાપ તુજથી જોયું જશે ના પ્રભુ.

## શાર્દૂલવિક્રીડિત

એવું શું મુજ જોર બાળકમહીં કે એકલે હાથ હું
આ ભારે ભવસિંધુથી ક્યમ તરી પેલે કિનારે જઉં?
ત્હોયે જે બનતી મહેનત બધી હંમેશ હું તો કરૂં;
મ્હારે એક રહ્યો હવાં તુજ પરે આધાર બાકી પ્રભુ.

• • •

નિશ્ચે જીવન છે અનિત્ય; સમજી હું શર્ણ આવ્યો પ્રભુ
લેજે બાપ ઉગારી દીન જનને એ પ્રાર્થના છે પ્રભુ.
ભારે રોગ ગળે પડ્યો ભવતણો આ જન્મ ને મર્ણનો,
એથી મુક્ત કરાવવા તવ કૃપા તું સિંચજે હે પ્રભો.

• • •

વાંકી છે કરણી બધી મુજ; છતાં ચર્ણે ઢળ્યો શ્રીહરી
જાણી બાપ "સુધારશે જ મુજને કોટી ઉપાયે કરી";
દેવો દંડ ઘટે જ્યહીં; ત્યમ કરી કે પ્રેમ રીતે પ્રભુ;
સીધો બાળ બનાવજે કરગરૂં બે હાથ જોડી પ્રભુ.

• • •

રક્ષા માટ જ આત્મની તુજ કને આવ્યો પ્રભુ બાળ હું;
તો તું સાચવતો બરાબર મ્હને રે'જે હંમેશાં પ્રભુ;
લેજે બાપ બધા જ યોગ્ય પગલાં લેવાં ઘટે જે પ્રભુ;
રે'વા જાગૃત હું કરીશ, સઘળું હુંથી થશે જેટલું.

## શાર્દૂલવિક્રીડિત

દૃષ્ટિ મંગળકારી જે તવ પ્રભુ મ્હારી પરે રાખજે
તું ચારે કર તાહરા મુજ શિરે પ્રાર્થું પ્રભુ રાખજે.
ચિંતાતત્વ મહીં મ્હને વિશાદે તે ડૂબેલ તું રાખજે
ને ત્યાં કાયમનું પ્રભુ સ્થળ મ્હને પાદામ્બુજે આપજે.

• • •

મ્હારો દોષ વસ્યો મ્હને હૃદયમાં તેથી ઢળ્યો શર્ણ હું,
હાવાં તો મનથી થતાં પ્રભુ બધાં કર્મો જણાવ્યાં કરૂં
ને ખોટું જ થઈ જતાં કંઈ પ્રભુ ત્હારી ક્ષમા યાચતો;
તો જ્યાં જ્યાં જઉં દૃષ્ટિ ત્યાં તવ બધે તું ફેંક્જે હે પ્રભો!

• • •

પાસે ફૂલ ગુલાબ છે ત્યમ છતાં શેં વાસ ના પારખું;
ક્યારે મેળવવા સુવાસ મળશે સંજોગ એવા પ્રભુ;
ત્હારો કોમળ સ્પર્શ મ્હેં અનુભવ્યો ઉત્કંઠ હૈયું બન્યું,
મ્હારૂં ત્યારથી શું કરું? ગમ મ્હને ક્યાંયે પડે ના પ્રભુ.

## રે! સતપંથે પ્રભુ! અમને દોરો

### (રે શિર સાટે નટવરને વરિયે)

રે! સતપંથે પ્રભુ! અમને દોરો;
કે તમ શિશુ અમે બહુ અણસમજુ. રે! સતપંથે...

રે! વારેવારે ભુલાવે પડતાં,
રે! ચકરાવે ચઢી બહુ અથડાતાં,
કે કર માથે દઈ પ્રભુ! અમે રડતાં. રે! સતપંથે...

રે! પ્રભુ! અમ લક્ષ ન સ્થિર રે'તું;
રે! કોણ જાણે અમોને કો ભૂલવતું?
કે ભૂરકી અમોને કોઈ છેતરતું. રે! સતપંથે...

રે! લાલચથી વશ થઈ જઈએ,
રે! મોહથી આંધળા બની જઈએ;
કે પ્રભુ! તું ઉગારે તો ઊગરીએ. રે! સતપંથે...

રે! કૃપા-જળ અમ શિર પર ઢોળો;
રે! તમ પ્રેમનિધિમાં અમને બોળો;
કે અમ કાજે મંગળ દ્વાર ખોલો. રે! સતપંથે...

**તા. ૧૭-૧૦-૧૯૩૨**

• • •

# હૃદય પ્રેમી જનોનાં તે જગતજન! શું તમે જાણો?

(ગઝલ)

હૃદય પ્રેમી જનોનાં તે જગતજન શું તમે જાણો?
અને આકર્ષતું જાદુ તમે એનું તે શું જાણો? હૃદય...

'લહજ્જત શી! વ્યથા ઊંડી દશા વ્યાકુળ રહેવામાં,
જગતજન! શું તમે જાણો રહ્યો ઉન્માદ કેવો ત્યાં. હૃદય...

તડપતા દિલમાં કેવી થતી રે' થનગનાટી જે,
વિના કો પ્રેમના દર્દી શકે શું જાણી બીજા તે! હૃદય...

રહ્યો તલસાટ ત્યાં કેવો હૃદયમાં પ્રેમ-પ્રેરિત જે,
નિશો આહ્લાદનો અર્પે શું જાણે જગ-મચેલા તે! હૃદય...

ખુવારીના અમે પંથે વળેલાની ખુમારી તે,
પ્રપંચે વિશ્વના રાચી રહેલા કેમ તે જાણે? હૃદય...

• • •

## તવ પ્રેમ સાગરે તું મુજને ડુબાડી દેજે

તવ પ્રેમ સાગરે તું મુજને ડુબાડી દેજે (ટેક)

આધિ, ઉપાધિ, વ્યાધિ મુજને પ્રભુ! સતાવે,
તારું સ્મરણ ચુકાવે વિનવું ચરણ-શરણ લે. તવ...

મુશ્કેલીઓ ને વિઘ્નો મુજને પથે નડે જે,
કયાં હું બેસું ગણાવા તુજને, કહે, બધાં તે! તવ...

ધોબીતણો જે કૂતરો નહિ ઘાટનો કે ઘરનો,
કયાં સુધી રાખી મૂકશે મુજને એવો ને એવો. તવ...

આનંદ-પ્રેમ-અમૃત પ્યાલી પિલાવી દઈને,
પૂરેપૂરો નિશામાં ચકચૂર બનાવી દેને. તવ...

**તા ૨૬-૮-૧૯૩૩**
**રંગમહેલ,**
**ખંઢેરિયાનો, નવસારી**

• • •

# છોરું નઠોર તોયે અનુગ્રહ મને કરી દે

છોરું નઠોર તોયે અનુગ્રહ મને કરી દે. (ટેક)

તારી કૃપા અપાર તેને ભુલાય કેમ!
તોયે નથી ધરાયો માગું વધારે આપ. છોરું...

ક્હાવે કૃપાનો દરિયો જે ના વધે ઘટે કે,
કંજૂસ બાપ! ક્યાંથી આવો રહ્યો તું શાને? છોરું...

તું પાત્ર કે અપાત્ર જોતો નથી જરાયે,
શરણે ઢળેલ છે જે તેને હૃદય લગાવે. છોરું...

પાપી પ્રસિદ્ધ કૈંક તેં તો પ્રભુજી! તાર્યા,
નરકે રવડતો મુજને રાખી મૂકયો પ્રભુ! કાં? છોરું...

**તા ૨૭-૮-૧૯૩૩**
**રંગમહેલ**

● ● ●

# હે તાત! સર્વ વાતે સુખિયો મને કરી દે

હે તાત! સર્વ વાતે સુખિયો મને કરી દે. (ટેક)

સંતાપ સર્વ મારા વીનવું હરી તું લેને,
સંતપ્ત હૈયું મારું તું શાંત બાપુ! કરને. હે તાત!...

માથું ભમેલ ભારે ઠેકાણે ના આવતું તે;
તારી કૃપા-દવાથી યાચું તું સ્થિર કરજે. હે તાત!...

માથે ચઢેલ બોજો ઉતારી ના શકું તે;
ભારે મરી રહ્યો છું કિરતાર! સહાય તુજ દે. હે તાત!...

કાયામાં થાય કળતર દુઃખ વેદના અતિશે;
અજ્ઞાન દર્દથી હું પિડાઊ; દૂર કર તે. હે તાત!...

તુજને મેં વૈદ જાણી, આવ્યો છું તારે શરણે;
માટે દયા કરીને આરોગ્ય-જ્ઞાન દેને. હે તાત!...

• • •

## શરણે ઢળ્યો છું તારે મુજને નિભાવી લેજે

શરણે ઢળ્યો છું તારે મુજને નિભાવી લેજે (ટેક)

વ્રત મેં લીધેલ તેને બળ રે ટકાવવાને,
હુંથી કશું બને ના તારી કૃપા વિના તે. શરણે...

મારો પ્રયત્ન-બિંદુ જ્યમ સિંધુ આગળે છે,
તેવો ઊભી શકે શું જે હોય તું ન મદદે. શરણે...

સ્હેજે નિરાશ થાતાં પ્રભુ! હૂંફ તારી દેજે,
નિજનું સ્મરણ કરાવી ભૂલથી બચાવી લેજે. શરણે...

વિશ્વાસમાં હલેસાં, શ્રદ્ધારૂપી સુકાન,
આધાર નામ નૌકા થકી મારે થાવું પાર. શરણે...

નાદાન હું તો બાળક સમજું ન કૈં વિશેષ,
મુજને નિભાવી લેજે તુજ અંક મૂક્યું શિષ. શરણે...

**તા. ૧૭-૯-૧૯૩૩**
**નવસારી**

તા ૧૬-૯-૧૯૩૩ ને ભાદરવા વદ ૧૨, સં.૧૯૮૯

૬૫મી ગાંધીજયંતિ વેળાએ રાત્રે નવસારી હરિજન આશ્રમના વિદ્યાર્થી મિત્રોએ અનેક જાતનાં વ્રતો લીધાં ને સાથે મેં પણ વ્રત લીધું કે 'કાલથી હરહંમેશ હું અહીં રહીશ ત્યાં સુધી એકાદું ભજન બનાવીશ!' એ વ્રતને આધારે આજે પહેલું ભજન બનાવ્યું છે.)

• • •

# સીધો મને ચલાવી, તુજ ધામ લૈ લે મુજને

સીધો મને ચલાવી, તુજ ધામ લૈ લે મુજને (ટેક)

પૂરેપૂરું થવું છે તારે શરણ મહારે,
દોષો અનેક તેથી મથું હું તો ટાળવાને. સીધો...

મન તોયે મારું દોડે ન જવાની તે જગાએ,
જહેમત ઉઠાવું, એને ઘર પાછું વાળવાને. સીધો...

વૃત્તિ ન સ્થિર રે'તી ડો'ળે વિચાર કૈં તે,
નિજ ધ્યેયથી ચુકાવી ભટકાવતી મને તે. સીધો...

ડા'પણનો દરિયો મને મુજ બુદ્ધિ નિજને તે,
ને ફાંકો એમ રાખી અટવાવી મારે મુજને. સીધો...

કરતાં ગમે તે કર્મો તુજ ચિંત્વને રમી રો',
-મન મારું, માગું એ હું તુજ પાસ બાળ તારો. સીધો...

**તા ૧૮-૯-૧૯૩૩**
**નવસારી**

• • •

# પ્રભુ! એકલો હું તારો બસ પ્રેમ માત્ર માગું

પ્રભુ! એકલો હું તારો બસ પ્રેમ માત્ર માગું (ટેક)

તુજ પ્રેમ-વારિધિમાં મુજને ડુબાડી દે તું;
તુજ પાસ માત્ર માગું બસ એક એટલું હું. પ્રભુ હું...

માગું ન લક્ષ્મી, તાત! નહિ સુખ એનું વાંછું;
પરિવાર, પુત્ર આદિ પણ તાત! હું ન માગું. પ્રભુ હું...

વૈભવ, વિલાસ, બીજા સ્વર્ગાદિનું ય જે સુખ;
તુજ પ્રેમ આગળે તે અતિ તુચ્છ માનું, તાત! પ્રભુ હું...

ઝાઝું નથી મેં માગ્યું, વિવેક માગવામાં;
-મેં તો બતાવ્યો તુજને તો હાથ કાં ન દે તું? પ્રભુ હું...

ના પ્રેમ-આશ રાખે શું તાત પાસ બાળ?
વધુ વાર, યાચું, મુજને ટટળાવશો ન તાત. પ્રભુ હું...

**તા ૧૯-૯-૧૯૩૩**
**નવસારી**

• • •

# મુજને હવે તું સાચો હરિજન બનાવી લેને

મુજને હવે તું સાચો હરિજન બનાવી લેને. (ટેક)

કૈં કાળથી હું છેટો તુજથી રહ્યાં કર્યો તો;
જાતે બન્યો'તો મેલો મેલામહીં રહી હું. મુજને...

રે'તો તો નર્ક વચ્ચે દુર્ગંધ એની મુજને;
તોયે ન આવી, એવો અંત્યજ થઈ ગયો'તો. મુજને...

એવી સ્થિતિનો જેને સ્હેજેય ખ્યાલ નો'તો;
એવા અધઃપતનથી મુજને પ્રભુ તેં જગવ્યો. મુજને...

સંસ્કાર મૂઢતાના મુજ જે હતા પ્રથમના;
ભુસાય ના તે કેમે; તું કાં દયા કરે ના? મુજને...

જે વેળનો હું જાગ્યો ત્યાંથી સવાર માની;
પાસાં કરું હું ફેંક્યાં પોબાર ના પડે કૈં. મુજને...

તને નાકલીટી તાણી અતિ નમ્રભાવથી હું;
-વીનવ્યા કરું છું, તાત! મુજ ધ્યાન વાત લે તું. મુજને...

**તા ૨૦-૯-૧૯૩૩**
**નવસારી , હરિજન આશ્રમ**

• • •

## હે નાથ! જગનિયંતા! મુજ પર દયા કરોને!

હે નાથ! જગનિયંતા! મુજ પર દયા કરોને! (ટેક)

અજ્ઞાન બાળ હું તો સમજું ન કાંઈ મહિમા;
તારી અકળ કળાને પામી શકું પ્રભુ! ના. હે નાથ!...

શો ગૂઢ અર્થ મુજને રવડાવવા મહીંયે;
-તારો રહ્યો હશે કૈં સમજી ન તે શકાયે. હે નાથ!...

બેકાર રાખી મુજને ભૂખે શું મારવો છે?
બેહાલ હાલ મારા કરવા શું છેક ધારે? હે નાથ!...

જે જે થવાનું હો કૈં તે તે ભલે બનો છો!
પ્રેમે સ્વીકારી લૈશ તુજ ભેટ જાણીને હું. હે નાથ!...

**તા. ૨૧-૯-૧૯૩૩**
**હરિજન આશ્રમ , નવસારી**

• • •

# ક્યારે પૂરીશ આશા તુજ બાળની, પ્રભુ! ક્હે!

ક્યારે પૂરીશ આશા તુજ બાળની, પ્રભુ! ક્હે! (ટેક)

રસ પ્રેમપાન ક્યારે મુજને કરાવશે તું?
તલસ્યા કરું તે કાજે જોઈ શકે ન તે શું? ક્યારે...

મુજ આત્મની પિપાસા પૂરશે પ્રભુ! તું ક્યારે?
તલસાટ આ હૃદયનો ક્યારે શમાવશે, ક્હે. ક્યારે...

હૃદયે લઈને તારે પ્રભુ! પ્રેમભાવનાએ,
ચૂમીઓ દઈને ક્યારે તારો ગણીશ મુજને? ક્યારે...

રમવા ધરું છું કોડ તુજ અંકમાં પિતા હે!
ક્યારે પૂરીશ આશ તુજ બાળની પ્રભુ ક્હે. ક્યારે...

**તા ૨૨-૯-૧૯૩૩**

• • •

# હું આંધળો રખડતો, પહોંચાડ ધામ તેને

હું આંધળો રખડતો, પહોંચાડ ધામ તેને. (ટેક)

હું આંધળાને સાચો આધાર એક તારો;
મારા જીવનની જીવતી થા લાકડીરૂપે તું. હું આંધળો...

બાથોડિયાં હું મારું પંથે સીધે જવાને;
ભટકી રહ્યો છું ક્યાં હું તેની ન ભાળ મુજને. હું આંધળો...

ઘેરેથી ક્યારથી હું નીકળ્યો છું તે ન જાણું;
જ્યાં ત્યાં જગે કુટાઈ પાછો જવા ફર્યો છું. હું આંધળો...

છે બોજ ભારે જાતાં તે ફેંકતો હું ચાલું;
જાવું છે ખાલી હાથે તે ખ્યાલ હું ન છોડું. હું આંધળો...

નિશ્ચય કર્યો છે મેં તો નિજ ધામ પ્હોંચવાને;
તારી કૃપા હશે તો પ્હોંચી વળીશ સૌને. હું આંધળો...

**તા ૨૩-૯-૧૯૩૩**

• • •

# રવડાવે બાળને કાં, હાવાં દયા કરોને

રવડાવે બાળને કાં, હાવાં દયા કરોને. (ટેક)

તું વિશ્વનો નિયંતા મુજને ન, કાં તું દોરે?
મુજ એકલાનો તુજને વધુ ભાર શું પડે છે? રવડાવે...

સારાય વિશ્વને જ્યાં હે તાત! તું ચલાવે,
આધીન સર્વ તારે તાબે ન કાં મને લે? રવડાવે...

કૈં કૈં પતિત જનનો ઉદ્ધાર તેં કર્યો છે;
પ્રભુ! એકલાને બાકી કાં રાખિયો મને તેં? રવડાવે...

લાયક ન હોઉં જો હું તુજ પાદ ચૂમવાને?
અપાત્રને ય પાત્ર કરતાં શી વાર તુજને? રવડાવે...
કુપાત્ર તેને

તરણાનું મેરુ કરવા મેરુનું તરણું કરવા,
તું શક્તિમાન તાત! તો કાં કૃપા કરે ના? રવડાવે...

**તા ૨૫-૯-૧૯૩૩**

• • •

# મારું જીવન નિભવવા તારી કૃપા પ્રભુ! દે

મારું જીવન નિભવવા તારી કૃપા પ્રભુ! દે. (ટેક)

તુજ પ્રેમપાશમાં તું બાંધી મને પ્રભુ! લે;
જેથી શકું ન ચસકી બીજે હું ક્યાંય અવળે. મારું...

જો તાત તું થઈને તુજ બાળની જરીયે;
પ્રભુ! તું
-સંભાળ કંઈ ન રાખે, મારું પછી થશે શું? મારું..

હું મારું પોતે પૂરું રાખી શકું ન ભાન;
સંભાળવાને તેથી તુજને કહું છું તાત. મારું..

હું હાથપગ વિનાનો ક્હે, તાત! શું કરું તે?
તોયે લથડતો ચાલું ટેકો મને પ્રભુ! દે. મારું..

તારી કૃપા-એ મારો આધાર સર્વ પ્રભુ! છે;
માગ્યા કરું નિરંતર તુજ પાસ તેથી હું તે. મારું..

**તા. ૨૭-૯-૧૯૩૩**
**હરિજન આશ્રમ, નવસારી**

• • •

# પથ પર ચલાવ મુજને તારો ગણી સદાયે

પથ પર ચલાવ મુજને તારો ગણી સદાયે (ટેક)

પ્રભુ! પાંગળું હું બાળક જરી ચાલતાં હું થાકું;
લેતા વિસામો, પડતો વ્યવહારમાં બીજે હું. પથ...

વળી ભાન તેનું સ્ફુરતાં મૂળ વાતનું ફરીથી-
ડગ આગળે ભરું છું મૂકી વાત દઈ હું બીજી. પથ...

વ્યવહારમાં છતાંયે તેમાં હું ન ભરાઉં;
મારું રખાવો એવું પદ-લક્ષ-ચિંત્વને તું. પથ...
લક્ષ્ય

તારી કૃપામદદ જો, સાતે સમુદ્ર તરવા;
ઓળંગવા ગિરિઓ ધરું છું હામ હૃદમાં. પથ...

• • •

## મન દે પરોવી પૂરું મારું તું પદ્મપાદે

મન દે પરોવી પૂરું મારું તું પદ્મપાદે (ટેક)

માથે ધણી પ્રભુ છે મારે પછી શી પરવા?
કે હોય કો તરફથી મારે પછી શી ચિંતા? મન દે...

શ્રદ્ધા હૃદયમાં એવી, વિશ્વાસ તારી પરનો;
-એવો હજીયે પૂરો મન માહરે ન બેઠો. મન દે...

તે દુ:ખ માત્ર મારું મુજને પ્રભુ કરાવે;
એ તો વિતર્ક-તર્કો કરીને મને ચળાવે. મન દે...

તારી કૃપાથી મુજથી ચેતી જવાય ત્યારે;
પાછું સુકાન વાળી સીધું, ધપું અગાડી. મન દે...

તેથી પ્રભુ! તું પાસે હું માત્ર એ જ માગું;
તારા ચરણકમળમાં મન દે પરોવી મારું. મન દે...

• • •

## આહુતિ આ જીવનની, તુજ પાદ ભેટ ગણી લે

આહુતિ આ જીવનની, તુજ પાદ ભેટ ગણી લે. (ટેક)

સર્વસ્વ મારું જીવન તુજ પદ્મપાદ મારે;
-કરવું છે તે સમર્પણ પૂરું જ શુદ્ધ કરીને. આહુતિ...

મારા હૃદયની ઈચ્છા એ એટલી ઊંડી છે;
અનુલક્ષી એને મારું જીવન ઘડયા કરું તે. આહુતિ...

કંઈ ડાઘ જે પડેલા કંઈ કાળનાય જૂના;
ચાદર જીવનની મેલી જળ દે કૃપાનું ધોવા. આહુતિ...

કદી આદરેલ યજ્ઞે ભંગાણ જ્યાં પડે છે;
પોકાર પાડી તુજને બોલાવું મારી મદદે. આહુતિ...

**તા. ૨-૧૦-૧૯૩૩**
**નવસારી**

• • •

## હે તાત! શરણ લઈને, નિજનો મને કરી લે

હે તાત! શરણ લઈને, નિજનો મને કરી લે. (ટેક)

મારે થવું છે ભક્ત તારો પ્રભુજી! સાચો;
ગુણગાન તેથી તારાં ગાયા કરું છું હું તો. હે તાત!...

પ્રિય નામ તારું હરદમ હું તો રટયા કરું છું;
તુજ પ્રેમની દીપિકા મારે હૃદય જગાવા. હે તાત!...

ક્યારે સફળ તે આશા મારા હૃદયની કરશે?
તુજ વરદ હસ્ત ક્યારે મુજ શિર સતત રહેશે? હે તાત!...

તુજ અંકમાં હું બેસી બોલીશ કાલું ઘેલું;
દિન એવો એક ક્યારે ભાળી શકીશ તે હું? હે તાત!...

**તા. ૪-૧૦-૧૯૩૩**
**નવસારી**

• • •

## બંધન બધાંય મારા પ્રભુ! દૂર તું કરી દે

બંધન બધાંય મારા પ્રભુ! દૂર તું કરી દે. ટેક...

વાતાવરણ પ્રભુજી! મુજ આસપાસનું તે;
-મુજને મદદ ન આપે; કર મુક્ત તેથી મુજને. બંધન...

સંડોવી મારી મુજને નાખે કદીય ખાડે;
મુજને પછાડતું તે એથી ઉગાર મુજને. બંધન...

નોંખો બધાંથી મુજને કરી નાખ હે પ્રભુ! તું;
અડચણ કરે ન જેથી મુજ માર્ગમાં મને કો. બંધન...

દુઃખ એક વાતનું ના, સો વાતનું મને છે;
તુજ ચરણ શરણ શોધ્યું એ કાજ હે પ્રભુ! મેં. બંધન...

દુખિયાં, રિબાયલાને તુજ એકલાની આશ;
મુજ આર્તવાણી તેથી તુજને સુણાવું, તાત! બંધન...

**તા ૮-૧૦-૧૯૩૩**
**નવસારી**

• • •

# જગતની શું ધરું પરવા

### ગઝલ

જગતની શી ધરું પરવા? મને શું કામ એનું છે?
મદદ કરવી રહી ક્યાંયે; મને એણે સતાવ્યો છે. જગતની...

જખમ દિલમાં ઊંડા પાડી, ઉપરથી મીઠું ભરિયું છે;
અને રંજાડવામાં તે દિલે રાચી રહ્યું દિસે. જગતની...

સુખી, સંતોષમાં નીરખી હૃદયમાં દાહ પ્રકટાવી;
બધાંને બાળવા એણે કમર કસી યુદ્ધ માંડયું છે. જગતની...

મને નિસ્બત નથી એથી, રહી અળગો પ્રભુજી! હું;
નથી ઉદ્વેગ હું કરતો કૃપાથી રાચું નિજમાં હું. જગતની...

● ● ●

## પ્રભુ! તું ક્યાં ગયો રે? મુજને એકલડો કાં મૂક્યો?

પ્રભુ! તું ક્યાં ગયો રે? મુજને એકલડો કાં મૂક્યો? (ટેક)

રહ્યો રવડતો વચગાળે હું, બૂમો પાડયા કરતો;
સમજ પડે ના, ગભરાતો ને, જ્યાં ત્યાં કુટાઈ મરતો. પ્રભુ!...

હાથ ગ્રહીને દોરી જઈ તેં પથ પર મુજને લીધો;
શા કારણ તેં હાવાં મુજને સાથ-વિહોણો કીધો? પ્રભુ!...

હતી જીવનમાં એકલી મુજ જે લાકડી પ્રાણથી પ્યારી;
હાથથી સરતાં, કર્મે આવી ભૂંડી નિરાધારી. પ્રભુ!...

અઘોર વનમાં વાઘ વરુનો લાગે ભય મને ભારી;
કટોકટીની પળે મને કાં મૂકે તું ય વિસારી? પ્રભુ!...

ઠરવા ઠામ મળે નહિ ક્યાંયે ચો દિશ ખાવા ધાયે;
નોધારાનો તું મોભારો તું પણ ના'વે સ્હાયે. પ્રભુ!...

સાહસ, હિંમત, ધીરજ, બુદ્ધિ મારાં વાપરી ચૂક્યો;
છેવટ જયારે ગજ નવ પ્હોંચ્યા, તુજ પદ આખર ઝૂક્યો. પ્રભુ!...

**તા. ૨૨-૮-૧૯૩૪**

• • •

## પ્રભુ! હું મુંઝાઈ મરું રે, હૃદયે શાતા કાં નવ દે તું?

પ્રભુ! હું મુંઝાઈ મરું રે, હૃદયે શાતા કાં નવ દે તું? (ટેક)

શું કરવું તે સૂઝે નવ કૈં, અટક્યું અધવચ ગાડું; (૨)
ગૂંચ પડેલી, નિર્બળ મૂઢ હું કેમ કરીને કાઢું? પ્રભુ હું...

ડૂબતાની ગભરામણ જેવી થતી હૃદયમાં પીડા, (૨)
કોને તે સમજાવી શકું હું તેં કાને કર દીધા. પ્રભુ હું...

ખેતરની રક્ષાને કાજે ચોમેર કીધી વાડ; (૨)
છીંડા પાડી કોણે કરવા માંડી આ રંજાડ? પ્રભુ હું...

સગાં સંબંધી રહી વેગળાં મારો જુએ તમાસો (૨)
બાકી હોય ત્યમ તું પણ જાણે નાખે કેડે ફાંસો. પ્રભુ હું...

પાસાં સવળાં માની નાખ્યું પડે પોબાર ન તોયે; (૨)
બાજી મેં જીતવાને માંડી પૂરી કર ચઢી વ્હારે. પ્રભુ હું...

અશક્યને તું શક્ય બનાવે શકયને પણ લટકાવે; (૨)
<u>સમર્થ એવો ધણી શિર તોયે મુજને કાં રવડાવે?</u> પ્રભુ હું...
સમર્થ એવો શિરે ધણી છે, તોયે કાં રવડાવે?

**તા. ૨૪-૮-૧૯૩૪**

**રાત્રે ૧૧ વાગ્યે, હરિજન આશ્રમ. નવસારી**

• • •

## ગઝલ

દયાધન હે પ્રભુ! તમને કથું શું હું વીતક કથની?
દુઃખીના દર્દી દિલડાને મળે આરામ ક્યાંયે નહિ.

તૂટે ગિરિ તોય હું ટેકું, તૂટે શિર આભ તો ઝીલું,
અરે! જ્યાં પેટ પાક્યું છે તહીં પાટો હું ક્યાં બાંધું?

● ● ●

# મુજને પ્યાર કરી રે, તુજ પદ ઠામ કૃપાથી રાખો

## (હરિ હું શું કરું રે...ઢાળ)

મુજને પ્યાર કરી રે, તુજ પદ ઠામ કૃપાથી રાખો. (ટેક)

આ કરવું કે તે કરવું એમ વિચારના વંટોળે;
કદીક મારું મન ચઢી જાતાં મુજને તે અકળાવે. મુજને...

સુષુપ્ત સારી વિવેકબુદ્ધિ એને જાગ્રત કરીને;
તોળી ત્રાજવે જોતાં જોતાં ક્યાંનું ક્યાંય જવાયે! મુજને...

ઉરભાવના કૈંક બતાવે ને એમ લાગણી, મનને;
ઝઘડો જામતાં, ડો'ળાવે છે મુજને અતિશય હૃદયે. મુજને...

એક રાગથી એક ચીલાએ ચાલવુ મુજને ગમતું;
આડાંફેલાં આવે તેને દૂર કરવા મતિ દે તું. મુજને...

મન, ચિત્ત, શ્રદ્ધા અને ભાવના, વિવેકબુદ્ધિ મારી;
એ સર્વેનો મેળ જમાવી તુજ પદ રાખો જોડી. મુજને...

• • •

## મુજ હરિ! હાથ ગ્રહી રે

### (હરિ હું શું કરું રે...ઢાળ)

મુજ હરિ! હાથ ગ્રહી રે,
મુજને તાત! હવે ઘરમાં લ્યો. ટેક...

પ્રભુ! હું તારે ચરણ ઢળ્યો છું, તું મુજ ગમ નવ જોશે;
કોણ બીજું સંભાળશે મુજને? કોની રહું હું આશે? મુજ હરિ!...

રખડેલું, રવડેલું, શિશ હું, મથીને મથીને ભારે;
જયમત્યમ કરીને શરણું શોધ્યું, ત્યાં તું નવ રે' હારે. મુજ હરિ!...

પથમાં જ્યાં ત્યાં ઠોકર ખાતો ને લથડાતો ચાલું;
પ્રાણચેતના રાખે ત્યાંયે નામસ્મરણ તુજ પ્યારું. મુજ હરિ!...

ચલાવનારો, રાખણહારો, પાલણહાર તું મારો;
નોધારા આ જીવનનો તું એક મારે ધ્રુવ તારો. મુજ હરિ!...

બાળક તારો ભટકી થાક્યો પિતા! મને ઘરમાં લ્યો;
બોલાવું છું સાદ પાડીને હવાં મને ઉરથી લ્યો. મુજ હરિ!...

**તા. ૧૯-૧૧-૧૯૩૬**

• • •

# વીનવું લળી લળી રે

વીનવું લળી લળી રે, મુજને સહાય કૃપા કરી આપો (ટેક)

સંતજનોએ ગાયું જગમાં પતિતોદ્ધારક તું છે;
ડૂબેલાને હાથ ગ્રહીને ખેંચી ઉપર લે છે. વીનવું...

કાદવમાં હું કળી ગયો છું ખૂંપી ગયો છું બાપુ!
જેમ મથું ત્યમ ઊતરું ઊંડો, કાં કર મને ન આપો? વીનવું...

મદાર તુજ પર રાખીને જે પુરુષાર્થે રત રે'તો;
યોગક્ષેમ તેનું તું રાખે હૂંફ, મદદ, પ્રભુ! દેતો. વીનવું...

જોતાં તો ભરપૂર ભરેલો દુર્ગુણનો હું દરિયો;
ઉપાડી લેજો હાથ ગ્રહીને તુજ પદ હું જે ઢળિયો. વીનવું...

• • •

## ભવભવનો અપરાધી

પ્રભુજી! હું તો ભવભવનો અપરાધી;
વળગેલી અનેક ઉપાધિ રે. ઊગારી લેજે…

મારા અંતરની હું વાતો, મારા કાળજડાંનાં દુઃખો;
-તુજ ચરણકમળમાં ભાળું રે. ઊગારી લેજે…

રગરગ ભરિયો હું ચંગુ, હું તો વળી છું પંગુ;
ગિરિવિઘ્નો શેં ઓળંગું રે? ઊગારી લેજે…
ભાંગ્યું ભાંગ્યું છે તોયે ભરુચ, મથીનેયે;
-રીઝવીશ તને હું હૈયે રે. ઊગારી લેજે…

મૂએલાંને તું જીવન, દઈ કરે છે પાલન;
હું તૂટયાનું કરી રેવણ રે. ઊગારી લેજે…

અંતર સાથી થઈ મારો મમ જીવનરથને દોરો;
પ્રભુ! શરણ પડયાને તારો રે. ઊગારી લેજે…

• • •

# એને ઠામ કરો ગિરિધારી રે! પાવલે લાગું

એને ઠામ કરો ગિરિધારી રે! પાવલે લાગું (ટેક)

વ્હાલાજી! મનની ગતિને પ્રિય નામસ્મરણની ધૂને (૨)
-રાખું છું પરોવી મથીને રે. પાવલે લાગું...

ખીલે બાંધેલું તોયે તે ભટકે દૂર દૂર ક્યાંયે! (૨)
મને ભેળવવા હૃદ પ્રેરે રે. પાવલે લાગું...

સમજાવું વારે વારે એને લેવા હારે હારે, (૨)
પણ સાથ નવ આલે રે. પાવલે લાગું...

એની જાત પ્રભુ! છે આડી, એની હાથ ન આવે નાડી; (૨)
એનો નાવે અંત કો દા'ડો રે. પાવલે લાગું...

એની રસવૃત્તિમાં સ્હેજે લઉં ભાગ પ્રભુ ના હૃદયે; (૨)
તોય ઘસડે દિલને સ્હેજે રે. પાવલે લાગું...

હવાં કૃપા કરો મોરારી! એને ઠામ કરો ગિરિધારી! (૨)
તને વીનવું છું હું હારી રે. પાવલે લાગું...

• • •

## મને ન્યાલ કરો ગણી નિજનો, પાવલે લાગું

મને ન્યાલ કરો ગણી નિજનો,
પાવલે લાગું (ટેક)

વ્હાલાજી! વીનવું ઝીલજે,
હૃદ-ભાર હવે દઉં, લેજે, (૨)
નિશ્ચિંત થવાને કાજે રે. પાવલે લાગું...

હું જેવો છું પ્રભુ! તેવો,
ભરિયો વળી, કોડ કુટેવો, (૨)
પણ ચરણકમળમાં સેવો રે. પાવલે લાગું...

જો મુજને તું દૂર કરશે,
પછી કોણ મને સંઘરશે? (૨)
ક્યાંય ઠરવા ઠામ ન મળશે રે. પાવલે લાગું...

શિશુ તારાથી પ્રભુ! ઊજળું,
મુજ કીર્તિ, ધન તું સઘળું (૨)
પ્રભુ! છોડ તું મારું ગૂંચળું રે. પાવલે લાગું...

છો ગરીબ પરવર પ્રભુજી!
કોણ ઉદાર તું સમ શ્રીજી? (૨)
મને ન્યાલ કરો ઉર રીઝી રે. પાવલે લાગું...

• • •

## શરણ ઢળ્યો છું હું તારી, રાખો લાજ હવે ગિરિધારી

શરણ ઢળ્યો છું હું તારી, રાખો લાજ હવે ગિરિધારી. (૨)
જન્મ્યો તે દિનનો હું જૂઠો, સમજણથી પછી ઉર પસ્તાયો.

અજ્ઞાને ઘન તિમિર છવાયું, જ્ઞાન કિરણ એક તારું માગું. (૨)
મેં જગ ખોટો ધંધો ખેડયો, બરકત રાખવી છે તુજ હાથે.

બગડેલી બાજી પ્રભુ! મારી કૃપા કરીને નાથ સુધારો. (૨)
શરણ-ચરણમાં બાળ ઢળ્યો છું, ચાહ્ય સો  નાથ ઉગારો, મારો.

• • •

# મને સંભાળી પ્રભુ! લેજે રે, પાવલે લાગું

માગ્યા હું કરું છું બધુંયે, જોઈતું હો જે જે મારે, (૨)
પણ પથ્ય-અપથ્ય તું જોજે રે. પાવલે લાગું...

બાળક તો સઘળું માગે, જે જે દ્રષ્ટિમાં આવે, (૨)
તેનો વિવેક તું પ્રભુ! કરજે રે. પાવલે લાગું...

નિત હૃદયથી ભાવ ઊઠે છે, પ્રતિકૂળ-અનુકૂળ કૈં મારે; (૨)
તને નિવેદું તે પદકમળે રે. પાવલે લાગું...

શિરછત્ર પ્રભુ! માથે તું, પછી ચિંતા તે ધરવી શું? (૨)
નવ ડા'પણ હું પ્રભુ! ડો'ળું રે. પાવલે લાગું...

મૂરખ, પણ બાળક તારું જાણી સંભાળી લે તું; (૨)
મને ચરણ-શરણમાં લેજે રે. પાવલે લાગું...

બહુ કિરપા કરીને મુજને દીધી પાંખો ઊડવાને; (૨)
ત્યાં શક્તિ કાં હણી લીધી રે. પાવલે લાગું...

ધરખમ તેં જોમ દીધેલું, પગ, હાથ, નસેનસ વ્યાપ્યું; (૨)
ત્યાં છેક વખા કાં બાપુ રે. પાવલે લાગું...

પ્રભુ! વ્હાલ કરીને કેવાં તેં અમૃત પાન કરાવ્યાં! (૨)
હાવાં ત્યાં ઝેર કટોરા રે. પાવલે લાગું...

પ્રભુ! તુજને જે ગમતું છે, મારે મન પણ તે પ્રિય છે, (૨)
હઠેલું ના હાથ હવાં હું. પાવલે લાગું...

'પ્યારા એ પ્રિયતમની છે અણમોલી ભેટ' ગણીને (૨)
સ્વીકારું હેત ધરીને રે. પાવલે લાગું...

• • •

## તુજ કૃપા સદા પ્રભુ! રે'જો રે, એટલું માગું

તુજ કૃપા સદા પ્રભુ! રે'જો રે, એટલું માગું. (ટેક)

વિષયો પાછળ ટોળું, ઇંદ્રિયનું વળતાં રોકું; (૨)
પછી હળવે ઠામે પાડું રે. પાવલે લાગું...

જરી અજાણ રે'તાં સરકી, ક્યાંની ક્યાં પ્રસરી જાયે (૨)
ખેંચાતાં, વાંક વળાવું રે. પાવલે લાગું...

વીનવી વીનવી હું વારું, વળી પ્રેમ થકી સમજાવું; (૨)
મુજ સાથે હળવા પ્રેરું રે. પાવલે લાગું...

જે બાજુ વહેણ વળેલું, તેનાથી ઊલટું કરવું; (૨)
તુજ કૃપા વડે તે સાધવું રે. પાવલે લાગું...

કરી કરીને કરી શકું શું, પ્રભુ! માટીનું પૂતળું હું; (૨)
મારે પ્રેમરસે ભીંજાવું રે. પાવલે લાગું...

• • •

## શિખરિણી-મંદાક્રાન્તા

બળ્યું 'તું શું એવું પ્રભુ! મુજ મહીં જેથી કરીને
ચગાવ્યો તેં બાપુ! લહર થકી ક્યાંનો ક્યહીં મને!
અહંતાએ મારી 'બધું કરી શક્યો હું જ' મનવ્યું,
અરે! મૂર્ખાને ના સમજ પડી **'તું પાછળ ઊભો'**

હૃદે પાસે આવી અમ સમજણે બાપ! ઊતરો;
'કરાવે જે તે તું' અમ હૃદયમાં એમ ઊતરો;
વળી ઊંડો એવો અનુભવ કરાવો પ્રભુ! મને,
વળે જેથી બુદ્ધિ તુજ પદ, પ્રભુ! યોગ્ય કરજે.

**તા.૦૭-૦૯-૧૯૪૧**
**દ્રિચિ**

• • •

## દંપતિએ કરવાની પ્રાર્થના

### શિખરિણી

અમોને બંનેને અનુભવ કરાવો અવનવો,
અમારા બંનેનું જહિં તહિં બધે રક્ષણ કરો;
અમો બે ઓજસ્વી, હૃદય મહિં તેજસ્વી બનીએ,
અમે બંને તારે ચરણકમળે એક થઈએ.

અમો બંનેનામાં તુજ તરફનો પ્રેમ વધજો!
અમો બંનેનામાં તુજ ઉપર શ્રદ્ધા વિકસજો!
અમો બંનેનામાં તુજ ઉપર વિશ્વાસ ઠરજો!
અમો બંનેનામાં તુજ ચરણનો ભાવ સ્ફુરજો.

અમે બંને કોનો હૃદયમહિં ના દ્વેષ કરીએ,
અમે બીજા પ્રત્યે કદીય સરસાઈ ન ધરીએ;
અમે ધોતાં ધોતાં હૃદયમળ સાથે વિચરીએ,
અમે બંને ચાહી, તુજ ચરણમાં પ્રેમ શીખીએ.

• • •

## શ્રીમોટાના આશીર્વચન

### વસંતતિલકા

બંને થજો હૃદયમાં બહુ એકમેળ,
બંને તણો હૃદ થજો બહુ પ્રેમમેળ;
બંને પરસ્પર થજો ખૂબ દિલ ખુલ્લાં;
બંને હૃદે પ્રિય તણા વસજો અનેરા.

## શિખરિણી-મંદાક્રાન્તા

થજો ના કોઈને મુજથી પ્રભુ! અન્યાય જગમાં,
રહેવાજો નિત્યે મુજ થકી ભલામાં સહુ તણા;
જગે જે જે આવ્યાં, મુજ જીવન સંબંધ મહીં કૈં;
પ્રભુ! તેને તેને મુજથી પૂરતી શાંતિ મળજો.

થયો હો કોઈને યદિ મુજથી અન્યાય ભૂલથી,
પ્રભો! બુદ્ધિ મારી હૃદય કરજો જાગ્રત તહીં;
મને ના ડંખ્યું હો હજી સુધી જગે કર્મ મુજ કૈં,
કરાવો, ડંખાવી, મુજથી બનતું યોગ્ય હવે.

થયેલી આસક્તિ મુજ હૃદય જો કોની પર હો,
ટળાવી નાખીને તુજ ચરણ વાળો સઘળી એ;
દ્વિધાભાવે કોથી મુજથી ન થજો વર્તન જરી,
સદાયે વર્તાજો મુજથી સમ સાથે સહુતણી.

મને વૃત્તિ દીધી, મુજ હૃદય આવેશભરી શી!
ટકાવી તે રાખો, તુજ પદ પૂરી તે વળી વળી;
ફરે પાછી ત્યાંથી કદીય કહિં ના એમ કરશો,
અને મારાં કર્મો જગત મહિંનાં સાધન બનો.

**તા.૦૭-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## શિખરિણી-મંદાક્રાન્તા

ભર્યું વિશ્વે તેં જે, મુજ મહિંય તે ચેતન ભરો;
ઉતારો મારામાં જગત તુજ જે ચેતન ભર્યું;
બધે છે સૃષ્ટિમાં તુજ અવનવો શો રસ ભર્યો!
રસાવો દેવાં શી શી પ્રભુ! તુજ રસે તે જ મુજને.

**તા.૦૭-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## મંદાક્રાન્તા

વ્હાલાંઓને કદીય પણ ના દુઃખ દેવું ઘટે કૈં;
તોયે શાને કઠણ, કડવા બોલના બાણ મારે?
વ્હાલાઓની હૃદયમહિંની પ્રેમની ભાવનાઓ
-વાંછે ઊંડું પ્રિયજનતણું શ્રેય; તેથી બકાવે

**તા.૦૫-૦૮-૧૯૪૧**
**ટ્રિચિ**

## શિખરિણી-મંદાક્રાન્તા

પથે કેવું ચાલે મનહૃદયનું ગાડું, મુજને
-બતાવી દે એની સમજ મુજને, યાચું તુજને;
ભરેલું ભાવે જો મુજ હૃદય રે', કૈં ન પરવા,
મથાવાને તેવું રસ, બળ પૂરો ચેતન હૃદે.

**તા.૦૭-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## શિખરિણી-મંદાક્રાન્તા

પથે જે જે આવો, મન, હૃદય સંકોચ તજજો,
પથે જે જે આવો, તમ હૃદય સંસાર ભૂલજો;
પથે જે જે આવો, મનહૃદયનાં માપ તજજો,
પથે જે જે આવો, પ્રભુ! વગર ના બેલી સમજો.

તમારા બાંધેલા મનહૃદયના ખ્યાલ તજજો,
તમારા માનેલા મન, ચિત્ત, વિચારોથી છૂટજો;
તમારામાંનું સૌ સમજણથી અજ્ઞાન તજજો,
પથે જે જે આવો, ધન, જગ, મહત્તા વિસરજો.

તમે સૌ માનેલું મન, ચિત્તતણું સર્વ તજજો,
પડેલા સંસ્કારો મન, ચિતમહીં સર્વ તજજો.

પ્રભુ! બે આંખોને મુજ હૃદયમાં તું ઠરવજે,
પ્રભુ! બે કાનોને મુજ હૃદયમાં તું ઠરવજે;
તું મારા હૈયામાં મુજ જીભ રસીલી ઠરવજે,
હૃદેમાં સ્પર્શેન્દ્રી, હૃદય મુજ યોનિ ઠરવજે.

વવાયેલું હૈયે, અવર જનને તે લણવજે,
રળાવેલું તેં કૈં અવર જનને તે અપવજે;
હૃદે રક્ષાયેલું અવર જન-રક્ષા કરવજો,
હૃદે કૈં જાગેલું, અવર જનને તે જગવજો.

તા.૦૮-૦૯-૧૯૪૧

ટ્રિચિ

**શિખરિણી-મંદાક્રાન્તા**

જગે જન્માવી જો તુજ તરફ ખેંચે ન મુજને,
જગે જો જન્માવી તુજ ચરણ-આસક્તિ નવ દે;
જગે જો જન્માવી તુજ પદ મને લીન ન કરે,
જગે તો જન્મેલું મુજ પતિતનું ફોગટ થશે.

**તા.૦૮-૦૯-૧૯૪૧**
**દ્રિચિ**

પ્રભુ! તારી પ્રત્યે ગમન કરવાને હૃદયમાં
મને ઊંડી ઊંડી ધગધગતી દેજે ધગશ ત્યાં (તું)
પ્રભુ! તારે માટે કકડતી મને ભૂખ કરી દે,
મને તારા માટે થનગન થતો પ્રેમ ભરી દે.

**તા.૦૯-૦૯-૧૯૪૧**

• • •

## નટવર નાનડા રે! રાખજો લાજ ગરીબની બાપુ!

કસોટી મારી કરવી હોયે, પૂરી પરીક્ષા લેજે,
અધવચ મુજને મૂકી રખે દે, પૂરો તાવી લેજે;
સ્થિતિ ગમે તે મહીં મૂકે તું, પ્રેમથી તે ભોગવશું,
યાચના મારી એક તને પણ, રે'જે સાથ પ્રભુ! તું.

**તા.૦૭-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

### વસંતતિલકા

તું ક્યાં હતો? કહીં થયો સ્થિર? તું વિચાર;
તે ઝંખના હ્દની કેમ ન તું વધારે?
રે'ની સચેત રસથી મન એક કામે,
તું એટલી મુજ પરે કરજે કૃપા કૈં.

**તા.૧૫-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

### વસંતતિલકા

આસક્તિ મારી તનની પ્રભુ! સૌ મટાડો,
એને પ્રભુજી! તુજ સાધનયોગ્ય રાખો;
મારે પડી ન કંઈ નિર્બળ તે રહ્યું છો,
એવી સ્થિતિ મન તણી પ્રભુ! તે દઢાવો.

### શિખરિણી-મંદાક્રાન્તા

ગમે તેવું છોને પ્રભુ! શરીર આ નિર્બળ હશે,
મને તે સંગાથે કંઈ પણ ન સંબંધ જરીયે;
કૃપા દે એવી કે શરીર મુજને દે ન કઠવા,
ગમે તે સંજોગે પ્રભુ! ઠરવજે ઉર સ્થિરતા.

મને તેં છોડાવ્યો મુજ શરીરનો ખ્યાલ મનથી,
કૃપા કીધી એવી મુજ પર દયા તેં બહુ કરી;
પ્રભુ! બાકી કૈં તેં મુજથી કરવ્યાં સાધન બધાં
થયાં ના તે હોતે, મુજ હત રહ્યો ખ્યાલ તનનો.

### મંદાક્રાંતા

દેજે દેજે પ્રિય જનતણા દોષ સૌ ભોગવાવા,
દેજે દેજે પ્રિય જનતણાં કર્મ સો ભોગવાવા;
દેજે દેજે પ્રિય જનતણી વાસનાઓ મને તું
કૃપા સાથે દે, ને અલગ રહું તેથી પતિત હું.

**તા.૧૦-૦૯-૧૯૪૧**

**ટ્રિચિ**

## શાર્દૂલવિક્રીડિત

મારી બુદ્ધિમહીં પ્રભુ! રગરગે, વિશ્વાસ-શ્રદ્ધા ભરો,
એને ઠેરવવા પદે, તુજ કૃપા મારી પરે દાખવો;
કૈં ડો'ળામણ દિલ તે કરવતી, ને અન્યથા ભાવમાં
-ક્યાંની ક્યાંય લઈ જતી પ્રભુ! મને એથી ઉગારો હવાં.

**તા.૧૧-૦૯-૧૯૪૧**

## શિખરિણી-મંદાક્રાન્તા

અહંતા સૌ મારી જડમૂળથી યાચું ગળી જજો!
ચગાવે ના ક્યાંયે, કહીં પ્રભુ! મને એમ કરજો;
કદી એ તો મારા પર પ્રભુ! થતી સ્વાર દિસતી,
મને ચેતાવીને સતત પ્રભુ! રાખો હૃદયથી.

**તા.૧૩-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## શાર્દૂલવિક્રીડિત

આકાશે જ્યમ તારલા ઝગમગે તેવી પ્રભુની સ્મૃતિ,
તારામાં ઝબક્યાં કરો પળપળે એવા રહો ખંતથી;
હૈયે પ્રેમની જ્યોતને જગવીને, એના પ્રકાશે જગે,
તું તો ચેતનવંત નિત્ય રહીને આનંદમાં મ્હાલજે.

**તા.૧૫-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## વસંતતિલકા

વિશ્વાસ તારી પરનો દૃઢ કૈં કરાવો,
શ્રદ્ધા તું ઉપર મને હૃદમાં ઠસાવો;
તારી પરે ઉમળકો પ્રભુ! પ્રેમ આવો!
નિષ્ઠા પૂરી તુજ પરે મુજમાં ઠરાવો.

શ્રદ્ધાથી પૂર્ણ મતિ નિર્મળ મારી થાજો!
વિશ્વાસથી ભરપૂરે પ્રભુ! નિત્ય હોજો!
એને ઠરેલ કરજો તુજ પાદપદ્મે,
તો મારું કાર્ય ફળશે; પ્રભુ! તું કૃપા દે.

વાયુતણી લહરી કોઈ ન કૈં ડગાવો
હૈયાની એવી સ્થિરતા મુજમાં રખાવો;
ને લાગણીવશ થઈ ભમું તે મહીં જો,
ઘોંચી પરોણી પ્રભુ! જાગૃત તું કરાવો.

**તા.૧૪-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## વસંતતિલકા

આનંદજ્યોત નવ ઓસરવા દઈશ,
ર્‌હેજે સદાય હૃદયે તું પ્રસન્નચિત્ત;
ઈશ્કે શરાબ થકી મસ્તીતણી મઝાથી,
એકાગ્ર, લીન રસમાં ડૂબકું તું દેજે.

**તા.૧૫-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## શાર્દુલવિક્રીડિત

"ઊભો થા! નવ મેળવે જહિં સુધી તું ધ્યેયને ત્યાં સુધી,
-યત્નો શક્ય બધા કર્યા કર સદા, ના શાંત રે'જે કદી."
એ તારા વચનો સદા હૃદયમાં પ્રેર્યા કરે હામને,
મૂકું પ્રાણ જતાંય યત્ન ન કદી; વાંછયું પ્રભુ! દે મને.

## શાર્દૂલવિક્રીડિત

રાખીને સ્થિરતા હૃદે ઉમળકે એ સાધનામાં મથો,
દેવું કૈં ન મહત્વ અન્ય વિષયે, બીજું ન લક્ષે ધરો;
જેવું ધ્યાનમહીં વિચાર સ્ફુરતાં ત્યાં લક્ષ દેતા નથી,
તેવું આચરવું રહ્યું જીવનના બીજા બધા ક્ષેત્રથી.

## શાર્દૂલવિક્રીડિત

જોજે કામ મહીં રખે ચૂક પડે બીજા તણે ભેળવ્યે!
આવે જાય ભલે બધાં જન પથે તે સાથ શી નિસ્બતે!
પોતાના જન જે ગણ્યાં પણ સહુ પોતા મહીં રાખવા
-મંડ્યા તે કરશે જ; તેથી હૃદયે તું ચેતતો રે' સદા.

ડૂબેલાં જન સ્વાર્થમાં સહુ દિસે, એનાથી બીજું કશું
જોઈ તે શકતાં નથી અવરમાં; રે'વું ત્યહાં શું રૂડું!
જાળે તે સપડાય દ્રષ્ટિ પડતાં એવી લીલા વિશ્વની;
તો હે તાત! ઉગારજો પ્રભુ! મને તારી લીલા એવીથી.
તો ત્યાં દૃષ્ટિ રખાવશો નવ મને બાપુ! કૃપા દાખવી.

**તા.૧૭-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## અનુષ્ટુપ

વિકારો, વાસના સાથે, આપણે નવ નિસ્બત;
વિચારો એ તણા હૈયે આવવા દ્યો ન ખંતથી;
થતું એવું બને ત્યારે એટલા ઉગ્ર જોશથી
-ભાવથી પ્રેમથી, જાઓ પ્રભુના કીર્તને વળી.

પ્રભુની દિવ્ય શક્તિ જો ઊભી છે આપણી પૂંઠે;
હરાવવા બધાનેયે પૂરી છે જાણ તત્પર;
શ્રધ્ધા-વિશ્વાસ તું એવો હૈયામાં ખૂબ રાખજે,
શક્તિ ઉદ્ભાવવા એવી તું તારું લક્ષ આપજે.

**તા.૧૭-૦૯-૧૯૪૧**

## શિખરિણી

બન્યા દૈવી બિના હૃદય કરજો નિત્ય તુજ, જે
વીણા હૃદમહીં કરો
-ઘડી એકે બાપુ! સ્વરરહિત શાને પડી રહે?
મળ્યો તું જ્યાં મારો પરમ બજવૈયો જીવનમાં
હવાં વાગો કે ના મુજ બિન, ન ચિંતા હૃદયમાં.

**તા.૧૮-૦૯-૧૯૪૧**

**ટ્રિચિ**

## શિખરિણી

તમારા પ્રેમે આ મુજ હૃદય ફાલે, બહુ ફૂલે,
તમારા આનંદે મુજ હૃદય મસ્તી પ્રકટશે;
દિપાવાનું મારે તમ થકી રહ્યું છે જગતમાં,
બધી આશા, શ્રદ્ધા મુજ જીવનની છે તમ પરે.

તમારા હૈયાની પ્રગતિ મહીં મારી પ્રગતિ છે,
તમે જેવા થાશો ગણતરી થશે તેવી મુજ ત્યાં;
હૃદે આશા, શ્રદ્ધા, પ્રભુ ઉપર વિશ્વાસ વધતાં
તમારામાં મારું અતૂલ મન રે'શે સતત ત્યાં.

પ્રતાપે ને એના પ્રભુબળથી મુસ્તાક બનશો,
થતાં ઊંચું કોનું શિર, ત્યહીં તમે સાવધ થજો.
તમે ભાવે રાચી સહુ પર રહ્યાં નિત્ય કરશો,
તમે એના પ્રેમે નિજ જીવનને મસ્ત કરશો.

**તા.૧૮-૦૯-૧૯૪૧**
**દ્રિચિ**

## શિખરિણી

ઉપાધિઓ કૈં કૈં તમ જીવન જે આવી પડતી,
હૃદે કંટાળાથી કદી પણ ન સ્વીકાર કરવી;
વધાવી લ્યો એને ઉર-ઉમળકે ભેટ ગણીને,
કસોટીમાંથી તે પર થઈ, ધરો તે પ્રભુપદે.

**તા.૧૮-૦૯-૧૯૪૧**
**દ્રિચિ**

### શિખરિણી

તમારા હૈયાનાં ઝરણ પદ વાળ્યાં નિત કરો,
પ્રભુને માટે આ જીવન જીવવાનું મન કરો;
અને ચિંતા શાને અવર કંઈ હો આ હૃદયમાં,
ભરો દિવ્યાનંદે મન-હૃદય પૂરાં જીવનમાં.

તમોને શાં દીધાં સુખસગવડો આ જીવનમાં!
વિચારોને કેવું અનૂકુળપણું દીધું વળી ત્યાં;
નથી ચિંતા ભારે જગ નવ ઉપાધિ પણ શિરે,
ડૂબેલા તોયે કાં રસમહીં રહો ના તમ હૃદે!

### શિખરિણી

તમારી ચિંતા સૌ જગતવ્યવહારો પણ બધા,
તમારા વ્યાપારો પ્રભુપદ ધરો કૈં મનતણા;
અને જે જે ભારે ગડમથલ હૈયામહીં થતી,
જણાવી દૈ એને કંઈ પણ વિચારો નહિ પછી.

નિજાનંદે મ્હાલી જીવન કરશો ધન્ય તમ આ,
મળ્યો જ્યાં સંગાથી પ્રભુ સમ તમોને જીવનમાં;
તમારા હૈયાના ઝણઝણી ઊઠી તાર સહુયે
પ્રભુમાં પ્રેરાયાં સતત કરજો પ્રેમરસથી.

**તા.૧૮-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

### શિખરિણી

તમારી સંગાથે મુજ હૃદય શાને ધડકતું?
તમારી સંગાથે મુજ હૃદય કાં લોહી વહતું?
તમારી સંગાથે મુજ હૃદય કાં ઊર્મિ ઊઠતી?
તમારી સંગાથે ઉર ચઢતી કાં પ્રેમ ભરતી?

તમારી સૌ ચિંતા ચરણ ધરી નિશ્ચિંત બનું હું,
તમારા ખ્યાલોને પ્રભુ શ્રવણ પ્હોચાડી વિરમું,
દઉં છું સૌ સોંપી તમ ધમપછાડા પ્રભુપદે,
ગમે તે ફાવે કૈં તમ પ્રભુ કરો યોગ્ય, વીનવું.

**તા.૧૮-૦૯-૧૯૪૧ દ્રિચિ રાત્રે ૧૨.૪૫ વાગે**
**(હેમંતભાઈની યાદ આવતાં)**

### શિખરિણી

તમારું ભેળાવું સ્મરણ, પ્રભુના તે સ્મરણમાં,
તમારા ભાવોને પૂરું હું પ્રભુના ભાવ-દીપકે;
અને શ્રદ્ધા, આશા મમ્ હૃદય વિશ્વાસ તમ જે,
પરોવી લૈ હું માં, અતુલિત થવા તે ધરું પદે.

તમારે માટેની કંઈ પણ ન ચિંતા હૃદ વસે,
બધી લેવાદેવા તમ કંઈ, ધરી છે પ્રભુપદે;
મહારામાં જેવું તમ હૃદય-આલંબન થશે,
તમોમાં મારો તે ત્યમ જ પડઘો પાડી ઠરશે.

**તા.૧૯-૦૯-૧૯૪૧**
**દ્રિચિ**

## શિખરિણી

મ્હારા પ્રત્યેનો મનહૃદયમાં પ્રેમ તમ કૈં,
વધ્યે જાશે જેવો, ત્યમ હૃદય ઊર્મિ જગવશે;
ત્હમારા હૈયામાં મુજ તરફનો ભાવ બઢશે,
-ધીરે ધીરે જ્યારે રસ પ્રભુપદે ત્યાં પ્રકટશે.

પ્રભુશક્તિ હુંમાં દીસતી કંઈ જે હોય તમને,
ધરો એને માટે તમ હૃદયમાં ખ્યાલ દ્રઢ તે;
મને સ્હેજે ના'પો કંઈ પણ મહત્તા હૃદયમાં,
પ્રભુનો હું ખાલી જગતમહીં વાણોતર નર્યો.

**તા.૧૯-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## શિખરિણી

કૃપાથી માગું કે મુજ પર જુઓ પ્રેમનજરે,
બધા દોષો મારા નજર પડતા માફ કરજો;
તમારું જાણીને સ્વજન મુજને અંગ ધરજો,
છીંડાં પાડું તોયે નવ અવગણો સ્હેજ મુજને.

હું તો, ક્રોધી, દંભી, હૃદય-કપટી, કામી વળી છું,
દીઠું હુંમાં શું કે વળગી રહી કૈં' પામી શકશો;
હૃદેમાં (મારાથી) કંઈ અનુભવો સત્ય નહિ જો,
ફગાવી દૈ એને નજર પડવા ત્યાં પણ ન દો.

**તા.૨૦-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## શાર્દૂલવિક્રીડિત

જેને મેળવવા ચહો હૃદયમાં એને મૂકી અન્યમાં,
-દેશો લક્ષ મહત્ત્વ ના કંઈ જરી તો તો તમે ફાવશો;
એનું એ જ કર્યા કરો રટણ ને એના જ રો' ચિંત્વને,
એના પ્રેમમહીં ડૂલી પ્રિયતણા ભાવે રમી રો' હૃદે.

કેવું એક થવા ઊંડું તલપતું તું-સાથ હૈયું કૂંળું,
બથોબાથ ભીડી તને હૃદયથી અમૃત પીવા ચહું;
આવું પાસ હું તારી તેમ પ્રિય! શું આઘો જતો તું દિસે!
બોલાવી, તલસાવવા મહીં તને શી મોજ આવે હૃદે!

થૈ ન્યોછાવર પ્રેમથી તુજ પરે મેં સ્વપ્ન કૈં કૈં રચ્યાં;
કે આનંદ લૂંટયા કરી જીવનનો મ્હાલીશું કેવું ત્યહાં!
તે રૂડો દિન આવિયો નવ હજી ને ઝંખના તો વધે
ક્યારે હે પ્રિય! આવીને હૃદ હવાં તું ચાંપી લેશે મને!

**તા.૨૨-૦૯-૧૯૪૧**
**ટ્રિચિ**

## શાર્દૂલવિક્રીડિત

તારામાં થઈ એક યંત્ર જગમાં તારું થવાને ચહ્યું
ઈચ્છા તેથી કરી ન કાંઈ, દિલ ને તું-પ્રેમમાં ઝંખવું;
તારી સાથ મિલાવી તાર સઘળા બાહ્યાંતરે એક તો
તૈયારી મુજ હું પ્રભુ! કરી રહ્યો, ક્યારે પૂરો રંગશે?

## શાર્દૂલવિક્રીડિત

કેવી ચેતનવંતી સૃષ્ટિ રસથી સૌંદર્યથી ઓપતી!
ભારોભાર વિશાળતા, વિપુલતા હૈયે શી ઉદ્‌ભાવતી!
કેવો સંગમ શુભ જન્મદિવસે વ્હાલા તણે તેં દીધો,
તારો શો ઉપકાર તાત! અમને તારા મહીં રાખજે.

નિત્યે તો શુભ જન્મ છે જીવનનો કૈં કૈં નવું પામવા;
એવા નિત્ય થયા કરો અનુભવો, એવી પ્રભુપ્રાર્થના.

**તા.૨૫-૦૯-૧૯૪૧**
**કન્યાકુમારી**

## વસંતતિલકા

સૌંદર્યસૃષ્ટિ શું વિશાળ રસે રસાવે!
લીલા કરામત કળા તુજ શી હસાવે!
ઉલ્લાસ, સ્ફૂર્તિ ઉર પ્રાણ મહીં જગાવે
મેળાપ શો સ્વજન-જન્મદિને કરાવ્યો!

પાસે અગાધ ઉદધિ ઘૂઘવી રહ્યો શો!
જાણે સ્મૃતિ લહરી ધોધ હૃદે ઊઠે શો!
જ્યાં જ્યાં જુઓ જીવન-ચેતન-પ્રાણ પામો,
એવા રૂડા દિવસની સ્મૃતિ ઉર રે'જો!

**(આસો સુદ પાંચમ ૧૯૯૭)**
**શ્રી નંદુભાઈનો જન્મદિવસ**

## શાર્દૂલવિક્રીડિત

વ્હાલાની ઉર યાદ ઊંડી મુજને આવ્યાં કરે આ સ્થળે,
વ્હાલાની ઉર યાદ જે કરવતું, વ્હાલું જ લાગ્યાં કરે;
છે પોતે જ સુરમ્ય ભાવ-સ્થળ આ તેથી મને બેવડું
-આપ્યા જોશ કરી હૃદે સ્વજન સૌ એકાગ્ર ભાવે રમે

**તા.૨૬-૦૯-૧૯૪૧**
**કન્યાકુમારી**

## શિખરિણી

જગે આ સંસારે વિકટ વ્યવહારે જીવનના,
તમારી નૌકાને નિત સરળ ભાવે ચલવજો;
મળે જે જે વચ્ચે જીવનપથમાં સર્વ જનને
સદા દેતાં રે'જો તમ જીવનની પ્રેમ <u>સુરખી.</u>
સુરભિ

સૂઝે જેવું જેવું ધીરજ દ્રઢતાથી ડગ મને ,
ભરાવો કે તારે પદ શરણ સંપૂર્ણ બનું હું;
થતો ના મારાથી કશુંય કચવાટે મન કદી,
તને વર્તી રૈ'ને મુજ થકી થતું સર્વ બનજો.

**તા.૧૪-૦૨-૧૯૪૨**
**શિનોર**

## માલિની

હૃદયમહીં વસેલી ભાવનાઓ અનેરી,
કઈ અનુસરવાથી લાભ લેવાય પૂરો,

કઈ રીત-ગણનાથી-થાય નિશ્ચિત, એને,
હૃદયનું વિકસેલું તત્ત્વ તે માત્ર જાણે.

કંઈ કંઈક વિચારો, કલ્પના, લાગણીઓ,
મનમહીં ઊઠતી ને સંશયે નાખી દે તે;

## માલિની

મનમહીં ઊઠતી સૌ અન્ય જે લાગણીઓ
મુજ થકી મૂળ એનું બાપ! ખોળી શકાજો!
હૃદયથી મૂળમાં તે વૃત્તિ મારી ન જાજો!
ચરણ કમળ દ્રષ્ટિ, લક્ષવૃત્તિ રહેજો.

ચરણશરણ તારે બુદ્ધિ મારી રહેજો,
તુજમહીં મુજ શ્રદ્ધા, ખૂબ જીવંત રે' જો!
તુજમહીં પ્રભુ! મારો પ્રેમ વિશ્વાસ વાધો★,
પ્રિય સ્મરણ રસીલું ઉગ્ર ભાવે થતું રો.

**તા.૨૦-૦૨-૧૯૪૨**
**ઠાસરા**

---

★ વાધો=વધો

## શિખરિણી

મને જેવું તેવું તમ સ્વજન જાણી હૃદયથી,
સ્વીકારી લેશો ને મુજ ભૂલચૂકો માફ કરશો;
ગમે તેવાં મારાં કંઈ ગતકડાં, લક્ષ ન ધરી
-સદાયે વર્ષાવો તમ હૃદયનો પ્રેમ પૂરતો.

## શિખરિણી-મંદાક્રાન્તા

જુગુપ્સાકારી આ મુજ જીવન જયારે નીરખ્યું મેં,
હૃદે પસ્તાવાગ્નિ ભભૂકી બનવ્યો ખાખ મુજને;
પ્રભુને પ્રાર્થ્યું મેં મન ચરણમાં બદ્ધ કરવા,
મહા મુશ્કેલીએ બહુ મથી રહ્યો - તે તુજ કૃપા.

## શાર્દૂલવિક્રીડિત

ઠેકાણું નહિ ને બહુ ભટકતો જ્યાં ત્યાં બધે મૂર્ખ હું,
બોલે બંધ નહિ, ન ઠામ ઠરવું, દાધાબળ્યું★ ચાલવું;
જેના ઢંગધડા નથી, મન કશે બંધે ન બંધાય છે,
એવો પાલવ હું પડયો, કરી કૃપા એને ન ઊવેખશો.

## અનુષ્ટુપ

યોગ્યાયોગ્ય હશે ત્યાં શું? આમ કે તેમ વર્તવું?
ચિત્ત ઝોલે ચઢી તેથી ઉદ્‌ભવાવે જ વ્યગ્રતા.
શ્રદ્ધા, વિશ્વાસ ને પ્રેમ સંપૂર્ણ શરણે થવું,
-એ સૌનો મેળ જામેલો પ્રેરશે ધ્રુવ શ્રેયસે.

---

★ દાધાબળ્યું=અર્ધદગ્ધ

### શિખરિણી

કરું શું એવું કે જીવન ઉજયાળું બની શકે?
કરું શું એવું કે મુજ જીવન તેજસ્વિત બને?
કરું શું એવું કે જીવનપલટો થાય સમૂળો?
સદા એવા પ્રશ્નો બહુ સળગતા રો' હૃદયમાં.

### અનુષ્ટુપ

વૃષ્ટિ જે માવઠાકેરી, ખેતીને ઉપયોગી ના
તોય સૂચક હોયે તે લોક કૈં મુખ ભાખતા

**તા.૧૯-૦૨-૧૯૪૨**
**ઠાસરા**

### શિખરિણી

મને હૈયે તારી તરફ પ્રભુ આસક્તિ પ્રકટો!
અને તારી પ્રત્યે મનહૃદયની વૃત્તિ વળજો!
મને તારી સાથે મનહૃદયનો મેળ બનજો!
મને હંમેશાંયે તુજ ચરણ શ્રદ્ધા પ્રકટજો.

બધા મારા ભાવો તુજ ચરણમાં ખૂબ વળજો!
વિચારો આવે જો, તુજ વગરના કોઈ ન હજો;
વિના તારા કોઈ કંઈ ન ઊઠજો લાગણી હૃદે,
બનાવી દે એવો પ્રભુ તું મુજને, યાચું તુજને.

• • •

# હિંદમાતાને

મા તેત્રીસ કરોડની મા રે, દેવી હિંદમાતા રે.
તારા ઋષિમુનિ સંતાન રે, દેવી હિંદમાતા.

તારા ચાંદસૂરજ ગીત ગાય રે, દેવી હિંદમાતા.
પ્હેલે હાથે ત્રિશુળ સોહાય રે, દેવી હિંદમાતા.

બીજે હાથે ભગવાનની તલવાર રે, દેવી હિંદમાતા.
ત્રીજે હાથે તે ચંદ્ર સોહાય રે, દેવી હિંદમાતા.

ચોથે હાથે આપે વરદાન રે, દેવી હિંદમાતા.
મા તેત્રીસ કરોડની માત રે, દેવી હિંદમાતા.

• • •

## સૈનિક

**(સ્નેહધામ સૂનાં સૂનાં રે...ઢાળ)**

ત્યાગે કુંદન ત્યાગે કામિની,
ઝૂકે સનૈયા સહુ જંગ રે.
આત્મ ત્યાગ મોંઘામૂલો રે.

ખીલી કુમકુમ બની બાગમાં ને,
દેતાં સુવાસ કરમાંય રે. આત્મત્યાગ...

જાયે કુસુમ રે' છે વાસ ને,
એવા ત્યાગી જીવન સોહાય રે. આત્મત્યાગ...

જેવું ચંદનવન મ્હેંકતું રે,
એવો મ્હેંકે કઈ ગુણનો ભંડાર રે. આત્મત્યાગ...

કાપે કાપે કાંઈ દુઃખડાંને,
કાંઈ તુ ધરે માડીના દેદાર રે. આત્મત્યાગ...

તારે તારે દેશદાઝને,
એમ તારે પ્રીતથી કીનારે. આત્મત્યાગ...

● ● ●

(વસંતતિલકા)

જે માતની રજથી અંગ બનેલ સારું
તે માતના જીવનચેતનથી રસેલું;
તે માની મુક્તિ કરવા સહુથી પહેલાં,
પૂરેપૂરું મુજથી મુક્ત પ્રભુ! થવાજો.

તા. ૨૫-૯-૧૯૪૧
કન્યાકુમારી

• • •

## લટકે હાલોજી રે

તારા લટકાનાં નહિ મૂલ રે, લટકે હાલોજી રે.

ઊજળા મંગાવું રૂડા ચોખલા ને,
તેની રંધાવું (હું) ખીર રે,
લટકે હાલોજી રે...

દૂધના વરસાવું રૂડા મેહુલાને,
તારે આંગણે રેલમછેલ રે,
લટકે હાલોજી રે...

આંગણે વવરાવું લવિંગ, એલચી ને,
તારે ટોડલે નાગરવેલ રે,
લટકે હાલોજી રે...

• • •

## તને વીનવું છું હું બાળ રે

તને વીનવું છું હું બાળ રે, (ટેક)
મને શરણ લેજે હે કૃપાળ!

ઝાઝી ગતાગમ છે નહિ મુજમાં,
પંથ વિકટ પડયો તોય;
ડુંગર, ખાડીઓ ઓળંગવાને,
તારી માગું છું સ્હાય. તને...

જંગલ, ઝાડી ને વાઘ, વરુનો
ત્રાસ ભલેને દેખાય;
નામસ્મરણથી હામ ભીડીને,
કાપ્યા કરીશ પંથ ત્યાંય. તને...

• • •

# પ્રભુના પ્રેમની ખાતર

### ગઝલ

કર્યા કરજો જ કુરબાની પ્રભુના પ્રેમની ખાતર;
કર્યા કરજો સમર્પણ દિલ પ્રભુના પ્રેમની ખાતર.

થજો જઈ વારી ન્યોછાવર પ્રભુના પ્રેમની ખાતર;
કર્યા કરજો જ સર્વાર્પણ પ્રભુના પ્રેમની ખાતર.

તમન્ના એકલા એની સતત દિલમાં ધર્યા કરજો;
કદી એના વિના બીજું સ્મરણ કોનું ન દિલ ધરજો.

બનો પૂરેપૂરા ગાંડા પ્રભુના પ્રેમની ખાતર;
ભૂલી સર્વસ્વ નિજ જાઓ પ્રભુના પ્રેમની ખાતર.

હૃદય એ પ્રેમ-અગ્નિને જલાવી, ખૂબ ભભૂકાવો;
ફીટે ભિન્નત્વ જેથી ને હૃદયરસરેલ છલકાવો.

પ્રભુના પ્રેમની ખાતર ફના થાઓ, ફના થાજો;
થવાયા વિણ ફના પૂરું નિગાહ્ એની નહીં થાશે.

ફનામાંથી જીવન સાચું જીવનચાવી મળી રહેશે;
ફનામાં જિંદગાની છે કદમબોસી ફનામાં છે.

• • •

# પ્રભુજી! ગડમથલ ભારે

### ગઝલ

પ્રભુજી! ગડમથલ ભારે, વિષે દિન હું વિતાવું છું;
ઉપાધિ કૈં બીજી નડતાં તને ત્યારે સ્તવું છું હું.

બનવવું છે પૂરું મારે પ્રભુજી! યંત્ર આ તારું;
ચલાવ્યું તે પછી તારું પ્રભુ! ચાલીશ જ્યાં માગ્યું.

ચલવજે માર્ગ તે મુજને બીજે મારે નથી જાવું;
હૃદે એ લક્ષમાં રાખી પ્રભુ! આવ્યો છું શરણે હું.

નિરાશાગ્નિથી મારો જીવનરસ શુષ્ક બની જાયે
કૃપા વર્ષાવતા આવે પ્રભુજી આંગણે મારે.

જીવન-આકાશમાં જ્યારે બધેથી અભ્ર ઘેરાયે
કડાકા વીજની સાથે પધારી જ્યોત દે સાથે.

• • •

## શાર્દૂલવિક્રીડિત

દીઠો અન્ય ન સાર, સંશય વિના સારાય સંસારમાં,
જ્યાં કો માખ પડી, રુચિ નહિ થશે કેમેય મિષ્ટાન્નમાં;
એવું કૈંક બન્યું મને જગ વિષે, તેથી મહાકષ્ટથી,
-આવ્યો હું શરણે કૃપા તવ થકી; તો અંક લે પ્રેમથી.

'વાળો હાશ હરિ! હૃદે' કરગરી માગું કૃપાના નિધિ!
છે છેડો જગનો તું ત્યાં જ ઠરવું નિશ્ચિંત મારે બની;
'જોશો ના હરિ! દોષ', બાળ તુજ છું, ધોશો બધા દોષને,
માગું એ શિર નામીને, કર કૃપા; વાંછ્યું તું દેજે મને.

આણી પ્રેમ હૃદે મૂકો કર શિરે આ બાળના, હે પ્રભુ!
'અંકે લેઈ રમાડશો નિજ શિશુ જાણી મને,' પ્રાર્થું હું;
બીજી આશ કંઈ નથી હૃદયમાં, માગું ન બીજું કશું,
પ્રાર્થું હું શિર અર્પીને તુજ પદે, વાંછિત દેજે પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

પ્રાર્થું છું વીનવી, પ્રભુ! સૂણ કંઈ આ રંકની વાત તું
કોની ઓથ ન રંકને પદ પડયો આશા ધરીને બહુ
હું આવ્યો તુજ દ્વાર યાચક બની, તો પાત્ર દે તું ભરી
એવી બાળની નમ્ર છે વિનતિ તો વાંછેલ દેજે હરિ!

હૈયે આશ ધરી બહુ બહુ, અહા! પાયે પડ્યો હે પ્રભુ!
સંભારી દિન કોઈ, દીન મુજને, લેજે ઉરે વીનવું;
માંડી મીટ હું વાટ જોઉં તુજ, કાં તું દુઃખ ફેડે નહીં?
વ્હારે વિઠ્ઠલ! પ્રાર્થું હું ઝટ ચઢી, વાંછ્યું તું દેજે હરિ!

જ્યાંત્યાંથી કરી આવિયો શરણમાં, જેવો છું તેવો ભલે,
પાડું છું કંઈ કાળથી પ્રભુ! તને બૂમો, ધરો કાન તે;
તારી રમ્ય હું મૂર્તિ ઝંખું, પણ તે હૈયે વસે ના હરિ!
ઊઠે તેથી મને ઘણી બળતરા, વાંછિત દેજે હરિ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

ન્યાળું મૂર્તિ હસંતી ન્યારી હરિ! હું જ્યાં ત્યાં બધે વાયુમાં;
કાંતિ દિવ્ય હું નીરખું ત્યમ પ્રભુ! સર્વ સ્થળે વારિમાં;
વ્યાપી મૂર્તિ ચરાચરે તુજ, બહુ તે તે રૂપે શોભતી,
સૌથી દુર વસો અને નજીકયે, દે માગ્યું એવા હરિ!

દાઝું દેખી હું; અંક લ્યો; હરિ! ચૂમો મીઠું અમીથી ભર્યું;
હૈડે બાળક રંક ચાંપી કરશો એને પ્રભુ! ધન્ય તું;
તું તો હેત બતાવતો હરિ! મને દૂરે જ દૂરે રહી;
આણી હેત ઉરે, રમાડ મુજને લૈ ગોદમાં હે હરિ!

હોંશેથી નવ માગ્યું તાત! કદી મેં; તે માગું છું આજ હું;
અંકે મેં રમવા ધરી હૃદયમાં આશા, પૂરો તે પ્રભુ!
હોઉં લાયક બાળ ના, પણ તું-માં તો સર્વસામર્થ્ય છે;
સ્પર્શીને કરથી, કૃતાર્થ કરજે, એ વાંછ્યું દેને મને.

• • •

## શાર્દૂલવિક્રીડિત

જ્યાં મારું, મન જાય, આગળ જઈ પ્હોંચી વસો પ્રેમથી;
જેથી તે ન કરે કુતર્ક અવળા તારા જ ધ્યાને રહી;
અંતર્યામી પ્રભુ! તું અંતરતણું મારું બધું જાણતો,
પ્રાર્થું હું, વીનવી મરું કરગરી, વાંછિત દ્યોને વિભો!

'ના દાતાર હરિ સમો જગતમાં દાનો બીજો કોઈયે',
વિશ્વાસે વચને જ તે વળગીને, પ્રાર્થું હું ભાવે તને;
ક્યાં ક્યાં હા! ભટકી, હરિ! રખડીને, દ્વારે હું તારે જઈ
-અહાલેક પ્રભુ! હું આજ જગવું! માગ્યું મને દે હરિ!

નિત્યે હું નમીને કરું ફરી ફરી હૈયે ઊંડી પ્રાર્થના;
પોકારું વીનવી તને, પણ સૂણે ન તું; ન દે દાદ હા!
દેખીને મુજ દોષ બાળક પરે રોષે ભરાશો નહીં,
પોતાનો ગણી બાળ, પ્રેમ ધરીને વાંછિત દેજો હરિ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

હું તો બાળ અનાથ છું કરગરી પાયે તને લાગું તો,
મૂકોને, કરુણા કરી કર શિરે, માગું કૃપા એ કરો;
વ્યાપી ચેતનરૂપમાં અણું અણું માંહીં વસો છો તમે,
તેવી રીત કરી અનુગ્રહ પ્રભુ! વ્યાપી રહેજો હૃદે.

અંતર્યામી! તું મર્મ આ ઉરતણો જાણે પદે હું રડું;
કેમે દર્દ કરે ન દૂર ઉરનું, માથું કૂટીને રહું;
છે વાંકું મુખ, દોષ દર્પણતણો ને કાઢું છું મુર્ખ હું,
તોયે છું નિજનો જ; હક્ક ગણીને માગું, મને દે ચહ્યું.

હું તો રંક છું; સર્વમાં ‘મુજ’ કહું જે જે બધું, આપ તે;
કાને વાત ધરી, હરિ! ઉરમહીં લ્યોને મને દીનને;
આવીને તુજ દ્વાર બાળ, ઉરથી પાયે લળી વીનવે
ના તારા પદથી કરો વિમુખ એ છે પ્રાર્થના આપને.

• • •

## શાર્દૂલવિક્રીડિત

હું કૈં ના બબડીશ તે પછી પ્રભુ! વર્ષાવશો પ્રેમ જ્યાં,
ફાવે તે કરજો હરિ! સહીશ હું હોંશે બધાં દુઃખ ત્યાં;
હૈયે છે અભિલાષ પાય ચૂમવા તારા મને દીનને;
વાંછેલું દઈને મનોરથ પ્રભુ! મારો ફળાવો તમે.

શુદ્ધિ થાય અખંડ સર્વ કરણો જ્યાં બુદ્ધિ પ્રાણાદિમાં,
વ્યાપે ચેતન ત્યાં રહે હૃદયમાં આહ્‌લાદ સ્ફૂર્તિ સદા;
ના’વે કામ પ્રયત્ન રંક જીવનો તું હામ પ્રેરો હરિ!
છે આલંબન એક તું ઉપર તો આશ પૂરો ઓ હરિ!

રાચે તું હૃદપદ્મમાં ક્યમ કરી જાણું ન હું રીત તે;
વંદુ છું પ્રણિપાત હું અવનવા ભાવે કરું છું હૃદે;
જાણું છું હરિ! માત્ર નામ સ્મરવું નિષ્ઠા થકી, ભાવથી,
શ્રદ્ધા છે દિન એક તું હરિ! મને ચાંપીશ હૈયે લઈ.

• • •

## શાર્દૂલવિક્રીડિત

યત્નો મુક્ત થવા કરું મળ થકી, વિક્ષેપ, અજ્ઞાનથી,
વર્ષાવો પ્રભુ! રે'મ, વેગ હૃદનો જેથી વધે તું - પ્રતિ;
તારી મ્હેર જગે બધે વરસતી, બાકી રહું એક હું!
શાથી કારણ જાણું ના, વલવલુ, દે બાળને માગ્યું તું.

ના સંતોષ, કદી ખસે હૃદયથી, શીલ, ક્ષમા ને દયા;
એવી હું સ્થિતિમાં રહું પ્રભુ! સદા તે નામની મસ્તીમાં;
થાઉં મુક્ત અહં થકી, તમથી ને ચિંત્વું સદા તત્ત્વને
યાચું જેથી પહોંચું ધામ હરિને વેગે, તું દે તે મને.

આશા તારી જ એકની ધરી હૃદે, હું પાદપદ્મે ઢળ્યો;
તારામાં મતિ-વૃત્તિ, પ્રાર્થું, રમજો; એ માત્ર માગું પ્રભો!
પાણીમાં જ્યમ પદ્મ રે' ત્યમ મને સ્પર્શે નહીં વાસના
પ્રીતિના હકથી હું પ્રાર્થું પ્રભુ! એ પૂરી કરો વાંછના.

• • •

## શાર્દૂલવિક્રીડિત

પુષ્પે વાસ રહે, હૃદે ત્યમ રહે તારું સદા ધ્યાન નેષ
સદ્વિચાર કરી બહુ મરી મથું યુક્તિ ગ્રહુ હું હૃદે;
ના પામું પણ હું તને સુખનિધિ! શું કર્મ છે ફૂટલું?
તેયે ફેરવવા સમર્થ પ્રભુ! તું; તો માગ્યું દો પ્રાર્થું હું.

લોભાવી મુજને, તું દૂર રહીને શું ક્રૂર થાયે હવે?
નાસે, બાંય ગ્રહું જહીં, રીત हरि! આવી શું રાખે, કહે;
હૈયે જે કંઈ થાય, તે સહુ हरि! પાયે રડી ઠાલવું,
ને પ્રાર્થું હું કૃપાનિધિ કરગરી, વાંછેલ દેજે પ્રભુ!

તું આધાર, તું બેલી દીન જનનો, ના દીન મારા સમું;
છું તારે શરણે હું, દીન રહું શે? રાખો મને પાસ તું;
મારે ઓથ સમર્થ શ્રીहरिતણી એ હામથી હું જીવું,
બીજો જાણું ન સાર હું તુજ વિના, એ માગ્યું દે વીનવું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

મુક્તિનું મન કારણ ત્યમ સદા છે બંધ કેરું વળી,
તે રે'જો પ્રભુ! મુક્ત ખોટી સઘળી જંજાળ-ઉપાધિથી;
વૈરાગ્યે, વિનયે, વિવેકમહીં તે ભાવે, ઉમંગે વળી,
રે'જો મસ્ત નશા મહીં સ્મરણના, એવું કરો શ્રીહરિ!

માને જે હરિને જ જીવનતણું સર્વસ્વ, તેની પૂરે,
-આશા સૌ હરિ, હામ ધારું મનમાં, વિશ્વાસ છે એ હૃદે;
ના બુઝાય, અખંડ જ્યોતથી હૃદે દીવો પ્રકાશે, પ્રભુ!
એ પ્રાર્થું હરિ! ભાવથી હૃદયના તો આશ પૂરો વિભુ!

હૈયે હું ધરી હોંશ, ભાવ ધરીને, પ્રેમે નમું સર્વદા,
જેવી વૃત્તિ, વિલાસ દે ન ત્યમ કાં? હૈયે બળું છું સદા;
સ્હેવાતું ન હરિ! હવે બહુ થયું, તેથી કરું પ્રાર્થના,
હૈયે બાળ લઇ તું હેતથી હરિ! રાખો સદા પાસમાં.

• • •

## શાર્દૂલવિક્રીડિત

ક્યાંયે માથું કૂટો છતાં ન મળતું જો ના કરો કૈં શ્રમ,
વર્ષે કૃષ્ણ-કૃપા ય યત્ન પર જો, તો બાળ પામે ફળ;
મારી એકલ છે દશા જગ વિષે, ના રાંકનું કો ધણી,
મૂંઝાઉં દિલમાં ઘણું જ સ્ફુરણા તો દો મને શ્રીહરિ!

પામે તે હરિ! તેવું જેની હૃદયે જેવી રહે ભાવના,
ઊંડી આશ ધરી હૃદે ચરણમાં હું છું ઢળ્યો આપના;
સાહી બાંય હવે તજે ક્યમ મને? 'મારો' ગણું છું તને,
હોયે વાંક કદી કુડાં કરમનો, તો ટાળી તે માગ્યું દે.

• • •

## શાર્દૂલવિક્રીડિત

તારો પાલવ ઝાલી મેં તુજ શિરે સોપ્યું મને રક્ષવું,
હાવા પાલવશે નહીં છટકવું, ઉગાર કે માર તું;
મારામાં બળ કાંઈયે નહિ મળે, આરો નહીં દેખું હું,
વેગે વિઠ્ઠલ! ધાઈ વ્હાર કરજો વાંછયું દઈ, વીનવું.

નાનું બાળક તારું, જો ભૂલ કરું, જોજે અમીદ્રષ્ટિથી,
ને મારા પર રોષ કૈં ન કરશો, હું વીનવું પ્રેમથી;
હું ન્યોછાવર દેહને પ્રભુ કરું ને વારી જાઉં હૃદે,
વર્ષાવી મુજ ઉપરે કંઈ કૃપા, ધારી હૃદે, મુક્તિ દે.

• • •

## શાર્દૂલવિક્રીડિત

છેડો છે ઘર વિશ્વનો, ઘર હરિ! તું મારું; ના કો બીજું;
આવ્યો હું ઘર જાણીને ઘર મૂકી જાઉં હવે ક્યાં? પ્રભુ!
હોઠે આણી હું ઠાલવું હૃદયમાં જે જે હતું તે બધું,
પ્રાર્થું ઉત્કટ ભાવથી ફળ મને વાંછેલું દેજે, પ્રભુ!

બેઠો હામ જ હારી પ્રાર્થું હરિ! હું ભાવોથી ઊંડા તને;
પોકારું તુજને સહાય કરતું દે પ્રેમશક્તિ હૃદે;
આવ્યો છું શરણે કૃપા વિણ બીજું, માગું ન કૈં કૃષ્ણ! હું,
માણું હું રસ ના બીજો, હૃદમહીં પ્રેમે ડુબાડો પ્રભુ!

સાચી વસ્તુની શોધમાં મન પ્રભુ! દોરાવું યત્નો કરી,
પાકો તોય ન થાઉં, ના ગમ પડે શી ભૂલ છે તે કંઈ;
છાયામાં તવ, તાત! આશ્રયમહીં તારે જ, માગું, રહું,
શી તારે દરબાર ખોટ પ્રભુ! છે? દે અલ્પ આ માગ્યું તું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

અંતર્યામી તું, સર્વ કોની કરણી ને ભાવ જાણે પ્રભુ!
જેવી આતુરતા હૃદે ફળ તું દે તેવું જ તેને વિભુ!
છે વિશ્વાસ ઊંડો પ્રભુ! વચનનો એ, તેથી ભાવે સ્મરું,
અર્પો વાંછિત જે થકી પ્રભુ! બનું તારી કૃપાપાત્ર હું.

'શું તારી સ્મૃતિ વિણ બીજું રળું હું નિઃસાર સંસારમાં?'
એવો નિશ્ચિત ભાવ એક દિવસે હૈયે સ્ફૂર્યો જોરમાં;
હું તારી જ કૃપાથી ત્યારથી ઠર્યોને ત્યારથી પ્રાર્થું હું,
જે છે નિશ્ચિત ને અનંત સુખ તે અર્પી કરો ધન્ય તું.

પ્રાર્થું હું શ્રવણ સ્મૃતિ પળપળે ને હો હરિસેવન,
ભૂલાયે નિજ ભાન ડૂબી રસમાં પ્રત્યેક નાની ક્ષણ;
ચિત્તે ચાહ ધરું, સ્વરૂપ મનમાં સાચું સદાયે રહે,
હૈયે ભક્તિ વસે અને કરી કૃપા લો અંકમાં બાળને.

• • •

## શાર્દૂલવિક્રીડિત

બેઠું હૈયું ન હેઠું ને દિન પરે ચાલ્યા દિનો કૈં વહી,
કેમે ના વિલસી રહ્યો તું હૃદયે, કાં ભીડ ભાંગે નહીં?
રેલાવું જળધારી નિત્ય ચરણે ભાવાશ્રુની હું હરિ!
તોયે કાં પ્રકટી, ફિટાડી નહિ દે દારિદ્ર આશા પૂરી?

દેખ્યો દોષ જ માત્ર મેં વિષયમાં ને હૈયું પાછું વળ્યું,
કષ્ટે ખૂબ કૃપાથી તારી શરણે, ના ચાલ્યું ત્યારે ઢળ્યુ;
જેણે નામ જ જાણ્યું, જાણ્યું સઘળું, તે વેદ ચારે ભણ્યો,
એવું નામ વસાવવા મથું હૃદે ના'વે તું કેમે છણ્યો.

હૈયું કોમળ પુષ્પ શું, સ્ફટિક શું ને સ્વચ્છ રે'જો બની,
ઝીલો તે પ્રતિબિંબ તારું પ્રભુજી! ને મસ્તી જામો ઘણી;
જોઈએ શ્રમ જેહ એક કરવા આકાશ-પાતાળને
તેવો હું કરું, ના બને પણ કૃપા તારી વિના, પ્રાર્થું તે.

• • •

## તોટક

પ્રભુ! વીનવું રંક હું ભાવ ધરી,
ચરણે ઢળું તાત! લળી હું લળી;
ઉરથી ઊંડું પ્રાર્થું, તને નિમંત્રી હરિ,
તુજ વાસ હ્રદે, ફરી જન્મ નહીં.

જળ ભાવતણું હ્રદથી ઝરતું,
હરિ-પાદ પખાળું પ્રીતે નિત હું;
'હું' ની સાથ રહ્યું પ્રભુ! જે સઘળું,
ચરણે અરપી દિલ ઠાલવું હું.

તુજને ગમતાં સહુ કાર્ય કરું,
નજરે તુજ ના'વું છતાંય, પ્રભુ!
પછી ક્યાં જઈને ઠરું? કેમ તરું?
વિણ તારી કૃપા ઘસી હાથ મરું.

• • •

## તોટક

મુજ અંતર અંતરયામી! લહો,
પછી દૂર નહીં ક્યમ દર્દ કરો?
કરુણા તુજ કારણ કેવળ હું,
પ્રભુ! પ્રાર્થું ઊંડું; હરિ! લે ઉર તું.

ભવભીડ નિવારણ વીનવું હું,
ધરી આશ ઘણી ચરણે પડું હું;
સહુથીય સમર્થ ગણી તમને,
તવ આશ્રય કાજ ઢળું શરણે.

વિણ તું મુજ માર્ગ બીજો ન પ્રભુ!
તલસું ઉરમાં સુખ ના મળતું;
દિન કષ્ટથી કાઢું રડી રડીને,
ઠરું ક્યાં, નહિ જો હરિ! લે તું મને?

• • •

## તોટક

હદ થૈ નહિ તોલીશ રંક હવે,
પ્રીત-દોર બહુ તુજ દુ:ખદ છે;
તુજ આશ્રય-થંભ પર હું નભું,
હરિ! જો તું કૃપા નજરે વીનવું.

તુજ હાથ જ દુ:ખ ફિટાડવું છે,
ઠરું ક્યાં જઈ જો हरि! તું ન રીઝે;
'હરિને ચરણે મીટવું' हरि! તું,
મુજ રંકની આશ એ પૂર પ્રભુ!

વિણ તારી કૃપા નહિ કો ઊગરે,
શિશુને हरि! તોપણ કાં વીસરે;
કગરી, વીનવી બહુ બાળ ઝૂરે,
કરું શું હરિ કે મુજ આશ પૂરે?

• • •

## તોટક

‘રમવું જ અંકમહીં મુજ એ,
-કરું શું મનોરથ જેથી ફળે?’;
તરવું ક્યાં એની હૃદે ગમ ના,
જળમાં હું પડયો મરવું રહ્યું ત્યાં.

રહી દૂર જ બાજી બધી નીરખો;
ક્યમ બાળ પીડાય ન તે પરખો?
મુજ અંતરમાંહિ ઊઠ્યો તણખો,
મુજ વ્યર્થ જતો નીરખું મનખો

લલચાવી ખસી દૂર જાવ હરિ!
પીડવામહીં લ્હાવ ગણો શું હરિ!
કસી કમ્મર યત્ન કરું હૃદથી
કર સ્હાય હવે ઝટ દોડી હરિ!

• • •

## તોટક

કરી યત્ન મથી મથી થાકી ગયો,
ઘરમાં પણ તેં નહિ સંઘરિયો;
હડસેલી દીધો પણ હામ ધરી,
મથું, તો તું કૃપા કર, બેસું ઠરી.

મુજને કરવો કદી દંડ ચહે,
વીનવું પ્રીછી જો મુજ તો ઉરને;
ઠરું યોગ્ય કદી, પછી લે હૃદમાં,
પદ મેં પકડયાં; કર કૈંક દયા.

હરિ! આશ્રયમાં પડતું જ મૂક્યું,
મૂકું શે અધવચ્ચ હવે હરિ! તું?
પણ પ્રાણ જતાંય ન કોઈ રીતે,
શરણું મૂકું હું હરિ! તારું હવે.

• • •

## તોટક

ચરણે-કમળે શરણે પડિયો,
હૃદમાં તવ આશ્રય છે જડિયો;
હરિ! તોય દિલે દુઃખનો દરિયો,
ઊછળે; મરું છું હું વ્યથા-ભરીયો.

વીનવું ફરીને ફરીને લળીને
કર કૈંકે કૃપા તું કૃપાનિધિ છે;
બીજું કોણ ઉગારી શકે વિણ તું
પડી તેથી રહ્યો શરણું ગ્રહી હું.

પ્રણમી પ્રીતથી હૃદ પ્રાર્થુ પ્રભુ!
તુજ બાળનું દુઃખ તું ફેડ વિભુ!
દિલ વાત બધી રડીને રડીને.
કહી થાકી જઈ ચરણે પડીને.

• • •

## તોટક

ઊતરે જ નહિ તુજ તોય ગળે,
મુજ કર્મતણી બલિહારી જ એ;
તુજથી મુજ ભાગ્ય ફરી જ શકે,
પૂરી ઊણપ ધન્ય કરો મુજને.

સુખ પૂર્ણ, અનંત, અખંડતણાં,
કર અંત વિરોધી તું દૂર બધાં;
મુજ દુઃખ બધાં પછી ફીટી જશે,
વળી યાચવું નિત્ય પછી મીટશે.

લહરી જ્યમ સિંધુ હરિ! ત્યમ હું,
ઉર, ચાહું, તને બસ ભેટી રહું;
રસમાં ડૂબી મસ્ત પડી જ રહું,
રીઝીને હરિ! દે મુજને તું ચહ્યું.

• • •

## તોટક

ચરણે ધરી આશ પડી હું રહ્યો,
કંઈ વારથી ને હું પુકારી રહ્યો;
કરી કૈંક દયા તુજ દાસ પરે ,
હૃદ ચાંપી દયાળુ! તું પાળ મને.

મનમોહનને ક્યમ લાવું ઘરે,
હૃદભાવથી શા હરિ ચિંતું તને;
-વિણ તેડું તું કે હૃદ આવી વસે,
મુજ મંદિર રંક પ્રકાશી રહે?

ન વિચાર, વિવેક, ન કૈં વિનયે,
ન જ્ઞાન કંઈ
ફરું, વિહ્વળ ને હું વિરાગી થઈ;
વિણ તારી દયા ઠરી ના હું શકું,
હૃદથી વીનવી हरि! રંક મરું.

• • •

## તોટક

★ ..... ઊંડું યાચુ સૂણો વિંનતિ,
★ ..... ક્યમ હું શકું મંદમતિ;
ઉર તોય જવા હરિ! તારી પ્રતિ,
વિનવું છું પ્રીતિ-હકથી હું અતિ.

તુજ શો જહી નાવિક છે મળિયો,
ઉરમાંહીં ઉચાટ હવે પછી શો!
લઈ અંક હરો મુજ કલેશ બધા,
તવ ધ્યાન ગ્રહું, ઉરમાંહીં ગ્રહો.

હરિ! સાંવરી સૂરત નીરખવી,
મુજ અંતર એક જ હોંશ ભરી;
હરિ! કૃષ્ણ! કૃપાનિધિ! વીનવું કે,
ઉર પ્રીતથી દર્શન દે દીનને.

● ● ●

★ મૂળ હસ્તપ્રતમાં શબ્દ કપાયેલો છે.

## તોટક

મુજ રંકનું જીવન-આશ્રય તું,
ઉરના કરું કોટી પ્રણામ વિભુ!
પ્રણમી પ્રીતથી પડી પાય પ્રભો!
કહું ધન્ય કરો, પ્રભુ! ધન્ય કરો.

હરિ! વલ્લભ! સત્, ચિત આનંદ હે!
પ્રભુ ગોપીસહાય! સીતા પતિ હે!
હૃદ નામ પુનિત જ નિત્ય વસો
કર એવું કૃપા કરી પ્રાર્થું વિભો!

પદપંકજનો પ્રતિજન્ય પ્રભો!
હૃદ રે' તવ ભાવ કૃપાથી વિભો!
શિર નામી હું માગી લઉં છું પ્રભો!
બસ દાન તું એટલું તો દઈ દો.

• • •

## તોટક

નથી ધર્મમહીં, ધનસંગ્રહમાં
નથી ભોગમહીં કાઈયે દિલ આ;
મુજ કર્મ અનુસરી છો બધું તે,
-બનતું; છું હું નિર્ભય એ વિષયે.

બહુ જન્મ ભલે મુજને મળજો,
પ્રતિજન્મ હું માગું પરંતુ પ્રભો!
મુજ નિશ્ચલ ભક્તિ પદે જ રહો
બસ એ જ મહત્ત્વનું દે તું વિભો!

ધરતી પર કે નરકે સ્વર્ગે
મુજ વાસની ના પરવા મુજને;
તુજ પાદનું ચિંત્વન મૃત્યુ સમે
કરું, માગું હું તે મુજ હક્ક રૂપે.

• • •

## તોટક

જીવ કૈંક ઉપાધિની ગૂંચ વિષે,
મુજ મૃત્યુ સમે પ્રભુજી! પડશે,
ક્યમ તે સમયે સ્મૃતિ તારી રહે?
કરું આજ વસો હૃદમાં પ્રભુ હે!

દિન ઉપર દિન વહ્યા જ જતા,
ઠરું ના કંઈ ઠામ હું તેમ છતાં;
મુજ કામ સધાય કહો ક્યમ કે
હું પ્રસન્ન રહું, હૃદ તું વિલસે.

જળધારી હું અશ્રુની ભાવતણા,
ચરણે તુજ રેલવવું છું સદા;
પ્રકટી, કર આશ પૂરી, પ્રભુ! તું
કર છાનું શિશુ દુઃખ ફેડી બધું.

• • •

# સ્મરણનું ભાન

### ગઝલ

શરીરનીયે જુદી જુદી દશા કેવી થતી રહે છે?
ચરણની ભક્તિથી સઘળું સહન થઈ શકતું તે તે છે,

બધાંએ દર્દની ઊગ્ર થતી શી વેદના શરીરે!
સ્મરણનું ભાન દિલ ત્યારે શરીર બળવાન રાખે છે,

જીવન-પરમાર્થનો યજ્ઞ થયાં કરતો રહે છે જે,
સમર્પણ તે ચરણ-કમળે હૃદય ભાવે થતું રહે છે,

સમર્પણ અંજલિ એમ અપાયાં જે જતી પ્રેમે
શરીર નભતું વળી ટકતું, ખરે એના પ્રતાપે તે.

• • •

# સ્મરણ ભિલ્લુ

### ગઝલ

સ્મરણ જેવો બીજો ભિલ્લુ સમર્થ કોઈએ નવ છે,
ગૂંચો, મુશ્કેલી ને પ્રશ્નો વળી સંકટ વિષે મુજને.

-તરવતો રાખિયો સ્મરણે, સ્મરણથી તો ટકાયું છે.
સ્મરણની ઓથ જીવનમાં બહુવેળા મળેલી છે!

સ્મરણથી બળ ટટારીનું જીવન કેવું મળેલું છે!
સ્મરણનું આપદા વેળા સ્મરણ કરતાં હૃદય મુજને.

રુડો ઉકેલ સંકટનો સૂઝી કેવો જતો હૃદયે!
રમત રમવા જીવનની તે સ્મરણ-ભિલ્લુ જ ઉત્તમ છે.

• • •

# જીવન ધ્યેય દઢાવ્યું છે

## ગઝલ

કર્યા કરવાથી નિશ્ચયથી સ્મરણ વ્હાલા હરિનાએ,
તટસ્થ દિલ થતાં મુજને ખરેખર શીખવાડયું છે.

સ્મરણનાં ધૂન ને તાને થતી એકાગ્રતા રહી જે,
થતી એકાગ્રતા એ શો જલતો હેતુ જ રાખ્યો છે.

પ્રચંડ હેતુ ધગધગતો હૃદય બળતો રહેલો જે,
સતત ગોદાટી પ્રેરાવી જીવન-ધ્યેય દઢાવ્યું છે.

જીવનના સ્પષ્ટ મુદ્દાસર પૃથક્કરણે પરોવીને,
રૂકાવટનાં બધાં કારણ જીવન મુજને બતાવ્યાં છે.

• • •

# જીવનમાં શો મથેલો છું

**ગઝલ**

સ્મરણથી તારતમ્ય ને જીવન-સરવૈયું સંપૂર્ણ,
-બધું ચોક્કસાઈ પૂર્વકનું શીખેલો કાઢવા ને દિલ.

"બધું જુદું જુદું લાગે, છતાં સૌ સંકલન કરીને,
-બધું एक પરોવવું" થયું છે શીખવાનું જે.

જુદું જુદું બધું જે તે, સ્વરૂપ જુદાં જુદાં શાં છે,
જુદાં જુદાં જ લક્ષણ છે છતાંયે एकથી સહુ તે.

શરુ થતું સર્વ જે તે યે મૂળે તો एकથી યે છે,
સ્મરણથી ઢુંઢવા एक જીવનમાં શો મથેલો છું.

• • •

# હૃદય પ્રભુ મોખરે ધારી

**ગઝલ**

નિરાગ્રહને જ કેળવવા કહ્યું સહુનું કરેલું છે,
મડાગાંઠો ય સમજણની જવા તેવું મથેલો છું,

હું વર્ત્યો છું ઊંધી રીતે પડેલી સર્વ સમજણથી ,
થવાને મુક્ત સમજણથી શું વર્તાયું કૃપાથી તે!

અજુકતું લાગ્યું છે વર્તન અમારું તે ઘણાનેયે,
છતાં ગણકાર્યું ના દિલમાં હૃદય સદ્‌ભાવ પ્રેર્યો છે,

જીવન ઘડતર થવા કાજે સતત જહેમત ઊઠાવી છે,
હૃદય પ્રભુ મોખરે ધારી થયાં જે તે કરેલું છે.

• • •

# મને ડિંગો બતાવે છે

**ગઝલ**

કદીક તો કોળિયો મુખમાં તું આવેલ ઝૂંટવી લે છે,
કરામત સુક્ષ્મ તુજ એવી કળાઈ ના કળાયે તે.

પ્રભુ કર એકથી ઝૂંટવી તું લઈ લે છે, બીજા કરથી,
વળી તું બક્ષતો કેવું! કૃપા ખૂબી નિરાળી શી.

કરી કરી વ્હાલ દિલથી તું હૃદય આકર્ષી ખેંચે છે,
અવાતાં પાસ તુજ પાછો થતો અદૃશ્ય ક્યાંયે!

કદીક હડસેલી મૂકીને મને ડિંગો બતાવે છે,
કૃપા-લીલા નિહાળી તુજ હૃદય આશ્ચર્ય પામે છે.

• • •

# પ્રભુ પોકાર પાડ્યો છે

### ગઝલ

રૂંવે રૂંવે ખરે કાળી બળતરા વેદના થાયે,
ન સ્હેવાતાં હૃદયથી શો પ્રભુ પોકાર પાડ્યો છે.

કમર તૂટી પડે, માથું સબાકા, ઝાટકા, સણકા,
-થકી કેવું ભળે; સાથે વળી મારે જ લપકારા.

હૃદયમાં જીવતો ત્યારે પ્રભુનો ભાવ ચેતે છે,
સકળ આધારમાં ત્યારે ફરી વળી શાતા પમાડે છે.

કૃપા તારીથી કેવીયે મદદ જ્યાં ત્યાં મળે છે તે,
હૃદય ઉપકાર શો માનું! અછકલું દિલ લાગે તે.

સહારો તુજ બધે જ્યાં ત્યાં સદા જીવંત સાથે છે,
જીવને-શક્તિનો સથવારો પ્રભુ તારો મને શો છે!

**તા.૧૫-૦૩-૧૯૭૧ ની રાત્રે**

● ● ●

# સ્મરણથી શો ચમત્કાર

**ગઝલ**

જીવનમાં બેસવા વારો ઠરી ઠામ થઈ પૂરા,
ચરણ-સેવાથી લાધ્યો છે, શરણ તે લાધતા પદમાં.

કરામત કેવીથી મુજને સ્મરણ તારું કરાવ્યું છે,
સ્મરણથી શો ચમત્કાર જીવનમાં તેં બતાવ્યો છે!

સ્મરણથી ભાવ જાગીને હૃદયથી પ્રાર્થતાં પ્રભુને,
જીવનની નિમ્ન વૃત્તિઓ જરૂર પલટાય છે ચરણે.

જીવનનો ઊર્ધ્વવિકાસ હૃદયનો ભાવ જાગ્યાથી,
થતો કેવો રહે છે તે, અનુભવી જાણતા દિલથી.

• • •

# જીવન અંધાપો ઓઢીને

### ગઝલ

હતાં નયનો જીવનમાં બે છતાં નહોતાં સરીખા તે,
જીવન અંધાપો ઓઢીને અમે ચાલ્યાં કરેલું છે.

જીવનમાં આંચકો ભારે ભયંકર શો મને લાગ્યો,
સમજવા ત્યારથી લાગ્યો વળ્યો છું ત્યારથી પદ તો.

હવે તો માત્ર ચરણો પર જીવન આધાર મારો છે,
ચરણને સેવી સેવીને ઊગરવા દાવ માંડ્યો છે.

સ્મરણને પ્રાર્થના-ભાવ ભજન-કિર્તન વડે તુજને,
રીઝવવા નેમ લીધો છે હૃદયના ભાવથી તુજને.

• • •

# નજર અમ તુજ ચરણે છે

**ગઝલ**

હવે ચિંતા ફિકર કાંઈ કશા વિષે કશી ના છે,
બધું તે પોટલું હાવાં અમે ચરણે ધરાવ્યું છે.

જીવનની સર્વ વાતોનો ધણી ધોરી અમારો છે,
અમારો બેલી જીવનનો પ્રભુ વ્હાલો તું એક જ છે.

અમારે આશરો તારો જીવનમાં માત્ર તુજ પર છે,
અમારે જીવવા વારો તમારા એકલાથી છે.

બધે જેમાં અને તેમાં નજર અમ તુજ ચરણે છે,
ચરણ વિના અમારે સૌ બધુંયે શૂન્ય લાગે છે.

**તા.૨૮-૦૩-૧૯૭૧**

• • •

# સ્મરણ જીવતું થયેલું છે

**ગઝલ**

કરામત કાંઈક અદ્‌ભૂતથી ચરણ તારે ઢળાયું છે,
ચરણમાં દિલ લાગ્યાથી સ્મરણ જીવતું થયેલું છે.

સ્મરણથી તો સ્મરણ-હાર્દ જીવનમાં મેળવાયું છે,
સ્મરણના ભાવથી ભક્તિ જીવનમાં કેવી પ્રકટી છે!

પ્રભુને ચાહવા કેરો જીવનમાં છંદ લાગ્યો છે,
હૃદય એ છંદના રંગે જીવન રંગાયેલું શું છે!

હૃદયથી ચાહતાં ન્હાતાં શહૂર ન્યોછાવરીનું જે,
જીવન પ્રકટી, સમર્પણ તે જીવન ચરણે થયેલું છે.

**તા.૨૯-૦૩-૧૯૭૧**

• • •

# પ્રભુ મોટો જીવન જ્યાં સાથ નિત્યે છે

**ગઝલ**

અમારે જીવવાકેરો હવે આનંદ જુદો છે,
કૃપાની શો કળાકેરો રૂડો દિવસ ઉગેલો છે!

અમારે તો બધું જે તે ભર્યું ભરપૂર લાગે છે,
મળે છે જોઈતું સઘળું; કશાની ના કમીના છે.

પ્રભુ જેવો પ્રભુ મોટો જીવન જ્યાં સાથ નિત્યે છે,
કશીયે આળપંપાળ અમારે ના હવે રહી છે.

જીવનનો મિત્ર સાચો તે જીવન-વ્હાલો અમારો છે,
પૂરી જ કુરબાની કરવાના હૃદય શા કોડ જાગ્યા છે!

**તા.૩૦-૦૩-૧૯૭૧**

● ● ●

# જીવનના આભનો મોભ

**ગઝલ**

તને ચ્હાતાં તને ચ્હાતાં હૃદય ચ્હાવાની લગની તે;
અગન-ભડકાની પેઠે શી હૃદયમાં જાગી ઊઠી છે.

સતત ચાહ્યાં તને કરવું, હૃદય તું જ્યાં રમે કેવું!
હૃદય મશગૂલ તારામાં અમારું દિલ નાચંતું.

જીવન તારા પદે સઘળું હૃદયથી સોંપી દીધું છે;
નચાવ્યા એકલે તારે અમારે નાચવાનું છે.

જીવનના આભનો મોભ અમારો એકલો તું છે;
જીવન તારા વડે માત્ર અમારે જીવવાનું છે.

તા. ૦૧-૦૪-૧૯૭૧

• • •

# જીવન-ભરથાર વ્હાલો છે

**ગઝલ**

જીવનની શાંતિને કાજે કશાં હવાતિયાં મારે,
-અખંડિત ભાવ જાગ્યાથી ન ક્યાંયે મારવાના છે.

જીવનમાં ભાવની મસ્તીતણી લહરો પરે લહરો,
-ઉછળતા પૂરના જેવી અહા! ભરપૂર છલકે છે!

જીવનની મોઝ કેવી છે! જીવનમાં આનંદ ભરપૂર છે,
જીવન નાચંતું ગર્જે છે, જીવંતો ભાવ પ્રસરે છે.

જીવન-વ્હાલો પ્રભુ જ્યાં છે, જીવન-ભરથાર વ્હાલો છે.
જીવન-નાવિક અમારો તે, જીવન સુકાની પણ તે છે.

• • •

# પ્રભુનો હાથ બળિયો તે

**ગઝલ**

કંઈક સંબંધ જીવનમાં મને તેં બાંધી આપ્યા છે,
મને ઉપયોગમાં કેવાં ખરા ખપમાં જ લાગ્યા છે.

સબંધો કોઈક ને કોક, ભલેને વ્યક્તિ તે તે છે,
પરંતુ મારી સમજણમાં પ્રભુનો હાથ બળિયો તે.

જગત વ્યવહારનું સારૂં વળી નરતું ભુલાયું છે,
પ્રભુના ભાવની દુનિયાતણું જે તે રૂપાળું છે.

અમારો સર્વ નિર્માતા પ્રભુ વ્હાલો જીવનમાં છે,
અમારે તો પ્રભુનું જે બધું કલ્યાણકારી છે.

● ● ●

# સ્મરણ-ભક્તિનું લક્ષણ છે

### ગઝલ

થઈ શો બેશરમ પૂરો નર્યો સ્વચ્છંદ ફળવ્યો' તો,
જીવનનો ફાલ ઉતાર્યો નિમ્નમાં નિમ્ન કોટિનો.

કૃપા અઢળક પ્રભુ તારી મૂરખ પર કેવી વર્ષી છે!
શરીરને રોગ પ્રેરાવી સ્મરણ લેતો કરાવ્યો છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં જીવન જેવું હતું તેવું-
-મને દર્શન કરાવીને હૃદયમાં શૂળ પ્રકટાવ્યું.

સફાળો રા'ડ પાડીને ઊઠ્યો તે વેળથી કેવો!
કદિયે જંપવા વારો નથી તે વેળનો આવ્યો.

મથી મથી શો ચઢી પથ પર જીવનમાં ભાવ ફળવ્યો છે,
'જીવનનો સ્વાંગ બદલાયો' સ્મરણ-ભક્તિનું લક્ષણ છે.

• • •

# ચરણ જીવન વધેર્યું છે

### ગઝલ

જીવન-ન્યૌછાવરી ભાવે ચરણ કુરબાન કીધું છે,
હવે તો જે થતું તેમાં પ્રભુનો હાથ જોવો છે.

ચરણ-કમળે જઈ વારી ચરણ જીવન વધેર્યું છે,
વધેરીને બધી શેષ તને પાછી જ અર્પી છે.

અમારે તો હવે તુજને ગમે તે રીત જીવવું છે,
તને રાજી કરી કરીને અમારે રાજી બનવું છે.

હૃદયથી વ્હાલ કરવાનો જીવન-સોદો અમારો છે,
છતાં વેચાતો લેવાની પડે અધૂરી શી કિંમત તે.

તા.૩૧-૦૩-૧૯૭૧

• • •

## ઉપજાતિ

ન દ્રવ્ય, કીર્તિ નહિ જ્ઞાન માગું,
પરાક્રમીનું નહિ શૌર્ય માગું;
ન દેહનું કે સુખ અન્ય માગું,
સેવા તણીયે નહિ શક્તિ માગું.

બનું હું તારા કરમાંની માટી,
ઈચ્છા પ્રમાણે ઘડ ઘાટ તેથી;
બનું હું નાની કુલડી, ઘડો કે,
ચિંતા ન તેની ધરું હું જરાકે.

## ગઝલ

જીવનનો ધર્મ જે માન્યો જીવનમાં ઉતારવાને તે,
બહુ માથા કૂટીને પણ અમે વર્તેલ તેમ જ જે,
સહજ તે પાળવો ધર્મ સરળ તે એટલો ના છે,
છતાં પાળ્યા વિના જીવવું અમારે માટ અઘરું છે.

## અનુષ્ટુપ

દુઃખ, સુખ-પ્રસંગોમાં ધ્યેય હેતુ ફળાવવા,
સદ્દુપયોગ બંનેનો કરી, વર્ત્યો હું ફાવવા,
કાળ, નિમિત્ત બંનેનો સુમેળ જીવને થતાં,
ઉપાદાન સ્ફૂરી હૈયે જિજ્ઞાસા પ્રકટે તદા.

• • •

# હરિઃ ૐ

